*Tejas Printers*
AHMEDABAD. (M) 98253 47620

વાચનાના અંશો - પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

TITLE

પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

## સમકિતના સડસઠ બોલની સજઝાયની

# વાચનાના અંશો

-: વાચના પ્રદાતા :-
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

-: પ્રકાશન :-
શ્રી અનેકાંત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ

-: આર્થિક સહકાર :-
વોહેરા ચુનીલાલ ખેમચંદ
થરાદવાળા (હાલ મુંબઇ)

પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# સમકિતના સડસઠ બોલની સજ્ઝાયની

# વાચનાના અંશો

✧ વાચના પ્રદાતા ✧

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ.મહારાજાના
પટ્ટાલંકાર પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ.સા.ના
શિષ્યરત્ન પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.સા.ના શિષ્ય

**પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.**

✧ પ્રકાશન ✧

**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

✧ આર્થિક સહકાર ✧

**શ્રાવિકા બહેનો તરફથી**

**ટિંબર માર્કેટ, પુણે.**

❊ **વાચનાના અંશો**

❊ દ્વિતીય આવૃત્તિ

❊ નકલ : ૧૦૦૦

❊ વિ.સં. ૨૦૬૭

❊ **પ્રાપ્તિસ્થાન :**

✧ **મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.

✧ **પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), **મુંબઈ**-૪૦૦ ૦૯૭.

✧ **જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયાશેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.

✧ **વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.

✧ **તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.

❊ **આર્થિક સહકાર :**

**શ્રાવિકા બહેનો તરફથી**
**ટિંબર માર્કેટ, પુણે.**

❊ **મુદ્રક :**
***Tejas Printers***
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. ● **(M) 98253 47620** ● **PH. (O) (079) 22172271**


# પ્રકાશનની પૂર્વે

અનંતોપકારી શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનની સર્વોપરિતા શ્રી સમ્યગ્દર્શનને લઈને છે. એ ગુણને પામ્યા વિના વાસ્તવિક રીતે ધર્મની પ્રાપ્તિ થતી નથી. જૈનેતર તે તે દર્શનોમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. જૈનદર્શનમાં જ તે પ્રાપ્ત થાય છે. એને લઈને મોડામાં મોડા અર્દ્ધપુદ્ગલપરાવર્ત્તકાળમાં જીવને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય છે. આથી જ તો જૈનશાસનની સર્વોપરિતા છે.

જૈનેતર દર્શનોએ મોક્ષની વાત કરી ખરી; પરંતુ તેના પ્રણેતાઓને કે અનુયાયીઓને મોક્ષની પ્રાપ્તિ ના થઈ. સામાન્યજનને આશ્ચર્ય પમાડે એવી ઉત્કટ સાધનાને કરવા છતાં તેમને મોક્ષની પ્રાપ્તિ ના થઈ - એનું કારણ એ છે કે એમને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નહિ. લાખો કરોડો લોકોને અનુયાયી બનાવનારા પણ શ્રી વીતરાગ પરમાત્માના અનુયાયી થયા નહિ. પોતાની વાત બધાને સમજાવી, પણ ભગવાનની વાતને તેઓ સમજી ના શક્યા, જેથી તેઓ સમ્યગ્દર્શનને પામ્યા નહિ.

મોક્ષની પ્રાપ્તિ માટેના પુરુષાર્થનો પ્રારંભ જ વાસ્તવિક રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી થાય છે. શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનને છોડીને અન્ય કોઈ શાસનમાં સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થતી નથી; તેથી અન્ય દર્શનો કરતાં જૈનદર્શન શ્રેષ્ઠ છે - એમાં કોઈ વિવાદ નથી. સદ્ભાગ્યે આપણને એ મળ્યું છે.

એની મહત્તાનો પરમાર્થ સમજાવવા માટે શાસ્ત્રકાર પરમર્ષિએ અથાગ પ્રયત્નો કર્યા છે. શ્રી સમ્યગ્દર્શનનું સ્વરૂપ વગેરે વર્ણવીને તેને પામવા માટેના ઉપાયો, અનેક પ્રકારે વર્ણવ્યા છે. સર્વ સામાન્યજનો પણ એ પરમાર્થ સમજી શકે એ માટે 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય' રચાઈ છે. મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ રચેલી એ સજ્ઝાય અંગે કશું જ જણાવવાની આવશ્યકતા નથી. 'રચયિતા, રચના અને રચનાનો વિષય સમ્યગ્દર્શન' આ ત્રણે ય અદ્ભુત છે. સર્વથા

રમણીય અને આહ્‌લાદક છે. આત્માના સુખના અનુભવનો અહીં પ્રારંભ છે. આનું શ્રવણ, મનન અને ચિંતન પણ આત્માને આનંદ પમાડતું હોય તો તેના અનુભવથી તો નિરવધિ આનંદનો અનુભવ થાય - એમાં કોઈ આશ્ચર્ય નથી.

પરંતુ લખવા બોલવા જેટલું એ સહેલું નથી. સંસારનાં વૈષયિક સુખોની આસક્તિ, લાલચ અને લાલસાનો હ્રાસ ન થાય ત્યાં સુધી એ આનંદ અનુભવવાનું શક્ય નથી. આ સજ્ઝાયના પરિશીલનથી આપણે સૌ એ આનંદને અનુભવવા સમર્થ બની રહીએ - એ જ એક અભિલાષા.

- **દ. ચન્દ્રગુપ્તસૂરિ**
**(પહેલી આવૃત્તિમાંથી)**

‘ચંદનબાલા’ ઉપાશ્રય
વાલકેશ્વર, **મુંબઈ.**
શ્રા.સુ.૧૧, શુક્રવાર,
તા. ૨૦-૦૮-૨૦૧૦.

# ◘ શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ◘

દશા પોરવાડ, પાલડી, વિ.સં. ૨૦૬૫
અમદાવાદ. અ.સુ.૧૦

## ઢાળ પહેલી : ચાર શ્રદ્ધા

સુ-કૃત-વલ્લી-કાદંબિની સમરી સરસ્વતી માત,
સમકિત-સડસઠ-બોલની કહીશું મધુરી-વાત. (૧)
સમકિત-દાયક-ગુરુતણો પચ્ચુવયાર ન થાય,
ભવ-કોડા-કોડે કરી કરતાં સર્વ-ઉપાય. (૨)
દાના-ऽऽદિક-કિરિયા ન દીએ સમકિત વિણ શિવ-શર્મ,
તે માટે-"સમકિત વડું" જાણો પ્રવચન-મર્મ. (૩)
દર્શન-મોહ-વિનાશથી જે નિર્મળ ગુણ-ઠાણ,
તે નિશ્ચે સમકિત કહ્યું, તેહના એહ અહિઠાણ. (૪)
ચઉ સદ્દહણા, તિ લિઙ્ગ છે, દશ-વિધ વિનય વિચારો રે,
ત્રણ શુદ્ધિ, પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. (૫)
પ્રભાવક અડ, પઞ્ચ ભૂષણ, પઞ્ચ લક્ષણ જાણીએ,
ષટ જયણા, ષટ આગાર, ભાવના છવ્વિહા મન આણીએ,
ષટ ઠાણ, સમકિત તણા સડસઠ ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વ-વિચાર કરતાં, લહીજે ભવ-પાર એ. (૬)
ચઉ-વિહ સદ્દહણા તિહાં, જીવા-ऽऽદિક પરમત્થો રે,
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. (૭)
તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે જાણ મુનિ ગુણ-ઝવહરી,
સંવેગ-રંગ-તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજીએ, જિમ પીજીએ સમતા-સુધા. (૮)

**સમકિત જેણે ગ્રહી, વમ્યું, નિહ્નવ ને અહા-છંદા રે,**
**પાસત્થા ને કુશીલિયા વેષ-વિડંબક મંદા રે. (૯)**
**મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,**
**પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી,**
**હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,**
**જ્યું જલધિ-જલમાં ભળ્યું ગંગા-નીર લૂણપણું લહે. (૧૦)**

અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીમહારાજે આ સમકિતના સડસઠ બોલની સજ્ઝાયની રચના કરી છે. અચિંત્ય સામર્થ્ય લઈને જન્મેલા મહાપુરુષોની પ્રતિભા અવર્ણનીય છે. તેઓશ્રીના ગુરુભાઈ શ્રી વિનયવિજયજી મહારાજા વ્યાખ્યાન આપતા હતા, તે વખતે અન્યદર્શનના પંડિતો પ્રશ્નો કરી-કરીને તેમને ત્રાસ પમાડતા હતા. ત્યારે તેઓશ્રીએ તે વાત શ્રી યશોવિજયજી મહારાજને જણાવી. બીજા દિવસે મહામહોપાધ્યાયજી મહારાજ વ્યાખ્યાનની પાટે પધાર્યા અને વ્યાખ્યાનની શરૂઆત કરવા પહેલાં શરત મૂકી કે કવર્ગ અને પવર્ગના વ્યંજનનો પ્રયોગ કર્યા વિના પ્રશ્નો પૂછવાના, તેનો જવાબ પણ એ જ રીતે આપવામાં આવશે. પેલા પંડિતો તો ડઘાઈ ગયા. છેવટે ઉપાધ્યાયજી મહારાજે કહ્યું કે— પ્રશ્ન ગમે તે વ્યંજનનો પ્રયોગ કરીને પૂછવાની છૂટ, પણ તેનો જવાબ તે બે વર્ગના વ્યંજનના પ્રયોગ વિના જ અપાશે. આ રીતે દરેક જવાબો આપીને બધા પંડિતોને નિરુત્તર કર્યા. ત્યાર બાદ બીજા દિવસથી પ્રશ્નો પૂછવાનું બંધ થયું. આવી પ્રતિભાના સ્વામીની રચનામાં કોઈ ખામી ન હોય - એટલું સમજી શકાય એવું છે. આ રચનામાં જે વિશેષતા છે તે ભણ્યા વિના સમજી શકાય એવી નથી. આપણે 'શું ભણવું છે' - એના કરતાં 'શું સમજવું છે' - એ વિચારવું છે. માત્ર ભણવાથી નિસ્તાર નહિ થાય. ભણ્યા પછી સમજવું અને સમજીને સુધરવું જરૂરી છે.



સમ્યગ્દર્શન ગુણ પામ્યા પછી તેને ટકાવવાનું સ્થાન એનું નામ સમ્યક્ત્વના સડસઠ બોલ. ચારિત્રનો વિષય પરિમિત હોય છે. તેની અપેક્ષાએ સમ્યક્ત્વનો વિષય વ્યાપક છે. અભિલાપ્ય પદાર્થો કરતાં અનભિલાપ્ય પદાર્થો અનંતગુણા છે. એ બધા પ્રત્યે શ્રદ્ધા કેળવવાનું કાર્ય સમ્યક્ત્વના કારણે થાય છે. આ સજ્ઝાયની પહેલી ઢાળની પહેલી ગાથાથી શ્રુતની અધિષ્ઠાત્રી સરસ્વતીદેવીને યાદ કરી છે. જે કામ જેનું હોય તે કામ માટે તેને નિયુક્ત કર્યા હોય તો તે કામમાં તેમને યાદ કરવામાં દોષ નથી. પહેલાના કાળમાં પહેરેગીરો રાજાની આગળ ચાલે અને રાજાને 'આ બાજુ'... એમ કહીને માર્ગ બતાવે. નાના માણસોને પણ તેમના કામના કારણે યાદ કરાય છે. અયોગ્ય જીવોના હાથમાં જ્ઞાન ન જાય અને યોગ્ય જીવો આનાથી વંચિત ન રહે તે માટે શ્રુતની રક્ષા અને વૃદ્ધિમાં સરસ્વતીદેવી સહાયક છે. એક સ્તંભ એકસો આઠ ઔષધિઓથી બંધ હતો. એક વાર શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે ઔષધિઓ સૂંઘી સૂંઘીને તે સ્તંભ ખોલ્યો. તેમાંથી એક પુસ્તક પણ નીકળ્યું. તેના બે શ્લોક તેમણે વાંચ્યા. એટલામાં તો સરસ્વતીદેવીએ આવીને તેમના હાથમાંથી પુસ્તક લઈ લીધું. કારણ કે અયોગ્યથી શ્રુતની રક્ષા કરવી અને યોગ્યને સહાય કરવી : આ કામ શ્રુતદેવીનું છે. સરસ્વતીદેવી શ્રુતની જ્ઞાતા નથી, શ્રુતની અધિષ્ઠાત્રી છે. શ્રુતજ્ઞાનના અધિકારી તો સાધુભગવંતો છે. જેમ ભૈયાઓ અલંકારની રક્ષા કરે, પણ અલંકારનો ઉપભોગ ન કરે, પહેરે નહિ, તેમ અહીં સમજવું. મકાનનો માલિક જુદો હોય અને રખેવાળ જુદો હોય તેમ શ્રુતના અધિકારી જુદા હોય અને અધિષ્ઠાયક જુદા હોય. રખેવાળનું કામ માલિક ન કરે, પણ માલિક રખેવાળને અવસરે યાદ કરે ને ? તે રીતે સાધુભગવંતો છઠ્ઠે રહેલા હોવા છતાં ચોથા ગુણઠાણે રહેલા અધિષ્ઠાયક દેવ-દેવીને યાદ કરે - એમાં કોઈ બાધ નથી.

નામ સાંભળવામાત્રથી મસ્તક ઝૂકી જાય તેવી વિશિષ્ટ પુણ્ય-પ્રતિભાના યોગે આ મહાપુરુષે અસીમ અનુગ્રહ કર્યો છે. સરસ્વતીદેવીને અહીં કાદમ્બિનીની ઉપમા આપી છે. સત્કાર્યરૂપી વેલડીને વિકસાવવા માટે

મેઘની જરૂર પડે. વેલડીને જો મેઘ ન મળે તો તે કોઇ પણ રીતે વિકાસ ન પામે. જંગલમાં એક વેલડીમાંથી બીજી એમ હારમાળા ચાલતી હોય છે. એ વસ્તુ ત્યારે શક્ય બને કે જ્યારે મેઘની વર્ષા નિરંતર હોય. એવી જ રીતે એક સુકૃત પછી બીજું સુકૃત... આ રીતે સત્કાર્યની પરંપરા માટે મેઘની માળા (સમુદાય) સ્વરૂપ કાદમ્બિની એવી આ સરસ્વતી માતા છે. સરસ્વતીદેવીની સહાયથી મૂંગા પણ બોલતા થાય અને મૂર્ખ પણ વિદ્વાન બનીને પોતાના હિતને સાધનારા બને છે. આ રીતે સુકૃતરૂપી વેલડીને વિકસાવવા માટે મેઘની વર્ષા સમાન એવી સરસ્વતીદેવીને યાદ કરી સમ્યક્ત્વના સડસઠ બોલની મધુર વાત કહીશું - આ પ્રમાણે પહેલી ગાથાનો અર્થ છે. મધુરતા સામાન્યથી ગળ્યું જેમાં લાગે તેમાં મનાય છે. અહીં આપણને જે ફાવે, ભાવે કે જેમાં મીઠાશ લાગે તેને મધુર ન જણાવતાં જે કામનું હોય, જે ઉપયોગી હોય, હિતકારી હોય તેને મધુર તરીકે જણાવ્યું છે. શાસ્ત્રકારો જે આપણા હિતનું કારણ હોય તેને મધુર તરીકે જણાવે છે, કાવ્યની ચમત્કારિતા વગેરેને આશ્રયીને સ્વાદની વાત અહીં નથી.

બીજી ગાથાથી જે વાત કરી છે તે અત્યંત અદ્‌ભુત છે. આ સમ્યગ્દર્શન એકમાત્ર ગુરુની કૃપાથી પ્રાપ્ત થાય છે - એટલું યાદ રાખવું. સમ્યગ્દર્શન સામાન્યતઃ બે રીતે પ્રાપ્ત થાય છે : નિસર્ગથી અને અધિગમથી. નિસર્ગનો અર્થ કર્યો છે ગુરુના ઉપદેશ વિના. અને ગુરુના ઉપદેશ દ્વારા જે સમ્યક્ત્વ મળે તેને અધિગમ સમ્યક્ત્વ કહેવાય છે. અહીં નિસર્ગથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તેમાં ગુરુનો ઉપદેશ નથી હોતો પરંતુ તેમાં ગુરુકૃપા અંતર્ગત હોય છે. તીર્થંકરના આત્માઓ જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે ગુરુનો ઉપદેશ હોવા છતાં તેમનું સામર્થ્ય અધિક હોવાથી ગુરુ માત્ર સાક્ષીભૂત ગણાય છે. એ સિવાય સમ્યક્ત્વની પ્રાપ્તિ ગુરુની કૃપા વિના થતી જ નથી. આથી જ 'સમકિતદાયક ગુરુ તણો...' આ પ્રમાણે જણાવ્યું છે. આજે આપણી પાસે વ્યવહારથી પણ જે સમ્યક્ત્વ છે, થોડું-ઘણું જ્ઞાન છે, ચારિત્ર છે... આ બધી જ કૃપા ગુરુભગવંતની છે - એટલું માનો છો ? એક વાર ગુરુએ જ્ઞાન, દર્શન, ચારિત્ર આપ્યું



છે - એ જો સમજાય તો ગુરુ પ્રત્યે બહુમાનભાવ આવ્યા વગર ન રહે. એના બદલે ગુરુ વાત્સલ્ય નથી આપતા, ધ્યાન નથી રાખતા... આવો વિચાર કરીએ છીએ માટે બહુમાન જાગતું નથી. ગુરુ વાત્સલ્ય કેમ નથી આપતા, ઉપેક્ષા કેમ કરે છે... ઇત્યાદિ વિચાર આવે તોપણ ગુરુના કારણે જ અહીં સુધી પહોંચ્યા છીએ - એટલું સમજાય તો માથું ઠેકાણે આવે. પરંતુ તકલીફ એ છે કે ગુરુએ શું આપ્યું છે એ નથી વિચારતા, શું નથી આપતા એ વિચાર્યા કરીએ છીએ - માટે ગુરુ પ્રત્યે બહુમાન નથી જાગતું. ગુરુભગવંતે સમ્યક્ત્વ આપીને જે ઉપકાર કર્યો છે તે એવો છે કે ક્રોડાક્રોડ ભવ સુધી દરેક ઉપાયો સેવીએ તોપણ તેનો બદલો વાળી નહિ શકાય. આવા ગુરુ માટે બે અક્ષર ઘસાતા બોલીએ એ પણ ભયંકર કોટિનો અપરાધ છે. અજ્ઞાનમૂલક પણ આવી આશાતનાની પ્રવૃત્તિ કરવી નથી. નહિ તો ગુરુભગવંતે જે સમ્યક્ત્વ આપ્યું છે તે પણ ગુમાવી બેસીશું. આપણે ગમે તેટલા જ્ઞાની કે સમર્થ હોઇએ છતાં અનુગ્રહ કરનાર માર્ગદર્શક ન મળે તો આપણે માર્ગમાં એક ડગલું પણ આગળ ચાલી નહિ શકીએ. જેને ગુરુની કૃપાની કિંમત સમજાય તેને કુદરતી રીતે ગુરુ પ્રત્યે સદ્‌ભાવ જાગ્યા વિના ન રહે. ગુરુપદનો મહિમા જેના હૈયે વસે તેની પાસે સમ્યક્ત્વ ન હોય તો આવે અને હોય તો તેનું સમ્યક્ત્વ જાય નહિ. ગુરુકૃપા એ સર્વ સિદ્ધિઓનું મૂળ છે. આપણે વર્તમાનમાં ગમે તેટલા સારા હોઇએ તોપણ ભૂતકાળમાં આપણે સારા ન હતા એટલું યાદ રાખવું. વર્તમાનની સારી અવસ્થામાં લાવનાર આ ગુરુભગવંત છે. આવા ગુરુભગવંતોની નિંદા તો કોઇ કાળે કરવી નથી. તેમ જ ગુરુને દુઃખ થાય તેવી એક પણ પ્રવૃત્તિ કરવી નથી. જેને ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેને સમ્યક્ત્વ ન જ મળે. આપણી પાસે જે કાંઇ સારું છે, સાચું છે તે ગુરુની કૃપાનું ફળ છે. જેટલું ખોટું અને ખરાબ છે તે આપણે જાતે શીખેલા છીએ. ભૂતકાળમાં જેમણે આપણી ઉપર ઉપકાર કર્યો હોય તેમના અવર્ણવાદ જિંદગીમાં ક્યારે ય બોલવા નહિ. મોક્ષમાં ન જઇએ ત્યાં સુધી આ સમકિતદાયક ગુરુનો ઉપકાર યાદ રાખવો છે.

હવે ત્રીજી ગાથામાં જ્ઞાન અને ચારિત્ર માટે સજ્ઝાય ન કરતાં સમ્યક્ત્વ ઉપર સજ્ઝાય કેમ કરી, આ સમ્યક્ત્વ ગુણનું મહત્ત્વ શું છે - તે સમજાવે છે. દાન વગેરે ક્રિયાઓ સમ્યક્ત્વ વગર મોક્ષનું સુખ આપવા માટે સમર્થ નથી. માટે સમ્યક્ત્વ સૌથી મોટો-મહાન ગુણ છે. અહીં એટલું યાદ રાખવું કે સમ્યક્ત્વ વગર દાનાદિક ક્રિયા થતી જ નથી એવું નથી, પરંતુ એ ક્રિયાઓ સમ્યક્ત્વ વગર મોક્ષસ્વરૂપ ફળ આપી શકતી નથી માટે આ ગુણ મહાન છે, મહત્ત્વનો છે. સમ્યક્ત્વ વગર ધર્મ ન થાય એવું નથી, પરંતુ સમ્યક્ત્વ વગર ધર્મનું ફળ પ્રાપ્ત નહિ જ થાય : એટલું નક્કી.

સ૦ જેટલા અંશે પરિણત જ્ઞાન તેટલા અંશે સમ્યક્ત્વ હોય ?

તમે ઊંધું કહો છો. જેટલા અંશે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તેટલા અંશે પરિણત જ્ઞાન મળે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ યુગપદ્-એકીસાથે થાય છે. શાસ્ત્રમાં જણાવ્યું છે કે ગાયનું ડાબું શિંગડું અને જમણું શિંગડું જેમ એકીસાથે આવે છે તેમ જ્ઞાન અને સમ્યક્ત્વ એકી સાથે પ્રાપ્ત થાય છે. આપણે તો એટલી વાત યાદ રાખવી છે કે સમ્યક્ત્વ વિનાનો ધર્મ હોઇ શકે છે ખરો, પણ તે મોક્ષે નથી પહોંચાડતો. જેટલા ધર્મ કરે તે બધા સમકિતી હોય એવું નહિ, પરંતુ સમકિતી ધર્મ વિનાનો ન હોય. મોક્ષનાં સાધનો સમ્યક્ત્વ વિના આ સંસારમાં ભટકાવનારાં બને છે. સમ્યગ્દર્શન હશે તો દ્રવ્યચારિત્ર વિના પણ મોક્ષ પ્રાપ્ત થશે. સમ્યક્ત્વનું માહાત્મ્ય ક્રિયા કરવા માટે નથી, ક્રિયાનું ફળ પામવા માટે છે. સમ્યક્ત્વ વિના ચારિત્ર નથી મળતું તેનો અર્થ એ છે કે કૃતિના અધ્યવસાય સ્વરૂપ ભાવચારિત્ર નથી મળતું. બાકી દ્રવ્યચારિત્ર તો અભવ્યોને તેમ જ અચરમાવર્ત્ત કાળમાં રહેલા જીવોને અનેક વાર પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વ વિના ચારિત્રનું ફળ નથી મળતું - એવું હોવા છતાં સમકિત વિણ ચારિત્ર નહિ - આવું જે કહેવાયું છે તેનો અર્થ એટલો છે કે જેનું મોક્ષસ્વરૂપ ફળ ન મળે તે ચારિત્રને ચારિત્ર ન કહેવાય. સમ્યક્ત્વ વિનાની દાનક્રિયા એ વસ્તુતઃ દાન નથી. કારણ કે આપવું તે દાનધર્મ નથી, આપવાનો અધ્યવસાય એ દાનધર્મ છે.



સ૦ સમકિતીને ક્રિયાનો અધ્યવસાય હોય ?

સમકિતી પાસે કર્ત્તવ્યતાનો અધ્યવસાય હોય, કૃતિનો અધ્યવસાય હોય જ એવો નિયમ નહિ. સમકિતી છટ્ઠે જાય ત્યારે તેને કૃતિનો અધ્યવસાય હોય. કર્ત્તવ્યતાનો અધ્યવસાય એટલે 'આ કરવા જેવું છે' આવો અધ્યવસાય ચોથે હોય અને 'આ કરવું છે' એવો કૃતિનો અધ્યવસાય છટ્ઠે ગુણઠાણે હોય. માત્ર ક્રિયાના કારણે મોક્ષ ન મળે, ક્રિયામાં કર્ત્તવ્યતાના ભાનપૂર્વકનો કૃતિનો અધ્યવસાય ભળે ત્યારે જ મોક્ષ મળે.

સ૦ આપણને આપવાનું મન હોય પણ સામાનું પુણ્ય કામ ન કરતું હોય તો દાનની પ્રવૃત્તિ ન પણ થાય ને ?

તમે સામાના પુણ્યપાપનો વિચાર કરશો તો કોઇ પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરી નહિ શકો. સામા માણસનું પુણ્ય હશે તો તે બચશે - એમ વિચારીને જેમતેમ પ્રવૃત્તિ કરો તો હિંસાનું પાપ લાગે ને ? દાનની ક્રિયા આપણે ન કરતા હોઇએ તો તેમાં બીજાની ખામીને માનવાના બદલે આપણી પોતાની ખામી છે તે શોધવાની જરૂર છે. સામાની જરૂરિયાતનો વિચાર કરવા બેસે તે કૃપણ બન્યા વિના ન રહે. જો આપવાનું મન છે - અધ્યવસાય છે તો પ્રવૃત્તિ કેમ નથી કરતા તેનું કારણ પ્રામાણિકપણે વિચારો તો તમારો દોષ સમજાઇ જશે.

સ૦ અધ્યવસાય એ ચિત્તસ્વરૂપ છે ?

ચિત્ત એટલે ક્ષયોપશમભાવનું મન અને અધ્યવસાય તેનું કાર્ય છે. ચિત્ત લબ્ધિરૂપ છે, અધ્યવસાય ઉપયોગરૂપ છે. ગાડી અને ચાલતી ગાડીમાં જેવો ફરક છે તેવો અહીં સમજવો. કર્ત્તવ્યતાના અધ્યવસાય વિનાની ધર્મક્રિયા મોક્ષનું કારણ બનતી ન હોવાથી નકામી છે. આપણે સમ્યક્ત્વનો જે કારણે ઉપયોગ કરીએ છીએ અને શાસ્ત્રકારો તેનો જે ઉપયોગ જણાવે છે : તે બે વચ્ચે ઘણું અંતર છે. આપણે મોટે ભાગે, સમ્યગ્દર્શન પામ્યા પછી પાપ કરવા છતાં તે નડે નહિ અને દેવલોકાદિનાં સુખો મળ્યા કરે - તે માટે સમ્યક્ત્વને ઉપયોગી માનીએ છીએ. જ્યારે શાસ્ત્રકારો જણાવે છે કે આપણે જે ધર્મ કરીએ છીએ તે નકામો ન જાય તે માટે સમ્યક્ત્વ ઉપયોગી છે.

પહેલી ઢાળની શરૂઆતમાં ચાર દુહા બતાવ્યા છે. સામાન્યથી આગળ જે વાત કહેવાની હોય તેના વિષયનો નિર્દેશ કરવા માટે આ દુહાની રચના હોય છે. અહીં આ દુહામાં ગ્રંથકારશ્રીએ ઘણી જ માર્મિક વાત કરી છે. આજે મોટે ભાગે ધર્મ ન થાય કે ધર્મનું ફળ ન મળે તો આપણે આપણા નસીબને આગળ કરતા હોઈએ છીએ. અસલમાં એમાં આપણા સમ્યક્ત્વની ખામી છે - એવું માનવાની, કબૂલ કરવાની જરૂર છે. સમ્યગ્દર્શનના કારણે ગમે તેવું પાપ નડતું નથી, દેવલોક મળે છે એવું માનવાના બદલે સમ્યક્ત્વના કારણે સકલ પાપથી રહિત એવું ચારિત્ર મળે છે અને મોક્ષની અવિલંબે પ્રાપ્તિ થાય છે - એ સમ્યક્ત્વનું ફળ છે : એવું માનવાની જરૂર છે. સાધનાનાં દરેક અંગોને સાધ્યસિદ્ધિ માટે સમર્થ બનાવવાનું કામ સમ્યગ્દર્શન કરે છે. જે દાનાદિક ક્રિયા મોક્ષને આપી શકે એવી છે તેનાથી પુણ્યબંધ કે ભોગની પ્રાપ્તિ ઈચ્છવી તે સમ્યક્ત્વના અભાવને સૂચવનારી વૃત્તિ છે.

સમ્યગ્દર્શનગુણ એ આત્માનો ગુણ છે. આત્માના ગુણો મેળવવાના નથી, પ્રગટ કરવાના છે. ચૌદ ગુણઠાણાની પ્રક્રિયા ગુણની પ્રાપ્તિને લઈને નથી, આવરણના વિગમના કારણે છે. કર્મનું આવરણ ખસે એટલે ગુણો એની મેળે પ્રગટ થાય છે. આત્માનાં ગુણોને આવરનારાં કર્મો આઠ છે. તેમાંથી મોહનીયકર્મના બે પ્રકાર છે : દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહનીય કર્મના સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય એ ત્રણ ભેદ અને ચારિત્રમોહનીય કર્મના અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય : આ સાત પ્રકૃતિ સમ્યગ્દર્શનગુણને આવરે છે. આ દર્શનસપ્તકરૂપ દર્શનમોહનો વિનાશ થવાથી મલથી રહિત એવું જે ગુણઠાણું પ્રાપ્ત થાય છે તેને સમ્યક્ત્વ કહેવાય છે. આ સમ્યગ્દર્શનગુણ પ્રાપ્ત કરવાનું અને ટકાવવાનું કામ ઘણું કપરું છે. દુઃખમાં તો ગુણ સચવાઈ જાય પરંતુ સુખના ઢગલામાં ગુણને સાચવવાનું સહેલું નથી. અમારે ત્યાં પણ સ્વાધ્યાય ભુલાય તે માંદગીના કારણે નહિ, મોટા ભાગે ઉત્સવ-મહોત્સવના કારણે સ્વાધ્યાય ભુલાય છે. ગમે તેટલું દુઃખ આવ્યા પછી



પણ 'દુઃખ આવ્યું છે' - તેનું દુઃખ લાગે છે, દુઃખ છે તેનું નહિ. આથી દુઃખ દુઃખ ન લાગે તે માટે પુરુષાર્થ કરી લેવો છે. ભગવાને પણ શ્રેણિકમહારાજાને નરક દૂર કરવાનો ઉપાય બતાવ્યો હતો તેનો આશય દુઃખ કાઢવાનો ન હતો; દુઃખમાં અરતિ-આર્ત્તધ્યાન ટાળવાનો આશય હતો, સમ્યગ્દર્શન મજબૂત બનાવી દુઃખ વેઠતાં કરવાનો આશય હતો.

અહીં જણાવે છે કે દર્શનમોહના વિનાશથી જે નિર્મળ ગુણઠાણું પ્રાપ્ત થાય છે તે નિશ્ચયથી સમ્યક્ત્વ છે. ક્ષય અને વિનાશનો અર્થ એક હોવા છતાં અહીં 'ક્ષય' ન લખતાં 'વિનાશ' લખ્યું છે તેમાં પણ ચમત્કાર છે. ક્ષય સામાન્યતઃ કુદરતી થતો હોય છે જ્યારે વિનાશ આપણા પ્રયત્નથી સાધ્ય છે. દર્શનમોહનો વિનાશ આપણે પ્રયત્નપૂર્વક કરવાનો છે - તે જણાવવાનું તાત્પર્ય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દર્શનમોહનીયના ક્ષયથી, ક્ષયોપશમથી અને ઉપશમથી : એમ ત્રણ પ્રકારે થાય છે. દર્શનમોહનીયની ત્રણેય પ્રકૃતિ (મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય) સત્તામાં પડેલી હોય અને ઉદયમાં ન હોય તેને દર્શનમોહનીયનો ઉપશમ કહેવાય. આ ઉપશમભાવના કારણે મળનારું ઔપશમિક સમ્યક્ત્વ અંતર્મુહૂર્ત્તથી વધારે ટકતું નથી. જ્યારે દર્શનમોહનીયનાં શુદ્ધ દળિયાં ઉદયમાં આવે ત્યારે ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ મળે છે, જે છાસઠ સાગરોપમથી અધિક કાળ ટકતું નથી. જ્યારે દર્શનમોહનીય(દર્શનસપ્તક = ૩ દર્શન૦ + ૪ અનંતાનુબંધી)નો ક્ષય થાય ત્યારે અર્થાદ્ દર્શનમોહનીય કર્મ બંધમાં, ઉદયમાં, ઉદીરણામાં કે સત્તામાં પણ ન હોય ત્યારે ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ કહેવાય છે જે અનંતકાળ સુધી રહે છે. આથી જ દર્શનમોહનીયના વિનાશથી નિર્મળ એવું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે - એમ જણાવ્યું. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય તમારે ત્યાં પણ પ્રસિદ્ધ છે. બેંકમાં પડેલો પૈસો ઉપશમમાં કહેવાય. થોડા ઉપયોગમાં આવે તે ક્ષયોપશમ કહેવાય અને પૈસો જતો રહે તે વિનાશ-ક્ષય કહેવાય. ત્રણ ડિગ્રી તાવ હોય તેને ઉદય કહેવાય, ત્રણમાંથી એક ડિગ્રી થાય તે ક્ષયોપશમ, હાડમાં તાવ હોય તે ઉપશમ અને રોગ નાબૂદ થાય તે ક્ષય.

આ બધું રોગમાં ફાવે છે, કર્મ માટે નથી ફાવતું. વસ્તુતઃ કર્મ પૂરાં કરવાં છે - એ અધ્યવસાય જ નથી. દુઃખ દૂર કરવું છે - આ પુરુષાર્થ જેટલો મજબૂત છે તેટલો કર્મ માટેનો નથી. સુખ ભોગવવા મળતું હોય તો દુઃખ વેઠવાની તૈયારી છે, પણ કર્મ કાઢવા માટે દુઃખ નથી ભોગવવું ! મિથ્યાત્વનો ઉદય ગમે તેટલો હોય તોપણ તેને આધીન ન બને તો સમ્યક્ત્વ પામવાનું કામ કઠિન નથી. કર્મનો ઉદય થાય એટલે પતન થાય જ એવો નિયમ નથી. ચક્કર આવે તો પડી જ જઇએ - એવું નહિ, સાવધ થઇને આજુબાજુમાં રહેલ વસ્તુનો આધાર લઇએ તો બચી જઇએ ને ?

દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તેના આ (હવે આગળ કહેવાશે તે) અધિષ્ઠાન છે. 'એતદ્' સર્વનામનો પ્રયોગ સમીપવર્ત્તી વસ્તુમાં થાય છે. પછી તે ભૂતની અપેક્ષાએ હોય, વર્ત્તમાનની અપેક્ષાએ હોય કે ભવિષ્યની અપેક્ષાએ હોય. આ સડસઠ બોલ એકબીજાના પૂરક છે. સમ્યક્ત્વગુણ આ બોલમાં રહેલો છે - સમાયેલો છે. સમ્યગ્દર્શન તત્ત્વની રુચિ સ્વરૂપ છે. આત્માનો સ્વભાવ એ તત્ત્વ છે. જેને સ્વભાવનું સ્વરૂપ સમજાયું હોય તેને ગુણની કિંમત હોય. જેને વિભાવનું જ મહત્ત્વ સમજાયું હોય તેને સુખની કિંમત હોય. ભગવાને જે તત્ત્વો બતાવ્યાં છે તેને આપણે ખોટાં કહી શકતાં નથી અને સાચાં માની શકતાં નથી : આ આપણી મોટામાં મોટી તકલીફ છે. આજે વિભાવને તત્ત્વ માની લીધું છે અને એમાં રુચિ ઘણી છે માટે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. આપણે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જે સુખ માન્યું છે તે આપણા આત્માનો સ્વભાવ નથી.

સ૦ સુખનું સંવેદન તો આત્મા જ કરે છે ને ? તો પછી એ આત્માનો સ્વભાવ નહીં ?

સુખનું સંવેદન આત્મા ભલે કરતો, પણ એ સુખ સંવેદનનો વિષય માત્ર છે. જેમ ઘટનું સંવેદન આત્મા કરે છે, છતાં ઘટ એ આત્માનો સ્વભાવ નથી. એ રીતે આ સુખ એ આત્માનો સ્વભાવ નથી. વિષયની સાથે ગમે તેટલો ઘનિષ્ઠ સંબંધ હોય તોપણ વિષય અને જ્ઞાન એકરૂપ નથી. આત્માનું સુખ તો સ્વભાવના ઘરનું છે, વિષયસુખ વિભાવદશાનું



છે. કેવળજ્ઞાન એ આત્માનો ગુણ છે. કેવળજ્ઞાનમાં બધા જ વિષયો પ્રતિભાસિત થાય છે. કેવળજ્ઞાન વિષયને ગ્રહણ નથી કરતું. વિષયથી સાપેક્ષ જ્ઞાન એ શુદ્ધ જ્ઞાન નથી. વિષયથી અલિપ્ત રહે તેનું નામ જ્ઞાન. વિષયમાં જે લેપાય તે તો સંવેદન છે. જ્ઞાનીને વિષયનું જ્ઞાન હોય, વિષયનો ભોગ-સંવેદન ન હોય. જે જ્ઞાતા હોય તે ભોક્તા ન હોય. વિષયના ભોક્તાનું જ્ઞાન કુંઠિત થયા વિના ન રહે. આપણે આત્માના સ્વરૂપને તો જાણતા નથી જ, સાથે વિષયના સ્વરૂપને પણ સમજી શક્યા નથી. આથી જ આ સંસારના સ્વરૂપને પણ વસ્તુતઃ ઓળખી શક્યા નથી. 'સંસાર અસાર છે' એવી આપણી શ્રદ્ધા રુચિના ઘરની નથી ને ? અગ્નિ બાળે છે - એ અગ્નિના સ્વરૂપનું જ્ઞાન રુચિના ઘરનું છે માટે અગ્નિથી સાવધ રહીએ. જ્યારે સંસાર દાવાનલ છે - એ જાણ્યા પછી ખસવું નથી, તો માનવું પડે ને કે સંસારના સ્વરૂપનું જ્ઞાન રુચિના ઘરનું નથી !

સ૦ અગ્નિ બાળે છે - એના જેવી પ્રતીતિ સંસારમાં થઇ નથી.

સાચું કહો છો ? સંસાર જન્મ આપે છે - એ તો માનો છો ને ? જન્મ ગમે છે ? નથી ગમતો ને ? તો જન્મ આપનાર આ સંસાર નથી જોઇતો - એટલું ખરું ? શ્રી પ્રશમરતિ ગ્રંથમાં જણાવ્યું છે કે મહાપુરુષોને પણ જન્મ 'ભૂયો ભૂયસ્ત્રપાકરં' અત્યંત લજ્જાનું કારણ છે. લઘુનીતિ કે વડીનીતિની ક્રિયા બધા જ કરે છે છતાં તે દરેકને લજ્જાનું કારણ બને છે ને ? તે રીતે જન્મ બધા લે છે છતાં જન્મવું પડે છે તે કોઇને ગમતું નથી. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ જણાવ્યું છે કે 'જમ્મ દુક્ખં જરા દુક્ખં રોગાણિ મરણાણિ ય, અહો દુક્ખો હુ સંસારો જત્થ કીસન્તિ જન્તવો.' જન્મ દુઃખ છે, જરા દુઃખ છે, રોગ-મરણ દુઃખ છે માટે ખેદની વાત છે કે આ સંસાર દુઃખસ્વરૂપ છે, જ્યાં જીવો પીડાય છે - આવા પ્રકારના સંસારના તત્ત્વની રુચિ નથી ને ? અઇમુત્તા મુનિ જ્યારે શ્રી ગૌતમસ્વામી મહારાજને વહોરવા માટે લઇ આવ્યા ત્યારે માતા ખુશ થઇ ગઇ અને પુત્રને ભાગ્યશાળી કહ્યો, પણ જ્યારે તે શ્રી ગૌતમસ્વામીજી સાથે દીક્ષા લેવાની અનુજ્ઞા લેવા આવ્યા ત્યારે માતાએ પૂછ્યું કે દીક્ષામાં તું શું સમજે ? આના

ઉપરથી પણ સમજાય ને કે આ સંસારમાં મમત્વ એ કેવી વસ્તુ છે ! સાધુભગવંતને લઈ આવે તો દીકરો સમજુ લાગે અને સાધુ સાથે જવા તૈયાર થાય તો અણસમજુ લાગે : આ જ તો સંસારની વિચિત્રતા છે. આવા સંસારનું સ્વરૂપ જાણવા છતાં, માનવા છતાં એમાં તત્ત્વરુચિ નથી ને ? આ તો એક પ્રકારનો અભ્યુપગમવાદ છે. સામાની વાતમાં ના ન પાડવી ને સાથે સ્વીકારવી પણ નહિ તેનું નામ અભ્યુપગમવાદ. જાણવા છતાં રુચિ ન જાગે તો સમ્યક્ત્વ ક્યાંથી આવે ? પહેલાં જ્ઞાન, પછી શ્રદ્ધા, પછી ચારિત્ર આ ક્રમ છે. પહેલી દૃષ્ટિમાં જો સંસારની અસારતાનો બોધ જ ન થાય તો પાંચમીમાં સમ્યક્ત્વ ક્યાંથી મળે ? સમ્યક્ત્વ પહેલાં સામાન્યથી જ્ઞાન તો હોય માટે પહેલાં જ્ઞાન કહ્યું અને શ્રદ્ધા-રુચિ પ્રગટ્યા પછી જે જ્ઞાન થાય છે તે વિશિષ્ટ શ્રુતજ્ઞાન હોય છે. દસપૂર્વનું કે ચૌદપૂર્વનું જ્ઞાન રુચિ વિના નથી મળતું. વસ્તુતઃ જ્ઞાન અને સમ્યક્ત્વનો પ્રાદુર્ભાવ એકીસાથે માનેલો છે તેથી જ્ઞાનથી અભિન્ન સમ્યક્ત્વ છે. શ્રદ્ધાપૂર્વકનું જે જ્ઞાન છે તે જ અસલમાં સમ્યગ્દર્શન છે. શ્રી તત્ત્વાર્થસૂત્રમાં જણાવ્યું છે કે મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમાદિથી સહચરિત એવો જે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તેને જ ક્ષયોપશમાદિ સમ્યક્ત્વ કહેવાય છે. આ રીતે સમ્યગ્દર્શન; અપેક્ષાએ જ્ઞાનથી અભિન્ન છે. યદ્યપિ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ સ્વરૂપ જ જો સમ્યગ્દર્શન હોય તો ઉપશમભાવનું કે ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ કઇ રીતે સંભવે ? કારણ કે જ્ઞાનાવરણીયનો ઉપશમ હોતો નથી અને એનો ક્ષય તો બારમાના અંતે તેરમે ગુણઠાણે હોય છે. આવી શંકાના નિરાકરણમાં જણાવ્યું છે કે દર્શનમોહનીયના ઉપશમથી કે ક્ષયથી સહચરિત જે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તેને ઔપશમિક કે ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ કહેવાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ એ કાર્યસ્વરૂપ છે. કારણના ભેદથી કાર્યમાં ભેદ હોય છે. તેથી દર્શનમોહનીયના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય સ્વરૂપ કારણના ભેદે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એકસરખો હોવા છતાં તેને ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય છે : આ પ્રમાણે તત્ત્વાર્થમાં જણાવ્યું છે. જેમ ગાયને બે શિંગડાં



એકીસાથે આવે છે તેમ સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ સાથે છે તેથી તે એકરૂપ મનાય છે, જ્યારે આવરણના ભેદે, કાર્યના ભેદે જ્ઞાન અને રુચિ જુદાં પણ મનાય છે : એટલું યાદ રાખવું.

સમ્યક્ત્વના સ્વરૂપનું વર્ણન કરતી વખતે જુદા જુદા દૃષ્ટિકોણ સમજાવવાનું કામ સડસઠ બોલથી કર્યું છે. જીવનું ચૈતન્ય સ્વરૂપ એકેન્દ્રિયથી માંડીને પંચેંદ્રિય જીવમાં એકસરખું હોવા છતાં કર્મના આવરણના કારણે ઓછાવધતા અંશમાં પ્રગટ થયેલું છે. સર્વથા ચૈતન્ય સ્વરૂપ પ્રગટાવવા માટે મોક્ષે જવું પડે. આ સંસારમાં સર્વથા ચૈતન્ય સ્વરૂપ પ્રગટવાનું નથી. આવા સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે સમકિતથી શરૂઆત કરવાની છે. ચેતનના ગુણો જ ચેતને પ્રાપ્ત કરવાના છે પરંતુ કર્મના આવરણના કારણે એ ગુણો ઢંકાઇ ગયા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જીવ એ આવરણને દૂર કરવાનો પુરુષાર્થ કરતો હોય છે. જે વસ્તુનું જ્ઞાન ન હોય એ વસ્તુ લેવા કે છોડવા માટેનો પુરુષાર્થ થતો નથી. સમ્યગ્દર્શનના કારણે તત્ત્વ અને અતત્ત્વનું જ્ઞાન થાય. અત્યાર સુધી અતત્ત્વને તત્ત્વ માનીને પુરુષાર્થ કરતા હતા. સમ્યગ્દર્શનના કારણે બેને જુદા માનવાનું કામ થતું હોય છે. અત્યાર સુધી સુખને, સુખના સાધનભૂત પૈસા, પુણ્ય વગેરેને તત્ત્વ માની તેના માટે મહેનત ચાલુ હતી, હવે સમકિતીને એ બધું અતત્ત્વરૂપ લાગે છે અને મોક્ષ, મોક્ષના સાધનભૂત ચારિત્ર તેમ જ ચારિત્રપ્રાપ્તિના ઉપાય તત્ત્વરૂપ લાગે છે. તેથી તે તેમાં પુરુષાર્થ કરે છે. આજે આપણી દશા કેવી છે ? જે પુદ્ગલતત્ત્વ સાથે આત્માને કોઇ લેવાદેવા નથી, જેને બાળી નાંખવાનું છે એવા ધન, શરીરાદિ માટે આખી જિંદગી ઘસી કાઢી અને જે જ્ઞાનાદિ ગુણો ભવાંતરમાં પણ સાથે આવે છે એને મેળવવા માટે થોડો પણ પુરુષાર્થ નથી ને ? સમકિતીનો પુરુષાર્થ તો ચારિત્ર માટેનો જ હોય. જેઓ ચારિત્ર માટે પુરુષાર્થ કરતા નથી તેઓ સમકિતી નથી. નસીબમાં પૈસા ન હોય તોય પુરુષાર્થ કરીને કમાવા છે જ્યારે નસીબમાં દીક્ષા હોવા છતાં એના માટે પુરુષાર્થ કરવો નથી ને ?

સ૦ કુંડલીમાં ન હોય તો ?

તમે કોઇ દિવસ કુંડલી જોઇ છે ? એના સૌથી પહેલા પાના પર લખ્યું હોય છે કે– 'પ્રારબ્ધ પુરુષાર્થના કારણે ફળે છે' જેટલા ગ્રહો છે એ બધા સૂચક છે, કારક નથી. ભવિષ્યમાં શું બનવાનું છે - એનો અંદાજ આપવાનું કામ કરે, પણ ભવિષ્યમાં જે થવાનું છે એને કરવાનું કામ ન કરે.

સ૦ સૂચક તો ખરા ને ?

સૂચકની જ વાત કરતા હો તો હું તમને કહું છું કે– 'પાપ કરશો તો દુર્ગતિમાં જશો' માનવું છે ? પાપ બંધ કરવું છે ? દરેક શાસ્ત્રવચન સૂચક જ છે. શાસ્ત્રકારો સૂચના આપવાનું કામ કરે, કાંડું પકડવાનું કામ ન કરે. પુરુષાર્થ તો આપણે જાતે જ કરવો પડે. શાસ્ત્રકારોના સૂચન અનુસાર પુરુષાર્થ કરવા માટે સમ્યક્ત્વની જરૂર છે.

સ૦ છઠ્ઠી ગાથામાં જે કહ્યું કે 'એહનો તત્ત્વવિચાર કરતાં...' એમાં 'તત્ત્વ'નો અર્થ શું ?

સામાન્યથી **તત્** એ સર્વનામ છે. એનો પ્રયોગ સમસ્ત દુનિયા માટે થાય. આ દુનિયામાં રહેલાં જેટલાં ઘટ, પટ, દણ્ડ વગેરે અજીવ સ્વરૂપ તેમ જ મનુષ્ય, તિર્યંચ... વગેરે જીવ સ્વરૂપ દ્રવ્યો છે તે બધાં માટે **તત્** શબ્દનો પ્રયોગ થાય છે. એતાદૃશ **તત્** માં રહેલા ધર્મને 'તત્ત્વ' કહેવાય છે. જીવ-અજીવના વાસ્તવિક ધર્મનું જ્ઞાન કરવું છે. અહીં આપણે જીવાદિ નવ તત્ત્વમાંથી માત્ર જીવનું, તેમાં પણ જીવના ઔદયિકભાવના ગતિ વગેરે સ્વરૂપનું કે ક્ષાયિકભાવના જ્ઞાનાદિ વગેરે સ્વરૂપનું જ્ઞાન ન કરતાં માત્ર જીવના સમ્યગ્દર્શનગુણ સ્વરૂપ તત્ત્વનું જ્ઞાન કરવું છે. આ તત્ત્વનું સ્વરૂપ જાણીને સંસારથી પાર ઊતરવું છે. આત્માનો ગુણ સમ્યક્ત્વ છે છતાં આપણને એની ખબર નથી. પુદ્ગલના બધા ગુણો આપણને ખબર છે ને ? બીજાનું સ્વરૂપ આપણને પરિપૂર્ણ ખબર છે, માત્ર આપણું સ્વરૂપ આપણને ખબર નથી ! આપણા સ્વરૂપની ઓળખાણ માટે સમ્યક્ત્વ કામ લાગે છે. આપણામાં સમ્યક્ત્વ છે કે નહિ : એને તપાસવા માટે ચાર શ્રદ્ધા પછી ત્રણ લિંગ બતાવ્યાં. જેની પાસે સમ્યક્ત્વ હોય એ વિનય



કર્યા વગર રહે નહિ તેથી લિંગ પછી દસ પ્રકારનો વિનય બતાવ્યો. ધર્મની શરૂઆત વિનયથી થાય. જેઓ ઉપકારીનો વિનય ન કરે તેઓ ગુરુનો કે ભગવાનનો વિનય કઇ રીતે કરશે ? વિનય એ મોક્ષના બીજ તરીકે જણાવ્યું છે. સમ્યગ્દર્શન હોય તો એનું કાર્ય દેખાયા વગર નહીં રહે. જેની પાસે વિનય નથી એની પાસે સમ્યક્ત્વ નથી - એમ માની લેવું. તત્ત્વ સમજાય એટલે હેય-ઉપાદેયનો વિવેક આવે. વિવેક આવ્યા પછી હેયના ત્યાગનો અને ઉપાદેયના સ્વીકારનો પુરુષાર્થ શરૂ થાય. આ રીતે વિનય કરવાના કારણે ગુણો પ્રાપ્ત થાય છે. જે ગુણ પ્રાપ્ત કરવા હોય એમાં અતિચાર ન લાગી જાય, સ્ખલના ન થાય એની કાળજી રાખવા સ્વરૂપ શુદ્ધિ હોવી જરૂરી છે. આથી વિનય પછી શુદ્ધિ જણાવી. કપડું ગમે તેટલું ચોખ્ખું હોય પણ બહારથી મેલ ન લાગી જાય એની કાળજી રાખીને જીવવું એના માટે શુદ્ધિ પછી પાંચ દૂષણનું વર્ણન કર્યું. જે લોકો પાંચ દૂષણ તરફ ધ્યાન ન રાખે તેઓને જતે દિવસે મિથ્યાત્વ લાગવાનો પૂરતો સંભવ છે. જેનામાં આવું દૂષણરહિત સમ્યક્ત્વ હોય તે જ પ્રભાવક થઇ શકે - એવું કહેવાના તાત્પર્યથી આઠ પ્રભાવકનું વર્ણન કર્યું. આના ઉપરથી પણ તમને સમજાશે કે - જેને પ્રભાવના કરવી છે એણે કેટલા ગુણો પ્રાપ્ત કરવા પડતા હોય છે. એકલા જ્ઞાનથી ભગવાનના શાસનની પ્રભાવના થતી નથી. આઠ પ્રભાવકની ઢાળમાં છેલ્લે લખ્યું છે કે - જેઓ વિધિ મુજબ યાત્રા, પૂજા વગેરે સ્વરૂપ કરણી કરે છે તેઓ પણ પ્રભાવક છે. ભગવાનની આજ્ઞા મુજબના આચાર પાળે એ સારામાં સારો પ્રભાવક થઇ શકે. અપવાદ સેવીને પ્રભાવના ન થાય. પ્રભાવના માટે ઉત્કટ કોટીનું સત્ત્વ કેળવીને આચારનું પાલન કરવું પડતું હોય છે. બધા સમકિતી પ્રભાવક હોય જ એવું નહિ, પણ સમકિતી હોય તે જ પ્રભાવક હોય. શાસનપ્રભાવનામાં અંગભૂત એવું સમ્યક્ત્વ પણ શેના યોગે શોભે છે તે જણાવવા પાંચ ભૂષણ બતાવ્યાં. શરીરને શોભાવવા માટે જેમ અલંકાર છે તેમ સમ્યક્ત્વને દેદીપ્યમાન બનાવનાર આ પાંચ ભૂષણ છે. સમ્યક્ત્વના અસ્તિત્વને જણાવનાર પાંચ લક્ષણ ભૂષણ બાદ જણાવ્યાં છે.

લિંગ અને લક્ષણમાં એટલો ફરક છે કે લિંગ વ્યભિચારી હોઇ શકે. જ્યારે લક્ષણ વ્યભિચારી ન હોય. જ્યાં પાંચ લક્ષણ હશે ત્યાં બાસઠ ભેદ હશે. લક્ષણ બાદ સમ્યક્ત્વનું પાલન કઇ રીતે કરવું એના માટે છ યતના જણાવી. જેને પહેલું વ્રત પાળવું હોય એણે બીજાને દુ:ખ આપવાથી દૂર રહેવું જોઇએ, જેને બીજું વ્રત પાળવું હોય એણે મૌન રહેવું જોઇએ, જેને અચૌર્ય વ્રત પાળવું હોય એનાથી માલિકને પૂછ્યા વિના એકે વસ્તુ નહિ લેવાય... આમ અણુવ્રતાદિના પાલન માટે જેમ યતના બતાવી છે તેમ સમ્યક્ત્વનું પાલન કઇ રીતે કરવું એના માટે છ પ્રકારની યતના બતાવી છે. ત્યાર બાદ આગાર જણાવ્યા છે. વ્રત ખંડિત ન થાય એના માટે પહેલેથી છૂટ રાખવામાં આવે એને આગાર કહેવાય. આગાર ન રાખે તો અખંડપણે વ્રત પાળી ન શકે. રાજા, ગણ વગેરેના આગ્રહથી વ્રત પાળી ન શકાય તો તેના માટે છ આગાર છે. આમ જોઇએ તો વર્તમાનમાં આગાર રાખવાની જરૂર પડે એવી નથી. કારણ કે બધા પોતપોતાની ઇચ્છા મુજબ નોકરી ધંધો વ્યાપાર વગેરે કરતા હોય છે. તો ધર્મ કરતી વખતે સત્ત્વ ફોરવવામાં શું વાંધો આવે ?

સ૦ એક જણ આગાર સેવે છે અને એક જણ નથી સેવતો તો બેમાં ઊંચો કોણ ?

ખરી રીતે તો બંને પોતપોતાની શક્તિ અનુસાર વર્તતા હોય તો સરખા જ છે. જે આગાર નથી સેવતો એ પોતાનું સત્ત્વ ફોરવે છે અને જે સેવે છે એ પોતાનું સત્ત્વ ન હોવાથી ક્યારે સત્ત્વ પ્રગટે એવી ભાવનાથી આગાર સેવતો હોય છે. તેથી બંને સમ્યક્ત્વના આરાધક છે. આગાર પછી ઉપર ચઢવા માટે આલંબનરૂપ ભાવના છે અને છેલ્લે મનને મજબૂત બનાવવા માટે સમ્યક્ત્વની પીઠિકારૂપ છ સ્થાન બતાવ્યાં છે. આત્મા કર્મનો કર્તા છે, ભોક્તા છે... વગેરે છ સ્થાનો છે, જે આગળ જઇને કહેવાશે. આ સમ્યક્ત્વ પામવું છે ને ? પાપ છોડ્યા વગર સમ્યક્ત્વ નહિ આવે તેમ જ ભગવાનની વાત માન્યા વિના સમ્યક્ત્વ નહિ આવે. અભવ્ય નવ તત્ત્વમાંથી આઠને પૂરેપૂરાં માને. નવમા ગ્રૈવેયકમાં જવા માટે પુણ્ય માને, પુણ્ય માને



એટલે પાપ માને, થોડી નિર્જરા માને, સંપૂર્ણ નિર્જરા ન માને, મોક્ષ ન માને. તમે પણ 'પૈસો છોડવો છે, પણ બધો નહિ' - એવું માનો ને ?

**૧. પહેલી શ્રદ્ધા : પરમાર્થસંસ્તવ–**

સમ્યક્ત્વના પ્રકારનું વર્ણન, નામ અને તેના ભેદ જણાવીને હવે વિસ્તારથી તેનું સ્વરૂપ જણાવે છે 'ચઉવિહ સદ્દહણા તિહાં...' ઇત્યાદિ ગાથાથી. પરમ પુરુષે બતાવેલો અર્થ તે પરમાર્થ, આપણા સગાસંબંધીએ બતાવેલો અર્થ તે પરમાર્થ નહિ. અન્યદર્શનકારોએ જીવાદિ સ્વરૂપ અર્થ બતાવ્યો છે ખરો, પણ તે પરમપુરુષ ન હોવાથી પરમાર્થ નથી ગણાતો. પૈસાથી સુખ મળે, પૈસા વગર ચાલે નહિ, પૈસા ક્યાંથી મળે... આ બધામાં શ્રદ્ધા પૂરેપૂરી છે, માત્ર નવ તત્ત્વમાં શ્રદ્ધા નથી. નિગોદાદિમાં જીવ છે - એવું ભગવાને કીધા પછી 'એમાં તો કાંઇ જીવ છે ? કોઇ આવું કહેતું નથી માત્ર ભગવાન જ કહે છે' આવું બોલે તો સમજવું કે શ્રદ્ધા નથી. 'આપણે ત્યાં ઘણી વાતો એવી છે કે જે બુદ્ધિગમ્ય નથી બનતી.' આવું તો આજે ઘણાં સાધુસાધ્વી બોલતાં થઇ ગયાં છે. 'મારી બુદ્ધિમાં બેસે કે ન બેસે પણ ભગવાનની વાત સો ટકા સાચી છે.' આવું બોલે તો શ્રદ્ધા આવે. પરમાર્થસંસ્તવ બોલો કે પરમાર્થપરિચય કહો : બન્ને એક જ છે. પરમાર્થનો પરિચય આપવાનું કામ ગુરુભગવંત સિવાય બીજું કોઇ કરી ન શકે માટે બીજી શ્રદ્ધા તરીકે ગુરુભગવંતની સેવા કરવાનું કહ્યું.

કોઇના કહેવાના કારણે માની લઇએ એ સામાન્યથી શ્રદ્ધા કહેવાય, જાણ્યા પછી માની લઇએ એ પણ શ્રદ્ધા કહેવાય જ્યારે અહીં વસ્તુતત્ત્વનો પરિચય થયા પછી જે શ્રદ્ધા કરીએ તેને પરમાર્થસંસ્તવ રૂપ શ્રદ્ધા કહી છે. નવ તત્ત્વની શ્રદ્ધા વગરનું એક પણ અનુષ્ઠાન ફળ આપવા માટે સમર્થ બનતું નથી. પરમાત્માની ભક્તિ કરીને ચારિત્ર પ્રાપ્ત કરવું છે. ચારિત્ર પ્રાપ્ત કરીને મોક્ષ મેળવવો છે. શ્રદ્ધા નહિ હોય તો પરમાત્માની ભક્તિ પણ ચારિત્ર નહિ અપાવે. આશ્રવ, સંવર... વગેરે તત્ત્વનું જ્ઞાન જેને હોય એ પુણ્ય બાંધવાનો પ્રયત્ન ન કરે, નિર્જરાનો જ પ્રયત્ન કરે. કારણ કે તેની નજર મોક્ષ ઉપર હોય.

૨. **બીજી શ્રદ્ધા : સુગુરુની સેવા–**

સુવર્ણ કે અલંકારને પારખવા માટે જેવી રીતે ઝવેરીની જરૂર પડે તેવી રીતે જીવાદિ નવ તત્ત્વને પારખવા માટે ગુરુભગવંતની જરૂર પડે. નવે નવ તત્ત્વનો પરિચય ગુરુભગવંતને જેટલો છે એટલો દુનિયાના બીજા કોઇને ન હોય. ગુરુભગવંતને સ્વાર્થ બિલકુલ ન હોય અને પરમાર્થ ચિકાર હોવાથી વસ્તુતત્ત્વનું જ્ઞાન સારામાં સારી રીતે કરાવે. ગુરુભગવંત માત્ર ભણાવવાનું જ કામ કરે એવું નહિ, સાથે પોતે સંવેગના રંગના તરંગોમાં ઝીલતા હોય છે. જેઓ સંવેગમાં ઝીલતા હોય તેઓ માર્ગની પ્રરૂપણા શુદ્ધ કરતા હોય છે. એક જ ગાથામાં ગુરુભગવંતનું સ્વરૂપ કઇ જાતનું હોય તે જણાવી દીધું. આવા ગુરુભગવંતની સેવાથી સમતા પ્રાપ્ત થાય છે એમ કહીને ગુરુભગવંતની સેવાનું ફળ જણાવી દીધું. જે ગુરુભગવંતની સેવા કરે એ સમતામાં ઝીલતો હોય. જેને મોક્ષમાં જવું છે એને મમત્વ કરીને પાલવે એવું નથી. દ્વેષનાં પાત્રો ગયા પછી અડધા કલાકમાં ક્રોધ શાંત થઇ જાય જ્યારે રાગ તો રાગનાં પાત્રો હાજર હોય કે ન હોય તોય શાંત ન થાય માટે મોક્ષમાં જવા માટે કટ્ટરમાં કટ્ટર શત્રુ રાગ છે. આજે ભણવાનું ગમે છે પણ ભણાવનાર નથી ગમતા. પાઠ લઇને જાય પછી આખો દિવસ ગુરુભગવંત પાસે ફરકે પણ નહિ, આવાને સમતા ન આવે.

સ૦ અનુકૂળતા અને પ્રતિકૂળતામાં સમભાવ એનું નામ સમતા ?

ના. અનુકૂળતાને છોડવી અને પ્રતિકૂળતાને વેઠવી એને સમતા કહેવાય. અમારે ત્યાં અનુકૂળતા ભોગવવી અને પ્રતિકૂળતાને ટાળવી એને સમતા કહેવાનું ચાલુ છે, જે ઉચિત નથી. દુઃખ બધું ભોગવી લેવું અને સુખ લેશમાત્ર ભોગવવું નહિ, બાવીસ પરિસહ ગળે લગાડવાના અને પાંચ ઇન્દ્રિયનો એક પણ વિષય ભોગવવાનો નહિ, એનાથી કાયમ માટે દૂર રહેવું એનું નામ સમતા.

સ૦ આ તો વ્યવહારથી કહેવાય ને ?

આપણે પણ વ્યવહારમાં જ જીવીએ છીએ ને ? જમવામાં એક વાળ પણ આવ્યો હોય તો ચાલે એવો છે ? જ્યાં સુધી જમવામાં કાંકરા



નથી પાલવતા ત્યાં સુધી વ્યવહારમાં જ છીએ. નિશ્ચયનયની વાત ત્યારે કરવાની કે એક હાથ સ્ત્રીના શરીર પર હોય અને એક હાથ અગ્નિમાં બળતો હોય તોય મનમાં રાગ કે દ્વેષના પરિણામ ન હોય. રાગનું પાત્ર છૂટી જાય ત્યારે દુઃખ ન થાય તો રાગ ગયો ગણાય. દ્વેષનું પાત્ર નજીક આવ્યા પછી પણ ચલવિચલ ન થઇએ, મનમાં કોઇ પણ જાતનો ખરાબ પરિણામ ન જાગે ત્યારે દ્વેષ ગયો સમજવો. સુખનો પડછાયો ન પડે એની કાળજી અને દુઃખની નજીક જવાનો પ્રયત્ન એનું નામ સમભાવ.

સ૦ સુખમાં છકી ન જવું એનું નામ સમભાવ નહિ ?

ના. સુખ જોઇએ જ નહિ એ સમભાવ. સુખ છોડી શકતા ન હોય એવા લોકો માટે 'સુખમાં છકી ન જવું' એ સમતા કહીએ તો બરાબર, પણ જેઓ સ્વાર્થ માટે, પૈસા માટે મજેથી સુખ છોડવા તૈયાર થતા હોય તેવા લોકો માટે સુખમાં છકી ન જવાની વાત કરવી એ એક જાતની બનાવટ છે. ગુરુભગવંત સુખના રાગથી અને દુઃખના દ્વેષથી દૂર રાખવાનું કામ કરે છે.

સ૦ રાગ જાય એટલે દ્વેષ જતો જ રહે ને ?

બૈરા-છોકરાનો રાગ ગયા પછી પણ દુઃખનો દ્વેષ જતો નથી ને ? ક્ષપકશ્રેણિમાં પહેલાં દ્વેષ જાય પછી રાગ જાય છે. રાગ જ દ્વેષની યોનિ છે. અનુકૂળતાનો અધ્યવસાય ટાળવો હોય તો પ્રતિકૂળતા વેઠવી પડે. પરિસહ વેઠવાનું શા માટે કીધું ? અનુકૂળતા છોડવી છે માટે. સારું કેમ જોઇએ છે ? ખરાબ નથી જોઇતું માટે... પરિગ્રહ બધો આ પાયા પર જ ભેગો કર્યો છે ને ? દુઃખ પર દ્વેષ હશે તો રાગ તો કોઇ કાળે નહિ હલે. પ્રતિકૂળતા ગમતી હોય એને ગમે તેવી વસ્તુ ચાલે એવી છે. તમે પણ ગાડી સારી, એ.સી.વાળી કેમ શોધો છો ? આંચકા ન લાગે, ગરમી ન લાગે માટે જ ને ? ભરતમહારાજાની જેમ મોક્ષમાં જવાની ભાવનાવાળાને સાધુપણાનું દુઃખ નથી ભોગવવું - એવી જ ભાવના છે ને ? અનુકૂળતા લેશમાત્ર માગે નહિ અને પ્રતિકૂળતા બધી ભોગવી લે - એ સાધુપણાનું પાલન કરી શકે. ગુરુ પાસે જવાની વાત આવે ત્યાં સુધી

ફાવે પણ બીજા પાસે ન જવાનું કહીએ એટલે માઠું લાગે. હવે પછીની બે શ્રદ્ધામાં એ જ આવવાનું છે. પહેલી બે શ્રદ્ધા કદાચ હશે, પણ પાછળની બે શ્રદ્ધામાં દેવાળું છે - એમ કહું તો ખોટું નથી ને ?

**૩-૪. પતિત સમકિતીના અને પરદર્શનીના સંગનો ત્યાગ–**

હીરાનું નિરીક્ષણ કરતી વખતે જેમ બારીકાઈથી જોવું પડે છે તેમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે બારીકાઈથી જોવું પડે. બારીકાઈથી એટલે દુનિયાના એક પણ પદાર્થ પ્રત્યે નજર ન નાખતાં માત્ર આત્માના ગુણો તરફ જ નજર નાંખવી. સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે; માટે ત્રીજી અને ચોથી શ્રદ્ધા તરીકે જેઓ સમ્યક્ત્વથી પતિત થયા છે તેવા પાર્શ્વસ્થ, કુશીલિયા, નિહ્નવ, યથાછંદી... વગેરેનો તેમ જ પરદર્શનીનો પરિચય ન કરવો, તેમની સાથે આલાપ સંલાપ પણ ન કરવો : એમ જણાવ્યું છે. શાસ્ત્રમાં જમાલિ, રોહગુપ્ત વગેરે નવ નિહ્નવો જણાવેલા છે. દશમો દિગંબર જણાવ્યો છે. નિહ્નવ એટલે છુપાવવું. જે હોય તે છુપાવવું તેનું નામ નિહ્નવ. જમાલિ જેવા વ્યાકરણથી પ્રસિદ્ધ એવા પ્રયોગમાં પણ ભગવાનના સિદ્ધાંતને ખોટો માની બેઠા તો સમ્યક્ત્વ ગુમાવી બેઠા. નજીકના ભવિષ્યકાળમાં વર્ત્તમાનકાળનો કે ભૂતકાળનો પ્રયોગ વ્યાકરણથી પ્રસિદ્ધ છે. જેમ કોઇ નીકળવાની તૈયારીમાં હોય તે 'આ ચાલ્યો' એવું બોલે છે. જે કાર્ય પૂરું થવા આવ્યું હોય તે થઇ ગયું - આ રીતે વ્યવહારમાં પણ બોલાય છે. આમ છતાં નયવાક્યને ન સ્વીકારે, વ્યાકરણસિદ્ધ પ્રયોગને ન માને તો તે નિહ્નવ પાકે.

સ૦ નિહ્નવો માયા કરે ?

માયા નહિ, તેઓ મિથ્યાત્વને સેવે છે. તમે જ્યાં ભાર આપવો જોઇએ ત્યાં ભાર નથી આપતા. નિહ્નવો મિથ્યાત્વના ઉદયવાળા હોય છે, તેથી જ ભગવાનની પ્રત્યે ભગવાનના વચન પ્રત્યે દ્વેષ ધારણ કરે છે.

સ૦ ભગવાનના વચનનો અર્થ ઊંધો કરે પણ ભગવાનને ખોટા ન કહે, તોય નિહ્નવ કહેવાય ?

આપણે ત્યાં ભગવાનનું મહત્ત્વ ભગવાનના વચનના કારણે જ છે -



એ પ્રમાણે ચોથી બત્રીસીમાં પણ જણાવ્યું છે. જે ભગવાનના વચનને ખોટું કહે તે ભગવાનને સાચો માનનારો છે - એવું બને જ નહિ. જે ભગવાનના વચનને ખોટા કહે તે ભગવાનને ખોટા માને છે, એમ સમજી લેવું. આથી જ નિહ્નવો મિથ્યાત્વી હોય છે. નિહ્નવો પહેલાં નિયમા સમકિતી હોય, પછી એ સમ્યક્ત્વનું વમન કરે. જેઓ પહેલેથી જ મિથ્યાત્વી હોય તેઓ નિહ્નવ ન બને. કારણ કે ભગવાનની વાત જાણ્યા કે માન્યા વિના છુપાવે શું ? ભૂખ્યા પેટે ઊલટી થાય તો પિત્ત થયું હશે તેમ મનાય પણ ખાધા પછી ઊલટી થાય તો માનવું પડે કે ખાતાં આવડ્યું નથી માટે ઊલટી થઇ; તેમ અહીં સમજવું. આવા નિહ્નવોથી દૂર રહેવું. આ તો જાણ્યા પછી પણ 'મારા ઉપકારી છે' એમ કહીને વળગી રહે. અભવ્યથી ધર્મ પામેલા પણ અભવ્યને અભવ્ય તરીકે જાણે તો છોડીને જતા રહે ને ? માટે ભગવાનના વચનથી વિપરીત માર્ગે પ્રવર્ત્તાવે તેનો દૂરથી જ ત્યાગ કરવો.

ત્યાર બાદ યથાછંદનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. છંદ એટલે ઇચ્છા. પોતાની ઇચ્છા પ્રમાણે જીવનારા સાધુઓથી દૂર રહીએ તો જ સમ્યક્ત્વને જાળવી શકાય. યથાછંદ એટલે સ્વચ્છંદી. ગુરુને પૂછે નહિ, પોતાની ઇચ્છા મુજબ જીવે તે સ્વચ્છંદી. સાબુની ગોટી પણ ગુરુને પૂછ્યા વિના ન મંગાવાય. ગુરુની આજ્ઞાથી ચોમાસા માટે ગયા હોઇએ ત્યારે જો કોઇ શિષ્ય તૈયાર થાય તો તેના ઉપર ગુરુની માલિકી છે : એમ ગુરુતત્ત્વવિનિશ્ચયમાં કહ્યું છે. જેઓ સ્વચ્છંદી હોય તેમને દૂરથી જ તજી દેવા. જેને આપણા ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેની સાથે પત્ર વગેરેનો વ્યવહાર રાખવો નહિ. જો સંબંધ રાખીએ તો શ્રદ્ધા ઢીલી પડ્યા વિના ન રહે. પાસત્થા એટલે ઉપદેશક મુનિનો વેષ ધારણ કરે, આવડતના કારણે લોકને ભેગું કરે, વિહાર ન કરે, નિયતસ્થાનમાં વાસ કરે, ધામો ઊભાં કરીને ત્યાં જ રહે... આ બધા પાસત્થા છે. આજે બધાને પ્રભાવક થવું છે પણ માર્ગના જ્ઞાતા નથી બનવું. આથી પાસત્થા વગેરેની સંખ્યા વધવા માંડી છે. કુશીલ એટલે આચારથી રહિત, આચારમાં અત્યંત શિથિલ; વેષવિડંબક એટલે સાધુનો વેષ ધારણ કરીને પ્રવૃત્તિ વગેરે દ્વારા

વેષને વગોવનારા; મંદ એટલે મંદમતિવાળો; અજ્ઞાની એટલે જ્ઞાનરહિત : આ બધાને દૂરથી છોડી દેવા, તેમની સાથે આલાપ-સંલાપ ન કરવો - એ ત્રીજી શ્રદ્ધા છે.

સ૦ કુશીલ એટલે આચારની ખામી ?

આચારમાં ખામી એટલે દુરાચારી સમજો ! આ તો પ્રરૂપણામાં પણ કુશીલ હોય તેવાની વાત છે. જેણે સમ્યક્ત્વ વમ્યું હોય તેની પ્રરૂપણામાં ઠેકાણાં ન હોય. જેઓ આચારકુશીલ હોય, પણ પ્રરૂપણાકુશીલ ન હોય તેઓ અપવાદ ખાનગીમાં સેવે. જ્યારે આ કુશીલો નફ્ફટ થઈ છડેચોક અનાચાર સેવનારા હોય, આથી તેવાઓથી દૂર રહેવું. ત્યાર બાદ ચોથી સદ્દહણામાં જણાવ્યું છે કે પરદર્શનીનો સંગ છોડી દેવો. સમ્યગ્દર્શન પામવું અને ટકાવવું - એ સહેલું નથી. પરદર્શની કદાચ કહે કે - 'આમાં શું ?' તો કહેવું કે - 'જે અમારા છે તેમનામાં પણ જો અમુક ખામી હોય તો તેમનો સંગ કરવાની અમને ના પાડી છે, તો પરદર્શનીનો સંગ ક્યાંથી કરાય ?' આવાઓના સંગમાં દોષ શું છે - તે જણાવવા દૃષ્ટાંત આપી સમજાવે છે કે જેમ સમુદ્રમાં ગંગાનદીનું પાણી ભળે તો તે મીઠું હોવા છતાં ખારું થાય તેમ જે હીન છે તેમનો સંગ છોડવામાં ન આવે તો આપણા પોતાના ગુણો ટકતા નથી, માટે તેમના સંગનો ત્યાગ કરવો, આ પ્રમાણે ચાર શ્રદ્ધા થઈ.

સ૦ આ ચાર આચારસ્વરૂપ છે છતાં શ્રદ્ધા કેમ કહી ?

શ્રદ્ધા અને આચારને જુદું પાડવાનું કામ આપણે કર્યું છે, શાસ્ત્રકારોએ નહિ. શ્રદ્ધા વિના આ આચારો પરમાર્થથી પાળી શકાય એમ નથી અને આચાર વિના આ શ્રદ્ધા ટકે એમ નથી માટે આચારને શ્રદ્ધા સ્વરૂપ કહ્યા.

❖ ❖ ❖



## ઢાળ બીજી : ત્રણ લિંગો

**ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલું શ્રુત-અભિલાષ**
**જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર-દ્રાખ રે,**
**પ્રાણિ ! ધરીએ સમકિતરંગ,**
**જિમ લહીએ સુખ અભંગ રે ! પ્રાણિ૦ (૧૧)**
**તરુણ સુખી સ્ત્રી-પરિવર્યો રે, ચતુર સુણે સુર-ગીત,**
**તેહથી રાગે અતિ-ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે.**
**પ્રાણિ૦ (૧૨)**
**ભૂખ્યો અટવી ઊતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ,**
**ઈચ્છે તિમ જે ધર્મને રે, તેહિ જ બીજું લિંગ રે.**
**પ્રાણિ૦ (૧૩)**
**વૈયાવચ્ચ ગુરુ-દેવનું રે, ત્રીજું લિઙ્ગ ઉદાર,**
**વિદ્યા-સાધક તણી પરે રે, આળસ નવિય લગાર રે.**
**પ્રાણિ૦ (૧૪)**

**૧. પહેલું લિંગ : શ્રુતનો અભિલાષ—**

શ્રદ્ધાનું વર્ણન કર્યા પછી ત્રણ લિંગનું વર્ણન કરે છે. લિંગ એટલે **लीनमर्थं गमयति इति लिङ्गम् ।** છુપાયેલા અર્થને જે જણાવે તેને લિંગ કહેવાય. ત્રણ લિંગમાં સૌથી પહેલું લિંગ જણાવ્યું છે : શ્રુતનો અભિલાષ. જે જીવ સમ્યગ્દર્શન પામે તે 'હવે મોક્ષ નિશ્ચિત છે' એમ માનીને શાંતિથી બેસી ન રહે. આજે આપણે તો સમ્યગ્દર્શન મળ્યા પછી સંતોષથી બેસી રહ્યા છીએ ને ? જ્યારે સાચા સમકિતી આત્માઓને તો સમ્યગ્દર્શન મળ્યા પછી ઉપરથી જે જાણ્યું છે તે પામવાની-મેળવવાની ઈચ્છા-તાલાવેલી જાગે છે. આથી જ તેના ઉપાયને સાંભળવાની ઈચ્છા સ્વરૂપ શ્રુતનો અભિલાષ તેને જાગે છે. શ્રવણની પ્રવૃત્તિ સંયોગાદિના અભાવે ન થાય તોપણ

સાંભળવાનો અભિલાષ રસના કારણે જીવતો હોય છે. રસ હોય છતાં પ્રવૃત્તિ ન હોય એવું બને અને પ્રવૃત્તિ હોવા છતાં રસ ન હોય એવું ય બને. આજે શ્રુતજ્ઞાનની ઉપેક્ષા છે માટે સમ્યક્ત્વ મળતું નથી અને મળેલું ટકતું નથી. સમકિતીને આ શ્રુતનો અભિલાષ હોય છે - એના ઉપરથી પણ સમજાય એવું છે કે જ્ઞાન વિના સમ્યગ્દર્શન પામી શકાતું નથી અને ટકાવી શકાતું નથી. જ્ઞાનનું આટલું મહત્ત્વ હોવા છતાં આજે અમે પણ આ પંદર કલાકના સ્વાધ્યાયમાં જ કાપ મૂકીએ. બીજી બધી જ ક્રિયા પૂરી થાય, જ્યારે સ્વાધ્યાયના ભાગે તો લગભગ આવતીકાલ જ આવે. સમ્યક્ત્વ જોઈતું હોય તો શ્રુતનો અભિલાષ કેળવ્યા વિના નહિ ચાલે. અગ્નિ પ્રગટાવવો હોય તો ધુમાડો ખમવો જ પડે ને ? આ શુશ્રૂષા એ લિંગ છે અને લિંગ વ્યભિચારી પણ હોય છે - એ વાત બીજા માટે લાગુ પાડવાની, આપણી જાત માટે નહિ. બીજાને પ્રવૃત્તિના અભાવમાં સમ્યક્ત્વ હોઇ શકે પણ આપણે જો પ્રવૃત્તિ નથી કરતા તો આપણી પાસે સમ્યક્ત્વ નથી - એમ સમજવું. જ્ઞાન વગર ચારિત્ર નથી એવું બોલનાર આજે જ્ઞાનની ઉપેક્ષા કઇ રીતે કરી શકે છે - એ સમજાતું નથી. આજે તો ચારિત્રનું પાલન લગભગ જ્ઞાન અને શ્રદ્ધા વગરનું થઇ ગયું છે. રોજ પાઠ કરે છતાં કેટલું થયું ને કેટલું આવડ્યું - એ વિચારવાની ફુરસદ નથી. ભણતી વખતે બગાસા ખાય, પગ ઊંચોનીચો કરે, આડું-અવળું કે નીચું જુએ - આ શ્રુતનો અભિલાષ નથી. ગણધરભગવંતોએ સૂત્ર વગેરેની રચના કરી છે તે ભણવા માટે કરી છે, પ્રદર્શનમાં મૂકવા માટે નહિ. આચાર્યભગવંતે એક વાર અમને વ્યક્તિગત હિતશિક્ષા આપતાં જણાવ્યું હતું કે મુમુક્ષુને દસ હજાર ગાથા કંઠસ્થ કરાવીને, સળંગ લાગલગાટ છ મહિના આયંબિલ કરાવી પછી દીક્ષા આપવી. અમે તેમની હિતશિક્ષા તો ન માની, પણ સાથે દીક્ષા લીધા પછી પણ અમારે દસ હજાર ગાથા કંઠસ્થ કરવી નથી ! તો સમ્યક્ત્વ ક્યાંથી મળે ? સમ્યગ્દર્શન પામવાનું કામ સહેલું નથી, પણ સાથે અશક્ય પણ નથી. અભિલાષ એટલે ચોંટી પડવું. શ્રુતજ્ઞાન ઉપર ચોંટી પડીએ તો સમ્યક્ત્વ મળે. એના



બદલે જ્યારે જોઈએ ત્યારે કાતર લઈને બેઠા હોય તેમ સ્વાધ્યાય ઉપર કાપ મૂકતા જ જઈએ તો સમ્યગ્દર્શન કઇ રીતે ટકાવાશે ?

**૨. બીજું લિંગ : ધર્મનો અનુરાગ–**

સમ્યગ્દર્શનના પહેલા લિંગ તરીકે શ્રુતનો અભિલાષ એટલે કે શુશ્રૂષા જણાવીને હવે બીજા લિંગ તરીકે ધર્મ પ્રત્યેના રાગને જણાવે છે. સામાન્યથી એવું લાગે કે જે સાંભળવાની ઈચ્છા હોય તેની પ્રત્યે રાગ હોય જ. પરંતુ એવો નિયમ નથી માટે આ લિંગ જુદું પાડીને બતાવ્યું છે. અપ્રશસ્ત માર્ગમાં આ વસ્તુ સમજાય એવી છે. જેમ કે નિંદનીય વ્યક્તિ પ્રત્યે રાગ ન હોવા છતાં નિંદાના શ્રવણની ઈચ્છા હોય છે. જેની પ્રત્યે રાગ હોય તેની વાત સાંભળવાનું કોઇક કારણસર ન પણ ગમે અને જેની પ્રત્યે દ્વેષ હોય તેની વાત સાંભળવાનું ગમે - એવું ય બને. સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી આવું બનતું નથી માટે બન્ને લિંગને જુદાં પાડીને બતાવ્યાં છે. જેને ધર્મ સાંભળવાનું ગમે છે તેને ધર્મ ગમે જ એવો નિયમ નથી. આજે મોટાભાગના જીવો ધર્મ કરે છે, ધર્મ સાંભળે પણ છે, પરંતુ ધર્મ તેમને ગમતો નથી. આથી જ મારા ગુરુમહારાજ કાયમ માટે કહેતા હતા કે આપણે ધર્મ કરીએ છીએ ખરા, પણ ધર્મ આપણને ગમતો નથી. શ્રી ઉપાધ્યાયજી મહારાજે આ લિંગને જુદું પાડીને બતાવ્યું છે તેમાં પણ રહસ્ય છે. જે પ્રવૃત્તિ કરીએ તેના વિષય પ્રત્યે રાગ હોય જ - એવો નિયમ નથી - તે જણાવવા માટે બીજું લિંગ જુદું પાડ્યું છે. પ્રવૃત્તિ ઉત્કટ હોવા છતાં રાગ ન હોય એવું બને અને રાગ ઉત્કટ હોવા છતાં પ્રવૃત્તિની ઈચ્છા ન હોય એવું ય બને. અપ્રશસ્તમાર્ગમાં જેમ આવું બને છે તેમ ધર્મમાં પણ એવું બને. પ્રવૃત્તિ રાગથી પણ થતી હોય છે તેમ પ્રવૃત્તિ વખતે પ્રતિપક્ષનો દ્વેષ પણ હોઇ શકે અને ઉપેક્ષા પણ હોઇ શકે. આથી જ શુશ્રૂષા બનાવટી ન આવી જાય તે સમજાવવા માટે શુશ્રૂષા પછી ધર્મનો રાગ જણાવ્યો છે. મહેમાન આવ્યા પછી આગતાસ્વાગતા કર્યા પછી પણ મહેમાન પ્રત્યે રાગ ન હોય એવું બને છે તેમ અહીં પણ શ્રુતધર્મનો અભિલાષ હોવા છતાં ચારિત્રધર્મનો રાગ ન હોય એવું ય બને. તેથી

રાગને જુદો પાડીને બતાવ્યો. પાપની પ્રવૃત્તિ કરવા છતાં પાપ ન ગમે એવું ય બને અને પાપની પ્રવૃત્તિ ન હોવા છતાં પાપ ગમતું હોય એવું ય બને ને ? આવું જ ધર્મમાં પણ બની શકે છે. આજે આપણે પાપ નથી કરતા તે, પાપ ખરાબ લાગે છે માટે નથી કરતા કે પાપ કરીએ તો ખરાબ દેખાઈએ છીએ માટે નથી કરતા ? આ રીતે અનેક પ્રકારે રાગ અને પ્રવૃત્તિને જુદા તરીકે સમજીએ તો બે લિંગ જુદા પાડ્યાનો હેતુ સમજી શકાય એમ છે.

શ્રુતનો અભિલાષ કેવો હોય છે તે જણાવવા માટે દૃષ્ટાંત આપ્યું છે કે તરુણ, સુખી, સ્ત્રીથી પરિવરેલા, ચતુર એવા પુરુષને ગાંધર્વોના ગીત સાંભળતાં જે સ્વાદ આવે તેનાથી કંઈકગણો રાગ ધર્મ સાંભળવામાં થાય. તરુણ અવસ્થા હોવાના કારણે સ્વાભાવિક ક્રીડાપ્રિયતા હોય તે જણાવ્યું છે, સાથે નીરોગી અવસ્થા પણ જણાવી છે. 'સુખી' શબ્દથી આર્થિક ચિંતા નથી - એમ બાહ્ય અવસ્થાનું સુખ બતાવ્યું. 'સ્ત્રી' શબ્દથી અભ્યંતર અવસ્થાની નિશ્ચિતતા જણાવી અને 'ચતુર' પદથી તે શ્રવણની યોગ્યતા બતાવી. અને 'સુરગીત' પદથી વિષયની ઉત્તમતા જણાવી. અહીં એટલું યાદ રાખવું કે આ બધી જ ઉપમાઓ જિનવાણીમાં લાગુ નથી પાડવાની, જિનવાણીશ્રવણની રીતમાં લાગુ પાડવાની છે. સમકિતીને બધા ગંધર્વો જ મળે એવું નથી, પણ સમકિતીને જે મળે તે ગંધર્વજેવા લાગે - એની વાત છે. વક્તા વિશેષ હોય તો પ્રેમથી સાંભળવાની વાત નથી કરી. વક્તા સામાન્ય પણ હોય, નાના સાધુ પણ જિનવાણી સંભળાવતા હોય તો તેમને આટલા જ પ્રેમથી સાંભળવાના છે. જે ગીત ગમતું હોય તે ગમે તે વ્યક્તિ બોલે છતાં સાંભળવું ગમે ને ? તેમ અહીં સમજવું. જેઓ ભગવાનની વાણીના બદલે આડી-અવળી વાતો કરતા હોય તેમની તો જિનવાણી છે જ નહિ : માટે તે સાંભળવાની વાત નથી. પરંતુ જો જિનવાણી જ છે તો માત્ર વક્તાના ભેદે શ્રવણની રીતમાં ભેદ ન પાડવો - એ જણાવવાનું તાત્પર્ય છે.



ધર્મશ્રવણ કરનારા ધર્મના રાગી હોય જ એવું બનતું નથી અને ધર્મના રાગી ધર્મશ્રવણ કરવા સમર્થ ન પણ બને. તેથી આ બે લિંગને જુદાં પાડીને બતાવ્યાં છે. સામાન્યથી લિંગ વ્યભિચારી હોય છે. લિંગ ન હોય છતાં લિંગી હોઈ શકે. જ્યારે લક્ષણ અવ્યભિચારી હોય છે. ધુમાડો એ અગ્નિનું લિંગ છે. ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ, પણ અગ્નિ હોય ત્યાં ધુમાડો ન પણ હોય. જ્યારે ઉષ્ણતા એ અગ્નિનું લક્ષણ છે. ઉષ્ણતા હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ હોય ત્યાં ઉષ્ણતા હોય. એ જ રીતે આત્માનું ચૈતન્ય એ લક્ષણ છે. ચૈતન્યસ્વરૂપ ઉપયોગ વિનાનો જીવ ન હોય. જ્યારે જ્ઞાન અને દર્શન એ વ્યભિચારી લિંગ છે. જ્ઞાન કે દર્શન ન હોય છતાં આત્મા હોઈ શકે. આમ છતાં લિંગના કારણે લિંગી વસ્તુનું જ્ઞાન થાય છે માટે તેનું પણ નિરૂપણ કરાય છે. જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ ક્રમિક છે. પરંતુ ઉપયોગ સતત હોય છે. કેવળીઓને ઉપયોગ સમયે સમયે બદલાય. જ્યારે છદ્મસ્થોનો ઉપયોગ અંતર્મુહૂર્ત્તે અંતર્મુહૂર્ત્તે બદલાય છે. એકીસાથે બે અનુભવ થાય છે એવું આપણને લાગે છે, પરંતુ ત્યાં 'એકીસાથે'નો પ્રયોગ સ્થૂલ વ્યવહારભાષામાં કરાય છે. ત્યાં 'એકીસાથે'નો અર્થ એક જ સમયમાં એવો નથી. સમય તો અતિ સૂક્ષ્મ છે. આંખના એક પલકારામાં પણ અસંખ્યાત સમય જાય છે. બે થી નવ સમયનું અંતર્મુહૂર્ત્ત જઘન્ય ગણાય છે, ૪૮ મિનિટમાં એક સમય ઓછો કાળ એ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત છે. અને તે બેની વચ્ચેનો કાળ મધ્યમ અંતર્મુહૂર્ત્ત કહેવાય. મુહૂર્ત્ત એટલે ૪૮ મિનિટનો કાળ. એની અંદરનો કાળ તેનું નામ અંતર્મુહૂર્ત્ત. બે થી નવ સમયના કાળને સમયપૃથક્ત્વ કહેવાય છે. ૧ સંખ્યા ગણનામાં નથી આવતી. ગણના બેથી થાય. અને બે થી નવ સુધીની સંખ્યા પૃથક્ અર્થાદ્ જુદી જુદી છે. ૧૦ની સંખ્યામાં બે આંકડા ભેગા થાય છે. તેથી પૃથક્ - એક આંકડાવાળી સંખ્યાને પૃથક્ સંખ્યા કહેવાય છે. '૧' સંખ્યા એક આંકડાવાળી હોવા છતાં તે ગણનામાં આવતી ન હોવાથી તેને પૃથક્માં ગણી નથી. માટે બે થી નવ સુધીની સંખ્યાને પૃથક્ કહેવાય છે. એ સંખ્યા સમયની હોય તો તેને સમયનું પૃથક્ત્વ

કહેવાય. શતની હોય તો શતપૃથક્ત્વ કહેવાય અને ધનુષ્યની હોય તો ધનુષ્યપૃથક્ત્વ કહેવાય. સમય સૂક્ષ્મ છે અને ક્ષણ અસંખ્યાત સમયની છે. છદ્મસ્થને સમયનું ભાન ન હોય, ક્ષણનું હોય. આથી જ 'ક્ષણ લાખેણી જાય', આ પ્રમાણે મહાપુરુષો દીક્ષાની રજા લેવા જતા કહેતા. જેટલો કાળ છે, તેટલા કાળમાં જ તે તે કાર્ય થવાનું. પરંતુ આપણને કાળનું જ્ઞાન ન હોવાથી ક્ષણ સાચવવા મહેનત કરીએ છીએ.

સ૦ દળિયાં પૂરા કરવાં અને શ્વાસોશ્વાસ પૂરા કરવા : બન્ને એક જ ?

શ્વાસોશ્વાસ પૂરા કરવાની વાત તો લોકભાષા છે, આપણે તો દળિયાં જ પૂરાં કરવાનાં છે. આપણે ત્યાં જે શ્વાસોશ્વાસની વાત આવે છે તે તો 'પાયસમા ઉસાસા' આ વચનના બળે પાદસ્વરૂપ અર્થાત્ શ્લોકના ચોથા ભાગ સ્વરૂપ છે. જેટલા પાદ બોલાય તેટલા શ્વાસોશ્વાસ થાય. જેવો ગુનો કર્યો હોય તેના પ્રાયશ્ચિત્તરૂપે તેવા પ્રકારના ઓછા-વધતા શ્વાસોશ્વાસવાળો કાઉસ્સગ્ગ જણાવવામાં આવે છે. આપણી વાત તો એ છે કે શુશ્રૂષા એ સમ્યક્ત્વનું પહેલું લિંગ છે. ધર્મ એ રસ પડે એવી વસ્તુ નથી અને દેવતાના સંગીત જેવી મધુર વસ્તુ નથી. છતાં ધર્મની જરૂર - આવશ્યકતા સમજાઇ જાય તો તેમાં રસ પડ્યા વિના ન રહે. દવામાં રસ નથી પડતો છતાં તેની જરૂરિયાત લાગ્યા પછી દવા લેવામાં રસ પડે ને ? દવા કોઇ ચાખીને નથી લેતું. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગમે તેવા હોય છતાં પણ જો તેની જરૂર જણાય તો તેને પ્રેમથી લઇએ છીએ. તેમ ધર્મની હિતકારિતા જણાયા પછી તેના શ્રવણમાં રસ પડ્યા વિના ન રહે. શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, વિજ્ઞાન, ધારણ, ઊહ, અપોહ અને તાત્ત્વિક અભિનિવેશ : આ બુદ્ધિના આઠ ગુણો છે. તેના ક્રમની શરૂઆત આ શુશ્રૂષાથી થાય છે. શુશ્રૂષા પછી ધર્મનો રાગ જણાવ્યો છે. ધર્મની શુશ્રૂષા ધર્મના રાગમાંથી જનમતી હોય છે, તેથી ધર્મરાગ આ બીજું લિંગ જણાવ્યું છે. આ રાગ કેવા પ્રકારનો હોય છે તેના માટે ચોથી ગાથા છે. અહીં જણાવે છે કે જે ભૂખ્યો હોય, અટવી ઊતરીને આવ્યો હોય, જાતે બ્રાહ્મણ હોય અને ખાવા માટે તાજા સુંદર ઘેબર હોય તો તેની પ્રત્યે



રાગ કેવા પ્રકારનો હોય ? એવો રાગ ધર્મ પ્રત્યે હોય તો તે સમ્યક્ત્વનું લિંગ છે. સૌથી પહેલી શરત ભૂખની છે. ભૂખ એટલે ક્ષુધા. ખાધા વિના ચાલે એવું ન હોય તેનું નામ ક્ષુધા. આવ્યું છે માટે લઇ લેવું તે ક્ષુધા નહિ. આજે તમને કોઇ આગ્રહ કરે તો બેસી જાઓ ને ? સાધુભગવંત તો ભૂખ લાગ્યા વગર ભિક્ષા-ગોચરીએ ન જાય. બીજા નંબરે અટવીનું ઉલ્લંઘન જણાવ્યું છે. અટવીમાં કોઇ જલસા કરવા ન બેસે. સાધુસાધ્વી પણ વિહારમાં ચા અને ખીચિયાથી નવકારશી કરે, સ્થાને ન કરી શકે ને ? સાધુસાધ્વીને તો માત્ર એક જ પાત્રું લઇને વહોરવા જવાની વિધિ હતી. સાથે બીજું પાત્ર એટલા માટે રાખે કે જેથી કાંઇક અભક્ષ્ય, અકલ્પ્ય આવી જાય તો છૂટું પાડી શકાય.

સ૦ વહોરાવતાં વધારે આવી જાય તો પાછું અપાય ?

ન અપાય. અભક્ષ્ય કે અકલ્પ્ય આવી ગયું હોય ને દાતા પાછું લેવા તૈયાર હોય તો આપી દેવું. તે સિવાય નહિ અને દાતા ના પાડે તો પરઠવી દેવું. કોઇ ઉપવાસાદિ તપવાળા હોય તો તેને વધેલું આપે તે માટે પારિટ્ઠાવણિયાગાર છે. ગૃહસ્થને પાઠ એક રાખવા માટે આ પદ બોલવાનું જણાવ્યું છે. બાકી શ્રાવકોને પારિટ્ઠાવણિય ખપે નહિ.

સ૦ બે ઠાણાં હોય, છનું નાંખે તો ?

બે ઠાણાં એકલાં વિચરે જ નહિ. સાધુસાધ્વી માટે સમાપ્ત-અસમાપ્ત કલ્પ બતાવ્યો છે. સાધુ ઓછામાં ઓછા પાંચ હોય તો સમાપ્તકલ્પ કહેવાય. અને સાધ્વીજી મહારાજ સાત હોય તો સમાપ્તકલ્પ કહેવાય. આજે તો સાધુસાધ્વી એકલા ફરવામાં ભૂષણ માને છે. ગોચરી માટે કે સ્થંડિલભૂમિએ પણ એકલા જવાનું નથી. છતાં એકલા જે રીતે ફરે છે તે મોક્ષમાં જવાનાં લક્ષણ નથી. આપણી વાત તો એ છે કે— અટવીમાંથી પસાર થયેલો માણસ થાકી ગયો હોય, કારણ કે ત્યાં કશું મળે નહિ. આ રીતે ભૂખ્યો હોય, થાકેલો હોય, જાતનો બ્રાહ્મણ હોય ને ખાવા ઘેબર મળે તો જેવો રાગ થાય એવો રાગ સમકિતીને ધર્મ મળવાથી થાય.

ધર્મ પ્રત્યેના રાગ પછી ત્રીજું લિંગ જણાવે છે કે ગુરુદેવનું વૈયાવચ્ચ, આળસ વગર અપ્રમત્ત એવા વિદ્યાસાધકની જેમ કરવું. સારા માણસો મોટાની સેવા કર્યા વિના ન રહે. ગુરુભગવંતની અથવા ગુરુ અને દેવ એટલે તીર્થંકરભગવંતનું વૈયાવચ્ચ અપ્રમત્તપણે કરવું : એ ત્રીજું લિંગ છે. જેને ધર્મ પ્રત્યે રાગ હોય તેને ધર્મને આપનાર પ્રત્યે રાગ થયા વિના ન રહે. સમકિતીને ખબર હોય છે કે– આ સંસારમાંથી તારવા માટે આ બે તત્ત્વ સિવાય બીજું કોઇ સમર્થ નથી. આથી જ તેમની સેવા તે અપ્રમત્તપણે કરતો હોય છે. આ લિંગોને કેળવવા માટે પ્રયત્ન કરીએ તો સમ્યક્ત્વ આવવાનું બાકી હશે તોય તે આવ્યા વિના નહિ રહે.

❖ ❖ ❖



## ઢાળ ત્રીજી : દસ વિનય

**અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ**
**ચેઈય જિન-પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ,**
**ચતુર નર ! સમજો વિનય પ્રકાર,**
**જિમ લહીએ સમકિત-સાર. ચતુ૦ (૧૫)**
**ધર્મ ખિમાડડદિક ભાખિયોજી, સાધુ તેહના રે ગેહ,**
**આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચતુ૦ (૧૬)**
**ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર,**
**પ્રવચન સંઘ વખાણીએજી, દરિસણ સમકિત સાર.**
**ચતુ૦ (૧૭)**
**ભગતિ બાહ્ય-પ્રતિપત્તિથીજી, હૃદય-પ્રેમ બહુમાન,**
**ગુણ-થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ**
**ચતુ૦ (૧૮)**
**પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ,**
**સિંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂળ. ચતુ૦ (૧૯)**

સમ્યક્ત્વના સડસઠ બોલમાં ચાર શ્રદ્ધા અને ત્રણ લિંગનું વર્ણન કર્યા પછી દશ પ્રકારના વિનય ત્રીજી ઢાળમાં સમજાવ્યા છે. વિનય એ સર્વ સિદ્ધિનું મૂળ છે. લોકમાં પણ કહેવાય છે કે વિનય વિનાના માણસની માણસમાં ગણના થતી નથી. આ સંસારમાં કોઇ પણ ક્ષેત્રમાં વિનયના યોગે જ શ્રેષ્ઠ કોટિની સિદ્ધિ મળે છે. જ્યારે આ ધર્મના ક્ષેત્રમાં તો વિનય વિના કોઇ પણ જાતની સિદ્ધિ મળતી જ નથી. આજે આપણને વિદ્યાની જરૂર નથી, વિરતિની જરૂર નથી કે મુક્તિની જરૂર નથી માટે વિનયની જરૂર નથી. વિનય વિના વિદ્યા, વિરતિ કે મુક્તિ મળતી નથી. એક વાર ફળની ઈચ્છા થાય તો પછી તે ફળ આપનારા પ્રત્યે બહુમાનભાવ

કેળવવાનું કહેવું પડતું નથી. જે ફળની ઇચ્છા ન હોય તે ફળ આપનારા પ્રત્યે બહુમાન જાગે - એ શક્ય નથી. બહુમાન કેળવાયા પછી વિનય લાવવાનું કામ સાવ સહેલું છે; તકલીફ છે બહુમાનભાવની, આગળ વધીને ફળની ઇચ્છા પ્રગટાવવાની !

આ વિનય કોની પ્રત્યે કરવાનો છે તે જણાવતાં દસ પાત્રો અહીં વર્ણવ્યાં છે— (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) ચૈત્ય, (૪) સૂત્ર-સિદ્ધાંત, (૫) દસ પ્રકારનો યતિધર્મ, (૬) તે યતિધર્મના પાલક સાધુભગવંતો, (૭) આચાર્યભગવંત, (૮) ઉપાધ્યાયભગવંત, (૯) ચતુર્વિધ સંઘ, (૧૦) સમ્યગ્દર્શન. આ દશ પ્રકારનાં પાત્રોનો વિનય કરવાનો છે. અહીં દસ પાત્રોના સ્વરૂપનું વર્ણન એક એક પાદમાં માત્ર બે-ત્રણ પદો વડે કર્યું છે - આ અદ્ભુત રચના છે. અરિહંત એટલે 'જિન વિચરતા'. જે વિહરમાન તીર્થંકરભગવંત છે તેમનો વિનય કરવાનો છે. આ વિનયનું પાલન તો જ્યારે ભગવાન વિહરમાન હોય ત્યારે કરવાનું છે. આજે આપણા માટે આ વિનયનું પાલન સાક્ષાત્પણે શક્ય નથી. છતાં આવા પરમાત્માનું સાંનિધ્ય ગમી જાય, ત્યાંથી ખસવાનું મન ન થાય - એ સારામાં સારો વિનય છે. મનવચનકાયાના યોગોનું સમર્પણ કરવું એ વાસ્તવિક કોટિનો વિનય છે. અત્યાર સુધી આવા પરમાત્માનો યોગ થયા પછી પણ આપણને ગમ્યા નહિ માટે આપણો નિસ્તાર થયો નહિ. આથી જ તો 'સુણ્યા હશે, પૂજ્યા હશે...' એમ સ્તવના કરીએ છીએ. આજે તો ઘણા મહાવિદેહ ક્ષેત્રમાં જઇને સીમંધર સ્વામી પાસે દીક્ષા લેવાની ભાવના ભાવે છે. આપણે કહેવું પડે કે— દીક્ષા લેવા માટે મહાવિદેહમાં જવાની જરૂર નથી અહીં પણ મળે એવી છે. મહાવિદેહમાં તો ઉપરથી લાંબા આયુષ્ય વગેરેના કારણે વિલંબ પણ થઇ શકે. શ્રી શ્રેણિકમહારાજા ચોર્યાશી હજાર વરસ નરકનાં અને બહોંતેર વર્ષ આયુષ્યનાં પૂરાં કરીને મોક્ષે જતા રહેશે. જ્યારે શ્રી સીમંધરસ્વામી ભગવાન કુંથુ-અરજિન અંતરે જન્મ્યા, મુનિસુવ્રત-નમિ અંતરે દીક્ષા અને કેવળજ્ઞાન પામ્યા અને આવતી ચોવીસીમાં ઉદય-પેઢાલ (૭-૮મા) જિનના આંતરે મોક્ષમાં જશે.



મહાવિદેહક્ષેત્રમાં જવાથી મોક્ષ મળે જ એવું નથી, સાતમી નરકે પણ ત્યાંથી જવાય છે. અહીં દીક્ષા મળે એવી છે છતાં લેવી નથી. કારણ કે દુઃખ ભોગવવાની અને સુખ છોડવાની તૈયારી નથી. આપણી તુચ્છ ઇચ્છાઓને પૂરી કરવા માટે સખત પુરુષાર્થ ચાલુ છે. ત્યાં સંઘયણ સારું મળે એટલે દુઃખ સહન થઇ જ જાય એવો નિયમ નથી. છેવટ્ઠા સંઘયણમાં વિશુદ્ધ પરિણામ ન આવે પરંતુ સમભાવનો પરિણામ તો આત્મસાત્ કરી શકાય - એવું છે. છેવટ્ઠાસંઘયણવાળા પણ શાંતિથી સમાધિમરણ પામી શકે છે. અને પહેલા સંઘયણવાળા રૌદ્રધ્યાનથી નરકમાં જાય છે. માટે સંઘયણની ખામીને રડવાને બદલે સમભાવ કેળવવા માટે પરિણામ સુધારવાની જરૂર છે. દુઃખ આવવાના કારણે દુઃખી નથી બનાતું. દુઃખ ભોગવવું નથી - એના કારણે દુઃખી છીએ. દુઃખનું દુઃખ નથી, ભોગવવું નથી - એનું દુઃખ છે. જો એક વાર દુઃખ ભોગવવાનું નક્કી કરી લઇએ તો પરિણામ કેળવવાનું કામ સહેલું છે. વિચરતા એવા અરિહંત પરમાત્માને આપણા મનવચનકાયાનું સમર્પણ કરવું એ જ તેમની પ્રત્યેનો વિનય છે.

અરિહંત બાદ સિદ્ધ પદનો વિનય છે. સિદ્ધપદ એ સાધ્ય છે. આ સાધ્યને લઇને જ અરિહંતનો વિનય થાય છે. તેથી બીજા નંબરે સિદ્ધનો વિનય જણાવ્યો. આ સિદ્ધભગવંતો તો માત્ર અસ્તિત્વ દ્વારા, આલંબનરૂપ બનવા દ્વારા આપણી ઉપર ઉપકાર કરે છે. આ સિદ્ધોનો અપલાપ ન કરવો એ સિદ્ધનો વિનય છે. મોક્ષ કોણે જોયો છે ? દુઃખની પરાકાષ્ઠા જેમ સંસારમાં છે તેમ સુખની પરાકાષ્ઠા પણ સંસારમાં જ છે, મોક્ષ નામનું તત્ત્વ નથી... એવું કહેવું તે સિદ્ધનો અપલાપ છે. આજે આપણે મોક્ષતત્ત્વનો અપલાપ નથી કરતા; પણ સાથે સિદ્ધતત્ત્વને સ્વીકારતા પણ નથી, નહિ તો આવાં લક્ષણ હોય ? સમકિતી આવા ન હોય. તેનું તો **भवे तनु मोक्षे चित्तम् ।** (શરીર સંસારમાં અને ચિત્ત મોક્ષમાં હોય) સિદ્ધાવસ્થાનું સતત ચિંતન કરવું તે સિદ્ધનો વિનય. તમે જેમ અર્થનું સતત ચિંતન કરો છો ને ? એ જ રીતે અહીં સિદ્ધનો વિનય કરવો.

અરિહંતપરમાત્મા અને સિદ્ધના વિનય બાદ ચૈત્યનો વિનય જણાવ્યો છે. વિનય એ જૈનશાસનનું મૂળ છે. બધી જ સિદ્ધિઓ વિનયને વરેલી છે. આ વિનય સમ્યક્ત્વનું લિંગ છે. સમ્યગ્દર્શન પામવું હોય તો ભગવાનની આજ્ઞા માનવાનું શરૂ કરવું. વિશેષે કરીને આઠ પ્રકારનાં કર્મને આત્મા ઉપરથી દૂર કરે તેને વિનય કહેવાય છે. જેટલાં કર્મબંધનાં સાધન છે એ બધાં અવિનયના હેતુ છે અને જેટલા કર્મનિર્જરાના ઉપાય છે તે બધા વિનયસ્વરૂપ છે. કોઇ પૂછે કે ધર્મની શરૂઆત ક્યાંથી કરવી - તો તેને જણાવવું કે આજ્ઞા માનતા થઇ જાઓ એ શરૂઆત કરવાની રીત છે. વિનય રાજા થવા માટે નથી, સેવક થવા માટે છે. આજે તો વિનય કરનારા વિનયના પાત્રને પોતાની ઇચ્છા મુજબ પ્રવર્ત્તાવે છે - આ અવિનયનો જ વિસ્તાર છે - એટલું યાદ રાખવું.

ચૈત્ય-જિનપ્રતિમાનો વિનય એટલા માટે બતાવ્યો છે કે વિહરમાન જિનનો યોગ દરેકને કાયમ માટે મળી રહે - એવું બનતું નથી. તેથી તેમનાં પ્રતિમાજીનો વિનય કરવાનું જણાવ્યું. જિનપ્રતિમા આગળ ભક્તિ-બહુમાન વગેરે કરવું, સ્તવના કરવી તેમ જ તેની આશાતના ન કરવી - આ બધી જાતનો વિનય પ્રતિમાનો કરવાનો છે. આશાતના જઘન્યથી દસ અને ઉત્કૃષ્ટથી ચોર્યાશી છે. તે બધી જ ટાળવી. ભક્તિ-પૂજા-સન્માન ઓછા-વધતા થશે તો ચાલશે પણ આશાતના તો એક પણ નથી કરવી. વિનયી બનવાનો ઉપાય એક જ છે કે પ્રજ્ઞાપનીય બનવું. ગુરુભગવંત આપણને બે અક્ષર કહી શકે - એવો સ્વભાવ કેળવવો તેનું જ નામ પ્રજ્ઞાપનીયતા. શ્રી સુધર્માસ્વામીજીએ પણ શ્રી જંબૂસ્વામીજીને દીક્ષા લીધા પછી જણાવ્યું હતું કે– **पण्णवणिज्जो भविस्सइ** (પ્રજ્ઞાપનીય થવું જોઇએ.) આ પ્રજ્ઞાપનીયતા એ બધા જ ગુણોનો આધાર છે. કારણ કે વિનય પણ પ્રજ્ઞાપનીયતાના કારણે આવે છે. જિનપ્રતિમાના વિનયમાં જિનપ્રતિમાને નાભિથી ઉપર પધરાવવાનાં. આપણી પૂજા માટે ભગવાનને ખસેડાય નહિ. ચૈત્યનો અર્થ જિનપ્રતિમા પણ થાય, જિનમંદિર પણ થાય અને અશોકવૃક્ષ પણ થાય. અહીં માત્ર બે અર્થ લગાડવા છે : જિનપ્રતિમા



અને મંદિર. પ્રતિમા એ મ્યુઝિયમમાં મૂકવાની વસ્તુ નથી. પ્રતિમાજી ખંડિત હોય તો તે વિસર્જિત કરી નાંખવાની. ખંડિત વસ્તુ સામાન્યથી અપશકનરૂપ ગણાય છે તેથી તેનું વિસર્જન કરી નાંખવાનું. આજે ખંડિત પ્રતિમા મ્યુઝિયમમાં મુકાય છે તે તદ્દન અનુચિત છે.

સ૦ પ્રતિમાજીને ઘસારો પહોંચ્યો હોય તો ?

ઘસારો પહોંચે તે જુદી વસ્તુ છે. રોગ થાય અને મરણ થાય : એ બેમાં ફરક છે ને ? મડદાનું વિસર્જન કરાય, રોગીનું વિસર્જન ન કરાય. અત્યંત ઘસારાના કારણે મુખાકૃતિ પણ દેખાતી ન હોય તો વિસર્જિત કરી નાંખવાની. અહીં ચૈત્યનો અર્થ જિનપ્રતિમા કર્યો છે. વસ્તુ આધાર વગર હોતી નથી માટે પ્રતિમાની સાથે જિનમંદિર પણ અર્થ સમજી લેવો.

સ૦ સ્થાનકવાસીઓ ચૈત્યનો અર્થ જ્ઞાન કરે છે.

ચૈત્યનો અર્થ 'જ્ઞાન' વ્યાકરણથી પ્રસિદ્ધ છે પરંતુ જે પ્રકરણમાં જે અર્થ થતો હોય, વક્તાએ જે આશયથી પ્રયોગ કર્યો હોય તેવો જ અર્થ કરાય. સ્થાનકવાસીઓને પ્રતિમા, જિનાલયનો અપલાપ કરવો છે માટે વ્યુત્પત્તિ - અર્થ તેઓ કરે છે, છતાં દાર્શનિક પરિભાષામાં ચૈત્યનો અર્થ પ્રતિમા જ થાય છે - એટલું યાદ રાખવું. જેમ **गच्छति इति गौः** જે ચાલે છે તેને ગાય કહેવાય : આવી વ્યુત્પત્તિ હોવા છતાં અને માણસ ચાલતા હોવા છતાં કે બીજા પશુઓ ચાલતા હોવા છતાં તેમને ગાય નથી કહેતા અને ગાય ચાલતી ન હોય છતાં તેને ગાય કહેવાય છે. માટે નક્કી છે કે - **अन्यद्धि व्युत्पत्तिनिमित्तम्, अन्यद् हि प्रवृत्तिनिमित्तम् ।** પ્રવૃત્તિનિમિત્ત અને વ્યુત્પત્તિનિમિત્ત જુદાં જુદાં હોય છે. ચૈત્યનો વ્યુત્પત્તિ અર્થ જ્ઞાન હોવા છતાં પ્રવૃત્ત્યર્થ પ્રતિમા, દેરાસર કે અશોકવૃક્ષ (શ્રી વીતરાગસ્તોત્રમાં) થાય છે.

સ૦ ભાષા પ્રમાણે વ્યાકરણની રચના થાય કે વ્યાકરણ પ્રમાણે ભાષાનો પ્રયોગ થાય ?

વ્યાકરણની રચના ભાષાના આધારે થઇ છે પરંતુ જેઓ ભાષાના જાણકાર ન હોય તેઓ ભાષાનું જ્ઞાન વ્યાકરણ દ્વારા મેળવે છે. બીજ

પહેલાં કે અંકુરો - આવા પ્રશ્નના નિરાકરણમાં, આપણા હાથમાં જે આવે તે પહેલું - એટલું યાદ રાખવું.

ત્યાર બાદ સૂત્રનો વિનય જણાવ્યો છે. આજે આપણે સૂત્રની ઉપેક્ષા જે રીતે કરીએ છીએ તેના યોગે જ સમ્યક્ત્વથી વંચિત રહ્યા છીએ. સૂત્રના આધારે જ અર્થ રહેલા છે. પહેલાના મહાત્માઓ એવું માનતા કે સૂત્ર વિના અર્થ ભણાય જ નહિ. જ્યારે આજે તો 'સૂત્ર ભણવાની જરૂર નથી' આવી માન્યતા ફેલાવા માંડી છે. સૂત્ર ભણી ન શકે તો જુદી વાત પરંતુ સૂત્ર ભણવાની જરૂર નથી, એકલા અર્થજ્ઞાનથી ચાલે - એવું ઉત્સૂત્ર ફેલાવવાનું પાપ ન કરવું. સૂત્ર પ્રત્યે આદર પ્રગટ્યા વગર સમ્યગ્દર્શન નહિ આવે. આજે ધર્મ કરનારને સૂત્ર પ્રત્યે જોઇએ એવી રુચિ નથી. દ્વાદશાંગીની રચના સૂત્રથી થઇ છે. જેને ચારિત્ર જોઇએ એને જ્ઞાન પામ્યા વિના ચાલે એવું નથી. સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ જ્ઞાનથી જ થતી હોય છે અને જ્ઞાનપ્રાપ્તિની શરૂઆત સૂત્રથી થતી હોય છે. આજે અર્થની રુચિ છે પણ સૂત્રની રુચિ નથી. આનો અર્થ જ એ છે કે જ્ઞાનની મહત્તા નથી, રુચિની જ મહત્તા છે. આજે મહાત્માઓ પોતે તો સૂત્ર ભણે નહિ અને જેઓ ભણતા હોય તેમને પણ ન ભણવાની સલાહ આપે. આવું કૃત્ય તદ્દન અનુચિત છે. શાસ્ત્રમાં બાર વરસ સુધી સૂત્ર ભણવાનું કહ્યું છે. જેનો અર્થ ન સમજાય છતાં તેવાં સૂત્રો ભણ્યા કરે તો શ્રદ્ધા નિર્મળ બનવાની જ. આજે શ્રાવકોને પણ સૂત્ર ભણવું નથી ગમતું. પુસ્તકો વાંચવાં ગમે છે. પુસ્તકો પણ પાછાં કેવાં વાંચે ? જેમાં કથા હોય. અમારે ત્યાં સાધુસાધ્વી પણ ચરિત્રગ્રંથો વાંચે તો વચ્ચે ભગવાનની કે મુનિભગવંતની દેશના આવે કે નગર, નદી વગેરેનું વર્ણન આવે તો છોડી દે, કારણ કે એમાં રસ ન પડે. જો અર્થકામનું વર્ણન આવે તો પ્રેમથી વાંચે. આ જ્ઞાનનો રસ નથી, કથાનો રસ છે.

સ૦ કથાનુયોગ શા માટે આપ્યો છે ?

કથાનુયોગ તો તમારું સમ્યગ્દર્શન દૃઢ કરવા માટે છે. ભગવાન સુખ છોડવાની કે દુઃખ વેઠવાની વાત કરે તો તે વખતે તે અશક્ય લાગે



અને ભગવાને આવી અશક્ય વસ્તુનો ઉપદેશ કેમ આપ્યો છે - એવી શંકા પડે તો સમ્યક્ત્વમાં અતિચાર લાગે, સમ્યક્ત્વ ચાલવા માંડે. આવી શંકાનું નિર્મૂલન કરવા માટે કથાગ્રંથો છે. તમને ધર્મ માટે મરણાંત કષ્ટ વેઠવાની વાત કર્યા પછી સાથે ખંધકમુનિનું દૃષ્ટાંત આપીએ તો તરત શ્રદ્ધા બેસે ને ? કે આવું દુઃખ ભોગવવાનું અશક્ય નથી, ઘણા મહાત્માઓ જાતે ભોગવીને ગયા છે. આ રીતે સત્ત્વની કે શ્રદ્ધાની વાતો અસાધ્ય નથી તે સમજાવવા માટે કોણે કોણે કઇ કઇ રીતે આ ધર્મ આત્મસાત્ કર્યો તે કથાગ્રંથોથી જણાવવામાં આવે છે. પરંતુ તકલીફ એ છે કે આપણને રાજારાણીની કથાના પ્રસંગોમાં રસ પડે છે, તેમના ગુણોમાં નહિ. અનાથીમુનિ, ભર્તૃહરી, ભરતબાહુબલી આ બધાની કથામાંથી સાર શું લઇએ ? ભરતમહારાજાનો વૃત્તાંત સાંભળ્યા પછી ચક્રવર્ત્તીપણું ઉપાદેય લાગે કે છોડવાજેવું ? કથાગ્રંથો પણ તમારે જાતે ન વાંચવા, ગુરુ-ભગવંતની પાસે વાંચવા જોઇએ.

સૂત્ર પછી યતિધર્મનો વિનય કરવાનું જણાવ્યું છે. કારણ કે જે સૂત્ર ભણે તેને સૂત્ર ભણતાં ભણતાં દસ પ્રકારનો યતિધર્મ પાળવાનું મન થાય. આજે તો, સાધુ થનારા ભણે તો ય ઘણું !, ભણતાં ભણતાં સાધુ થનારા લાવવા ક્યાંથી ? મુમુક્ષુપણામાં કદાચ થોડુંઘણું ભણતો હોય તોય સાધુપણામાં તો પુસ્તક અભરાઇ ઉપર ચઢાવીને મૂકી દે. પોતે સૂત્ર ભણે નહિ અને ગુરુમહારાજ ન ભણાવે તો કહે કે મને ભણાવતા નથી ! સૂત્ર ભણ્યા વગર ગુરુ કઇ રીતે ભણાવે ? સૂત્ર ભણે તેને સાધુ થવાનું મન થયા વિના ન રહે. (૧) ક્ષમા, (૨) માર્દવ, (૩) આર્જવ, (૪) મુક્તિ (નિર્લોભતા), (૫) તપ, (૬) સંયમ, (૭) સત્ય, (૮) શૌચ, (૯) આકિંચન્ય, (૧૦) બ્રહ્મચર્ય : આ દસ પ્રકારનો યતિધર્મ છે. ધર્મ અને ધર્મીનો કથંચિદ્ અભેદ હોવાથી યતિનો વિનય એ જ યતિધર્મનો વિનય છે. ક્ષમાધર્મ સાધુપણામાં પાળી શકાય. આજે તમને ગુસ્સો કેમ આવે છે ? લોકો ખરાબ વર્ત્તન કરે છે માટે કે આપણું માનતા નથી માટે ? ગૃહસ્થપણામાં ઘરના લોકો આપણું માનતા નથી - આ ભાવ ગુસ્સાને

ઉત્પન્ન કરે છે. તેથી અપેક્ષા છોડી દેવાથી ગુસ્સો ટળે. અપેક્ષા ટાળવા માટે ઘર છોડવું પડશે. લોકોએ મારું માનવું જોઇએ અથવા આપણી સાથે ખરાબ રીતે વર્ત્તવું ન જોઇએ - આ અપેક્ષા ગુસ્સાનું બીજ છે. આ અપેક્ષા ટાળવા ઘર છોડવું અને સાધુપણામાં આવીને પણ અપેક્ષા રાખવી નહિ તો ગુસ્સો નહિ આવે. તે જ રીતે 'માન ચક્રવર્ત્તીનું પણ ચુરાઇ ગયું તો આપણું ક્યાંથી ટકવાનું ?' આવું વિચારે તો માન જાય. આ રીતે ક્ષમા અને નમ્રતા ધારણ કરીને સરળ અને નિઃસ્પૃહ બનીએ તો માયા ને લોભ ટળે. ચાર કષાયના પ્રતિપક્ષી એવા આ ચાર ગુણો જો આત્મસાત્ કરવા હોય તો સાધુ થવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. સમકિતીને આથી જ સાધુ થવાનું મન હોય. જે સૂત્રનો સ્વાધ્યાય કરવાનો છે અને ક્ષમાદિ ધર્મો કેળવવાના છે તે સાધુપણામાં સુશક્ય હોવાથી તેને સાધુ થવાનું મન હોય. જેને દીક્ષા લેવાનું મન હોય તેને જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય - આ વસ્તુ જણાવવા માટે દસ પ્રકારના વિનયમાં દસ પ્રકારનો યતિધર્મ જણાવ્યો છે. તપધર્મ પણ સાધુપણામાં જ કરી શકાય એવું છે. કારણ કે તપની યોગ્યતા સાધુમાં જ આવે. અહિંસા, સંયમ પછી તપ છે. અહિંસાનું પાલન થાય અને સંયમ સચવાય માટે જ તપ કરવાનો છે. ભવિષ્યમાં હિંસા ન કરવાની પ્રતિજ્ઞાસ્વરૂપ અહિંસા છે, વર્ત્તમાનમાં હિંસા ન કરવા સ્વરૂપ સંયમ છે અને ભૂતકાળમાં હિંસાદિથી કરેલાં પાપકર્મોની નિર્જરા કરવા માટે તપ છે. ત્યાર બાદ સત્ય બતાવેલું છે. પાંચ મહાવ્રતમાં સત્યનું ગ્રહણ હોવા છતાં તે દુષ્કર હોવાથી તેને જુદું ગણ્યું. દસ પ્રકારના યતિધર્મમાં સત્યધર્મ મહત્ત્વનો છે. કારણ કે 'સાચામાં સમકિત વસે રે' એમ કહ્યું છે. સત્યધર્મના કારણે શુદ્ધ પ્રરૂપણા થાય છે. એના સિવાયના નવે ય ધર્મો બનાવટી બની જાય છે. આ જ રીતે દ્રવ્યભાવ શૌચ, આકિંચન્ય કે બ્રહ્મચર્ય સાધુપણામાં જ સારી રીતે પાળી શકાતા હોવાથી આનો વિનય કરનાર સમકિતી સાધુ થવાની ભાવનાવાળો હોય.

દસ પ્રકારનો યતિધર્મ જેને પાળવો છે એને ધર્મ અને ધર્મી બન્ને ગમે માટે હવે ધર્મીનું વર્ણન કરે છે. ઘણી વખત ધર્મ કરનારને ધર્મ ગમે



ધર્મી ન ગમે, ક્યારેક ધર્મી ગમે ધર્મ ન ગમે. આવી અવસ્થામાં ધર્મ કરે એ કામ નહિ લાગે. સામાન્યથી ગુણ અને ગુણીનો અભેદ આપણે ત્યાં પ્રસિદ્ધ છે, આમ છતાં ધર્મનો વિનય બતાવ્યા પછી ધર્મીનો વિનય જુદો બતાવ્યો હોય તો તેની પાછળ કોઇ વિશિષ્ટ કારણ છે - એ ચોક્કસ છે અને એ કારણ એ છે કે ગુણ અને ગુણીનો અભેદ હોવા છતાં તેનો ભેદ પાડવાનું કામ આપણે કર્યું છે. આજે મોટા ભાગના લોકોને ગુણ ગમે પણ ગુણના ધારક એવા ગુણીનો વિનય કરતી વખતે રાગદ્વેષની પરિણતિ આડી આવતી હોય છે. એના એ ગુણો જો આપણા દ્વેષી આત્મામાં હોય તો તેનો વિનય કરવાનું નથી બનતું અને આપણા પરિચિત વગેરે વ્યક્તિ પ્રત્યે રાગ હોવાના કારણે તેમનો વિનય કરવાનું બને છે. આ આશયથી જ ધર્મને બતાવ્યા પછી ધર્મીનો વિનય જુદો બતાવ્યો. આપણે ઘણી વાર ધર્મનો વિનય કર્યા પછી ધર્મીની અવજ્ઞા કરીએ છીએ અને ઘણી વાર ધર્મીનો વિનય કરવા છતાં ધર્મની અવજ્ઞા કરીએ છીએ - આથી જ ઉપાધ્યાયજી મહારાજે બેને જુદા પાડીને બતાવ્યા. બાકી જ્યાં સાધુતા હોય ત્યાં યતિધર્મ હોય અને જ્યાં યતિધર્મ હોય ત્યાં સાધુતા હોય જ. ઘણા લોકોની એવી પણ માન્યતા છે કે ગુણ પૂજાપાત્ર છે, વ્યક્તિ નહિ. તેમની માન્યતાનું ખંડન કરવા માટે ગુણવાન વ્યક્તિનો વિનય જુદો પાડીને બતાવ્યો. સમ્યગ્દર્શન પામવાનું કામ ચોથા ગુણઠાણે થતું હોય છે. આ ગુણઠાણે કોઇ પણ જાતની માયા સેવાઇ ન જાય માટે ગ્રંથકારશ્રીએ ગુણ-ગુણીને જુદા પાડીને બતાવ્યા છે. આપણને દોષ પ્રત્યે નફરત હોય તોપણ દોષના કારણે દુષ્ટ વ્યક્તિની નફરત ન હોવી જોઇએ કારણ કે દુષ્ટની નફરતના કારણે ઘણી વાર એના ગુણનો અપલાપ કરવાનું બની જતું હોય છે. એવું ન બને માટે ગુણ-ગુણીને જુદા પાડ્યા. આપણા ઉપકારી કે તારક ગુરુ પ્રત્યે બહુમાન અધિક હોય તોપણ બીજાની અવજ્ઞા તો કોઇ કાળે ન કરાય. જે ગુણવાન છે તેના દોષો નજર સામે લાવવા નથી, કારણ કે એના દોષો આપણને નડતા નથી તેમ જ તેના દોષોના નિકાલની ફરજ આપણી નથી. મિથ્યાદૃષ્ટિ પ્રત્યે પણ, બહુમાન કેળવવાની ના પાડી છે;

દ્વેષ કરવાનો નથી કહ્યો. જેનું મિથ્યાત્વ પ્રગટ છે તેના ગુણો કદાચ હોય તોપણ તેનું બહુમાન નથી કરવું. કારણ કે મિથ્યાત્વીના ગુણો ગુણાભાસના ઘરના છે. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. એ જ્ઞાન પણ મિથ્યાત્વસહચરિત હોય તો તે અજ્ઞાન કહેવાય છે તો બીજા ગુણોનું પૂછવું જ શું ? છતાં તે મિથ્યાત્વીનો દ્વેષ નથી કરવાનો. મિથ્યાદૃષ્ટિ કે સમકિતી બેમાંથી એકેનો દ્વેષ નથી કરવો. કારણ કે ધર્મી પ્રત્યેનો દ્વેષ અંતે ધર્મના દ્વેષમાં પરિણમે છે. દ્વેષની પરિણતિ કાઢવા માટે રાગ કેળવવાની જરૂર નથી. આ તો બકરું કાઢતાં ઊંટ પેસવા જેવું છે. આપણે રાગ અને દ્વેષ : બન્નેને ટાળવાના ઉપાય સેવી લેવા છે. આપણને કોઇ એના પ્રસંગમાં ન બોલાવે તો દુઃખ ધરવાની જરૂર નથી. આપણે સમજવું કે આપણે પાપથી બચ્યા. પરંતુ આપણે સામા પ્રત્યેના દ્વેષના કારણે તે આપણો પ્રસંગ બગાડશે એમ સમજીને એને ટાળવાની જરૂર નથી. સામાને આપણી પ્રત્યે દ્વેષ છે - એવું બોલતી વખતે અસલમાં આપણો જ તેની પ્રત્યેનો દ્વેષ કામ કરતો હોય છે. આપણે આપણો દ્વેષ ટાળી દઇએ તો આપણું કામ પૂરું થાય છે.

આ રીતે દસ યતિધર્મ પછી એ ધર્મના ધારક એવા સાધુનો વિનય જણાવ્યા બાદ આચાર્યનો વિનય કરવાનું જણાવ્યું છે કે જેઓ પંચાચારને સ્વયં પાળે છે અને બીજાને પળાવે છે. આચારના દાયક એટલે આચારને પળાવનાર અને નાયક એટલે આચારને સ્વયં પાળનાર. પહેલાં 'દાયક' લખ્યા પછી 'નાયક' લખ્યું છે. કારણ કે પંચાચારનું પાલન કરાવતી વખતે પણ પોતે આચારનું પાલન ચૂકી જતા નથી - તે જણાવવું છે. આઠ જ્ઞાનાચાર, આઠ દર્શનાચાર, આઠ ચારિત્રાચાર, બાર પ્રકારના તપાચાર અને એ છત્રીસ પ્રકારના વીર્યાચાર : આ બધા જ ભેદનું પાલન કરે અને કરાવે તે આચાર્ય. તેઓની પાસે વિધિપૂર્વક અર્થદેશના સાંભળવી વગેરે વિનય કરવાનો છે. ત્યાર બાદ ઉપાધ્યાયભગવંતનો વિનય જણાવ્યો છે. ઉપાધ્યાયભગવંતની જરૂર સૂત્ર ભણવા માટે છે. આજે સૂત્ર ભણવાનું ગમતું નથી માટે ઉપાધ્યાયભગવંતની કિંમત સમજાતી નથી. જે દિવસે



સૂત્રની જરૂરિયાત જણાશે, સૂત્ર પ્રત્યે બહુમાન જાગશે તે દિવસે ઉપાધ્યાયભગવંતનો વિનય કરવાનું શક્ય બનશે.

વિનય કરવાનો વખત આવે તો આપણને તકલીફ તો પડવાની. કારણ કે આપણને ગુરુ ગમે છે પણ ગુરુનો વિનય નથી ગમતો. ધર્મ ગમે તો ધર્મી ન ગમે અને ધર્મી ગમે તો ધર્મ ન ગમે. તેથી ધર્મ અને ધર્મીનો મેળ બેસાડવાનું કામ કપરું છે. વિનય સાચવવાનું કામ ન બનતું હોય તો તે પ્રણિધાનના અભાવે. તેથી જ દસ પ્રકારનો વિનય પાંચ પ્રકારે કરવાનું જણાવીને મનવચનકાયાની શુદ્ધિ જણાવવાનું કામ કર્યું છે. આ બધું જોતાં મહાપુરુષોની સંકલના કેવી શૃંખલાબદ્ધ છે તે સમજાયા વગર નહિ રહે. આજે ગુરુ કે સહવર્ત્તીનો વિનય કરવાનું જેમને પાલવતું નથી તેઓ બધાની સાથે ઔચિત્યપૂર્વક વર્ત્તવાની વાતો કરી રહ્યા છે. 'બધા સિદ્ધના આત્માઓ છે' એમ સમજીને બધાનો વિનય જાળવવાની વાતો કરનારાને કહેવું પડે કે તમારાં માબાપ વગેરે ઘરના માણસો પણ સિદ્ધના આત્મા છે તો તેમનો અવિનય-અનાદર શા માટે કરો છો ? અનાદર કોઇનો પણ નથી કરવાનો તો ઉપકારીનો કઇ રીતે કરાય ? આપણે બીજાનો વિનય કે આદર જાળવીએ છીએ તે તેમના આત્મા ઉપર ઉપકાર કરવા માટે નહિ, આપણા આત્માના ઉપકાર માટે જાળવીએ છીએ. આચાર્યભગવંતાદિ અનેક આત્માઓને ભણાવવાનું કામ કરે છે તે તેમના ઉપકાર માટે નહિ, પોતાના વીર્યાંતરાયકર્મના, જ્ઞાનાવરણીયકર્મના, મોહનીયકર્મના ક્ષયોપશમની વૃદ્ધિ માટે ભણાવે છે. આ રીતે વાચના વગેરે આપવાથી નીચગોત્રનો ક્ષય થાય અને વીર્ય ઉલ્લસિત બને છે. આ ઉલ્લસિત વીર્ય જ શ્રેણિ માંડવા માટે કામ લાગવાનું છે. આજે ભણવાનું કે ભણાવવાનું શક્ય ન બનતું હોય તો તે વીર્ય ન ફોરવવાના કારણે. આજે તમને કે અમને જ્ઞાનાવરણીય, મિથ્યાત્વ કે ચારિત્રમોહનીય કરતાં પણ વધારે વીર્યાંતરાય કર્મ નડે છે. વીર્યાંતરાયના યોગે જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ પેદા કરવાનું મન જ નથી થતું. સાચું કહો, કોઇનું કામ કરવા મળે તો આનંદ થાય કે કોઇનું કામ કરવાનું ટળી જાય તો

આનંદ થાય ? વીર્ય ફોરવવાનું લગભગ ગમતું જ નથી ને ? કોઇ પણ સાધના બીજાને સુધારવા માટે નથી, આપણી જાતના ઉપકાર માટે છે. કોઇને સુધારવાની જવાબદારી આપણી નથી. આપણે આપણી જાતને સુધારવા માટે આવ્યા છીએ.

સ૦ કુટુંબની જવાબદારી આપણી નહિ ?

કુટુંબની જવાબદારી આપણી ત્યાં સુધી કે જ્યાં સુધી કુટુંબ મોઢું ન ખોલે. જે દિવસે એ લોકો મોઢું ખોલે, સામું બોલવા માંડે તો ઘરના વડીલે ચૂપ થઇ જવું. ડૉક્ટર પણ દવા ક્યાં સુધી કરે, રોગ સાધ્ય હોય ત્યાં સુધી કે રોગી જીવતો હોય ત્યાં સુધી ? રોગી જીવતો હોવા છતાં જો રોગ સાધ્ય ન હોય તો ડૉક્ટર દવા ન કરે ને ? તેમ અહીં પણ પ્રતિકાર કરે તેને અસાધ્ય માની છોડી દેવાનો.

સ૦ એને કશું ન કહીએ તો એ જેમ ફાવે તેમ જીવે - એ જોઇને આર્ત્તધ્યાન થાય ને ?

તમને આર્ત્તધ્યાન થાય તો તેને ટાળવાનો ઉપાય છે પરંતુ તેમને સુધારવાનો કોઇ ઉપાય નથી. આપણો પુત્ર આપણું માનતો નથી માટે આર્ત્તધ્યાન થાય છે ? કે 'તેણે આપણું માનવું જોઇએ' એવી ભાવના છે માટે આર્ત્તધ્યાન થાય છે ? પાડોશીનો દીકરો ગમે તેવું વર્ત્તન કરે તોય કશું થતું નથી ને ? તેમ અહીં પણ આપણા પુત્રનું મમત્વ મનમાંથી કાઢી નાંખવું. જે આપણું માને તેની જવાબદારી આપણી, બીજાની નહિ. સામો ન સુધરે તો આપણે તેની ઉપેક્ષા કરવી છે, આપણે ઘરમાં હોવા છતાં ત્યાંથી મનથી ખસી જવું છે. ભર્ત્તૃહરીને તેના ભાઇ વિક્રમાદિત્યે જ્યારે કહ્યું કે પિંગળારાણી વ્યભિચારિણી છે, ત્યારે ભર્ત્તૃહરીને ગુસ્સો આવ્યો અને ભાઇને દેશનિકાલ કર્યો. છતાં ભાઇના વિરહથી પીડાતા તેણે ભાઇની વાતની ખાતરી કરવા પ્રયત્ન કર્યો. સેવકોએ તપાસ કરીને જણાવ્યું કે વિક્રમાદિત્યની વાત સાચી છે. એ જાણ્યા બાદ ભર્ત્તૃહરી પિંગળારાણીને સુધારવા ન રહ્યા, પોતે સંસાર છોડીને નીકળી પડ્યા. અમારે ત્યાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ ગળિયાબળદ જેવા શિષ્યોને પડતા



મૂકીને નીકળી ગયેલા આચાર્યભગવંતનું દૃષ્ટાંત આપ્યું છે. તમારી પાસે, મૂકી જવાનું સામર્થ્ય ન હોય તોપણ મનથી તો અળગા રહીને જિવાય ને ? આજે તમને નિયમ આપી દઉં કે **બીજા ગમે તેટલું સંભળાવે તો સાંભળી લેવું, પણ કોઇને ય સંભળાવવું નહિ** - આટલું તો બને ને ? આજે તો સાધુસાધ્વી પણ આટલું કરવા રાજી નથી. ઉપરથી પોતાના બચાવ માટે કહે કે આ તો દ્રવ્યથી સાધુપણું છે. અનુકૂળતા ભાવસાધુ તરીકેની ભોગવવાની અને પાળવાનું દ્રવ્યસાધુપણું ! આ કઇ નીતિ ? કોઇના દોષ બતાવવાની જવાબદારી આપણી નથી. આપણે અવિનય ટાળવો છે, બીજાને વિનયી નથી બનાવવા.

નવમા સ્થાને ચતુર્વિધ સંઘ બતાવ્યો છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ભગવાનની આજ્ઞા પ્રમાણે રહેલા હોય તો તેને સંઘ કહેવાય. આ સંઘનો વિનય કરવાનો છે. શ્રી ભદ્રબાહુસ્વામીજી પ્રાણાયામની સાધના કરવા ગયેલા ત્યારે ચતુર્વિધ સંઘે સાધુઓને ભણાવવાની વિનંતિ કરી, પણ પોતાની સાધના સારી ચાલતી હોવાથી તેઓશ્રીએ ના પાડી. ત્યારે શ્રી સંઘે પુછાવ્યું કે જે સંઘની આજ્ઞા ન માને તેને કયું પ્રાયશ્ચિત્ત આવે ? ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામીજીએ ભણાવવાની હા પાડી અને સાધુઓને ત્યાં મોકલવાનું જણાવ્યું. આપણી વાત એટલી છે કે આચાર્યભગવંત પણ સંઘનો અવિનય ન કરે. પરંતુ તે સંઘ ભગવાનની આજ્ઞામાં હોય તો.સંઘના વિનય બાદ છેલ્લે દર્શન અર્થાદ્ સમ્યક્ત્વનો વિનય કરવાનું જણાવ્યું છે. જોકે સંઘમાં સમકિતી આત્માઓ જ હોવાથી સંઘના વિનયમાં સમ્યક્ત્વનો વિનય સમાઇ જાય છે છતાં સમ્યક્ત્વનાં સાધનોનો વિનય જુદો બતાવવા તેને જુદો પાડ્યો છે - એમ સમજવું. અથવા તો સમ્યક્ત્વગુણની પ્રધાનતાને જણાવવા તેને જુદું પાડીને બતાવ્યું હોવાથી સંઘમાં પાંચમા ગુણઠાણે રહેલા શ્રાવક-શ્રાવિકાનું ગ્રહણ કરવું અને દર્શનમાં ચોથા ગુણઠાણે રહેલાનું ગ્રહણ કરવું.

આ રીતે અરિહંત, સિદ્ધ, જિનપ્રતિમા, સૂત્ર, યતિધર્મ, સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, સંઘ અને સમ્યક્ત્વ : આ દસનો વિનય પાંચ પ્રકારે

કરવાનો છે. તેમની ભક્તિ એટલે બાહ્યથી પ્રતિપત્તિ કરવી. 'આ ગ્રહણ કરો, મને લાભ આપો અને મને તારો' - આ ભાવનાથી તેમની દ્રવ્યાદિથી સેવાશુશ્રૂષા કરવી તેનું નામ ભક્તિ. ભવનિસ્તારની વાંછાથી જે કાંઇ વર્ત્તન આ પાત્રો પ્રત્યે થાય તેને ભક્તિ કહેવાય છે. તેઓશ્રી પ્રત્યે હૃદયથી પ્રેમ રાખવો, તેને બહુમાન કહેવાય છે. ત્યાર બાદ તેમના ગુણોની સ્તવના કરવાનું જણાવ્યું છે. ગુર્વાદિકની સાધનાને જોઇ તેઓશ્રી અત્યંત અલ્પ સંસારી છે, તેમનો સંસાર પરિમિત છે - ઇત્યાદિ વચનો દ્વારા જણાવવું તેને ગુણસ્તુતિ કહેવાય. ત્યાર બાદ અવગુણ ઢાંકવા તે પણ એક વિનય છે - એમ જણાવ્યું છે. આ તો કેવા હતા - એ સમ્યક્ત્વ પામ્યા ? ચારિત્ર પામ્યા ? આવું ન બોલવું. આ પાત્રોના; ભૂતકાળના કે છદ્મસ્થતાના યોગે વિદ્યમાન વર્ત્તમાનના અવગુણો ઢાંકવા તે તેમનો વિનય છે. છેલ્લે આમાંથી કોઇની પણ આશાતના ન કરવી તે પણ એક પ્રકારનો વિનય છે - એમ જણાવ્યું છે. આ બોલ એટલે સમ્યક્ત્વના પ્રકાર છે.

સ૦ આ પ્રકાર જેની પાસે હોય તેને સમ્યક્ત્વ મળે કે સમ્યક્ત્વ હોય તેની પાસે આ પ્રકાર હોય ?

જેમની પાસે સમ્યક્ત્વ હોય તેમની પાસે આ પ્રકાર હોય અને જેની પાસે સમ્યક્ત્વ ન હોય તે પણ આ બોલના આસેવન દ્વારા સમ્યક્ત્વને પામે, પામ્યા હોય તો નિર્મળ બનાવે, પરિપૂર્ણતા સુધી પહોંચાડે.

દસ પ્રકારના વિનયનું સ્વરૂપ આપણે જોઇ ગયા. આ વિનયનાં દસ પાત્રોનો વિચાર કરીએ તો દસ પ્રકારના યતિધર્મની મુખ્યતાએ આ વિનયનાં પાત્રો જણાવ્યાં છે. જેઓ દસ પ્રકારના યતિધર્મને પાળીને તેના ફળને પામી ગયા છે તેવા અરિહંત-સિદ્ધનો વિનય કરવાનું જણાવ્યું છે, જેઓ દસ પ્રકારના યતિધર્મને પામવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેવા સાધુ, ઉપાધ્યાય અને આચાર્યભગવંતનો વિનય જણાવ્યો અને છેલ્લે દસ પ્રકારના યતિધર્મ પામવાની ઇચ્છાને ધરનારા અને ઇચ્છાને અનુરૂપ પ્રયત્ન કરનારા એવા સમકિતી આત્માઓનો વિનય કરવાનું જણાવ્યું છે. આ દસનો વિનય પાંચ પ્રકારે કરવાનો હોવાથી વિનયના પચાસ ભેદ



છે. ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિની સાથે અવગુણ ઢાંકવા એ પણ એક પ્રકારનો વિનય છે. આજે પોતાના પરિવારજનોના અવગુણ ઢાંકવાનો પ્રયત્ન મમત્વના કારણે લોકો કરતા હોય છે. એ જ રીતે સમકિતી આત્માઓ આ દસ પાત્રો પ્રત્યેના બહુમાનભાવને લઇને તેમના અવગુણ ઢાંકવાનો પ્રયત્ન કરતા હોય છે. આ અવગુણ ઢાંકતી વખતે તેમના અવગુણનો બચાવ કરવાની ભાવના નથી હોતી. પરંતુ આવા અવગુણને આગળ કરીને કોઇ પણ જીવ ભગવાનના શાસનથી ઊભગી ન જાય તેમ જ ધર્મથી વિમુખ ન બની જાય - એ આશય હોય છે. જવાબદારીના સ્થાને રહેલા નાયકો પણ ગચ્છના સભ્યોના અવગુણ ઢાંકતા હોય તો તે વખતે તેના દોષના કારણે બીજા બગડી ન જાય તે માટે આવું કરતા હોય છે. આપણા દોષો ઢાંકવા નથી, પરંતુ બીજાના દોષો ઢાંકવા છે. આપણે મમત્વના કારણે કોઇનો બચાવ નથી કરવો. પરંતુ સમ્યક્ત્વને પામેલા આત્માઓ જ્યારે આ દસનો વિનય આચરતા હોય, તેમના અવગુણ ઢાંકતા હોય તો તે પ્રવૃત્તિને દોષોના બચાવની કે દોષોના પોષણની માનવી - એ તદ્દન અનુચિત છે. આપણા દોષો, ગમે તે બતાવે તો વાંધો નથી, પણ આપણે કોઇના દોષ જોવા નથી. સમ્યક્ત્વ પામવાનો ઉપાય જો જોઇતો હોય તો આટલું નક્કી કરી લો કે દોષ કોઇના જોવા નહિ, આપણા દોષો કોઇ પણ જુએ તો માઠું લગાડવાની જરૂર નથી. પેલા આપણી પંચાત કરે છે એવું વિચારીને અપ્રીતિ કરવાની જરૂર નથી. આપણા દોષો લોકોની આગળ પ્રગટ કરવાની જરૂર નથી અને સાથે લોકો જો આપણા દોષો બતાવતા હોય તો માઠું લગાડવાની પણ જરૂર નથી. આપણે માત્ર કોઇના અવગુણ ગાવા નથી. કારણ કે જેવું દેખાય છે - એવું હોતું નથી, એ આપણે જાણીએ છીએ ને ? જેવું દેખાય તેવું કહે તેને લોક કહેવાય. જેવું હોય તેવું કહે તે વિદ્વાન હોય. વિદ્વાન માણસને જો ખાતરી ન હોય તો તે બોલે જ નહિ અને બીજાની પ્રવૃત્તિ ઉપરથી તેના પરિણામ જાણવાનું સામર્થ્ય આપણી પાસે નથી, માટે કશું બોલવું નહિ. ઘણીવાર તો એવું બને કે આપણે દોષ બતાવ્યા પછી સામો માણસ

પ્રતિકાર ન કરે, ગુસ્સો ન કરે તો તેવા વખતે આપણે એવું કહેવાની જરૂર નથી કે 'વાંક પોતાનો હોય તો બોલે શેના ?' સામો માણસ ભગવાનની આજ્ઞા હોવાથી ન બોલતો હોય એના બદલે આપણે કહીએ કે વાંક છે માટે બોલતો નથી, તો આપણને દોષ લાગે ને ? માટે એટલું પણ બોલવું નથી. લોકો આપણા દોષ જુએ, બોલે તો ચિંતા નથી કરવી. સામો માણસ આપણી નિંદા કરે ને લોકો સાચું માની લે ત્યારે તેના આદેયનામકર્મનો ઉદય પણ કામ કરતો હોય છે. કારણ કે એના વિના લોકો તેની વાત સાચી ન માને, ગ્રાહ્ય ન માને. આથી નક્કી છે કે– પાપની પ્રવૃત્તિ પણ પુણ્યના ઉદયથી ફળે છે. આપણે બીજાના પુણ્યપાપની ચિંતા કરવાને બદલે આપણા પુણ્યપાપની ચિંતા કરી કામે લાગવું છે.

❖ ❖ ❖



## ઢાળ ચોથી : ત્રણ શુદ્ધિ

**ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મનશુદ્ધિ રે,**
**''શ્રી જિન ને જિનમત વિના રે જૂઠ સકળ'' એ બુદ્ધિ રે.**
**ચતુર ! વિચારો ચિત્તમાં રે. (૨૦)**
**''જિનભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય ? રે !''**
**એવું જે મુખે ભાખિયે રે, તેની વચનશુદ્ધિ કહેવાય રે.**
**ચતુ૦ (૨૧)**
**છેદ્યો ભેદ્યો વેદના રે જે સહેતો અનેક-પ્રકાર રે,**
**જિન વિણ પર-સુર નવિ નમે રે, તેહની કાયાશુદ્ધિ ઉદાર રે.**
**ચતુ૦ (૨૨)**

દસ પ્રકારના વિનય પછી સમ્યક્ત્વની વિશુદ્ધિ માટે ત્રણ પ્રકારની શુદ્ધિ જણાવી છે : મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયાશુદ્ધિ. તેમાંથી મનશુદ્ધિ એટલે શ્રી જિનેશ્વરભગવંત અને તેમના શાસન સિવાય આ જગતમાં બીજું બધું જ જૂઠું છે - નકામું છે - નિરર્થક છે : એમ માનવું. આ દુનિયામાં તારક જો કોઇ હોય તો તે શ્રી જિન અને શ્રી જિનાગમ છે. તે સિવાય આ દુનિયામાં કોઇ વસ્તુ સારી લાગે તો સમજી લેવું કે આપણું મન શુદ્ધ નથી. જેમ વ્યાપારી માણસને પૈસો જોઇએ છે તો તે પૈસાને, તેના ઉપાયભૂત ધંધાને છોડીને બીજું બધું નકામું માને છે તેમ સમકિતીને મોક્ષ જોઇતો હોવાથી, સાધુપણું જોઇતું હોવાથી તે અપાવનાર ભગવાન અને તેના શાસન સિવાય બીજું બધું નકામું લાગે છે.

સમકિતી આત્માને કોઇ વાર કાયામાં પ્રવૃત્તિ દેખાતી નથી હોતી, તે વખતે પણ મનથી તેની પ્રવૃત્તિ માર્ગાનુસારી હોય છે તે જણાવવા મનશુદ્ધિ પહેલાં જણાવી છે. સમકિતીનાં વચન અને કાયા અવિરતિમાં જ રહેલા હોવા છતાં તેનું મન મોક્ષમાં હોય છે, તેના મનમાં અવિરતિ નથી હોતી. મનની શુદ્ધિ માટે વિચારધારા બદલવી પડશે. અશુભ વિચારો

તો વગર પ્રયત્ને સહજભાવે આવતા જ હોય છે. આ વિચારોને શુદ્ધ બનાવવાનું કામ સમકિતી આત્માઓ કરતા હોય છે. જે વખતે કાયા અને વચન કામ ન કરતા હોય તે વખતે જે પ્રવૃત્તિ ચાલુ હોય તેને મન કહેવાય. મન એ વિચાર કરવાનું સાધન છે. મનોવૃત્તિ અને વિચાર એક જ છે. ભાવના સારી હોવા છતાં વિચારો ખરાબ આવે છે - આ ફરિયાદ અસ્થાને છે, કારણ કે ખરાબ વિચારોને અટકાવવાનું સાધન સેવવું જ નથી. ખરાબ વિચાર આવે તો મનને સ્વાધ્યાયમાં લગાડવું જોઇએ. એના બદલે વિચારો કર્યા કરે તો ક્યાંથી શુદ્ધિ થાય ? સારા વિચારો એની મેળે નથી આવતા, આપણે પ્રયત્નપૂર્વક લાવવા પડે છે. આથી જ મહાપુરુષોએ સ્તવનમાં ગાયું છે કે 'પ્રભુગુણગણસાંકળશું બાંધ્યું ચંચળ ચિત્તડું તાણી રે...' મનને તાણીને ભગવાનના વચન વડે બાંધવું પડે છે. મનના ખરાબ વિચાર દૂર કરવાની દવા બતાવી છે તે ન સેવીએ તો વિચારો ક્યાંથી જાય ? જો દવા સેવ્યા પછી પણ ફળ ન મળતું હોય તો તો ભગવાનનું શાસન નકામું ઠરે. પરંતુ અસલમાં દવા સેવતા જ નથી તો ફળ ક્યાંથી મળે ? વિષયની પરિણતિ ટાળવા માટે વિષયોથી દૂર રહેવું પડશે. વિષયથી દૂર રહીએ તો તેની પરિણતિ કુદરતી રીતે ટળી જતી હોય છે. માંસમદિરાથી દૂર રહ્યા છીએ તો સ્વપ્ને ય તેનો વિચાર નથી આવતો ને ? આપણે વિષયોનું જ્ઞાન વિષયોની લાલચથી મેળવ્યું. વલ્કલચીરીને વિષયનું જ્ઞાન જ ન હતું તો તેની પરિણતિથી કુદરતી બચી ગયા.

સ૦ નિમિત્તનું અજ્ઞાન કામ લાગે કે નિમિત્તની યોગ્ય સમજણ કામ લાગે ?

યોગ્ય સમજણ જ કામ લાગવાની છે, પરંતુ જ્યાં સુધી તે અવસ્થા મળતી નથી ત્યાં સુધી નિમિત્તથી આઘા જ રહેવું પડે ને ? રાગના નિમિત્તને ટાળ્યા વિના રાગને ટાળવાનું મન છે - એ જ એક બનાવટ છે.

સ૦ જ્ઞાતાદ્રષ્ટાભાવે રહીએ તો ?

જ્ઞાતાદ્રષ્ટાભાવ કેળવવા પહેલાં ભોક્તાભાવ ટાળવો પડશે. ભોક્તૃત્વ ચાલુ રાખવું છે અને જ્ઞાતાદ્રષ્ટાની વાતો કરવી છે ! વિષયોનો ભોગવટો ચાલુ રાખવો હોય તેને જ્ઞાતાદ્રષ્ટાભાવ ન મળે. વિષયનો ભોગવટો ટાળવા



માટે પ્રયત્ન કરે તેનો વિષયનો ભોગવટો જ્ઞાતાદ્રષ્ટાભાવનો હોય. આજે આપણે વિષયના જ ભોક્તા છીએ, સુખના ભોક્તા નથી. કારણ કે વિષયના ભોગવટામાં સુખ નથી. વિષયસુખ દુ:ખરૂપ હોય તો વિષયના ભોક્તા સુખના ભોક્તા ક્યાંથી કહેવાય ? સુખના ભોક્તા તો સિદ્ધ પરમાત્મા છે, આપણે માત્ર વિષયના ભોક્તા છીએ. વિષયો પર છે,તે પરના ભોગવટાના કારણે સુખનો અનુભવ ક્યાંથી થાય ? સુખ તો આત્માનો ગુણ છે. સિદ્ધ પરમાત્મા વિષયનો ભોગવટો નથી કરતા માટે તેઓ સ્વગુણના - સુખના ભોક્તા છે. આજે તો આપણે ખાતી વખતે રાગ ન કરવો - એ સૂત્ર રાખ્યું છે. પરંતુ રાગ નથી તો ખાવું શા માટે - એવો વિચાર નથી આવતો ! આજે બધાને સંસ્કાર અને અનુબંધની ચિંતા છે, પરંતુ વર્ત્તમાનની પ્રવૃત્તિ, વર્ત્તમાનના ઉદ્‌બોધકની, વર્ત્તમાનના બંધની ચિંતા નથી. સત્તામાં રહેલા કર્મની ચિંતા કરવાના બદલે કર્મના બંધની અને ઉદયની ચિંતા કરવાની જરૂર છે. મનમાં અશુદ્ધિ તો કાયમની પડેલી છે તેથી તેની શુદ્ધિ કરવી છે. 'તિહાં પહેલી મનશુદ્ધિ...' આવું કહેવા દ્વારા મનશુદ્ધિ પહેલાં બતાવી છે તેનું કારણ એ છે કે મનને શુદ્ધ નહિ કર્યું હોય તો વચનકાયાની શુદ્ધિ કામ નથી લાગવાની, બનાવટી બની જવાની. વચનકાયાની શુદ્ધિ વિનાની મનશુદ્ધિ બનાવટી નથી, પણ મનશુદ્ધિ વિનાની વચનકાયાની શુદ્ધિ બનાવટી બને છે માટે મનશુદ્ધિ પહેલી બતાવી છે. ભગવાન અને ભગવાનનો મત : આ બે સિવાયનું બીજું બધું જ ખોટું છે - આવું ચોવીસે કલાક ચિત્તમાં વિચારવું તેને મનશુદ્ધિ કહેવાય. એકાદ વાર એવો વિચાર આવે તે મનશુદ્ધિ નથી. કાયમ માટે આવો વિચાર કરવો તેનું નામ મનશુદ્ધિ.

એક વાર ભગવાનના વચન ઉપર શ્રદ્ધા પેદા થઇ જાય તો આ સંસારને તરવાનું કામ આપણે સહેલાઇથી કરી શકીએ. ભૂતકાળમાં કેટલાં પાપ કર્યાં છે તે ખબર નથી તેથી ફળપ્રાપ્તિમાં વિલંબ થાય એવું બને, પરંતુ વર્ત્તમાનમાં એવી કોઇ ભૂલ કરવી નથી કે જેથી આપણો સંસાર વધે. આપણા બાપદાદાના વખતથી જે પરંપરા ચાલુ હોય તે પણ જો ભગવાનના વચનને અનુરૂપ ન હોય તો તે પરંપરાને વળગી રહેવાની જરૂર નથી.

સ૦ બાપદાદાઓના વખતે કુળદેવીની પૂજા ચાલી આવતી હોય તો ?

તોપણ આપણે નથી કરવી. કારણ કે ભગવાન કરતાં અધિક સામર્થ્ય બીજાનું ન જ હોય : આટલું માનતા થવું છે.

સ૦ સાધુભગવંતો જ આવું કહેતા હોય તો ? ઘણા સાધુઓ ગ્રહણ વખતે દેરાસર બંધ કરવાનું કહે છે, આપ ના પાડો છો કે - બંધ કરવાની જરૂર નથી : અમારે શું કરવું ?

તમે બન્નેની વાત સાંભળીને સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરો. ગ્રહણનું સૂતક માનવું જોઇએ કે મરણાદિ વખતનું સૂતક માનવું જોઇએ - એવું શાસ્ત્રમાં ક્યાંય કહ્યું નથી. જેઓ સૂતકને માનવાના પાઠ આપે છે તે બધા સૂતક માનનારા શું શું કરે છે તે જણાવનારા છે. સૂતકને માનનારા, 'સૂતક માનવું જોઇએ' - એવો એક પણ પાઠ આપી શકતા નથી. સેનપ્રશ્નમાં લખ્યું છે કે પહેલાના કાળમાં બ્રાહ્મણોનું ચલણ ચાલતું, એવા વખતે એ લોકો જૈનોની નિંદા ન કરે તે માટે દેરાસર ગ્રહણ વખતે બંધ રાખતા. હવે તો બ્રાહ્મણો પોતે જ પોતાનો આચાર પાળતા નથી તો આપણે એમના ખાતર આપણો આચાર મૂકવાની જરૂર નથી. શાસ્ત્રમાં યુદ્ધની કે અર્થકામની વાતો, તેનાં વર્ણનો આવે પણ યુદ્ધ કરવું જોઇએ કે અર્થકામની પ્રવૃત્તિ કરવી જોઇએ એવું ક્યાંય કહ્યું નથી. તમે અતિચારમાં પણ બોલો છો ને કે— 'ગ્રહણનક્ષત્રે માહમાસે નવરાત્રિએ નાહ્યા...' જો ગ્રહણનું સૂતક માન્ય રાખવાનું હોત તો અતિચારમાં આવો પાઠ ન આપત. આ બધું શાંતિથી વિચારો. જે મહાત્મા આવું કહેતા હોય તેને અહીં લઇ આવો, તે ન આવતા હોય તો મને ત્યાં લઇ જાઓ, તમે બે જણ સાથે રહો. પરંતુ નથી તેમને સમજવું અને નથી તમારે સાચાનું કાંઇ કામ ! તેથી તમે તમારું ઘર સાચવીને બેસી રહો તો ઘણું !

સ૦ અત્યારે પર્યુષણમાં જીવદયાસપ્તાહનું આયોજન છે તેમાં ભાગ લેવાય ?

ન લેવો. આપણે આપણી રીતે જીવદયા કરી લેવી. સરકાર તો એકબાજુ માંસાહારનું પોષણ કરે અને બીજી બાજુ જીવદયાસપ્તાહ ઊજવે. આવી પ્રવૃત્તિમાં સહાય નથી કરવી.



સ૦ લોકોને એમ લાગે કે આશય તો પરિણામે સારો છે ને ?

પરિણામે સારું તો અભયદાન છે, અનુકંપાદાન નહિ. અનુકંપાનું ફળ સ્વર્ગ છે, અભયદાનનું ફળ મોક્ષ છે. તેથી અનુકંપા પર ભાર નથી આપવો. આજે એક બાજુ મોટા જીવની દયા કરે અને એ માટે નાના પશુની હત્યા કરવાનું બને. માટે આવી પ્રવૃત્તિમાં સંડોવાવું નથી. આ જીવદયાનો વિષય એટલો નાજુક છે કે તેમાં ના ય ન પડાય અને હા ય ન પડાય. તમે હિંસા અને અહિંસાના સ્વરૂપને સમજી લો. હિંસામાં પરિણામ પામે તેવી અહિંસા કામની નથી. અહિંસામાં પરિણામ પામે તેવી હિંસા પણ સ્વરૂપહિંસારૂપ હોવાથી ઉપેક્ષણીય છે. પૂજામાં અપ્કાયાદિની હિંસા થતી હોવા છતાં પરિણામે એ પૂજાવિધિ કરનાર આત્મા નિર્મળ સમ્યગ્દર્શન પામી જાય તો ચારિત્ર દ્વારા ચૌદ રાજલોકના જીવોને કાયમ માટે અભય આપનારા બને છે. છેવટે ધર્મ અહિંસામાં નહિ, ભગવાનની આજ્ઞામાં છે. શ્રી શ્રેણિક મહારાજાએ વીશસ્થાનકની કઇ આરાધના કરી હતી - આવી શંકા ઘણા કરે છે. આપણે કહેવું છે કે ભગવાનની પૂજા કરવા દ્વારા ભગવાનના વચનની આરાધના કરવારૂપ અરિહંતપદની આરાધના કરી હતી. ભગવાનનું વચન એ રીતે આત્મસાત્ કર્યું હતું કે રોજ પોતાના દીકરાના સો ફટકા ખાવા છતાં ક્યાંય ફરિયાદ કરી નથી, સમભાવે સહન કરી લીધું હતું.

સ૦ કોણિકને પાપ લાગ્યું હશે ને ?

કોણિક તો મરીને છઠ્ઠી નરકમાં ગયો. પણ તમે બીજાના પાપની ચિંતા છોડો. **જે બીજાના પાપની - નિમિત્તની ચિંતા કરે તે સહન ન કરી શકે.** કોઇ પણ કર્મ નિમિત્તને લઇને ઉદયમાં આવતું હોય છે. એ નિમિત્તને આગળ કરીશું તો કોઇ કર્મનો ઉદય સહન કરી નહિ શકીએ. આપણે આપણા કર્મબંધની ચિંતા કરવી. **બીજા દુઃખ આપે છે એ મિથ્યાત્વીની માન્યતા છે. આપણા કર્મથી દુઃખ આવે છે તે સમકિતીની માન્યતા છે.** તેમાં જ મનશુદ્ધિ જળવાય. **જેઓ દુઃખની ફરિયાદ કરે તેઓ ભગવાનની આજ્ઞા માનતા નથી** - એમ સમજી લેવું.

મનશુદ્ધિ બાદ બીજી વચનશુદ્ધિ જણાવી છે. જે કાર્ય જિનેશ્વર-ભગવંતની ભક્તિ કરવા વડે સિદ્ધ ન થાય તે બીજાથી ન જ થાય - આવું બોલવું તે વચનશુદ્ધિ છે. આજે આપણે હલકા માણસો પાસેથી પોતાનું કામ કરાવીને તેમની સ્તવના કરતા હોઇએ તો તેમાં આપણો સુખ ઉપરનો તીવ્ર રાગ અને દુઃખ ઉપરનો તીવ્ર દ્વેષ કારણ છે. આપણે સમાધિના સુંદર બહાના નીચે સુખના રાગને અને દુઃખના દ્વેષને પુષ્ટ બનાવવાનું કામ કરીએ છીએ અને એના કારણે તુચ્છ માણસોની સ્તવના કરવાનું કામ પણ કરીએ છીએ. જો સુખનો રાગ મોળો પડે, દુઃખનો દ્વેષ મંદ પડે તો આ રીતે તુચ્છ માણસોની સ્તવના કરવાનું ન બને. આપણામાં સહનશીલતા ન હોય અને તેવા પ્રકારના તુચ્છ માણસો પાસે તુચ્છ કામ કરાવીએ તોપણ આપણું તેવા પ્રકારનું કર્મ ખસવાના કારણે સારું થાય છે - એમ માનવું છે. તેમાં તુચ્છ માણસની વિશેષતા માનવાની જરૂર નથી. હલકી કોટિનું કાર્ય ઊંચી વ્યક્તિ પાસે ન કરાવાય - એમ સમજીને તુચ્છ માણસોની સહાય લેવા છતાં તેઓને ભગવાનના ભક્ત કરતાં ચઢિયાતા ન માનવા. આ વચનશુદ્ધિ પામવા, જાળવવા માટે દુઃખ ભોગવવા તૈયાર થઇ જવું છે. દુઃખ ટાળવામાં સુખની કલ્પના કરવી એ તો મૂઢતા છે. અધ્યાત્મસારમાં શ્રી ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે દુઃખના પ્રતિકારમાં જેઓ સુખની કલ્પનામાં રાચે છે - તેઓ મૂઢમતિવાળા છે. શાસ્ત્રમાં કહ્યું છે કે એક ખભાનો ભાર બીજા ખભા ઉપર મૂકવા જેવું આ સંસારનું સુખ છે.

સ૦ એટલાપૂરતી તો રાહત લાગે ને ?

તમારી એટલી તૈયારી હોય તો તો ચિંતા નથી. પછીથી દુઃખ ભોગવવું પડે તો વાંધો નથી એના બદલે અત્યારે જ ભોગવી લો ને ? દુઃખ ભોગવી લેવા તૈયાર થઇએ અને સુખ છોડવા માટે પ્રયત્ન કરીએ તો સ્વભાવદશા મળે. દુઃખ ટાળવા અને સુખ ભોગવવા માટે મહેનત કરવી તે વિભાવદશા છે.



સ૦ સુખદુઃખનો વિવેક ન કરવો એ મૂઢતા નહિ ?

સારાસારનો વિવેક ન કરવો એ મૂઢતા છે, સુખદુઃખનો વિવેક ન કરવો - એ મૂઢતા નથી. ઉપરથી સુખદુઃખનો વિવેક કરવો એ મૂઢતા છે, કારણ કે સુખદુઃખનો વિવેક એ તો વિષયનો વિવેક છે. જ્ઞાનના આનંદના બદલે વિષયનો આનંદ લેવા પ્રયત્ન કરવો તેનું જ નામ મૂઢતા. દુઃખ આજે નહિ તો કાલે ભોગવવું જ પડવાનું છે તો તે અત્યારે સમજીને ભોગવી લેવું શું ખોટું ?

સ૦ દુઃખ કાલે જવાનું છે એમ સમજીને ભોગવીએ તો તેને અકામનિર્જરા ન કહેવાય ?

અકામ તો અકામ, પરંતુ એક વાર નિર્જરા કરો તો ખરા ? સકામ બંધ કરતાં તો આ અકામનિર્જરા સારી છે. અકામનિર્જરા કરવા દ્વારા પણ દુઃખ ભોગવવાથી ઉપર અવાય છે અને સકામપણે સુખ ભોગવવાથી નીચે જવાય છે. આથી સકામબંધ ટાળવા માટે અકામનિર્જરા થતી હોય તોય સારી જ છે. દેવો બધા સુખ ભોગવીને ઉપરથી નીચે મનુષ્યતિર્યંચમાં આવે છે અને નરકના જીવો દુઃખો ભોગવીને ઉપરની - મનુષ્યતિર્યંચ ગતિમાં આવે છે. દુઃખ ટાળવા જેવું નથી, સુખ ભોગવવા જેવું નથી - આટલું સમજાયું તે જ સકામ પરિણામ છે. દુઃખ ભોગવવાની શક્તિ નથી - એવું લાગે છે તે માત્ર શરીરની શક્તિનો વિચાર કરીએ છીએ માટે. જો આત્માની શક્તિનો વિચાર કર્યો હોત તો ધર્મ સારામાં સારો આરાધી શકાત. જે એકાસણાં-આયંબિલ-ઉપવાસ કરી શકે તેને ચારિત્રનો ક્ષયોપશમ તો સહેલાઇથી થઇ શકે ને ? આજે દીક્ષા ન લઇ શક્યા હોઇએ તો આત્માની શક્તિનો વિચાર ન કર્યો માટે. એક વાર નક્કી કરી લો કે દીક્ષા લેવી છે, દુઃખ ભોગવવું પડશે તો ત્યાં ભોગવીશું, સંસારમાં નથી ભોગવવું. આ તો કહે— ચારિત્ર ખાંડાની ધાર ! જાણે સંસારમાં ફૂલની શય્યા ન બિછાવી હોય ! આ બધું વિચારવાનું માંડી વાળો, થોડું મજબૂતાઇથી વિચારવા માંડો.

શ્રી વીતરાગપરમાત્માને છોડીને બીજા દેવદેવીની ઉપાસના કરતા હોઈએ તો તે આપણા ઈષ્ટની પ્રાપ્તિ તેમના કારણે થાય છે - એવું માની લીધું છે માટે અને આ ઈષ્ટની પ્રાપ્તિની પાછળ પણ સંક્લેશ ટાળવાનું બહાનું છે. વસ્તુતઃ વિષયની પ્રાપ્તિ થયા પછી સંક્લેશ ટળે - એ ધર્મનું ફળ નથી. વિષયની જરૂરિયાત ન લાગે, વિષયોની આશા ટળી જાય તેના કારણે સંક્લેશ નાશ પામે - એ ધર્મનું ફળ છે. આજે બીજા દેવદેવી પાસેથી પોતાની ઈષ્ટપૂર્તિ કરીને શાંતિ-સમાધિનો અનુભવ કરે અને એને પાછો ધર્મનો પ્રભાવ માને - આ કાયાશુદ્ધિનો પ્રકાર નથી. પ્રશસ્તમાર્ગમાં મનશુદ્ધિ અને વચનશુદ્ધિ જાળવવી સહેલી છે પણ કાયશુદ્ધિ જાળવવાનું કામ કપરું છે. કારણ કે તમારી-અમારી ભાવના મોટે ભાગે એક જ છે કે કાયાથી પ્રવૃત્તિ કર્યા વિના મન-વચનથી પ્રશસ્ત પ્રવૃત્તિ કરી લેવી છે. અશુભ પ્રવૃત્તિ મનથી કે વચનથી ટાળવાનું સહેલું છે પણ કાયાથી ટાળવાનું સહેલું નથી. આજે અમારાં સાધુસાધ્વીને પણ ભણવું નથી ને સરસ્વતીની સાધના કરવી છે.

સ૦ સરસ્વતી ભણવામાં સહાય કરે ને ?

જે ભણતો ન હોય તેને સરસ્વતી કઈ રીતે સહાય કરે ? તમે ભણતા હો અને ભણવામાં સહાય માંગો તો જુદી વાત. આજે તો વગર ભણ્યે આવડી જાય એવી ભાવનાથી સરસ્વતીની સાધના કરાય છે. સરસ્વતી કાંઈ નવરી નથી કે આ બધાને સહાય કરે. જે ભણે તેને સરસ્વતી સહાય કરે.

વિષયકષાયની પૂર્તિના કારણે વિષયકષાયની પરિણતિ શાંત થઈ - એવું લાગે આ ધર્મનો પ્રભાવ નથી - એટલું આજે સમજી લેવું છે. મન-વચન પછી કાયશુદ્ધિ એટલા માટે બતાવી છે કે મન-વચન શુદ્ધ થયા પછી પણ કાયશુદ્ધિ લાવવાનું કામ અત્યંત કપરું છે. કારણ કે અનાદિથી અશુદ્ધ પ્રવૃત્તિ આત્મસાત્ થઈ છે. તેને ટાળતી વખતે પ્રયત્ન અતિશય કરવો પડે. વિષયકષાયની પરિણતિ શાંત થાય, વિષયની પૂર્તિ વિના પણ શાંત થાય તે ધર્મનો પ્રભાવ છે. જ્યારે વિષયકષાયની પૂર્તિમાં આનંદ લાગે તે અધર્મનો પ્રભાવ છે.



સ૦ વિષયકષાયની પૂર્તિ તો પુણ્યથી થાય ને ?

પુણ્યથી સુખનાં સાધનો મળે છે તેમ ધર્મની સામગ્રી પણ મળે છે. પુણ્યના ઉદયથી મળે તો ઘણું, પણ કેટલું રાખવું તેનો વિવેક કરવો પડે ને ? કેરી પૈસા આપીને લાવો, પણ તેમાંથી રસ કાઢવાનો, ગોટલો-છાલ ફેંકી દો ને ? તેમ પુણ્યથી જે ધર્મસામગ્રી મળે તેનો ઉપયોગ કરી લેવાનો, સુખની સામગ્રી ફેંકી દેવી. છતાં સુખ છોડી ન શકાય તોપણ એટલું યાદ રાખો કે– એ સુખની પૂર્તિ માટે અન્ય દેવને ન નમવું.

સ૦ અપવાદે, શક્તિ ન હોય તો છૂટ ને ?

આ અવિરતિની વાત નથી, સમ્યક્ત્વની વાત છે. સમકિતી અવિરતિની પ્રવૃત્તિ શક્તિના અભાવે ન છોડી શકે પણ મિથ્યાત્વની પ્રવૃત્તિ તો કોઈ સંયોગોમાં ન કરે. સમકિતી સાત વ્યસન સેવનારો હોય પણ સમકિતી અન્ય દેવદેવીને નમે નહિ. તમારે અભિયોગના કારણે છૂટ લેવી છે. પણ જેને આરાધના કરવી હોય પણ નબળાઈ હોય તેના માટે આ છૂટ આપી છે. જે વસ્તુ સુરક્ષા માટે રાખી હોય તેને પહેલેથી જ સેવવાની વૃત્તિ સારી નથી. કોઈ સંયોગોમાં કાયશુદ્ધિ જાળવી શકાય એવું ન હોય ત્યારે જે આગાર આપ્યા છે તે આગળની ઢાળમાં જણાવવાના છે. પરંતુ તે આગાર કાયમ માટે સેવવાના નથી. આગાર સેવવાથી સમ્યક્ત્વ જતું નથી રહેતું પરંતુ તેમાં આપણી એક પ્રકારની નબળાઈ કામ કરે છે - એટલું યાદ રાખવું. આગાર સેવવાથી સમ્યક્ત્વ જતું નથી - એટલું જ ત્યાં જણાવ્યું છે, સેવવા માટે આગાર નથી. આગાર સેવવા ન પડે તે રીતે કાયશુદ્ધિ કેળવી લેવી છે. ગમે તેટલું છેદનભેદન થાય, પીડા સહન કરવી પડે, તોપણ તે સહન કરી લે પરંતુ જિનને છોડીને અન્ય દેવદેવીને ન નમે તેની કાયશુદ્ધિ પ્રશસ્ત કોટિની છે.

❖ ❖ ❖

## ઢાળ પાંચમી : પાંચ દૂષણ

**સમકિત-દૂષણ પરિહરો, જેમાં પહેલી છે શંકા રે,**
**તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ-રંકા રે.**
**સમકિત૦ (૨૩)**

**કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ,**
**પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજીએ ?**
**સમકિત૦ (૨૪)**

**સંશય ધર્મના ફળ તણો, વિતિગિચ્છા નામે,**
**ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ-પરિણામે.**
**સમકિત૦ (૨૫)**

**મિથ્યા-મતિ-ગુણ-વર્ણનો, ટાળો ચોથો દોષ,**
**ઉનમારગી થુણતાં, હુએ ઉન-મારગ-પોષ.**
**સમકિત૦ (૨૬)**

**પાંચમો દોષ મિથ્યામતિ-પરિચય નવિ કીજે,**
**ઈમ શુભ-મતિ-અરવિંદની, ભલી વાસના લીજે.**
**સમકિત૦ (૨૭)**

મરણાંત કષ્ટ ભોગવીને પણ કાયાથી સમ્યક્ત્વની શુદ્ધિ જાળવવાનું જણાવ્યું છે એના ઉપરથી પણ આજ્ઞાનું મહત્ત્વ સમજી શકાય છે. આપણા સમ્યક્ત્વને જાળવવાનું કામ આપણે પોતે કરવાનું છે. ભગવાનના વચનમાં શંકા કરવાથી પણ અતિચાર લાગતો હોય તો ભગવાનનું વચન ન માનીએ એ કઇ રીતે ચાલે ? સુખ છોડી ન શકવાના કારણે કે દુઃખ ભોગવી ન શકવાના કારણે જો ભગવાનની વાત માની શકતા ન હોઇએ તો સમજ્યા કે સુખના લાલચુ કે દુઃખના ભીરુ હોવાથી ભગવાનની વાત નથી માનતા. પરંતુ જો તેવું કોઇ સુખ છૂટી જતું ન હોય કે દુઃખ આવી



જતું ન હોય તો ભગવાનનું વચન ટાળવાની જરૂર નથી. આમ છતાં જો વચનની ઉપેક્ષા કરતા હોઈએ તો ભગવાનના વચન ઉપર ભારોભાર દ્વેષ છે - એમ માનવું જ પડે. માત્ર આપણી પૂર્વની માન્યતાને લઇને અથવા આપણે જેને ગુરુ માનીએ છીએ તેની શરમ ખાતર ભગવાનનું વચન ન પાળીએ તો તેમાં નુકસાન આપણને જ છે. આજે ખોટા લોકોની સાથે રહેવાના કારણે આપણે આપણું પોતાનું ગુમાવ્યું છે. એ લોકોની પાસેથી તો આપણને કશું મળવાનું નથી. કારણ કે આપણાં યશનામ, સૌભાગ્યનામ કે આદેયનામ કર્મના ઉદયથી જ આપણને લોકો માન આપવાના છે. એમાં એમનું મોઢું સાચવવાની જરૂર નથી. જેમની પાસેથી કશું મળવાનું નથી અને ઉપરથી આપણું ગુમાવાનું થાય - એવા લોકોની સાથે રહેવામાં આપણું કલ્યાણ નથી જ થવાનું.

સમકિતી આત્માને જિનવચનમાં શંકા નામનું દૂષણ નથી હોતું. તેનું કારણ અહીં ખૂબ માર્મિક રીતે જણાવ્યું છે. ભગવાન સર્વજ્ઞ હોવા સાથે વીતરાગ હોવાથી રાજા અને રંક પ્રત્યે સમાન હોવાથી તેમને જૂઠું બોલવાનું કોઇ કારણ નથી. જે જૂઠું બોલવાના જ ન હોય તેમના વચનમાં શંકા પડવાનું કોઇ કારણ નથી. આના ઉપરથી જેઓ જ્ઞાની-જાણકાર હોવા છતાં જૂઠું કેમ બોલે છે તેનું કારણ પણ જણાવી દીધું છે. જેઓ શાસ્ત્રના જાણકાર હોય તેઓ પણ ભક્તવર્ગની લાલચમાં પડે તો તેઓ જૂઠું બોલતાં અચકાય નહિ. આજે ઘણા પૂછે છે કે તમે એકલા જ ભણેલા છો ? બીજા પણ ભણેલા તો છે ને ? આપણે કહેવું પડે કે ભણેલા પણ ભક્ત વગેરેના મમત્વના કારણે શાસ્ત્રથી વિપરીત પ્રરૂપણા કરવા માંડે છે - એમ શાસ્ત્રમાં કહ્યું છે. જેને દેવ પ્રત્યે, ગુરુ પ્રત્યે, વચન પ્રત્યે, શાસ્ત્ર પ્રત્યે બહુમાન નથી તેવા લોકોને માથે લઇને ફરવું તે આપણું ભયંકર મિથ્યાત્વ છે.

સ૦ ભગવાનના વચનમાં શંકા ન હોય પણ એક શબ્દના અનેક અર્થ થતા હોય તો મતભેદ પડે ને ?

એક શબ્દના અનેક અર્થ થતા હોવા છતાં એક વાર તો એક જ અર્થ કરવાનો છે. કારણ કે **सकृदुच्चरितः शब्दः सकृदेव अर्थं गमयति ।**

એક વાર ઉચ્ચારેલો શબ્દ એક જ અર્થને જણાવવા સમર્થ છે. અમારે ત્યાં '**हरि**' શબ્દના અનેક અર્થ છે. હરિ એટલે કૃષ્ણ, હરિ એટલે વાસુદેવ, હરિ એટલે સિંહ, હરિ એટલે વાંદરો, હરિ એટલે ઈન્દ્ર અને હરિ એટલે તે નામનો માણસ. હવે કોઈ કહે કે 'હરિને લાવો.' તો તે વખતે હરિના અર્થ આ છયે એકીસાથે ન કરાય. કારણ કે વક્તા એક વાર એક જ અર્થને ઉદ્દેશીને શબ્દનો પ્રયોગ કરતો હોય છે. અર્થ કરનારા મૂરખ હોય તો ગમે તે અર્થ કરે એટલામાત્રથી વક્તા એવું બોલ્યો હતો - એવું માનવાની જરૂર નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે વક્તાએ કહેલા શબ્દનો બોધ કરતી વખતે વક્તાના તાત્પર્યનું અનુસંધાન, પ્રકરણાર્થનો સંદર્ભ, પૂર્વાપરનો સંબંધ... આ બધાની વિચારણા કરીને પછી શાબ્દબોધ કરવાનો છે. આટલું બધું હોવા છતાં પણ અમુક શબ્દો પારિભાષિક હોવાથી તેનો અર્થ તેના જાણકાર પાસેથી જ જાણી શકાય. 'પલિમન્થ', 'ક્ષયોપશમભાવ' કે 'શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ' વગેરે શબ્દનો બોધ જૈન પરિભાષાથી જ જાણી શકાય. માટે સાચો અર્થ સમજવા માટે મહેનત કરી લેવી. વાણી ક્રમવર્ત્તી હોવાથી વક્તા ક્રમસર જ બોલવાનો. તેથી એક વખતે અનેક અર્થ કરવાના નથી. ક્રમસર ઉચ્ચારાતા શબ્દોના અર્થ ક્રમસર જ સમજાય છે. જો એક શબ્દનો અર્થ બે જણ જુદો કરતા હોય તો તે વખતે વક્તાના તાત્પર્યનું અનુસંધાન કરવું જ પડે. અને કમ સે કમ ન સમજાય, ત્યાં સુધી મૌન રહેવું.

સ૦ ગૌતમસ્વામી મહારાજા ચૌદપૂર્વના પ્રણેતા હતા છતાં ભગવાનને શંકા પૂછતા હતા ને ?

તે તેમનો શંકા નામનો અતિચાર ન હતો. કારણ કે તેમને પોતાના જ્ઞાનમાં શંકા હતી, ભગવાનના વચનમાં નહિ. પોતાના જ્ઞાનમાં શંકા પણ એટલા માટે પડતી હતી કે તેઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂકતા ન હતા અને ઉપયોગ પણ એટલા માટે મૂકતા ન હતા કે ભગવાન સાક્ષાદ્ હાજર હોય તો પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવાની જરૂર નથી. અરીસો સામે હોય તો બીજાને પૂછવાની જરૂર ખરી કે 'મારા મોઢા ઉપર ડાઘ



છે કે નહિ ?' તેમ પ્રત્યક્ષજ્ઞાની હાજર હોય તો પરોક્ષજ્ઞાનનો ઉપયોગ મૂકવાની જરૂર ન હોવાથી તેઓ ભગવાનને પૂછતા હતા. ગૌતમસ્વામી મહારાજા શંકા કરતા ન હતા, જિજ્ઞાસાભાવે પૂછતા હતા. ઈહા અને સંશયમાં જેટલો ફરક છે તેટલો ફરક જિજ્ઞાસા અને શંકામાં છે. શંકા સંશયના સ્થાને છે. જ્યારે જિજ્ઞાસા વસ્તુતત્ત્વના નિર્ણય માટેની ઈહાસ્વરૂપ છે. ક્ષાયિકસમકિતીને પણ જ્ઞાનાવરણીયનો ક્ષય થયો ન હોવાથી શંકા પડે પરંતુ એ શંકા ભગવાનના વચનમાં ન હોય, પોતાના જ્ઞાનમાં હોય. પોતાને સમજાય કે ન સમજાય પણ ભગવાનનું વચન અન્યથા ન હોય : આવી દૃઢ શ્રદ્ધા તે નિઃશંકિત અવસ્થા છે.

શંકા પછી બીજો દોષ કાંક્ષા બતાવ્યો છે. કાંક્ષાની વ્યાખ્યા કરતાં જણાવે છે કે કુમતની વાંછાને કાંક્ષા કહેવાય છે. અનુકૂળતાવાળો ધર્મ આપણને ગમે છે માટે આપણને કુમતની વાંછા જાગે છે. કારણ કે અન્યદર્શનકારોએ અનુકૂળતાવાળો ધર્મ બતાવ્યો છે. તેથી તે ધર્મ સહજ રીતે ગમી જાય. આથી અનુકૂળતાનું અર્થીપણું જો ટળે તો આ કાંક્ષા દોષ ટાળી શકાય. આ કુમત માત્ર અન્યદર્શનમાં જ છે એવું નથી. આજે તો જૈન દર્શનમાં પણ કુમત ઊભા થયા છે. અપવાદના સ્થાને અપવાદ હોય તો તે માર્ગસ્વરૂપ છે. પરંતુ અપવાદનું સ્થાન ન હોવા છતાં અપવાદને સેવવો - આ પણ એક પ્રકારનો કુમત છે. આ કુમત પણ અનુકૂળતાના અર્થીપણામાંથી ઊભો થાય છે. તેની વાંછા જાગે તોપણ સમ્યક્ત્વમાં અતિચાર લાગે. આજે ગુરુનું કહ્યું માનવાને બદલે ગુરુને આપણું કહ્યું મનાવવાની વૃત્તિ પડી છે તે પણ એક કુમત છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે આપણી વાત સાચી હોય તોપણ કોઈના માથે લાદવાની જરૂર નથી. આપણી વાત બીજા ઉપર લાદવાની વૃત્તિ એ પણ એક કુમત છે. ભગવાન પણ ગૌતમસ્વામીને પ્રતિબોધવા ગયા ન હતા. તેઓ સામેથી આવે એટલી રાહ જોઈ હતી. આપણા મહાપુરુષો કોઈને સામેથી પ્રતિબોધવા ગયા નથી. અનુકૂળતાનું અર્થીપણું જો ધર્મમાંથી નીકળી જાય તો કુમતની વાંછા સ્વરૂપ કાંક્ષાદોષ ટાળી શકાય.

ત્રીજો દોષ વિચિકિત્સા છે. ધર્મના ફળમાં સંશય પડે તે વિચિકિત્સા નામનો દોષ છે. આ દોષ પણ તેને લાગે કે જેની પાસે ફળનું અર્થીપણું હોય. જેને ફળની અપેક્ષા હોય તેને ફળમાં સંદેહ પડે. જેઓ માર્ગના આરાધક હોય તેઓ ફળના અર્થી હોય જ - એમ સમજીને આ દોષ જણાવ્યો છે. આજે આરાધકવર્ગમાં ફળનું અર્થીપણું જોવા ન મળે ને ? જેઓ ફળની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા હોય તેઓને ફળમાં વિલંબ થાય તો ઔત્સુક્યાદિના કારણે ફળમાં સંશય પડે. જેમ આષાઢાચાર્યને દેવલોકસ્વરૂપ ફળમાં સંશય પડ્યો તો સાધુપણું છોડી દીધું. પાછળથી દેવ બનેલ શિષ્યે ઠેકાણું પાડ્યું - એ જુદી વાત. પરંતુ ફળના સંદેહના કારણે શ્રદ્ધા ઢીલી પડે અને પ્રવૃત્તિ પણ ઢીલી પડે. એવા વખતે એટલો વિચાર કરવો જોઇએ કે ફળની અપ્રાપ્તિ આપણી ખામીના કારણે છે. એમાં માર્ગનો કોઇ જ દોષ નથી. આપણી પાસે શક્તિ ઓછી હોય તો શક્તિ કેળવીએ, જ્ઞાન ઓછું પડે તો જ્ઞાન મેળવીએ, જે ખૂટે તે પૂરું કરીએ તો સિદ્ધિ સુધી પહોંચાય. આજે આપણી સાધના જે ઉપેક્ષાવૃત્તિથી થઇ રહી છે, તેનું કારણ એક જ છે કે કાં તો ફળનું અર્થીપણું જ નથી રહ્યું અથવા ફળની પ્રત્યે સંશય જાગી ગયો છે. આ રીતે શ્રદ્ધા ઢીલી ન પડે માટે જ શાસ્ત્રોમાં (આચારાંગ, દશવૈકાલિક) જણાવ્યું છે કે **जाए सद्धाए निक्खन्तो तामेव अणुपालेज्जा** જે શ્રદ્ધાથી નીકળ્યો હોય તે જ શ્રદ્ધાનું અનુપાલન કરજે. આવું કહેવાની પાછળ આશય એક જ છે કે શ્રદ્ધા ઢીલી પડશે તો પ્રવૃત્તિ પણ ઢીલી પડવાની જ. તમે અશક્ત હો ને પ્રવૃત્તિ ન કરો તો તે પાલવશે. પણ પ્રવૃત્તિ કરો અને જેમતેમ કરો - એ કોઇ સંયોગોમાં નહિ ચાલે. તમે પણ ખરીદી કરવા જાઓ તો શું કરો ? પૈસા ઓછા હોય તો વસ્તુ ન ખરીદો એ બને પણ ઓછા પૈસા આપીને જો વસ્તુ ખરીદવા માટે મહેનત કરો તો કોઇ આપે ખરું ? પૈસા પૂરા આપવા પડે ને ? તેમ જો પ્રવૃત્તિ કરો તો ઢીલા પડીને કરવાનો અર્થ નથી, મજબૂતાઇથી જ કરવી પડશે. માર્ગની આરાધનામાં જે શિથિલતા, કચાશ, વિપરીતતા આવે છે તે આ વિચિકિત્સાના કારણે જ



આવે છે. કારણ કે જેને સંશય ન હોય તે પ્રવૃત્તિ બરાબર કરે કેમ નહિ ? જે વર્ગ છોડીને આવ્યા, જે સંયોગો છોડીને આવ્યા તે પાછા ઉપાદેય લાગે તો પ્રવૃત્તિ ઢીલી પડવાની જ. આથી જ શ્રદ્ધાનું અનુપાલન પૂર્વસંયોગના ત્યાગના યોગે થાય છે. આજે તમે શ્રદ્ધા ટકાવી નથી શકતા તેનું કારણ એક જ છે કે સાચું સમજાયા પછી પણ પોતાનું સર્કલ છોડવાની તૈયારી નથી. અને અમારી શ્રદ્ધા ટકતી નથી તેનું કારણ એક જ છે કે— જે માબાપ વગેરેને છોડીને આવ્યા તે ભગતની શેહમાં અંજાવા માંડ્યા. જો પૂર્વસંયોગોનો ત્યાગ કરીએ તો જ શ્રદ્ધાનું અનુપાલન કરી શકાય. આ જ આશયથી **जहित्ता पुव्वसंजोगं** પણ ત્યાં જણાવ્યું છે.

વિચિકિત્સાનો બીજો અર્થ છે કે સાધુસાધ્વીનાં મલમલિન ગાત્ર જોઇને દુર્ગંછા કરવી, નિંદા કરવી. સાધુસાધ્વીનાં ગાત્રો-વસ્ત્રો મલિન હોવાથી પહેલાના કાળમાં તેમને નગરબહાર રહેવાનો વિધિ હતો, જેથી જુગુપ્સાનો પ્રસંગ ન આવે. આપણે સાધુસાધ્વીના ખરાબ આચાર જોઇને પણ તેમના પ્રત્યે અભાવ-દુર્ભાવ નથી કરવો. કારણ કે તે વિષય આપણો નથી. સામા માણસના દોષો આપણને નડવાના નથી. માટે તેની નિંદા નથી કરવી. જેની જવાબદારી હોય, તે કર્યા વિના ન રહે. તમે ટ્રસ્ટીના સ્થાને હો તો શિથિલ આચારવાળાને સમજાવો. ન માને તોપણ તેને ઘરમાં ઉતારો, સંઘના સ્થાનમાં ન ઉતારો. કારણ કે સંઘમાં સાધુને લાવો છો તે આરાધના કરાવવા લાવો છો. માટે તેનો યોગ્ય નિકાલ કરવો જ પડશે. તમને માત્ર સાધુ પ્રત્યે, ભગવાનના માર્ગ પ્રત્યે સદ્‌ભાવ હોય તો શિથિલ સાધુની પણ નિંદા અટકાવી તેને માર્ગસ્થ બનાવવાનો ઉપાય મળી આવશે. અમારા ગામમાં એક સાધુ મહારાજ આવ્યા હતા. બે ઠાણામાંથી એકને આયંબિલ હતું. બીજા મહાત્મા એકલા વાપરનાર હોય અને વહોરવા જાય તો તેમનું વહોરવાનું પ્રમાણ જોઇને ગામના લોકો ટીકા કરવા લાગ્યા કે એકલા છે તો આટલું બધું કેમ વહોરી જાય છે ? મારા ગુરુમહારાજને ખબર પડી. તેઓશ્રી ગામમાં આગેવાનના સ્થાને હતા. તેમણે પેલા સાધુભગવંતને કહી દીધું કે— તમારે કોઇને ત્યાં વહોરવા નહિ જવાનું.

જેટલું જોઇએ, જે જોઇએ તે મારે ત્યાંથી વહોરી જવાનું. ઘરના લોકોને પણ સૂચના કરી દીધી કે આ મહારાજને જ્યારે જે, જેટલું જોઇતું હોય તે વહોરાવી દેવાનું, કચકચ નહિ કરવાની. આ અયોગ્ય સાધુને પોષવાની વાત નથી. સાધુની-શાસનની અવહેલના ટાળવાની વાત છે.

ચોથા દૂષણ તરીકે જણાવે છે કે મિથ્યાદષ્ટિના ગુણનું વર્ણન કરવું તે ચોથો દોષ છે. આ દોષ ટાળવાની જરૂર છે. કારણ કે જે ઉન્માર્ગી હોય તેની સ્તવના કરવાથી તેના ઉન્માર્ગને પોષણ મળે છે. અન્યદર્શનમાં રહેલા મિથ્યાદષ્ટિને તો પ્રશંસવાનો પ્રસંગ ઓછો આવે પરંતુ આજે તો સ્વદર્શનમાં રહેલા મિથ્યાત્વીના ગુણવર્ણનનો પ્રસંગ ઘણીવાર આવે છે. **જે સાધુસાધ્વી પોતાના ગુરુની આજ્ઞામાં નથી રહેતા તેઓ મિથ્યાદષ્ટિ છે.** એક ગુરુની આજ્ઞામાંથી બીજા ગુરુની આજ્ઞામાં જાય તેની ના નહિ, પરંતુ જે ગુરુથી છૂટા પડી એકલા વિચરે છે તેઓ સ્વચ્છંદી છે અને તેથી જ મિથ્યાદષ્ટિ છે. જે ભગવાનની આજ્ઞા માનવાની છે તે પણ ગુરુની આજ્ઞા લઇને માનવાની છે. જે ભગવાનની આજ્ઞા ન માને તે મિથ્યાત્વી હોય, તો ગુરુનું કહ્યું ન માને તે તો મહામિથ્યાત્વી હોય. શાસ્ત્રમાં અનશન કરવાની આજ્ઞા છે, પણ જો ગુરુ રજા આપે તો. ગુરુ ના પાડે છતાં અનશન વગેરેનો આગ્રહ રાખે તો તે મિથ્યાત્વનો પ્રચાર જ છે. આવા લોકોના ગુણાનુવાદ કરવાથી તેમના મિથ્યાત્વનું પોષણ થાય છે.ગૃહસ્થો જો આ રીતે સમુદાયબહાર કરેલા સાધુ પાસે વ્યાખ્યાન-વાચના વગેરેમાં જાય તો પેલા પણ સમજે કે ભલે આપણે સમુદાયબહાર થયા પરંતુ આપણો પણ વર્ગ છે, આપણને પણ લોકો માને છે, ગુરુ પાસે હતા તો આપણને કોઇ પૂછતું ન હતું... આ રીતે પોતાના ઉન્માર્ગનું પોષણ થાય છે. માટે આવા મિથ્યાદષ્ટિઓના ગુણ ન ગવાય. કદાચ વખત આવી લાગે તો તેમના દોષનું અનુમોદન ન થાય તે રીતે ગુણો જણાવવા પડે. તેના પ્રગટ મિથ્યાત્વ વગેરેને જણાવ્યા વિના કેવળ ગુણનું વર્ણન ન કરવું. માત્ર મનમાં અનુમોદન કરવાની ના નથી, પણ પ્રશંસા કરવાનો વખત આવે તો વિવેક રાખવો જ પડે. જે આજ્ઞામાં ન હોય તેના સંયમની પ્રશંસા કરવી હોય



તો કહેવું જ પડે કે સંયમની આરાધના સુંદર કરી, પણ જો ભગવાનની આજ્ઞા મુજબ, ગુરુની આજ્ઞા મુજબ કરી હોત તો સુંદર ફળ પામી જાત. ગચ્છમાં રહીને પણ જેઓ ગચ્છમાંથી અનુકૂળતા ભોગવ્યા કરે તે પણ મિથ્યાદષ્ટિ છે. ગચ્છમાં રહેવાનું છે તે બાવીસ પરિસહ વેઠવા, ગુરુ-સહવર્ત્તીનું વેઠવા માટે રહેવાનું છે, પાપથી બચવા રહેવાનું છે. પાપ કરવા અને પુણ્ય ભોગવવા માટે નથી રહેવાનું. ગોચરી-પાણી વગેરેમાં અગવડ પડે તોપણ તે વેઠીને પણ સમુદાયમાં રહેવાનું છે; સમુદાયના નામે ચરી ખાવા માટે નહિ. આવા જે મિથ્યાત્વી હોય તેમની પ્રશંસા નથી કરવી.

સ૦ તો મૌન થઇને એકલા રહેવાનો વખત આવે, એવી પાત્રતા ન
હોય તો એકલા પડવાનો ડર લાગે.

એકલા પડવાનો તમને ડર ક્યાં છે ? તમારા ઘરના લોકો અનુકૂળતા સાચવે છે છતાં તેમની સાથે મોઢું ચઢાવીને ફરતાં આવડે છે. ઘરના લોકોમાં કોઇ ગુણ જ નથી ને ? તમને મિથ્યાદષ્ટિ પર આટલો પ્રેમ કેમ છે ? ઘરના લોકોના દોષો ગાવા છે અને મિથ્યાત્વીના ગુણો ગાવા છે ?! જેની સાથે ભાગીદારી હતી તે તોડીને એકલા થયા ત્યારે ડર ન લાગ્યો ને ? ભાઇ સાથે જુદા થયા, જુદાં રસોડાં કર્યાં ત્યારે એકલા પડવાનો ડર ન લાગ્યો ને ? તકલીફ એક જ છે કે સ્વાર્થ હણાતો હોય તો એકલા રહેવાની તૈયારી છે, પણ પરમાર્થને સાધવા માટે એકલા રહેવાની તૈયારી નથી ને ? અનીતિથી ધંધો કરનાર દાનેશ્વરીની તમે પ્રશંસા કરો ને ? આ તો પાછા કહે કે— ભગવાન સદ્‌બુદ્ધિ આપે, આવાં કામ ઉત્તરોત્તર કર્યા કરે. 'આવાં' એટલે પાપ કરીને પૈસો ભેગો કરવાનાં અને ધર્મમાં વાપરવાનાં ! એના બદલે કહેવું જોઇએ કે— 'પાપથી ભેગો કરેલો પૈસો પણ ધર્મમાં વાપર્યો.' અઢાર પ્રકારનાં પાપ સેવ્યા વગર પૈસો આવતો નથી, રખાતો નથી - આવું તો ભગવાને જ કહ્યું છે ને ? તો એવું કહેવાનું સત્ત્વ જોઇએ ને ? અનુમોદના તો મનમાં વિવેકપૂર્વક થઇ જાય અને કદાચ અવિવેક થાય તોય નુકસાન આપણને થાય. જ્યારે પ્રશંસા કરવાના કારણે તો અવિવેકને લઇને બીજાઓ પણ ઉન્માર્ગને ઉપાદેય માને તેથી

મિથ્યાત્વનું પોષણ થાય. પરિણામે આપણું પણ સમ્યક્ત્વ જાય. 'મહાત્માનું સંયમ ઊંચું હતું' - એવું બોલવાના બદલે 'સંયમનો રાગ ઉત્કટ હતો' એમ કહેવું, 'ક્રિયામાં અપ્રમત્ત હતા' એમ બોલવાને બદલે 'અપ્રમત્તતા માટે કાળજી રાખતા'... આવું બોલવાના કારણે અછતા ગુણ ગાવાનો કે અન્યાય થવાનો પ્રસંગ ન આવે. ભગવાને આ કાળમાં બકુશ-કુશીલ ચારિત્ર કહ્યું છે, તો આપણે શા માટે ઉત્કટ ચારિત્ર કહેવું ?

પાંચમું દૂષણ મિથ્યાદષ્ટિનો પરિચય ન કરવો - એ છે. જે ભગવાનનું કહ્યું ન માને તેનું નામ મિથ્યાદષ્ટિ. જેઓ સમ્યક્ત્વ પામ્યા પછી પણ ભગવાનની વાત ન માને, ભગવાનના વચનથી વિપરીત વાત કરે તો તેઓ મિથ્યાદષ્ટિ જ છે. એવાને નિહ્નવ તરીકે જણાવ્યા છે. જે નિહ્નવો ભગવાનની વાત પાછી સ્વીકારે તો સમ્યક્ત્વ પામી જાય. જેઓ ન સ્વીકારે તેઓ છેવટે અર્ધપુદ્ગલપરાવર્ત્તકાળમાં મોક્ષે જવાના. છતાં જ્યાં સુધી ભગવાનનું ન માને ત્યાં સુધી તેમનો પરિચય ન કરવો. અભવ્યો નિયમા મિથ્યાદષ્ટિ હોય છે. નિહ્નવો તો પ્રગટપણે વિરોધ કરે છે માટે ઓળખાય છે. જ્યારે ઘણા મિથ્યાત્વીઓ એવા હોય છે કે જેઓ પ્રગટપણે સ્વીકારે, પણ મનથી વિરોધ કરે. આવા મિથ્યાદષ્ટિઓને પણ સૂક્ષ્મબુદ્ધિથી ઓળખી લેવા.

સ૦ અભવ્ય અભવ્ય થયો એમાં એનો કોઇ દોષ નથી ને ? તો શા માટે તેનો પરિચય છોડવો ?

રોગી થવું એ ગુનો નથી, છતાં આપણે રોગથી બચવું હોય તો રોગીથી આઘા રહેવું પડે ને ? મિથ્યાત્વ તો મહારોગ છે, માટે તેનાથી બચવા મિથ્યાત્વીનો પરિચય કરવાની ના પાડી.

સ૦ 'આત્મવત્ સર્વભૂતેષુ' કહ્યું છે ને ?

એ વાત કોઇને દુ:ખ ન આપવા અને કોઇનું સુખ છીનવી ન લેવા માટે જણાવી છે, બીજાના દોષો પણ આપણે અપનાવવા માટે એ વાત નથી. મને સુખ ગમે છે ને દુ:ખ નથી ગમતું તેમ બધા જ જીવોને સુખ જ ગમે છે અને દુ:ખ નથી ગમતું માટે કોઇને દુ:ખ નથી આપવું અને



કોઇના સુખમાં આડા નથી આવવું - એમ સમજાવવા માટેની એ વાત છે. મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિને એકસરખા માનવા માટે એ વાત નથી. સુખ-દુ:ખમાં રાગદ્વેષ નથી કરવાનો પરંતુ એનો અર્થ એ નથી કે ગુણદોષનો વિવેક પણ ન કરવો. મિથ્યાદષ્ટિઓ જો પ્રગટપણે ભગવાનના વચનનો પ્રતિક્ષેપ કરે તો તેમનો પરિચય ટાળી જ દેવાનો. આજે ઘણા મહાત્માઓ કહે છે કે સંસારના સુખ માટે પણ ધર્મ કરાય : આ તો પ્રગટ મિથ્યાત્વ છે. જે ભગવાને સંસારનું સુખ છોડવા, સંસારના સુખ ઉપરથી નજર ખસેડીને ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે એ ભગવાનના નામે આ રીતે સુખ માટે ધર્મ કરવાની વાત કરે આ તો પ્રગટ મિથ્યાત્વ છે ને ? જેમની મતિ ભગવાનના વચનને અનુસરતી નથી તેનો પરિચય ન કરવો. જેઓ ભગવાનની વાત ન સમજાય ત્યાં સુધી મૌન રહે અને સમજાયા પછી જ મોઢું ખોલે તેઓ મિથ્યાદષ્ટિ નથી. પરંતુ ન સમજાય છતાં પોતાની જ વાત સાચી માનીને પ્રચારે તેઓ મિથ્યાદષ્ટિ છે. જો મિથ્યાત્વીનો પરિચય ન કરવો તો કોની સોબત કરવી તે માટે જણાવે છે કે 'ઇમ શુભમતિ અરવિંદની ભલી વાસના લીજે.' સન્મતિ-શુભમતિ સ્વરૂપ કમળની વાસના-સુગંધ લેવી. મિથ્યાત્વની દુર્ગંધ ટાળવી છે અને સમ્યક્ત્વની સુવાસ લેવી છે. મિથ્યાત્વીની સાથે મિત્રતા, ભાગીદારી કે ધંધાકીય સંબંધ પણ ન રાખવો કે જેથી 'જૈનેતર છે પણ સારા છે' - એવું બોલવાનો વખત ન આવે. શુભમતિ એટલે સન્મતિ - ભગવાનના વચનને અનુસરનારી મતિ. મતિ ક્ષયોપશમભાવની હોય છે તેથી તેનું શુદ્ધ વિશેષણ ન ઘટે માટે શુભમતિ કહ્યું. શુભ કે અશુભ ધર્મો ઉપાધિકૃત છે, જ્યારે શુદ્ધ એ સ્વભાવગત સ્વરૂપ છે.

❖ ❖ ❖

## છટ્ઠી ઢાળ : આઠ પ્રભાવક

**આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ,**
**વર્તમાન-શ્રુતના જે અર્થનો પાર લહે ગુણખાણ,**
**ધન ધન શાસન-મંડન-મુનિવરા ! (૨૮)**
**ધર્મ-કથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ,**
**નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય-સંદેહ. ધન૦ (૨૯)**
**વાદી ત્રીજો રે તર્ક-નિપુણ ભણી, મલ્લ-વાદી પરે જેહ,**
**રાજ-દ્વારે જય-કમલા વરે ગાજંતો જિમ મેહ. ધન૦ (૩૦)**
**ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે પર-મત-જીપણ કાજ,**
**તેહ નિમિત્તી રે ચોથો જાણીએ, શ્રી જિન-શાસન-રાજ.**
**ધન૦ (૩૧)**
**તપ-ગુણ ઓપે રે, રોપે ધર્મને, ગોપે નવિ જિન-આણ,**
**આસ્રવ લોપે રે, નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ.**
**ધન૦ (૩૨)**
**છટ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી, જિમ શ્રી વયર-મુણીંદ,**
**સિદ્ધ સાતમો રે અંજન-યોગથી, જિમ કાલિક-મુનિ-ચંદ.**
**ધન૦ (૩૩)**
**કાવ્ય-સુધા-રસ-મધુર અર્થ-ભર્યા ધર્મ-હેતુ કહે જેહ,**
**સિદ્ધ-સેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર-કવિ તેહ.**
**ધન૦ (૩૪)**
**જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિ-પૂર્વ અનેક,**
**જાત્રા-પૂજાડડદિક-કરણી કરે, તેહ પ્રભાવક છેક.**
**ધન૦ (૩૫)**



સમ્યગ્દર્શનગુણ જેઓને પ્રાપ્ત થયો હોય તેવાઓને 'આ સમ્યક્ત્વગુણ આ જગતના જીવો પણ પામી જાય' એવો ભાવ સ્વાભાવિકપણે જાગે છે. વિશિષ્ટ કોટિની યોગ્યતા અને પુણ્ય : આ બેના યોગે સમ્યગ્દષ્ટિ આત્માઓ આ રીતે અનેક જીવોને આ ગુણ પમાડવા સ્વરૂપ પ્રભાવના કરતા હોય છે તેથી તેમને પ્રભાવક કહેવાય છે. જેઓ આરાધનાની પરાકાષ્ઠા પામેલા હોય તેઓ સ્વાભાવિક રીતે પ્રભાવકતાને પામી જતા હોય છે. પ્રભાવક બનવા માટે પુરુષાર્થ નથી કરવો. કારણ કે વિશિષ્ટ પુણ્યના યોગે મળનારી આ વસ્તુ છે. જો એ પુણ્ય મળી ગયું તો એનો ઉપયોગ કરી જિનશાસન અનેકોનાં હૈયાં સુધી પહોંચાડવાનું કાર્ય કરીશું. આજે સમ્યગ્દર્શન પામવા માટે પ્રભાવકતા ઉપર નજર જતી રહે છે, પરંતુ તે પહેલાં શ્રદ્ધા, વિનય, શુદ્ધિ, દૂષણપરિહાર... આ બધા ગુણો બતાવ્યા છે તે યાદ નથી આવતા. સાધુનો પ્રભાવ તો વિશિષ્ટ આચારપાલન દ્વારા પણ પડે છે. તેથી જ આચાર્યભગવંતે એક વાર કહ્યું હતું કે આઠ પ્રવચનમાતાનો ધણી આજ્ઞા મુજબના આચાર પાળવા દ્વારા પણ પ્રભાવ પાડતો હોવાથી પ્રભાવક છે. ક્ષયોપશમભાવ સારો હોય ને પછી સ્વરમધુરતા વગેરે પુણ્યપ્રકૃતિ મળે તો તે પ્રભાવકતામાં કામ લાગે છે. જો ક્ષયોપશમભાવ નહિ હોય તો તેવા વખતે પુણ્યથી આકર્ષાઇને લોકો આવશે ખરા, પણ તેઓ માર્ગના જાણકાર નહિ બને.

(૧) પહેલા પ્રભાવક તરીકે જણાવ્યું છે કે પહેલા પ્રાવચનિક છે. શાસ્ત્રીય પરિભાષામાં **प्रवचनं वेत्ति अधीते वा** પ્રવચનને જાણે છે - અથવા તો ભણે છે. આ અર્થમાં **प्रवचन** શબ્દને **इकण्** પ્રત્યય લાગીને **प्रावचनिक** શબ્દ બને છે. તેમાં મુખ્યત્વે જાણકારને લઇને આ પ્રભાવકતા છે - એમ સમજવું, અધ્યયનને લઇને નહિ. દ્વાદશાંગીનો વિચ્છેદ થયા પછી પણ જેટલું શ્રુત વર્ત્તમાનમાં વિદ્યમાન હોય તેના જાણકારને પ્રાવચનિક કહ્યા છે. ઘણું ખરું શ્રુત વિચ્છેદ થવા છતાં જેટલું વિદ્યમાન છે તેને સંપૂર્ણ સૂત્ર અને અર્થને આશ્રયીને જે જાણે તેને પ્રાવચનિક કહેવાય. સમ્યગ્દર્શન પામ્યા પછી ભણ્યા વગર પ્રભાવક ન થવાય. આગળના પ્રભાવકો પણ

આ પ્રાવચનિકતાપૂર્વકના હોય છે - એટલું યાદ રાખવું. આવી વિશિષ્ટ પ્રભાવકતા મુખ્યત્વે સાધુપણામાં હોય છે. સાધુભગવંતો શ્રાવક પાછળ દોડાદોડ ન કરે, આગમના જાણકાર બનવા પ્રયત્ન કરે.

સ૦ સાધુભગવંતો શ્રાવકશ્રાવિકાનો યોગક્ષેમ કરે ને ?

સાધુભગવંતો શ્રાવકશ્રાવિકાનો યોગક્ષેમ કરે, પણ તેમને સંસારમાં રાખીને નહિ, સંસારથી દૂર કરીને કરે છે. શ્રાવકશ્રાવિકાને સાધુપણાની પ્રાપ્તિમાં કોઇ નડતર હોય તો તે દૂર કરી આપે. પણ સંસારમાં કોઇ નડતર હોય તો તે દૂર ન કરે. આ તો સંસારની ઉપાધિઓનો નિકાલ કરવા અમારી પાસે આવે છે, તો કઇ રીતે યોગક્ષેમ કરીએ ? શ્રાવકશ્રાવિકાને મોક્ષના કારણભૂત જે સંયમધર્મ છે તે પ્રાપ્ત કરાવી આપવો તેનું નામ યોગ અને ચારિત્રનું પાલન કરાવી સંયમધર્મમાં ટકાવી મોક્ષ સુધી પહોંચાડવા તેનું નામ ક્ષેમ. દરિદ્રને પૈસાની ઇચ્છાથી દૂર કરે અને શ્રીમંતને ધનની મૂર્ચ્છા દૂર કરાવીને તેનો યોગક્ષેમ કરે. ચક્રવર્ત્તીનું ચક્રવર્ત્તીપણું છોડાવે અને રંકનું રંક(દીન)પણું છોડાવે.

પ્રભાવક થવા માટે થોડુંઘણું ભણીને પાટ પર બેસવાની ઉતાવળ ન કરવી. શ્રુતનો અભ્યાસ કરી પારગામી બનીએ તો પ્રભાવકતા આવે. પ્રભાવક બનવા મહેનત નથી કરવી, મળી જાય તો કામે લગાડવી છે. પ્રવચન પણ વર્ત્તમાનમાં જેટલું શ્રુત હોય તેને સમજવું. આ પ્રવચનના પારગામી બન્યા પછી પણ ગુણોની ખાણ હોય તે પ્રભાવક બને. ભણેલો માણસ ઔચિત્યાદિ ગુણો ન જાળવે તો તેની કોઇ કિંમત નથી. વિનય, વૈયાવચ્ચ, ઔચિત્ય વગેરે સુંદર જાળવે. તેના કારણે પ્રભાવક બને છે. વૃક્ષ ઉપર ફળ જેમ આવતાં જાય તેમ તેમ વૃક્ષ લચી પડે, નમી પડે તે રીતે જ્ઞાની માણસ જેમ જેમ ગુણસંપન્ન બને તેમ તેમ નમ્ર અને વિનયી બનતો જાય.

(૨) ધર્મકથી : નંદીષેણ મુનિની જેમ ધર્મકથા કરી શકે તેવી લબ્ધિવાળાને ધર્મકથી પ્રભાવક કહેવાય. તેમનું કથાનક તો પ્રસિદ્ધ છે. ભગવાને ના પાડવા છતાં જાતે દીક્ષા લીધી, અગિયાર અંગનું અધ્યયન કરીને એક વાર વેશ્યાને ત્યાં ભૂલથી જઇ પહોંચ્યા, ધર્મલાભ આપ્યો.



વેશ્યાએ કહ્યું કે અમારે તો અર્થલાભ જોઇએ. ત્યારે માનને લઇને લબ્ધિ યોગે ઘાસનું તણખલું તોડીને સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી. વેશ્યા આશ્ચર્યચકિત થઇ, કહ્યું કે– 'આ લઇ જાઓ, કાં તો તમે રહી જાઓ.' નંદીષેણ મુનિએ જોયું કે કર્મ ઉદયમાં આવ્યું છે, તેથી ત્યાં રહ્યા. પણ રોજ દસને પ્રતિબોધીને પછી જ મોંમાં પાણી નાંખવું - એવો અભિગ્રહ લીધો. વેશ્યાને ત્યાં કોણ આવે ? ભોગના અર્થી ને ? એવા દસને પ્રતિબોધવાનું કામ કેટલું કપરું છે - એ સમજી શકાય એવું છે. આ કાર્ય વિશિષ્ટ ક્ષયોપશમ અને વિશિષ્ટ શ્રદ્ધા તથા દેશનાલબ્ધિ વિના સંભવિત નથી. આવા પ્રભાવક ધર્મના ઉપદેશ વડે લોકને રંજે છે. એનો અર્થ એ છે કે લોકોને પોતાના રાગી નથી બનાવતા, ધર્મના રાગી બનાવે છે. જ્યારે 'અમુક આપણો ભગત છે' - એવું કોઇના મુખે સાંભળવા મળે ત્યારે સમજવું કે આપણા માટે આ કલંક છે. આપણે આપણી પાસે આવતા લોકો ધર્મથી રંગાય એવું કરવું છે. પૂર્વના ઋણાનુબંધના કારણે વ્યક્તિરાગ હોય તોપણ ધર્મરાગ પ્રધાન હોવો જોઇએ. ધર્મમાં ન રંગાય અને વ્યક્તિત્વમાં રંગાય તે પ્રભાવકતા નથી. આવા ધર્મકથી પ્રભાવક, લોકોના મનના સંશય ટાળીને તેમને સંસાર છોડાવી સાધુપણાના ઉપાસક બનાવે છે. વક્તાની જવાબદારી છે કે શ્રોતાના મનના સંદેહ ભાંજવા. જેઓ શંકાથી ગભરાય તેઓ ધર્મકથી ન બની શકે.

(૩) ત્રીજા પ્રભાવક તરીકે વાદીને જણાવ્યા છે. પ્રમાણભૂત ગ્રંથના આધારે સિદ્ધાંતનો નિર્ણય કરવો તેને વાદ કહેવાય. સામા માણસને સમજાવવા માટે જે કરાય તેને વાદ કહેવાય. કોઇને પછાડવા માટે કરાય તે વિતંડાવાદ છે. વસ્તુના નિર્ણય માટેનું યથાર્થ સાધન તે પ્રમાણ છે. લોકમાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, આનુપલબ્ધિક, અર્થાપત્તિ વગેરે અનેક પ્રમાણ પ્રસિદ્ધ છે. જ્યારે જૈનદર્શનની અપેક્ષાએ પ્રત્યક્ષ(દૃષ્ટ) અને પરોક્ષ(ઇષ્ટ) પ્રમાણ છે. મતિશ્રુત આ બે જ્ઞાન પરોક્ષ છે અને અવધ્યાદિ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે. આ જ્ઞાન પ્રમાણ છે. **स्वपरव्यवसायिज्ञानं प्रमाणम् ।** આ પ્રમાણેની વ્યાખ્યા રત્નાકરઅવતારિકામાં કરેલી છે. આ

રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ જ્ઞાનના કારણે વસ્તુતત્ત્વનો નિર્ણય થતો હોય છે. આ રીતે પ્રમાણના અનુગ્રહથી વસ્તુતત્ત્વનો નિર્ણય કરવો તેને વાદ કહેવાય છે. આ સિવાયના બીજા બધા જ વિતંડાવાદ છે. તર્કના કારણે તો ગમે તેવા પદાર્થની સિદ્ધિ થઇ શકે છે, તેથી કેવલ તર્કને પ્રમાણ નથી માનતા. તર્કના કારણે તદ્દન વિપરીત વસ્તુની સિદ્ધિ ઘણી વાર થતી હોય છે, તેથી વસ્તુતત્ત્વના નિર્ણય માટે કેવલ તર્ક અનુમાપક નથી, શ્રદ્ધા જ એની અનુગ્રાહક છે. વાદના કારણે ઘણી વાર વાદીની પ્રતિભામાં ખામી હોવાથી કે પરવાદીના કુતર્ક આદિના કારણે સત્યના બદલે ખોટી વાતની સિદ્ધિ થાય. આથી આપણે વાદ ઉપર મદાર ન રાખતાં શ્રદ્ધા ઉપર જ ભાર આપવો છે. તર્કના કારણે સિદ્ધ થનારા પદાર્થો પણ શ્રદ્ધાના બળે જ સ્વીકારવાના છે. વાદના કારણે ઘણીવાર જૈનશાસનની પ્રભાવના થાય અને અનેક જીવો પ્રતિબોધ પામે છે તેથી વાદીની પ્રભાવકતા વર્ણવી છે. બાકી આપણે મોક્ષમાં જવા માટે શ્રદ્ધા કેળવવા તૈયાર થવું છે. શ્રદ્ધા પણ ભગવાનના વચન ઉપર જોઇએ, આપણે માની લીધેલ વ્યક્તિ ઉપર નહિ. ભગવાનની વાત પર શ્રદ્ધા કેળવવા માટે ભગવાનનું વચન સમજવું જોઇએ. આપણા સગાસંબંધી કે પરિચિત સાધુ જે કહે તે સાચું - આ શ્રદ્ધા નથી. તે જે કહે છે તે ભગવાનની વાતને અનુરૂપ છે માટે સાચું છે - એવું માનવું જોઇએ. જ્ઞાન પામવું છે, પણ સાથે કેવળ તર્કના આધારે વસ્તુતત્ત્વનો નિર્ણય ન કરાય. તર્કના કારણે તો કોઇ પાણીને પણ ઉષ્ણ તરીકે સિદ્ધ કરે અને હેતુ તરીકે અગ્નિના સંનિધાનને જણાવે તો આ તર્કનું કોઇ ખંડન ન કરી શકે. માટે તર્કનું શરણું લેવાજેવું નથી. શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરીને, તર્કનું અધ્યયન કરીને પછી શ્રદ્ધાના બળે સિદ્ધાંતને સ્વીકારવો છે.

વાદી તરીકેના પ્રભાવક આપણે ત્યાં ઘણા થઇ ગયા છે. શ્રી મલ્લવાદીસૂરિજીનું નામ અહીં જણાવ્યું છે. તેઓશ્રીના ગુરુભગવંત એક વાર બૌદ્ધસાધુથી પરાભવ પામેલા. પોતાની બહેનના ત્રણ પુત્રો હતા. બહેનનો ધણી ગુજરી ગયા પછી તેને પ્રતિબોધી બહેનને અને ત્રણ પુત્રને દીક્ષા આપી. નાનો પુત્ર મલ્લ અત્યંત પ્રતિભાશાળી હતો. આચાર્યભગવંત



પાસે નયચક્રવાલ(દ્વાદશારનયચક્ર) નામનો ગ્રંથ હતો કે જેનું પહેલું ને છેલ્લું પાનું અઠ્ઠાઇ મહોત્સવપૂર્વક વાંચવાનું હોય છે. આ ગ્રંથ દેવતાધિષ્ઠિત હતો. આથી બહેનસાધ્વીને એ ગ્રંથ 'કબાટમાં મૂક્યો છે, કોઇને આપવો નહિ' : એમ કહીને ગયા. પણ મલ્લસાધુએ એ સાંભળી લીધું. એક વાર માતાસાધ્વીને પૂછ્યા વિના ગ્રંથ વાંચવા લીધો. પહેલા શ્લોકનો અર્થ કર્યો. એટલામાં શાસનદેવીએ આવી ગ્રંથ તેમના હાથમાંથી લઇ લીધો. આથી તેમને ઘણું દુઃખ થયું. ત્યારથી છઠના પારણે છઠ અને પારણે માત્ર વાલ વાપરવા - એવો તપ આદર્યો. ચાર મહિને પ્રસન્ન થઇ શાસનદેવી આવી. સત્ત્વ-પ્રતિભાની પરીક્ષા કરવા માટે પૂછ્યું કે– **'के प्रियाः ( मिष्टाः ) ?'** (શું ભાવે છે ?) મલ્લવાદીજીએ કહ્યું કે– **'वल्लाः प्रियाः ।'** (વાલ ભાવે છે.) તેઓશ્રી જે વાપરતા હતા તે જ તેમને મિષ્ટ લાગતું હતું. આના ઉપરથી પરપદાર્થની પરિણતિ નથી એ પણ જણાઇ આવે છે. આપણી હાલત એ છે કે જે વાપરીએ છીએ તેના કરતાં બીજું જ સારું લાગ્યા કરે - આ એક પરપરિણતિ છે. ફરી છ મહિને દેવી આવી. આમના છઠ ચાલુ હતા. છ મહિના પછી દેવીએ પૂછ્યું કે– **'केन प्रियाः ?'** (કોની સાથે ભાવે છે ?) ત્યારે મલ્લવાદીજીએ કહ્યું કે– **'घृतमिश्रितगुडेन प्रियाः ।'** (ઘીથી મિશ્રિત ગોળ સાથે ભાવે છે.) આ રીતે પ્રશ્નનું અનુસંધાન છ મહિને પણ કરી શકવાની ધારણાશક્તિ જોઇ પ્રસન્ન થયેલ દેવીએ વર માંગવા કહ્યું. તેમણે પેલો ગ્રંથ માંગ્યો. દેવીએ આપ્યો. તેનું અધ્યયન કરી બૌદ્ધોને હરાવ્યા. આ ગ્રંથમાં એક નયનું ખંડન બીજો નય કરે, બીજાનું ત્રીજો કરે - એમ તે તે દર્શનનું ખંડન કરતાં છેલ્લે જૈનદર્શનનો જય થાય છે એમ જણાવ્યું છે. પરંતુ આ દાર્શનિક ગ્રંથની શૈલી એવી છે કે ભલભલાની બુદ્ધિ અટવાઇ જાય. વર્ત્તમાનમાં આ ગ્રંથનું અધ્યયન કરનારા લગભગ નથી. શબ્દશઃ અર્થ કરી જાય, પણ મર્મ સુધી પહોંચવાનું સામર્થ્ય ક્યાંથી લાવવું ? આજે તો રત્નાકરઅવતારિકા પછી સ્યાદ્વાદરત્નાકર વાંચતા નથી. અસલમાં સ્યાદ્વાદ-રત્નાકર(સમુદ્ર)માં જવા માટે અવતારિકા(નાવડી) તરીકે તે

બતાવેલી છે. છતાં તેમાંથી રત્નાકરમાં અવતાર કરતા નથી. મલ્લવાદીસૂરિજીએ બૌદ્ધને દેશનિકાલ કરાવી રાજાને જૈનધર્મી બનાવ્યો અને શાસનની પ્રભાવના કરી.

એ જ રીતે દેવસૂરિજી મહારાજાએ દિગંબરમતનું ખંડન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ દ્વારા કર્યું હતું. વાદીવેતાલ શ્રી શાંતિસૂરિજી મહારાજાએ જે સ્થાનો બતાવેલાં તેના આધારે દેવીએ દિગંબર સાથે વાદ કરવાનું જણાવ્યું. તે રીતે કરીને છ મહિના સુધી વાદ કરી દિગંબરોને પરાસ્ત કર્યા. શાસ્ત્રમાં એક ઠેકાણે કહ્યું છે કે જો આ રીતે શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાએ દિગંબરોને હરાવ્યા ન હોત તો શ્વેતાંબર સાધુના ચોળપટ્ટા નીકળી ગયા હોત. શ્રી અધ્યાત્મમતપરીક્ષા વગેરેમાં દિગંબરનું ખંડન છે. સામાની વાતને કાપવા માટે અકાટ્ય એવા પ્રમાણને આપીને વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરવું તેને તર્ક કહેવાય. આવા તર્કમાં નિપુણ હોય તે વાદીપ્રભાવક બની શકે.

(૪) ચોથા નિમિત્તક પ્રભાવક છે. શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજને નિમિત્તક તરીકે જણાવ્યા છે. તેમનું કથાનક કલ્પસૂત્રમાં પ્રસિદ્ધ છે. પોતાના હૈયામાં શાસન હોય ને લોકોના હૈયામાં શાસન વસાવવું તે પ્રભાવના છે. માત્ર અનુષ્ઠાનથી પ્રભાવના ન થાય. સત્યના જાણકાર સત્યની ઉપેક્ષા કરે તો પ્રભાવક ન બની શકે. અહીં 'પરમતજીપણ કાજ' લખ્યું છે. તેના ઉપરથી નક્કી છે કે– નિમિત્તનું કથન પરમતને પરાસ્ત કરવા કહેવું - તે પ્રભાવકતા છે. ભક્તવર્ગના દુઃખ ટાળવા અને તેમને સુખી કરવા માટેનું નિમિત્તકથન પ્રભાવકતામાં ન આવે.

(૫) પાંચમા તપસ્વી પ્રભાવકની શરતો ઘણી છે. જેઓ તપ કરીને ધર્મને વધારે છે, ધર્મમાં શિથિલ બનતા નથી, ભગવાનની આજ્ઞાનો લોપ નથી કરતા અર્થાદ્ ખોટી માન્યતાને વળગી રહેતા નથી અને ખોટા માર્ગની આરાધના નથી કરતા, આશ્રવનો લોપ કરે છે અર્થાદ્ સંવરધર્મનો સ્વીકાર કરે છે તેમ જ તપ કરીને કોપાયમાન નથી થતા તે તપસ્વી કહેવાય છે. જેઓ ખોટા માર્ગે આરાધના કરે તે તપસ્વી પ્રભાવક નથી. પાંચ



આશ્રવ ચાલુ હોય તેનો તપ ગણતરીમાં ન આવે. તેમ જ કૂરગડુ મુનિની જેમ કોપ ન કરે તે તપસ્વી પ્રભાવક છે. તપ નિર્જરા માટે કરવાનો છે, ઉપદ્રવની શાંતિ માટે નહિ. આજે ઘણા કહે છે– 'દ્વારિકાનગરીને બળતી અટકાવવા ભગવાને બાર વરસ આયંબિલ કરવાનું જણાવ્યું હતું.' પરંતુ એવું નથી. દ્વારિકાનગરી બાર વરસે બળવાની છે - એમ ભગવાને કહ્યું હતું; આયંબિલ કરવાનું ભગવાને કહ્યું ન હતું, કૃષ્ણ મહારાજે કહ્યું હતું. તે પણ દાહથી બચવા માટે નહિ, કારણ કે ભગવાનનું વચન મિથ્યા ન જાય એવું તેઓ માનતા હતા. તેથી 'દાહ થવાનો જ છે તો આરાધના કરી લેવી' - એ આશયથી આયંબિલ કરવાનું જણાવ્યું હતું. કથાનકોનો વિકૃત રીતે અર્થ કરી તેનો દુરુપયોગ ન કરશો. ગીતાર્થનો અધિકાર છે - એમને વાંચવા દો, તમે જાતે અર્થ કરવા ન બેસશો.

(૬) સમ્યગ્દર્શનનો પ્રભાવ જ એ છે કે– દેવ, ગુરુ, ધર્મનો વાસ્તવિક પરિચય કરાવે. પૈસા ભેગા કરીને લોકોને ભેગા કરવા - એ પ્રભાવકતા નથી. ભગવાનના શાસનની મહત્તા સમજીને લોકો ભેગા થાય એ પ્રભાવકતા છે. છઠ્ઠા પ્રભાવક તરીકે વિદ્યા અને તપના પ્રભાવથી લોકોને જૈનશાસનના રાગી બનાવવાનું કામ શ્રી વજ્રસ્વામીમહારાજાએ કરેલું. દશ પૂર્વનું જ્ઞાન જેને હોય એને મંત્ર, વિદ્યા, લબ્ધિ વગેરે પ્રાપ્ત થતી હોય છે. કલ્પસૂત્રમાં શ્રી વજ્રસ્વામીજીનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. દીક્ષા માટે માતાને ઉદ્વેગ પમાડવા માટે છ મહિના રોવાનું કામ કર્યું. આવી અવસ્થામાં ઉદ્વેગ પામેલી માતાએ તે પુત્ર ગોચરીએ આવેલ પિતા સાધુભગવંતને સોંપી દીધો. સાધુભગવંતે લઇ લીધો અને શ્રાવિકાને લાલનપાલન માટે સોંપ્યો. ત્યાં સાધ્વીજીમહારાજ અગિયાર અંગનું અધ્યયન કરતાં હતાં. ઘોડિયામાં આ બાળકે અગિયાર અંગ મેળવ્યાં. પછી છ મહિના બાદ એમની માતા એમને લેવા આવી. ત્યારે સાધુભગવંતોએ કહ્યું કે– હવે તમારો અધિકાર નથી. માતા રાજા પાસે ગઇ. રાજાએ ઉપાય બતાવ્યો કે– વજ્રસ્વામી જેની પાસે જાય એમને સોંપવામાં આવશે. માતાએ લોભામણી ચીજો બાળકને બતાવી છતાં

બાળક એમાં ન લોભાયો અને સાધુભગવંતે ઓઘો બતાવ્યો તો તરત ઓઘો લેવા દોડ્યો. ત્યાર પછી દીક્ષા લઇને દશ પૂર્વનું અધ્યયન કર્યું. વિદ્યાના બળથી બૌદ્ધરાજાને જૈનધર્મથી વાસિત બનાવ્યો. આવા મહાપુરુષો પોતાનો પ્રભાવ નથી પાડતા, ભગવાનના શાસનનો પ્રભાવ પાડે છે. છેલ્લે સૂંઠનો ગાંગડો કાન પર રહી ગયો એ પ્રતિક્રમણ વખતે યાદ આવ્યું ત્યારે પ્રમાદ થઇ ગયો એવું લાગ્યું તો મરણ નજીક આવ્યું છે - એમ જાણીને અણસણ સ્વીકાર્યું.

સ૦ પ્રમાદના કારણે શું થાય ?

પ્રમાદના કારણે વિપરીત થાય. સ્વભાવ બદલાય તો મરણ નજીક આવ્યું છે - એમ સમજવું. આવું સામુદ્રિકશાસ્ત્રમાં લખ્યું છે. બહુ ગુસ્સાવાળો માણસ પણ મરણ નજીક આવે તો શાંત થયેલો દેખાય. આપણો સ્વભાવ આપણે નક્કી જ નથી કરી શકતા. ક્ષણમાં તુષ્ટ અને ક્ષણમાં રુષ્ટ : આવી અવસ્થામાં મરણ નજીક આવ્યું છે - એમ ન જણાય. આજે અમારે ત્યાં વ્યાખ્યાનમાં આવેલાને શું જોઇએ છે - એ અમે નથી જાણી શક્યા. અમે કથા કહીએ તો કહે કથા જ કહે છે, તત્ત્વજ્ઞાન નથી આપતા. તત્ત્વજ્ઞાન આપીએ તો કહે કે તત્ત્વજ્ઞાન જ આવે છે, કથા વગેરે તો આવતી જ નથી. લોક દુરારાધ્ય છે. આવા વખતે ભગવાનનું શાસન એમના હૈયામાં પેસાડવાનું કામ કપરું છે. પ્રમાદ ખરાબ લાગ્યો તો શ્રી વજસ્વામીએ અણસણ સ્વીકાર્યું. આજે આપણો પ્રમાદ એમના કરતાં તો કંઇક ગુણો છે ને ? જ્ઞાન, આચરણ માટે મેળવવું છે એવું આપણે લગભગ માનતા જ નથી. છોડવા માટે શક્તિમાન હોવા છતાં છોડીએ નહિ તો માનવું પડે કે સમ્યગ્દર્શન નથી. આજે તમે સાધુપણું ન લઇ શકો, પણ સામાયિક પણ દોષ વગરનું ન કરી શકો - એવું તો નથી ને ? સામાયિકમાં વાતો ન કરાય એવી ખબર હોવા છતાં વાતો કરો ને ?

સ૦ આચારશુદ્ધિ ન હોવા છતાં વિચારશુદ્ધિ હોય : એવું બને ને ?

ઘા સાફ કરવો જોઇએ - એવું માને પણ ઘા સાફ ન કરે અને ડ્રેસિંગ કરે તો ઘા રૂઝાય ને ? સાચું સમજાયા પછી સાચું આચરવા માટે તો



સમ્યગ્દર્શનની જરૂર છે. સહેલાઇથી છૂટી શકે એવું હોવા છતાં એને ન છોડતાં 'ઉપાદેય નથી માનતો' એમ માનીને સેવવું એ સમ્યગ્દર્શન નથી. શક્ય હોય એને છોડે અને અશક્ય હોય એને 'ઉપાદેય નથી' એમ માનીને સેવે એ સમ્યગ્દર્શન છે. હોસ્પિટલમાં બાટલા સામે એકીટસે જોનારો દેરાસરમાં પ્રતિમાજી સામે કે સામાયિકમાં પુસ્તક સામે જોઇ ન શકે એવું બને ખરું ? દરેક અનુષ્ઠાનમાં અનુકૂળતા શોધે એને સમ્યક્ત્વ હોય એમ ન મનાય.

(૭) સાતમા પ્રભાવક તરીકે સિદ્ધિસંપન્નને જણાવ્યા છે. અંજનના પ્રયોગ દ્વારા જિનશાસનનો જય મેળવનારા શ્રી કાલિકાચાર્ય અહીં દૃષ્ટાંત તરીકે છે. પોતાની ભગિની સાધ્વીજીના શિયળની રક્ષા માટે સંમૂર્ચ્છિમ સૈનિકોને વિકુર્વીને ગર્દભીલ્લ રાજાની સાથે યુદ્ધ કરીને રાજાને જીતીને શ્રી જિનશાસનની રક્ષા કરવાનું કામ કર્યું હતું. વાસક્ષેપ દ્વારા નદીનું વહેણ બદલી નાખે એવી સિદ્ધિ એમની પાસે હતી. અત્યારે તો પાણી વગેરેમાં વાસક્ષેપ નાંખીને આપે છે, પણ એ લોકો વિદ્યા વગેરેના જાણકાર નથી. જેઓ વિદ્યા વગેરેના જાણકાર છે એવાઓ આવી પ્રવૃત્તિ કરતા નથી અને જે જાણતા નથી એવા આવી પ્રવૃત્તિ કરવા છતાં શ્રી જિનશાસનની પ્રભાવના થતી નથી.

પોતાની પાસે શક્તિ સારામાં સારી હોવા છતાં મહાપુરુષોએ પોતાના ભગત બનાવવા માટે મહેનત નથી કરી, શાસનના ભગત બનાવવા માટે મહેનત કરી હતી. આઠે આઠ પ્રભાવકને તપાસીએ તો ક્યાંય આવું જોવા ન મળે. સમકિતી આત્માઓ વ્યક્તિના ભગત ન બનતા, ગુણીના ભગત બનતા હોય છે. સમકિત, ગુણની ઉપાસનામાં સમાય છે, વ્યક્તિની ઉપાસનામાં નહીં. વ્યક્તિની પ્રત્યે રાગ કરવાના બદલે વચનનો રાગ થઇ જાય તો કામ થઇ જાય. કોઇ પણ વસ્તુ પ્રત્યે રાગ થાય ત્યારે એના સ્વાદને લઇને થતો હોય. માવા પ્રત્યે રાગ પણ એમાં મિઠાશ હોય તો થાય ને ? મિઠાશ ન હોય તો રાગ થાય ખરો ? વચનના રાગને લઇને વ્યક્તિ પ્રત્યે રાગ થાય તો વાંધો નથી પણ માત્ર વ્યક્તિનો રાગ નથી જોઇતો. ભગવાનનું શાસન અવિચ્છિન્નપણે ચાલતું

હોવાથી એને કોઇ પણ જાતની આંચ આવવાની જ નથી. આવા વખતે આપણે શાસનના ભગત બનાવવાનું કામ કરીએ તો આપણને જ ગુણની પ્રાપ્તિ થવાની છે. આપણા ભગત બનાવીએ તો ગુણની પ્રાપ્તિ નહીં થાય. રાજા વગેરેને શાસનના ભગત બનાવીએ તો એમની પાસે શાસનનાં અનેક કાર્યો કરાવી શકાય માટે શક્તિસંપન્ન એવા મહાપુરુષો પોતાને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ દ્વારા રાજા વગેરેને પ્રતિબોધ પમાડવાનું કામ કરતા હતા.

(૮) આઠમા પ્રભાવક તરીકે કવિ જણાવ્યા છે. તેમાં શ્રી સિદ્ધસેનસૂરિ દૃષ્ટાંત તરીકે બતાવ્યા છે. કાવ્ય બનાવવાની શક્તિ જેની પાસે હોય તેને કવિ કહેવાય. પૂ. હરિભદ્રસૂ.મ., પૂ. યશોવિજયજી મ. વગેરેને પણ કવિ તરીકે કહી શકાય. **प्रेक्षावतां चमत्कारं करोति इति काव्यम् ।** બુદ્ધિમાનોને ચમત્કારનું કારણ બને એને કાવ્ય કહેવાય. જેમાં શબ્દ અત્યંત અલ્પ હોય અને અર્થ અત્યંત ગંભીર હોય, જે સાંભળ્યા પછી લોકો વૈરાગ્યથી વાસિત બને તેને કાવ્ય કહેવાય. મહાપુરુષો વિદ્વાનોને ચમત્કારનું કારણ બને એવા કાવ્યની રચના એટલા માટે કરે છે કે– એક વિદ્વાન ખેંચાય તો એની પાછળ લાખો લોકો ખેંચાઇને આવે. પદ્યને જ કાવ્ય કહેવાય છે - એવું નથી. ગદ્યને પણ કાવ્ય કહેવાય છે. અહીં કાવ્યની ત્રણ શરત બતાવી છે : (૧) અમૃતના રસ જેવું, (૨) મધુર, (૩) ધર્મનું કારણ બને. બધા રસમાં નવમો શાંત રસ શ્રેષ્ઠ ગણાય છે. જેમાં નવમો રસ ન હોય એ કાવ્ય તરીકે ગણાતું નથી. શાંતરસના કારણે વિષયકષાયની પરિણતિ શાંત થાય. રઘુવંશ નામના ગ્રંથમાં પણ છેલ્લે છેલ્લે 'પ્રિયપાત્ર વ્યક્તિને છોડીને જતા રહ્યા' આ પ્રમાણે વાંચે એટલે વૈરાગ્ય આવ્યા વિના ન રહે. તેમ જ આપણા કથા-ગ્રંથોમાં પણ 'ગમે તેટલા રાજપાટ કે ભોગસુખો મળવા છતાં છેલ્લે દીક્ષા લઇને તપ-જ્ઞાન-ધ્યાનની સાધના કરીને મોક્ષે ગયા' - આવું સાંભળે તો વૈરાગ્ય થાય ને ?

શ્રી સિદ્ધસેનસૂરિનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : વિદ્યાધર ગચ્છમાં શ્રી પાદલિપ્તસૂરિની પરંપરામાં સ્કંદિલાચાર્ય પાસે મુકુંદ નામના એક વૃદ્ધ બ્રાહ્મણે દીક્ષા લીધી હતી. તે વૃદ્ધ મુનિ રાત્રે મોટા સ્વરે ગોખતા હતા



ત્યારે ગુરુએ કહ્યું– 'હે વત્સ ! રાત્રે ઊંચે સ્વરે ભણવું યોગ્ય નથી.' પછી તે વૃદ્ધ સાધુ દિવસે મોટેથી ગોખતા હતા તે સાંભળીને શ્રાવકો હસતાં હસતાં બોલ્યા કે– 'આ વૃદ્ધ સાધુ ભણીને શું સાંબેલું નવપલ્લવિત કરશે ?' તે સાંભળીને ખેદ પામેલા વૃદ્ધે ૨૧ ઉપવાસ કરીને સરસ્વતી દેવીની સાધના કરી. તુષ્ટ દેવીએ વરદાન આપ્યું કે - તમે સર્વવિદ્યાસિદ્ધ થશો. તેથી આનંદ પામેલા વૃદ્ધમુનિએ ચૌટામાં જઇ એક સાંબેલું જમીન પર ઊભું રાખી તેને પ્રાસુક જલથી સીંચવા લાગ્યા અને એક શ્લોક બોલવા લાગ્યા. "**अस्मादृशा अपि जडा भारति ! त्वत्प्रसादतः । भवेयुर्वादिनः प्राज्ञा, मुशलं पुष्यतां तदा ॥** - હે સરસ્વતી દેવી ! અમારા જેવા જડ મનુષ્યો પણ તારા પ્રસાદથી વિદ્વાન વાદી થઇ જાય છે માટે આ મુશળ (સાંબેલું) પણ પલ્લવિત થાય." આવું બોલતાં જ સાંબેલું પત્ર, પુષ્પ અને ફળવાળું થયું. આ ચમત્કાર જોઇને લોકો તેમનું નામ સાંભળતાં જ ભય પામવા લાગ્યા. ગુરુએ તેમને સૂરિપદ આપ્યું. એ સમયમાં દેવર્ષિ નામના બ્રાહ્મણની દેવશ્રી નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલો સિદ્ધસેન નામનો પંડિત વિક્રમરાજાનો માનીતો હતો. એણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે– 'મને જે વાદમાં જીતે તેનો હું શિષ્ય થઇ જાઉં.' આ વૃદ્ધવાદીની કીર્તિને સહન નહિ થવાથી તે તેમને જીતવા માટે આવ્યો. સિદ્ધસેને કહ્યું– 'વાદ કરો.' વૃદ્ધવાદીએ કહ્યું– 'અહીં કોઇ મધ્યસ્થ નથી તો હાર-જીતની શી ખબર પડે ?' ત્યારે સિદ્ધસેને કહ્યું– 'આ ગોવાળિયા છે.' વૃદ્ધવાદીએ કહ્યું– 'તું પ્રથમ વાદ કર.' ત્યારે એણે તો તર્કશાસ્ત્રની ભાષામાં વાદ શરૂ કર્યો. ઘણા વખત સુધી બોલવા લાગ્યો ત્યારે ગોવાળિયાએ કહ્યું કે– આ તો વાચાળ છે. કેવળ ભેંસની જેમ બરાડા પાડીને કાનને ફોડી નાંખે છે. માટે હે વૃદ્ધ ! તમે કાનને સારું લાગે એવું કાંઇ કહો. ત્યારે અવસરના જાણ વૃદ્ધવાદીએ સંગીતના તાલે 'ન વિ મારેઇ ન વિ ચોરેઇ', ન વિ પરદારગમન કરેઇ...' વગેરે બોલવા લાગ્યા. ત્યારે ગોવાળિયા પણ એમની સાથે તાલ દેતાં દેતાં કહેવા લાગ્યા કે– આ સૂરિએ આ બ્રાહ્મણને

હરાવ્યો. ત્યારે સિદ્ધસેને કહ્યું, 'મને દીક્ષા આપો.' ત્યારે વૃદ્ધવાદીએ કહ્યું કે– 'હજુ તો રાજસભામાં વાદ કરવાનો છે.' પછી રાજસભામાં ગયા. ત્યાં પણ પરાજય પામ્યા. પછી સત્યપ્રતિજ્ઞાવાળા શ્રી સિદ્ધસેને દીક્ષા લીધી. આગમના અધ્યયન બાદ ગુરુએ એમને આચાર્યપદે સ્થાપિત કર્યા.

એક વાર એ અવંતિનગરીમાં આવ્યા. તેમને સર્વજ્ઞપુત્ર કહેવાતા સાંભળી તેમની પરીક્ષા માટે વિક્રમરાજાએ હાથી પર બેઠા બેઠા સામે આવતા શ્રી સિદ્ધસેનસૂરિને માથું નમાવ્યા વિના મનથી જ વંદન કર્યું. ત્યારે એમણે પણ મોટેથી ધર્મલાભ આપ્યો. વિક્રમરાજાએ કહ્યું, 'નમસ્કાર કર્યા વિના ધર્મલાભ કેમ આપ્યો ?' ત્યારે એમણે કહ્યું કે– 'તેં ભાવથી મનમાં નમસ્કાર કર્યા પછી જ ધર્મલાભ આપ્યો છે.' આ સાંભળીને વિક્રમરાજાને ખૂબ બહુમાન થયું.

એક વાર કુમારપુર નામના નગરમાં શ્રી સિદ્ધસેનસૂરિ આવ્યા. ત્યાંના રાજા દેવપાળે સૂરિને વંદન કરીને કહ્યું કે 'હે ગુરુ ! સીમાડાના રાજાઓ મારું રાજ્ય લેવા ઇચ્છે છે માટે આપ કૃપા કરો તો મારું રાજ્ય સ્થિર થાય.' તે સાંભળીને સૂરિએ સરસવ વિદ્યાના બળે શત્રુનો પરાભવ કર્યો. રાજા જૈનધર્મી બનીને આચાર્ય પ્રત્યે બહુમાન ધારણ કરવા લાગ્યો. તે રાજાના આગ્રહથી તે રોજ પાલખીમાં બેસીને રાજસભામાં જતા. એ જોઇને ગુરુએ તેને માર્ગમાં સ્થિત કરવા માટે વેશ બદલીને તેની પાલખીમાં પોતે જોડાયા. ત્યારે શ્રી સિદ્ધસેનસૂરિ બોલ્યા કે– **भूरिभारभराक्रान्ते, स्कन्धोऽयं तव बाधति ?** (ઘણો ભાર ઉપાડવાથી તારા ખભાને બાધા થાય છે ?) ત્યારે ગુરુએ કહ્યું– **न तथा बाधते स्कन्धो, बाधति बाधते यथा ।** (જેવો તમારો **बाधति** પ્રયોગ બાધા કરે છે એવો મારો સ્કંધ મને બાધા નથી કરતો.) આ સાંભળીને એમને લાગ્યું કે મારા ગુરુ વિના મારી ભૂલ કાઢે એવું કોઇ નથી. પછી પાલખીમાંથી ઊતરીને પોતાની ભૂલની કબૂલાત કરીને એની આલોચના કરીને ગુરુ સાથે વિચરવા લાગ્યા. સમર્થ પ્રભાવકને પણ પુણ્ય ભોગવવા ન દે એનું નામ ગુરુ મહારાજ.



સ૦ પહેલાંના કાળમાં જેવી રીતે મહાપુરુષોએ વિદ્યા, મંત્ર વગેરેનો પ્રયોગ કરી રાજા વગેરેને જિનશાસનથી આકૃષ્ટ કર્યા હતા. અત્યારે આપણે તેને માન્ય તરીકે પણ ગણીએ છીએ. એવી રીતે અત્યારે જેઓ અપવાદ વગેરેનો આશરો લઇને જિનશાસનની પ્રભાવના કરે તે હવે પછીનાં વર્ષોમાં માન્ય કોટીના ગણાશે તો એ રીતે કરવું યોગ્ય છે કે નહિ ?

તમે એક વસ્તુ સમજી રાખો કે– પહેલાંના મહાપુરુષોએ જે પ્રભાવના કરી તે આચારમાં કે પ્રરૂપણામાં શિથિલ બનીને નથી કરી. સિદ્ધાંતને બાધા પહોંચાડીને નથી કરી. જે કાંઇ વિદ્યા વગેરેનો ઉપયોગ કર્યો એ વારંવાર નથી કર્યો. આજે તો દરરોજ આચારમાં કે પ્રરૂપણામાં શિથિલ બનીને પ્રભાવના કરાય છે. એ કોઇ હિસાબે ઉચિત નથી. એ મહાપુરુષોમાં તો બૌદ્ધરાજાને પ્રતિબોધ પમાડવાનું સામર્થ્ય હતું. આજે એવું છે ખરું ? આજે તો મોબાઇલ, વ્હીલચેર, માઇક વગેરેની સહાયથી પ્રભાવના થાય છે. તમે જો આવાને ઉત્તેજન આપવાનું બંધ કરો તો યોગ્યતા હોય તો સુધરી જાય. ન જ સુધરે તો એવાઓથી દૂર રહેવું. એક વાર તમારે મજબૂત થવાની જરૂર છે.

શ્રી સિદ્ધસેનસૂરિ પ્રાકૃત ભાષામાં રચાયેલાં આગમોનું સંસ્કૃત ભાષામાં રૂપાંતર કરવા માટે તૈયાર થયા. તેમાં નમસ્કારમહામંત્રનું રૂપાંતર કર્યું ત્યારે ગુરુમહારાજને ખબર પડી તો ગુરુભગવંતે તેમને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપ્યું. બાર વરસ સુધી ગુપ્તપણે રહેવાનું, ગચ્છમાંથી નીકળી જવાનું, કોઇને ખબર ન પડે એ રીતે ભિક્ષા લેવાની. ઓઘો રાખવાનો છતાં પ્રગટ નહિ કરવાનો અને એક રાજાને પ્રતિબોધ પમાડવાનો પછી ગચ્છમાં આવવું : આવી શરતો તેમાં હતી. આ પ્રાયશ્ચિત્ત પૂર્ણ કર્યું. એમાં એક વાર રાજાને પ્રતિબોધ પમાડવા માટે મહાદેવના મંદિરમાં શિવલિંગને પગ કરીને સૂઇ ગયા. ત્યાંના પૂજારીઓએ એમને માર માર્યો. તે બધો માર વિદ્યાના પ્રભાવે પોતાને ન લાગતાં અંતપુરની રાણીઓને લાગવા માંડ્યો. તેથી રાણીઓએ રાજાને જણાવ્યું. રાજા પણ ત્યાં આવ્યો. પછી

શ્રી સિદ્ધસેનસૂરિએ પરમાત્માની સ્તુતિ કરી તો તે શિવલિંગ ફાટી ગયું અને તેમાંથી શ્રી પાર્શ્વનાથભગવાનની મૂર્તિ પ્રગટ થઇ પછી રાજા જૈનધર્મી બન્યો.

સ૦ જો ગુરુએ એમને આ રીતે પ્રાયશ્ચિત્ત આપ્યું તો આપણે તો એ સૂત્ર ('નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ') બોલીએ છીએ, તો તે કેમ રાખ્યું ?

આપણા ઉપકાર માટે રાખ્યું. ભવિષ્યમાં આવું કોઇ ન કરે એ બતાવવા માટે રાખ્યું. જો સંહરી લીધું હોત તો આપણને ક્યાંથી ખબર પડત કે– આવી રીતે પ્રાકૃતસૂત્રોનું સંસ્કૃત રૂપાંતર ન થાય. ચૌદપૂર્વધરોને બધી ભાષાનું જ્ઞાન હોવા છતાં બાલ, સ્ત્રી અને મૂર્ખ લોકો સમજી શકે માટે પ્રાકૃતભાષામાં આગમની રચના કરી છે.

સ૦ આપણા માટે આ સૂત્ર રાખ્યું એ બરાબર, પણ 'સ્નાતસ્યા'ની થોય કેમ રાખી ? એ બાલચંદ્ર તો કેવો હતો ? પોતાના ગુરુને ઝેર અપાવીને મારી નંખાવ્યા તો એણે બનાવેલું પાછું પ્રતિક્રમણમાં કેમ બોલીએ છીએ ?

એ સંઘને બહુ ઉપદ્રવ કરતો હતો. ત્યારે એ ઉપદ્રવને શાંત કરવા માટે એણે શરત મૂકેલી કે– 'મારી આ સ્તુતિ ચતુર્વિધ શ્રી સંઘ બોલે તો હું ઉપદ્રવ કરવાનું બંધ કરું', ગુરુએ પણ ચતુર્વિધ સંઘના હિત ખાતર શરત સ્વીકારી. જો આપણે ન બોલીએ તો શરતભંગનું પાપ આપણને લાગે. જોકે તમને તો એ બાલચંદ્ર નજર સામે આવે છે. અમે તો એનું રહસ્ય તપાસીએ. બાલચંદ્રના ગુરુ શ્રી રામચન્દ્રસૂ.મ. એમના ગુરુ શ્રી હેમચન્દ્રસૂ.મ. આ બધા મહાપુરુષો યાદ આવ્યા કરે. ખરેખર તો એ સ્તુતિ અત્યંત અદ્‌ભુત કાવ્ય છે. એના એક એક શબ્દો પણ બહુ સરસ છે. ઇન્દ્રાણી વારંવાર પાણીની આશંકાથી ભગવાનનું મુખ લૂસતી હતી એવી એવી ઉપમા એમાં આપી છે. આગમની સ્તવના પણ સરસ કરી છે. છેલ્લી ગાથાનો અર્થ એટલો ગહન છે કે સામાન્યજન ન કરી શકે.

આઠ પ્રભાવકનું વર્ણન કર્યા પછી વર્તમાનકાળમાં એવા પ્રભાવકની સંભાવના ન હોવાથી જેઓ વિધિપૂર્વક યાત્રા, પૂજા વગેરે અનુષ્ઠાન કરે



તેઓ પણ પ્રભાવક કહેવાય છે - આ પ્રમાણે કહ્યું છે. વિધિ મુજબ અનુષ્ઠાન કરવા છતાં પણ પ્રભાવ પડે કે ના પડે પણ મૂળભૂત વસ્તુનો નાશ નથી થતો, ટકી રહે છે - એ જ મોટી પ્રભાવના છે. જે લોકો અવિધિપૂર્વક અનુષ્ઠાન કરે છે એ લોકો પોતે જ માર્ગનો લોપ કરે છે. મહાપુરુષોનું વચન કોઇ માને કે ન માને - એમને કાંઇ ફરક નથી પડતો. આપણે એમનું વચન ન માનીએ તો નુકસાન આપણને જ છે.

❖ ❖ ❖

## સાતમી ઢાળ : પાંચ ભૂષણ

**સોહે સમકિત જેહથી સખી ! જિમ આભરણે દેહ,**
**ભૂષણ પાંચ તે મનવસ્યાં સખી ! મનવસ્યાં, તેહમાં નહિ સંદેહ.**
**મુજ સમકિતરંગ અચળ હોજો. (૩૬)**
**પહેલું કુશળપણું તિહાં, સખિ ! વંદન ને પચ્ચક્ખાણ,**
**કિરિયાનો વિધિ અતિ ઘણો સખિ !**
**અતિ ઘણો, આચરે તેહ સુ-જાણ. મુજ૦ (૩૭)**
**બીજું તીરથ-સેવના સખિ ! તીરથ તારે જેહ,**
**જે ગીતારથ મુનિ-વરા, સખિ ! તેહશું કીજે નેહ.**
**મુજ૦ (૩૮)**
**ભગતિ કરે ગુરુ-દેવની, સખિ ! ત્રીજું ભૂષણ હોય,**
**કુણ હિ ચલાવ્યો નવિ ચલે, સખિ ! ચોથું એ ભૂષણ જોય.**
**મુજ૦ (૩૯)**
**જિન-શાસન-અનુમોદના સખિ ! જેહથી બહુ-જન હુંત,**
**કીજે તેહ પ્રભાવના, સખિ ! પાંચમું ભૂષણ ખંત.**
**મુજ૦ (૪૦)**

હવે સાતમા અધિકારમાં પાંચ ભૂષણની વાત કરવાની છે, વસ્તુને શણગારવામાં આવે તો વસ્તુનું સ્વરૂપ વધારે સુંદર બનતું હોય છે. એવી રીતે સમ્યક્ત્વને શણગારવામાં આવે તો વધારે નિર્મળ બને અને આગળ વધીને ક્ષાયિકભાવમાં પરિણામ પામે. ભૂષિત ત્યારે કરાય કે પહેલાં વસ્તુ હોવી જોઈએ. આશ્રય જ હોય નહિ તો શેને શણગારાય ? પહેલા ભૂષણ તરીકે ક્રિયામાં કુશળપણું બતાવ્યું. આજે આપણે લગભગ ક્રિયામાં માનતા નથી - એમ કહીએ તો ચાલે. આજનો શ્રદ્ધાળુ તે કે જે ક્રિયા ન કરે ! અહીં ક્રિયાની શરૂઆત વંદન અને પચ્ચક્ખાણથી કરી છે. વંદનથી અને



પચ્ચક્ખાણથી સર્વવિરતિધર્મ સુધી પહોંચી શકાય છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં વંદનના ફળ તરીકે નીચગોત્રકર્મનો ક્ષય બતાવ્યો છે. નીચગોત્રકર્મનો ઉદય અવિરતિધરને જ હોય છે, વિરતિધરને નહિ. તેથી આ રીતે નીચગોત્રના ક્ષયથી વિરતિ સુલભ બને છે. ગૃહસ્થપણામાં અવિરતિનું પાપ મોટું છે - એ દેખાય તો નાના પણ નિયમ લેવાનું મન થયા વગર ન રહે. ગમે તે રીતે ગમે ત્યાં પચ્ચક્ખાણ લેવામાં આવે તો એ આજ્ઞા મુજબની ક્રિયા નથી.

સ૦ કોઇ વસ્તુ વાપરતા ન હોય છતાં એના ત્યાગનું પચ્ચક્ખાણ ન હોય તો ફળ મળે કે નહિ ?

ન મળે. આ તો ભાગીદારી જેવું છે. તમે ભાગીદારી નોંધાવી હોય તો નફાનો ભાગ તમને મળે. ભાગીદારી ન નોંધાવો તો ભાગ ન મળે. રાત્રિભોજનના પાપથી બચ્યા પછી પણ દિવસે તે તે પચ્ચક્ખાણ લેવામાં ન આવે તો અવિરતિનું પાપ ચોંટ્યા વગર નહીં રહે. આજે નાનામાં નાનું નવકારશી જેવું પચ્ચક્ખાણ પણ વિધિ મુજબ નથી થતું. નવકારશીનું પચ્ચક્ખાણ લેવું હોય તો સૂર્યોદય પહેલાં ઊઠવું જ પડે. સૂર્યોદય પછી ઊઠે અને નવકારશીના પચ્ચક્ખાણને બે મિનિટની વાર હોય ત્યારે પચ્ચક્ખાણ લે તો એ પચ્ચક્ખાણનો લાભ ન મળે. મોડા ઊઠ્યા પછી પોરિસીનું પચ્ચક્ખાણ લે તો ફળ મળે.

સ૦ પચ્ચક્ખાણમાં કાંઇ અપવાદ તો હશે ને ?

ચામાં સાકરના બદલે મીઠાનો અપવાદ ચાલે ? જેમાં જે વસ્તુ જોઇએ એ જ વસ્તુ નાંખીએ તો સ્વાદ આવે ને ? ખાવાના ફળરૂપે સ્વાદ લેવા માટે જો વિધિ સચવાતી હોય તો નિર્જરારૂપ ફળ પામવા માટે વિધિ કેમ ન સાચવીએ ?

શરીરને શોભાવવાનું કામ જેમ ભૂષણ-અલંકાર કરે છે તેમ સમ્યક્ત્વને શોભાવવા માટે અલંકાર સમાન પાંચ વસ્તુ છે, તે ભૂષણ હે સખિ ! મારા મનમાં વસ્યાં છે. એમાં કોઇ પણ જાતનો સંદેહ નથી. આવો સમકિતનો રંગ મારામાં અચલપણે રહો.

સ૦ ક્રિયામાં કુશળપણું એટલે પ્રમાદ ન કરવો તે ને ?

ધંધામાં કુશળપણું કોને કહો ? રસોઇમાં કુશલપણું કોને કહો ? જેટલા પાસા હોય એટલા બધા પાસા તપાસી લીધા હોય ત્યારે ને ? દરેક ક્રિયા આજ્ઞા મુજબ થાય તો તે તે ક્રિયાનું કુશળપણું પ્રાપ્ત થાય. આપણી ઇચ્છા મુજબ કરીએ તો કુશળપણું ન આવે. વિધિપૂર્વક વંદન કરીને પછી જ પચ્ચક્ખાણ લેવાનું છે. વંદન ક્યારે કરવું, ક્યારે ન કરવું... આ બધું ગુરુવંદનભાષ્યમાં બતાવ્યું છે. વિધિ પ્રત્યે પ્રેમ હોય તો ગુરુવંદનભાષ્ય ભણવું જ પડશે. ગુરુમહારાજ વહોરવા આવ્યા છે તો પચ્ચક્ખાણ લઇ લઇએ : આ વૃત્તિ ખોટી છે. ગુરુમહારાજ વહોરવા આવે ત્યારે ઘરે બેસે નહિ, ઊભા હોય તો વંદન થાય નહિ, વંદન વગર પચ્ચક્ખાણ લેવાય નહિ.

સ૦ દરેક વસ્તુ એટલી ઝીણી છે કે એના માટે ટાઇમ કાઢવો પડે.

પ્રમાદ અને વિકથાના પાપથી બચીને ભગવાનની આજ્ઞા માટે સમય ફાળવીશું તો એમાં એકાંતે લાભ જ છે ને ? આજ્ઞા મુજબનું અનુષ્ઠાન કાલે ઊઠીને સર્વવિરતિ અપાવીને મોક્ષ અપાવશે. આજે આપણને પચ્ચક્ખાણ પ્રત્યે પ્રેમ નહિ, નફરત છે - એમ કહું તો ખોટું નથી. અનેક જાતની ક્રિયા હોવા છતાં વંદન અને પચ્ચક્ખાણનું ગ્રહણ એટલા માટે કર્યું છે કે— વંદનનું ફળ 'નીચગોત્રકર્મનો ક્ષય' બતાવ્યું છે. ઉચ્ચગોત્રમાં જન્મ મળે તો દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ સુલભ બને અને પચ્ચક્ખાણથી ચારિત્ર-મોહનીયકર્મ ઉપર ઘા પડવાના કારણે સર્વવિરતિની પ્રાપ્તિ સુલભ બને.

બીજું ભૂષણ તીર્થસેવા છે. જે તારે છે તે તીર્થ છે. આ તીર્થ સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનું છે. સ્થાવર એટલે સ્થિર અને જંગમ એટલે વિચરતું - હાલતુંચાલતું. શત્રુંજયાદિ પવિત્રભૂમિઓ સ્થાવરતીર્થસ્વરૂપ છે, જ્યારે સાધુભગવંતો જંગમ તીર્થ છે. કારણ કે તેઓ વિહાર કરવાના કારણે આપણે ત્યાં આવે છે. જ્યારે તીર્થભૂમિઓ સ્થિર હોવાથી સ્થાવર છે. સામાન્યથી સો વરસથી વધુ વરસ જે ચૈત્યને થયાં હોય તેને પણ તીર્થ કહેવાય છે. સ્થાવર તીર્થમાં તીર્થંકરપરમાત્માની પ્રતિમા અને મંદિર



તારનાર હોવાથી તીર્થ કહેવાય છે, જંગમ તીર્થમાં ગુરુભગવંતો તારક હોવાથી તીર્થરૂપ છે. આ તીર્થની સેવા એ તીર્થની શુશ્રૂષાસ્વરૂપ છે. જેની પાસે સમ્યક્ત્વ હોય તેને ક્રિયાનો રસ હોય, ક્રિયાનો કંટાળો ન હોય. જેને ક્રિયાનો રસ ન હોય તેના સમ્યક્ત્વમાં ખામી છે - એમ સમજી લેવું.

સ૦ ક્રિયાનો કંટાળો ન હોય તોપણ વારંવાર એકની એક ક્રિયા કરવાની આવે તો કંટાળો આવે. એક વંદન પણ કેટલી વાર કરવાનાં આવે ?

આ કંટાળો આવે છે તેનું કારણ એ છે કે ક્રિયાનો ઉદ્દેશ નથી અને ફળનું અર્થીપણું નથી. ધંધો કરો ત્યારે એને એ ઘરાક, એની એ વસ્તુ, છતાં ય તેનો કંટાળો આવે છે ? દવા વારંવાર લો, દિવસમાં ચારપાંચ વાર ખાઓ, પાણી વારંવાર પીઓ છતાં ત્યાં કંટાળો નથી આવતો. કારણ કે ફળનું અર્થીપણું હોવાથી વારંવાર કરવામાં સ્વાદ આવે છે. એકની એક ક્રિયાનું ફળ દેખાતું નથી - તો ભાવ ક્યાંથી આવે ? વંદનથી નીચગોત્ર કર્મ ખપે છે - આવું જાણ્યા પછી કર્મની નિર્જરા કરવાનું મન થાય ને ? કર્મનિર્જરાનો ઉદ્દેશ હોય અને કર્મનિર્જરાનો ઉપાય મળે તો તે સેવવામાં રસ કેમ ન પડે ? **ક્રિયાઓ; કરવા ખાતર કરવાથી ભાવ ન આવે, તરવાનો ભાવ લાવવાનો પરિણામ હોય તો ભાવ આવે.** ગુરુભગવંત પાસે જઇને તેમનું કહેલું સાંભળવું તે જ તેમની સેવાશુશ્રૂષા છે. ગુરુનું સાંભળવા તૈયાર થવું - એ જ સેવા છે. ગીતાર્થ ગુરુને તીર્થ કહ્યા છે. કારણ કે માર્ગનું જ્ઞાન આપવાનું કામ ગીતાર્થ ગુરુઓ કરતા હોય છે. તીર્થો વિકસાવવાં એ તીર્થસેવા નથી. જે તીર્થ તારનારું ન બને, તેને તીર્થ ન કહેવાય. ભગવાનની આજ્ઞા મુજબ જે તીર્થની પ્રવૃત્તિ થાય તે તીર્થ છે. વર્તમાનમાં જે રીતે તીર્થધામ બનાવાય છે - એ પ્રવૃત્તિ વ્યાજબી નથી. સ્વદ્રવ્યથી બનાવે તો વાંધો નથી, પણ દેવદ્રવ્યમાંથી જ આ રીતે નૂતન જિનાલય બનાવવાનું વ્યાજબી નથી. સંઘ અત્યંત દરિદ્ર હોય તે વખતે દેવદ્રવ્યમાંથી નૂતન જિનાલય બનાવે એ જુદી વાત છે. બાકી દેવદ્રવ્ય તો જીર્ણોદ્ધાર માટે છે. જીર્ણોદ્ધાર પણ આપણે સદ્ધર હોઇએ તો જાતે જ કરવો. આપત્તિકાળ માટે દેવદ્રવ્યને નિધાન તરીકે રાખી મૂકવાનું હોય છે.

ત્રીજું ભૂષણ દેવગુરુની ભક્તિ કરવી - એ છે. બીજામાં શુશ્રૂષા સ્વરૂપ સેવા છે, જ્યારે ત્રીજામાં ભક્તિ કરવાની વાત છે. દેવ અને ગુરુનું વચન સાંભળવું, માનવું અને એ જ કારણસર તેમની બાહ્યપ્રતિપત્તિસ્વરૂપ ભક્તિ કરવી. દેવગુરુનું કાર્ય કરવું તે ભક્તિ અને તેમનું કહ્યું માનવું તે સેવા. ભગવાને કહેલી ક્રિયાઓ પણ ભગવાને કહેલા ભાવથી કરવાની છે, તો જ તેને માર્ગમાં અવતારી શકાય. દ્રવ્યક્રિયાનું મહત્ત્વ શાસ્ત્રમાં બતાવ્યું છે તે ભાવપૂર્વકની હોવાથી અને ભાવનું કારણ બનતી હોવાથી બતાવ્યું છે. અપ્રધાન દ્રવ્યક્રિયા તુચ્છ છે, નિષ્ફળ છે. શુશ્રૂષા એટલે સાંભળવા માટે તત્પર થવું અને ભક્તિ એટલે વૈયાવચ્ચ કરવી. આજે ઘણાની ફરિયાદ છે કે ચારિત્રમોહનીયકર્મ ખપે કઇ રીતે ? તેનો ઉપાય એક જ છે કે ભગવાનનું-ગુરુનું કહ્યું સાંભળવું, તીર્થયાત્રા કરવી, દેવગુરુની વૈયાવચ્ચ કરવી - આ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમનો ઉપાય છે. ગુરુની વૈયાવચ્ચ અનુકંપાથી નહિ, ભક્તિથી કરવાની છે. તેઓ સિદાય નહિ, દુઃખી ન થાય - એવી ભાવના અનુકંપા છે, જ્યારે તેઓ ભવનિસ્તારક હોવાથી સેવનીય છે - આ ભક્તિ છે.

સમ્યક્ત્વનું ચોથું ભૂષણ દઢતા નામનું છે. કોઇ ગમે તેટલું ચલાયમાન કરવા માટે પ્રયત્ન કરે તોપણ ચલાયમાન થવું નહિ : આ ચોથું ભૂષણ છે. ગમે તેટલો નજીકનો માણસ હોય કે ભગત હોય તોપણ તેના કારણે ભગવાનના સિદ્ધાંતથી ચલાયમાન થવું નથી. સામાને ખરાબ લાગશે, આપણો સંબંધ તૂટી જશે - એવો ભય રાખીને સિદ્ધાંત છોડવાની જરૂર નથી. જે માણસો આપણા ગુણોને ચોરી લે છે તેવાઓની સાથે આપણે સંબંધ રાખવાની જરૂર જ નથી. જેઓની સાથે લોહીની સગાઇ હોય તેવાઓ પણ જો પૈસા લઇ જતા હોય તો તેની સાથેનો સંબંધ આપણે તોડી જ નાંખીએ છીએ. તેવી રીતે આપણા સમ્યક્ત્વાદિ ગુણોનું હરણ કરનાર જીવોની સાથે સંબંધ રાખવાનો કોઇ અર્થ જ નથી. અનાદિકાળથી અનેકોની સાથે અનેક પ્રકારના સંબંધો કર્યા છે અને તોડ્યા છે. સ્વાર્થ ખાતર જો સંબંધ તોડતાં આવડે તો પરમાર્થ ખાતર કેમ ન ફાવે ? થોડું



સુખ છોડતા થઇએ, થોડી અનુકૂળતા છોડતા થઇએ, સંબંધો જતા કરીએ તો સમ્યગ્દર્શનગુણની દઢતા જાળવવાનું સહેલું છે. જે ગુણ પામ્યા છીએ તેની નિશ્ચલતા હોય તો તે ગુણ શોભા પામે છે. આ વિષયમાં શ્રી સુલસાશ્રાવિકાનું દૃષ્ટાંત આપ્યું છે. નાગસાર્થવાહની તે પત્ની હતી. તેના સમ્યક્ત્વગુણની પ્રશંસા ઇન્દ્રમહારાજાએ કરી ત્યારે તેની પરીક્ષા કરવા માટે મિથ્યાત્વી દેવો સાધુનું રૂપ લઇ આવ્યા અને લક્ષપાક તેલની યાચના કરી. મિથ્યાત્વી દેવો પણ સમ્યક્ત્વગુણની પરીક્ષા કઇ રીતે કરે છે ? તેઓ જાણે છે કે સમકિતી રાતદિવસ સાધુ થવા માટે ઝંખતો હોય છે. તેથી તેને સૌથી વધુ બહુમાન સાધુભગવંત પ્રત્યે હોય છે - એમ જાણીને તે દેવો સાધુનું રૂપ લઇ આવ્યા અને લક્ષપાક તેલની યાચના કરી. તે આપવા માટે શીશો હાથમાં લીધો તો દેવના પ્રભાવે હાથમાંથી તે પડી ગયો. આ રીતે બીજો, ત્રીજો અને ચોથો શીશો પણ તૂટી ગયો. છતાં સુલસાના મનમાં વિચારસરખોય ન આવ્યો કે સાધુને આપવા જતાં આટલું નુકસાન થયું. આ રીતે તેના સમ્યક્ત્વની દઢતા જાણી દેવ પ્રસન્ન થઇ પ્રગટ થયા અને તેના સમ્યક્ત્વની પ્રશંસા કરી. તેલના શીશા એવા જ હતા, ફૂટ્યા નથી - એમ જણાવ્યું. આપણી વાત એટલી છે કે સમકિતી સાધુ થવા માટે જ કાયમ મથતો હોય છે. ઊંચામાં ઊંચું પાત્ર મળ્યા પછી તેના માટે આપણું સર્વસ્વ હોમી દેવાની તૈયારી આવે ત્યારે સમજવું કે દઢતા આવી. આ જ રીતે આ સુલસાશ્રાવિકા માટે અંબડતાપસનું દૃષ્ટાંત પણ પ્રસિદ્ધ છે. માત્ર કુતૂહલના કારણે પણ સુલસાસતી ખસ્યાં નથી. આપણી પાસે એવો ગુણ જ નથી કે જેથી કોઇ આપણી પરીક્ષા કરે. આપણી પરીક્ષા આપણે જાતે જ કરવી પડશે. રોજ સવારે ઊઠીને મનને પૂછો કે સાધુ થવા માટે કેટલો પ્રયત્ન કર્યો ? પુરુષાર્થ કેટલો કર્યો ? એમાં સફળતા કેટલી મળી ? અને જો સફળતા ન મળી તો તેનું દુઃખ કેટલું થયું ? આ બધા જ પ્રશ્નના ઉત્તરો પ્રામાણિકપણે મેળવવાની જરૂર છે. આજે તકલીફ એક જ છે કે **ધર્મથી સુખ મળે છે - આ શ્રદ્ધા મજબૂત છે, પરંતુ ધર્મ કરવાથી સુખની જરૂર પડતી નથી - આ શ્રદ્ધા કાચી છે.**

આપણા સમ્યક્ત્વને સાચવવા માટે પ્રયત્ન કરી લેવો છે. સુખની જરૂર ન પડે એવો ધર્મ સાધુપણામાં બતાવ્યો છે. આથી જ સમકિતી આત્મા સાધુ થવા માટે સુખ છોડવા પ્રયત્નશીલ હોય. સાધુપણામાં પણ આજે સુખની જરૂર પડવા માંડી છે. તેનું કારણ એ છે કે શ્રદ્ધા ઢીલી પડી છે. પરિગ્રહ વધે એટલે સુખ હણાવાનું જ. પરિગ્રહ પુણ્યથી મળતો હોવા છતાં પાપથી ભોગવાય છે - એટલું યાદ રાખવું. ત્યાર બાદ પ્રભાવના જણાવી છે. સામાન્યથી પ્રભાવકમાં આ પ્રભાવના જણાવેલી હોવા છતાં શાસનની અનુમોદના થાય તેવા પ્રભાવનાનાં કાર્યોથી સમ્યક્ત્વ શોભે છે તેથી તેને ભૂષણ તરીકે જણાવ્યું છે.

❖ ❖ ❖



## ઢાળ આઠમી : પાંચ લક્ષણ

**લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં,**
**ધુર ઉપશમ અનુકૂળ સુગુણ નર !**
**અપરાધીશું પણ નવિ ચિત્ત થકી,**
**ચિંતવીએ પ્રતિકૂળ સુગુણ નર !**
**શ્રી જિન-ભાષિત વચન વિચારીએ. (૪૧)**
**સુર-નર-સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવ-સુખ એક. સુ૦**
**બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક.**
**સુ૦શ્રી૦ (૪૨)**
**નારક-ચારક-સમ ભવ-ઉભગ્યો, તારક જાણીને ધર્મ, સુ૦**
**ચાહે નીકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ.**
**સુ૦શ્રી૦ (૪૩)**
**દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મ-હીણાની રે ભાવ. ૨૩**
**ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ-શક્તે મન લાવ.**
**સુ૦શ્રી૦ (૪૪)**
**"જે જિન ભાખ્યું, તે નહિ અન્યથા," એવો જે દૃઢ રંગ. સુ૦**
**તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો ભંગ.**
**સુ૦શ્રી૦ (૪૫)**

પાંચ ભૂષણ પછી પાંચ લક્ષણનું વર્ણન કર્યું છે. લક્ષણ સામાન્યથી અવ્યભિચારી હોય છે, જ્યારે લિંગ વ્યભિચારી પણ હોય છે. લિંગ કોઇ વાર લિંગી સાથે હોય કે ન હોય, જ્યારે લક્ષણ હંમેશાં લક્ષ્યની સાથે હોય જ. આથી લિંગનું વર્ણન કર્યા પછી લક્ષણનું વર્ણન કર્યું છે. જેમ વહ્નિનું ઉષ્ણતા એ લક્ષણ છે અને ધુમાડો એ લિંગ છે. તે જ રીતે વર્ણ ગંધ રસ સ્પર્શ એ પુદ્ગલનું લક્ષણ છે, જ્યારે શબ્દ, અંધકાર, આતપ

વગેરે લિંગ છે. સમ્યગ્દર્શનનું લક્ષણ કયું છે તે જણાવવા માટે આ ઢાળ છે. અહીં સમ્યગ્દર્શનનું લક્ષણ પ્રગટપણે દેખાય કે ન દેખાય પરંતુ એ સમકિતીમાં હોય જ. પાંચ લક્ષણમાં પહેલું ઉપશમ લક્ષણ છે. આમ જોકે પ્રાપ્તિની અપેક્ષાએ આ લક્ષણ છેલ્લું છે. છતાં પણ એ સૌથી પ્રધાન-શ્રેષ્ઠ હોવાથી તે પહેલાં જણાવ્યું છે. બાકી પ્રાપ્તિની અપેક્ષાએ આસ્તિક્ય પહેલું છે. અહીં ઉપશમભાવની શરત ઘણી આકરી છે. આ લક્ષણ જોતાં લાગે કે સમ્યક્ત્વગુણ પામવાનું કામ સહેલું નથી. અપરાધી પ્રત્યે પણ ચિત્તથી પ્રતિકૂળ ન ચિંતવવું તે ઉપશમ છે. કોઇ વાર સહનશીલતા ન હોય, ઓછી હોય, સ્વભાવ ઉતાવળિયો હોય... એવાં એવાં કારણોસર ક્રોધની પ્રવૃત્તિ દેખાય છતાં ચિત્તથી પ્રતિકૂળ ચિંતવન ન હોય - ત્યારે આ લક્ષણ હોય એવું બને. માત્ર પ્રામાણિકતા હોવી જોઇએ - એટલું યાદ રાખવું. અન્યદર્શનમાં પણ ઉપશમભાવનું પ્રાધાન્ય બતાવેલું છે. અમે સ્કૂલમાં ભણતા હતા ત્યારે સંત એકનાથની વાત આવતી હતી. તેમને નિયમ હતો કે સ્નાન કર્યા પછી પૂજા કરવા જતી વખતે કોઇ અડી જાય, અશુચિ અડે તો પાછા સ્નાન કરવા જવું અને શુદ્ધ થઇને પછી પૂજા કરવા જવું. એક વાર એક માણસે તેમની પરીક્ષા કરવા માટે એક દિવસ સવારે જ્યારે તે પૂજા કરવા નીકળ્યા ત્યારે તેમના પર પાનની પીચકારી કરી. પેલા પાછા સ્નાન કરવા માટે ગયા. આ રીતે સવારથી માંડીને સાંજ સુધી આ કાર્યક્રમ ચાલ્યો. છતાં તે સંત જરા પણ તે માણસ પર ગુસ્સે થતા નથી. **જે કર્મસત્તાને માને તે ગમે તેવા વિચિત્ર પ્રસંગમાં પણ ગુસ્સે ન થઇ શકે.** આપણે ત્યાં પણ શ્રી કૂરગડુ મુનિ, શ્રી ચંડકૌશિક સર્પ, શ્રી દૃઢપ્રહારી વગેરે અનેક મહાત્માઓ ઉપશમભાવને પામીને પોતાનું કાર્ય સાધી ગયા.

સ૦ ઉપશમભાવ સારો કે ક્ષયોપશમભાવ ?

ઉપશમભાવ વર્ત્તમાન અવસ્થામાં સારો છે પરંતુ તે અંતર્મુહૂર્ત્તનો હોવાથી તેના કરતાં ક્ષયોપશમભાવ સારો છે. કારણ કે તે લાંબા કાળ સુધી ટકે છે. ઉપશમભાવમાં કર્મનાં દળિયાં દબાયેલાં હોય, જ્યારે



ક્ષયોપશમમાં શુદ્ધ દળિયાં કે મંદરસનાં દળિયાં ઉદયમાં હોય છે. ઉપશમભાવ તેને આવે કે જે પહેલેથી દબાવતો આવે, ક્ષય કરવા માટે મહેનત ન કરે. આજે આપણી પણ એ દશા છે ને ? દોષો જાય એ માટે મહેનત નથી, દોષો કોઇ જાણી ન જાય તે માટે મહેનત છે ને ? આજે ક્રોધ કે લોભ વગેરે દોષો દબાવવા માટે મહેનત છે કે કાઢવા ? જે દુઃખ વેઠવા માટે નીકળ્યા હોય તેને ગુસ્સો ન આવે ને ? હોસ્પિટલમાં જાઓ તો ગમે તેટલી પીડા પડવા છતાં, દુઃખ થવા છતાં ગુસ્સો નથી આવતો ને ? **દુઃખ આવે છે માટે ગુસ્સો આવે છે - એવું નથી, દુઃખ ભોગવવાની તૈયારી ન હોય ત્યારે ગુસ્સો આવે છે.** દુઃખ ભોગવવાની તૈયારી હોય તો ગુસ્સો ન આવે.

સ૦ ઉપશમ એટલે ચારે કષાયનો અભાવ ને ? તો ક્રોધ પહેલાં લોભનો ઉપશમ બતાવવો જોઇએ ને ?

લોભ બધાં પાપનું મૂળ છે, પણ તે માટે ક્રોધ સૌથી પહેલાં કાઢવાનો છે. માટે ક્રોધનો ઉપશમ બતાવાય છે. ક્રોધ એ લોભનું કાર્ય છે. કાર્ય અટકાવીએ તો કારણ પણ અકિંચિત્કર બની જાય. લોભ સુખની લાલચમાંથી આવે છે. ક્રોધ દુઃખ ન ભોગવવાની તૈયારીમાંથી આવે છે. જેને દુઃખ ભોગવવાની તૈયારી હોય તેને સુખની લાલચ સતાવે - એ વાતમાં માલ નથી.

સ૦ ભગવાન દીક્ષા પછી દુઃખ ઘણું ભોગવે પણ દીક્ષા પહેલાં સુખ કેમ ભોગવે ?

દીક્ષા પહેલાં પણ ભગવાન દુઃખ જ ભોગવે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સમકિતીજેવો દુઃખી આ દુનિયામાં બીજો એકે નથી. જેને સુખ ભોગવવું નથી તેને સુખ ભોગવવું પડે એ મોટામાં મોટું દુઃખ છે. ભોગાવલિકર્મના ઉદયે અવિરતિ ભોગવવી પડે છે પણ સમ્યક્ત્વના ક્ષયોપશમના કારણે અવિરતિ ભોગવવાનું મન બિલકુલ નથી હોતું. આપણને કરવાનું મન ન હોય ને કરવું પડે તો તેનું દુઃખ થાય ને ? અહીં ઉપશમભાવમાં કૂરગડુ મુનિનું દૃષ્ટાંત આપ્યું છે. દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

પોતે સમભાવના કારણે કેવળજ્ઞાન પામ્યા તેની સાથે, સાથે રહેલા સાધુઓને પણ કેવળજ્ઞાન અપાવ્યું.

સ૦ એ સાધુઓને આટલો ગુસ્સો છતાં કેવળજ્ઞાન કઇ રીતે થયું ?

પાપ કરનાર પાપી નથી, પાપનો પશ્ચાત્તાપ ન કરનાર પાપી છે. પાપ તો ભૂતકાળની ભૂલના કારણે થાય, પણ પાપ થયા પછી પાપ જેને ખટકે નહિ તે પાપી છે. જેને દુ:ખ ભોગવવાનું મન નથી એવાને સાધુપણામાં રાખવાનો કોઇ અર્થ નથી. કારણ કે પોતે સંક્લેશ પામે ને બીજાના સંક્લેશનું કારણ બને. ગૃહસ્થો દુ:ખ ન ભોગવે તે નભાવી લઇએ. પણ સાધુસાધ્વી તો દુ:ખ ભોગવવા આવ્યાં છે, તે દુ:ખ ન ભોગવે, દુ:ખની ફરિયાદ કરે - એ કોઇ સંયોગોમાં ન ચાલે. આપણને જે ગમે છે તેનું નામ સુખ અને જે નથી ગમતું તેનું નામ દુ:ખ. આ દુ:ખ ભોગવવા માટે તૈયાર થઇશું તો જ સમ્યક્ત્વ પામી શકાશે.

લક્ષણમાં તરતમતા હોઇ શકે, પણ લક્ષણના અભાવમાં લક્ષ્યભૂત વસ્તુ ન હોઇ શકે. ક્ષયોપશમના અસંખ્યાત ભેદ છે, આવરણના ભેદે ઉપશમાદિ લક્ષણમાં તરતમતા હોઇ શકે, પરંતુ ઉપશમના અભાવમાં સમ્યક્ત્વ ન હોઇ શકે. આ ઉપશમનો વિરોધી પરિણામ દુ:ખ ન વેઠવાની વૃત્તિમાંથી આવતો હોય છે. એક વાર દુ:ખ વેઠવા તૈયાર થઇ જઇએ તો આપણો ઉપશમભાવ હણાય એ કોઇ રીતે શક્ય નથી. જ્યાં સુધી કર્મનો યોગ છે ત્યાં સુધી દુ:ખ આવવાનું જ છે, તો એનો પ્રતિકાર કરવાનું શું કામ છે ? દુ:ખ આવવાના કારણે અસમાધિ નથી થતી, દુ:ખ ભોગવવાની વૃત્તિ ન હોવાથી અસમાધિ થાય છે. તેથી ઉપશમભાવ પામવા માટે દુ:ખનો દ્વેષ ટાળી દુ:ખ વેઠવાની વૃત્તિ કેળવી લેવી છે. આ ઉપશમ પછી બીજું લક્ષણ સંવેગ બતાવ્યો છે. વસ્તુતઃ ઉપશમની પ્રાપ્તિ સૌથી છેલ્લે થાય છે છતાં પ્રાધાન્ય-શ્રેષ્ઠતાની અપેક્ષાએ તેને પહેલાં વર્ણવ્યું છે. બાકી પ્રાપ્તિની અપેક્ષાએ આસ્તિક્ય સૌથી પહેલું છે. ભગવાનના વચન ઉપર આસ્તિક્ય આવે, પછી સત્ત્વ-જીવો પ્રત્યે અનુકંપા આવે; તેનાથી નિર્વેદ; નિર્વેદથી સંવેગ અને સંવેગથી પ્રશમભાવની પ્રાપ્તિ થાય



છે. જેમ શ્રી નવકારમંત્રમાં પ્રાપ્તિની અપેક્ષાએ સાધુપદ પહેલાં છે છતાં શ્રેષ્ઠતાની અપેક્ષાએ અરિહંતપદને પહેલું મૂક્યું છે. સિદ્ધભગવંતો આઠ કર્મથી રહિત હોવા છતાં તેમને ઓળખાવનાર અરિહંતપરમાત્મા હોવાથી તેમને પહેલા જણાવ્યા. આસ્તિક્યમાં ભગવાનના વચનની શ્રદ્ધા આવે છે. **ભગવાનની સૌથી પહેલી આજ્ઞા એક જ છે કે દુ:ખ ભોગવી લેવું, કારણ કે તે આપણી જ ભૂલનું પરિણામ છે.**

ઉપશમ સંવેગભાવના કારણે આવે છે. સંવેગભાવ એટલે મોક્ષનો અભિલાષ. આ મોક્ષનો અભિલાષ કયા કારણસર પ્રગટે છે તે જણાવતાં અહીં ફરમાવે છે કે દેવલોકનાં કે મનુષ્યલોકનાં સુખો દુ:ખરૂપ લાગતાં હોવાથી તેને મોક્ષે જવાનું મન ઉત્કટ હોય છે. આજે ભગવાનનાં બીજાં બધાં વચન ઉપર શ્રદ્ધા છે પણ આ વસ્તુ હજુ સુધી માની નથી શક્યા કે દેવોનાં કે મનુષ્યોનાં સુખો દુ:ખરૂપ છે. એના કારણે સંસારમાં ભટકીએ છીએ, મોક્ષમાં જતા નથી. સંસારનાં સુખો સારાં લાગે ત્યાં સુધી સંવેગ આવવાનું કોઇ કારણ જ નથી. સંસારનાં દુ:ખો પર નિર્વેદ જાગે તો સંસાર છૂટવા છતાં મોક્ષનો અભિલાષ ન જાગે. સંસારનાં સુખો દુ:ખરૂપ લાગે તો જ સંવેગભાવ આવે. આજે નવ તત્ત્વ પર શ્રદ્ધા છે, પણ સંસારનાં સુખો દુ:ખરૂપ છે એવી શ્રદ્ધા જ પ્રગટતી નથી. એકાસણાં કરનારને નવકારશી-બેસણાં કરનારા સારા લાગે અને આયંબિલ કરનારને એકાસણાં કરનારા સારા લાગે, તેમને મજા છે એવું લાગે : આ સંવેગના અભાવને સૂચવે છે. આ સંસારના નિર્વેદમાં આડી આવતી હોય તો તે આ એક જ માન્યતા છે કે દેવ-મનુષ્યનાં સુખો દુ:ખરૂપ લાગતાં નથી. એક વાર સંસારનું સુખ ન ગમે તો આ સંસારમાંથી ખસવાનું મન થયા વિના ન રહે. આજે ભંગારમાંથી પણ પૈસા ઉપજાવવાની વૃત્તિ હોય તેને સંવેગ ક્યાંથી આવે ? આ તો છાપાં વેચીને પૈસા ઉપજાવે. આજે નિયમ આપી દઉં કે જે વસ્તુના પૈસા અપાઇ ગયા હોય તે વસ્તુ પસ્તીમાં પણ નથી વેચવી, એમને એમ કાઢી નાંખવી. આટલું તો બનશે ને ? સુખને દુ:ખરૂપ માનવું છે; તેથી સુખ નથી ભોગવવું, દુ:ખ ભોગવવું છે. કાંટાથી

કાંટો જેમ નીકળે, તેમ દુઃખ કાઢવા માટે દુઃખ વેઠવું છે. આ દુઃખ પણ પ્રતિકૂળતાનું દુઃખ વેઠવું છે. અનુકૂળતાથી મળનાર સુખને દુઃખરૂપ માનીને વેઠવાની આ વાત નથી.

સમકિતીને દેવલોકનાં અને મનુષ્યલોકનાં સુખો પણ દુઃખરૂપ લાગે છે. સુખ ભોગવવાનું મન ન હોય છતાં દેવનો ભવ જ એવો છે કે સુખ ભોગવ્યા વગર ચાલે નહિ. સુખ ભયંકર લાગવા છતાં ત્યાં વિરતિનો પરિણામ આવતો જ નથી. જે મળ્યું નથી તે જોઇતું નથી અને જે મળ્યું છે તે કાઢી નાંખવું છે - આ વિરતિનો પરિણામ છે. દેવલોકમાં શરીરસંબંધી દુઃખ ન હોય પણ બીજાં ઈર્ષ્યા, પારતંત્ર્ય વગેરે દુઃખોનો પાર નથી. તેમ જ વિરતિની પ્રાપ્તિ થતી ન હોવાથી અવિરતિનું દુઃખ પણ અપાર હોય છે.

સ૦ ઉત્તરવૈક્રિય શરીરે સમવસરણમાં હોય અને મૂળ શરીરે દેવલોકના સુખમાં હોય તો કર્મબંધ કેવો થાય ?

ઢાળ જે તરફ હોય તેવો બંધ થાય. સમવસરણ તરફ હૈયાનો ઢાળ હશે તો નિર્જરા થશે અને દેવલોકની પ્રવૃત્તિથી યોગપ્રત્યયિક બંધ થશે. કર્મબંધ હંમેશાં આપણી પરિણતિની પ્રધાનતાએ થતો હોય છે. આમ છતાં આજે આપણે પ્રવૃત્તિ સુધારવા માટે મહેનત કરીએ છીએ, પરિણામ માટે કોઇ મહેનત જ નથી. પ્રવૃત્તિ ટાળવી જ છે, પણ પરિણામ ચલાવવાની ભાવના છે - તે સારી નથી. આસક્તિ ટાળવા માટે પ્રવૃત્તિ છોડીએ તો પરિણામ પણ સુધરે અને પ્રવૃત્તિ પણ સુધરે. આસક્તિ એટલે ન છોડવાનો પરિણામ. પરિણામથી અને પ્રવૃત્તિથી છોડવાની ભાવના ન હોય તેનું નામ આસક્તિ. કર્મ ગમે તેટલું ભયંકર હોય તોપણ તે પરિણામ પેદા કરાવશે, પ્રવૃત્તિ નહિ કરાવે. પ્રવૃત્તિ આપણે કરીએ છીએ. જો એ પ્રવૃત્તિ અટકાવીએ તો પરિણામથી પણ બચી શકાય. આ સંવેગગુણ માટે શ્રી અનાથી મુનિનું કથાનક આપ્યું છે. કથાનક સુપ્રસિદ્ધ છે. તે રાજપુત્રને એક વાર માથાનો સખત દુઃખાવો થયો. ગમે તેટલા ઉપાય કરવા છતાં તે ઓછો પણ ન થયો. આથી તેમણે વિચાર કર્યો કે ‘જો આટલી પણ



વેદના હું સહન કરી શકતો નથી તો ભવિષ્યમાં તો આના કરતાં કંઇકગણું દુઃખ આવવાનું બાકી છે - તો એ કઇ રીતે સહન કરીશ ? એના કરતાં કાયમ માટે દુઃખરહિત બનું એવા ઉપાય સેવી લઉં.’ એમ ચિંતવીને જો વેદના દૂર થાય તો દીક્ષા લઇશ - એવો નિર્ણય કર્યો અને વેદના શાંત થઇ તો દીક્ષા પણ લીધી. આજે આપણને આવો વિચાર આવે ખરો ? સુખ ઉપરથી નજર ખસતી જ નથી ને ? સુખ ઉપરથી નજર ખસેડવી જ પડશે. દુઃખ તો આપણે ભોગવીએ છીએ, સુખની આસક્તિ છોડી નથી શકતા માટે જ સાધુપણું લઇ શકતા નથી અને પાળી શકતા નથી. સમ્યક્ત્વ પામવું હશે તો સુખ ઉપરથી નજર ખસેડવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. સુખ છોડી ન શકો - એ બને. પણ નજર ત્યાં જ ચોંટેલી છે - એની તકલીફ છે. આજે ને આજે સુખ રસ્તા ઉપર ફેંકી દેવાની વાત નથી. પણ સાથે એવા ચોંટી નથી પડવું કે જેથી દુર્ગતિમાં જવું પડે. બે કે ચાર વસ્તુથી નિર્વાહ કરી લેવો છે. સાધુપણામાં તો ગુર્વાદિક જે આપે તે વાપરી લેવું - આ આસક્તિ તોડવાનો ઉપાય છે. **સુખ મળે તો ત્યાગ કરતાં શીખી લેવાનું અને દુઃખ આવે તો વેઠતાં થઇ જવાનું : આ સમ્યક્ત્વ પામવાનો ઉપાય છે.**

પ્રાપ્તિની અપેક્ષાએ પહેલા આસ્તિક્ય એટલે કે ભગવાનના વચન પ્રત્યેની શ્રદ્ધા. ત્યાર બાદ અનુકંપા, પછી નિર્વેદ, પછી સંવેગ અને અંતે મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત ઉપશમભાવની પ્રાપ્તિ થતી હોય છે. સંસારથી ભાગી છૂટવાની કે મોક્ષે જવાની ઇચ્છા વિનાનો ઉપશમભાવ બનાવટી છે. આપણે ઉપશમભાવ નહિ રાખીએ તો સંસારમાં રખડવું પડશે - એવા ભાવથી ઉપશમ રાખવો છે. ‘ઉપશમ નહિ હોય તો સંસારમાં શાંતિથી નહિ રહેવાય’ - એવા આશયથી ઉપશમ નથી રાખવો. છતાં એ રીતે પણ ઉપશમ રાખ્યો હશે તો તે અભ્યાસ કામ લાગશે, માત્ર આશય બદલવાનો રહે. કષ એટલે સંસાર, એનો આય-પ્રાપ્તિ જેના કારણે થાય છે તેને કષાય કહેવાય છે. આ રીતે કષાયના અર્થને આશ્રયીને પણ સંસારથી છૂટવા માટે કષાય નથી કરવા - આ ખરો ઉપશમભાવ છે.

આથી જ ઉપશમ અને સંવેગ પછી 'નિર્વેદ' બતાવ્યો છે. ઉપશમભાવ વાસ્તવિક કોટિનો ત્યારે બને કે જ્યારે તે સંવેગ-મોક્ષાભિલાષ-પૂર્વકનો હોય અને આ સંવેગ પણ ત્યારે જ પ્રગટે કે જ્યારે નિર્વેદ પ્રગટે. નિર્વેદની વ્યાખ્યા કરતી વખતે શાસ્ત્રકારોએ ઘણી ઊંચી અપેક્ષા રાખી છે. અહીં જણાવ્યું છે કે 'નારકચારકસમ ભવ - ઊભગ્યો, તારક જાણીને ધર્મ'. નરકના જીવો જે રીતે નરકમાંથી નીકળવા માટે મહેનત કરે તે રીતે ભવમાંથી નીકળવા મહેનત કરવી તે નિર્વેદ. નરક તો માની લઇએ કે જોઇ નથી, પણ જેલ તો જોઇ છે ને ? તેથી નારક પછી 'ચારક' લખ્યું છે. જેમ જેલમાં રહેલો માણસ જેલમાંથી નીકળવા માટે રાતદિવસ મહેનત કરે તેમ સંસારમાંથી નીકળવા રાતદિવસ મહેનત કરે - તેની પાસે નિર્વેદ છે : એમ સમજવું. પહેલા ગુણઠાણે ચોથે જવાની ઇચ્છા અને પુરુષાર્થ હોવા છતાં જવાતું ન હોય તેમ જ ચોથેથી કે પાંચમેથી છઠ્ઠે-સાતમે જવાની ઇચ્છા અને પુરુષાર્થ હોવા છતાં જો આગળ જવાતું ન હોય તો તે આ કર્મની જેલ છે. ગુણઠાણામાં આગળ ન વધવા દેતી હોય તો તે આ કર્મની દીવાલ છે. આવા વખતે ત્યાંથી નીકળવા માટેનો જે પરિણામ છે તે નિર્વેદ છે. આ સંસારમાંથી નીકળવાનું જેને મન થાય અને તે માટે ધર્મને તારક માનીને તે ધર્મને પામવા સંસારમાંથી નીકળવાને માટે જે મથતો હોય તેની પાસે આ નિર્વેદ નામનું લક્ષણ છે. ચારિત્રધર્મ સંસારથી તારે છે; આ સંસારમાં સુખી કરે છે - એવું નથી : એમ સમજીને ધર્મ કરે એ ધર્મ લેખે લાગે છે. તમને રાતદિવસ સાધુસાધ્વીને જોઇને એમની ઈર્ષ્યા નથી આવતી કે આ લોકો કેટલા સુખી છે ? આટલાં વરસોથી ધર્મ કરો છો પણ સાધુસાધ્વીને જોઇને કાંઇ થતું નથી ?

સ૦ શત્રુંજય જઇ આવ્યા એટલે ભવ્યત્વની છાપ પડી ગઇ !

ભવ્યત્વની છાપ લીધા પછી એનો ઉપયોગ ન કરીએ તો પાછી એની એ જ દશા સર્જાવાની. ભવ્ય જીવો મોક્ષે જવાના એ વાત સાચી પણ ભવ્ય જીવો અનંતોકાળ સંસારમાં રખડે ત્યારે નરકાદિ ગતિમાં જાય છે. જ્યાં ઓછામાં ઓછો દસ હજાર વરસનો કાળ અત્યંત દુઃખમાં પસાર કરવો



પડે છે. તમારે ભવ્યત્વની છાપ પાડવા માટે પાલીતાણા જવાની જરૂર નથી. બત્રીશીમાં કહ્યું છે કે 'હું ભવ્ય છું કે અભવ્ય ?' એવી શંકા પડે તે પણ ભવ્ય છે : એક વાર નક્કી કરો કે સંસારથી ભાગવું છે કે નહિ. જેને સંસારથી ભાગી છૂટવું હોય તેનો મોક્ષનો અભિલાષ વાસ્તવિક છે. શ્રી અધ્યાત્મસારમાં કહ્યું છે કે સંસારને દુઃખમય માનીને સંસારનો ત્યાગ નથી કરવાનો; સંસાર નિર્ગુણ છે, અસાર છે - એમ માનીને નીકળવું તે નિર્વેદ છે. શરીર સારું બનાવવા દીક્ષા નથી લેવી, શરીર અનિત્ય છે માટે દીક્ષા લેવી છે. નિર્વેદ લાવવા માટે સંસારની નિર્ગુણતાનું પરિભાવન કરવાની જરૂર છે. અધ્યાત્મસાર, શાંતસુધારસ, ઉપમિતિભવપ્રપંચા, પ્રશમરતિ વગેરે ગ્રંથનું અધ્યયન કરવાથી સંસારની નિર્ગુણતાનું ભાન થાય છે. નહિ તો છેવટે ગુરુભગવંત કહે છે માટે સંસારને અસાર માની છોડી દેવો છે.

આપણા પરિણામ નિર્ધ્વંસ ન બને તો ભવિષ્યમાં સાધુપણું સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય. બીજાના દુઃખને જોઇને ધ્રૂજારી છૂટે - એનું નામ અનુકંપા. પહેલાં સામી વ્યક્તિ ધ્રૂજે છે, એને જોઇને આપણને ધ્રૂજારી છૂટે માટે એને અનુકંપા કહેવાય છે. **अनु** એટલે **पश्चात्.** પાછળથી જે ક્રિયા થાય તે જણાવવા માટે **अनु** ઉપસર્ગ વપરાય છે. જેમ વાદ એટલે બોલવું અને અનુવાદ એટલે જે બોલ્યા હોય તેનું અનુકરણ કરવું. એવી રીતે કંપના પછી જે કંપ થાય તેને અનુકંપા કહેવાય. આ અનુકંપા એ સમ્યક્ત્વનું ચોથું લક્ષણ છે. આ અનુકંપા ભક્તિપાત્રની નથી કરવાની. જે ભક્તિપાત્ર હોય તેના માટે જો શાસ્ત્રમાં 'અનુકંપા' શબ્દ વાપર્યો હોય તો તે 'અનુકંપા' શબ્દ ભક્તિવાચક છે - એમ સમજી લેવું. જેમ કે '**आयरियअणुकंपाए गच्छो अणुकंपिओ महाभागो**' આચાર્ય-ભગવંતની અનુકંપા-ભક્તિ કરવાથી સમસ્ત ગચ્છની અનુકંપા-ભક્તિ થઇ જાય છે.' જ્યારે અહીં 'અનુકંપા' શબ્દ દયાવાચક છે. સામાના દુઃખને જોઇને આપણા પરિણામ નિર્ધ્વંસ ન બને તે માટે તે દુઃખને દૂર કરવાની ભાવના તેને અનુકંપા કહેવાય. કોઇનું દુઃખ જોઇને આપણને દુઃખ થાય તે અનુકંપા છે. આ અનુકંપા બે પ્રકારની છે. દ્રવ્યાનુકંપા અને ભાવાનુકંપા.

બીજાનું દુઃખ જોઇને તેનું દુઃખ દૂર કરવાની ભાવના જાગે તેને દ્રવ્યાનુકંપા કહેવાય. જે સુપાત્ર નથી તેને જે દાન આપીએ તે સુપાત્રદાન પણ નથી અને અનુકંપાદાન પણ નથી. તે પ્રવૃત્તિ ઉચિતદાનમાં ગણાય. કારણ કે તે સુપાત્ર નથી માટે સુપાત્રદાન નથી અને બિચારા-દીન નથી માટે અનુકંપાદાન પણ નથી. આવા ઉચિતદાનથી નિર્જરા ન થાય, પુણ્ય બંધાય. અનુકંપાદાન પણ પુણ્યબંધનું કારણ છે. છતાં શ્રાવકને હજુ દીક્ષા લેવાની બાકી હોવાથી તે પુણ્ય સાચવી રાખે, ભોગવે નહિ.

બીજાના દુઃખને ટાળવા સ્વરૂપ અનુકંપા દ્રવ્યથી છે જ્યારે ધર્મથી હીન એવા જીવો પ્રત્યે દયા આવે તે ભાવદયા છે. પરંતુ તે માટે આપણને ધર્મ પહેલાં ગમવો જોઇએ. બીજા જીવો ધર્મ પામ્યા વિના સંસારમાં રખડે છે માટે તેમની દયા આવે. આ અનુકંપા જ સાધુપણા સુધી પહોંચાડે છે. દ્રવ્ય અને ભાવ અનુકંપા જેને હોય તેને વિચાર આવે કે 'ગમે તેટલો પ્રયત્ન કરું તોય બીજાનાં દુઃખ ટાળી નહિ શકાય, એના બદલે કોઇ પણ જીવને દુઃખ ન થાય એવું અભયદાન આપવા તૈયાર થઉં.' આ સંસારમાં કોઇને પણ દુઃખ આપ્યા વિના જિવાતું નથી - એવું જેને સમજાય અને બીજાના દુઃખ પ્રત્યે જેને અનુકંપા જાગે તે સાધુ થવા માટે તૈયાર થયા વિના ન રહે. ગૃહસ્થપણામાં બહુ બહુ તો ત્રસ જીવોનું દુઃખ ટાળવા પ્રયત્ન કરી શકાય. પણ પૃથ્વીકાયાદિની અનુકંપા તો દીક્ષા લીધા વિના જાળવી શકાય એવી નથી. આ અનુકંપા પાળતી વખતે સાધુપણું લેવાનો ભાવ ન હોય અને માત્ર પુણ્યબંધની ભાવના હોય તો તેવી અનુકંપાની કોઇ કિંમત નથી. વર્ત્તમાનમાં તો આ દીક્ષાનો આશય રહ્યો નથી. માત્ર જીવ છોડાવવાથી જીવ બચે છે - આ જ ભાવના મોટે ભાગે હોય છે. એના બદલે આપણા પરિણામ નિર્ધ્વંસ ન બને એ રીતે દ્રવ્યભાવદયા કરવી છે.

સમ્યગ્દર્શનનું પાંચમું લક્ષણ આસ્તિક્ય છે. 'અસ્તિ' એટલે 'છે'. આ દુનિયામાં જે જે પદાર્થો 'છે' એમ ભગવાને જણાવ્યું છે તે પદાર્થોને અસ્તિ(છે)રૂપે જે માને છે તેને આસ્તિક કહેવાય. માત્ર આત્માને માને તે આસ્તિક - એવું નથી. આત્માને માનવાનું કામ તો દરેક દર્શનકારો કરે



છે - છતાં તેઓ આસ્તિક નથી, કારણ કે ભગવાન જે પ્રમાણે કહે તે પ્રમાણે જે માને તેને આસ્તિક કહેવાય. જો આત્માને માને તેને આસ્તિક કહેવા હોય તો મિથ્યાદર્શનકારને પણ આસ્તિક માનવા પડશે. આસ્તિક્ય એ સમ્યક્ત્વનું લક્ષણ છે. આ સમકિતીનું લક્ષણ મિથ્યાત્વીમાં ક્યાંથી ઘટે ? અન્યદર્શનકારોને આસ્તિક કહ્યા છે તે તો લોકો કહે છે માટે કહીએ છીએ. બાકી વસ્તુતઃ જે શ્રી જિનેશ્વરભગવંતે કહેલું છે તેને અન્યથા ન માને તેને આસ્તિક કહેવાય. આથી જ **तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं** - જે જિનેશ્વરભગવંતે કહ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું છે - એવું માનવું તે આસ્તિક્ય છે. માત્ર આત્માને કે પુણ્યપાપને માને તે આસ્તિક નથી. આત્માને કથંચિદ્ નિત્યાનિત્ય માને, પુણ્યને ઉપાદેય ન માને અને પાપને હેય માને તે આસ્તિક છે. આ તો આત્માને માને ખરા પણ એકાંતે નિત્ય માને કે અનિત્ય માને, પુણ્યને સર્વથા ઉપાદેય માને, પાપને હેય ન માને, પાપ કરવું પડે છે - એમ માને તો આસ્તિકતા ક્યાંથી આવે ?

સ૦ **जीवाइ नव पयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं...**

**जाणइ** એટલે જાણે એવું નહિ, જીવાદિ નવ તત્ત્વો જાણે, માને અને આદરે એને સમ્યક્ત્વ કહેવાય. જાણવું, માનવું અને કરવું : એ ત્રણેને જુદા પાડવાનું કામ આપણે કર્યું છે. શાસ્ત્રકારોએ આ ભેદ નથી પાડ્યા. જાણ્યા પછી માને નહિ કે કરે નહિ તે જ્ઞાન નથી. જ્ઞાન ક્રિયાને માંગે જ. શ્રી પ્રશમરતિમાં જણાવ્યું છે કે તે જ્ઞાન નથી કે જેના ઉદયમાં રાગાદિ ગણ વિકાસ પામે છે. ચોરને જાણનારા પેલા શેઠની જેમ જ્ઞાનાદિને જાણે તેને સમ્યક્ત્વ ન હોય. જિનેશ્વર ભગવાને જે કહ્યું હોય તે જ સાચું છે - આવી માનવાની તૈયારી કેળવવી જ પડશે.

સ૦ ભગવાને ઉકાળેલું પાણી વાપરવા કહ્યું છે, આજે ઘણા કહે છે આપણા માટે જીવોને મારવા કેમ ?

એવા લોકોને અમારી પાસે લઇ આવો. સચિત્ત પાણી વાપરવામાં આપણા પરિણામ નિર્ધ્વંસ બને છે. જેઓ માંસાહાર કરે છે તેઓ પણ જીવતાને નથી ખાતા, મારીને ખાય છે. જાણવા છતાં સચિત્ત વસ્તુ વાપરવામાં

આપણા પરિણામ નઠોર બને છે, એની સાથે એ પણ કારણ છે કે પાણીમાં જીવોત્પત્તિ સમયે સમયે થતી હોય છે. પાણી ઉકાળવાના કારણે તેમાં યોનિ રહેતી નથી. આથી એવા અચિત્તપાણીને વાપરવાનું જણાવ્યું છે. આજે તો પર્યાવરણવાદી એવી દલીલ કરે છે કે આપણને એક ગ્લાસ પાણી વાપરવું હોય એના માટે ઘડો ભરીને પાણીના જીવની હિંસા કરવાની જરૂર શું છે ? એના બદલે એક ગ્લાસ પાણી સચિત્ત વાપરી લેવું, જેથી એટલી જ હિંસા થાય. આપણે કહેવું પડે કે આ રીતે સચિત્તપાણી વાપરવાથી આપણા પરિણામ નિર્ધ્વંસ બને છે - એ તરફ નજર જ નથી કરતા.

સ૦ ઘણા કહે છે કે યોનિ અચિત્ત થાય તો આખા ગામનું પાણી અચિત્ત કરી નાંખવાનું.

એમને કહેવાનું કે શ્રાવક પોતાને માટે જે રાંધે છે તેમાં ય પાપ માને છે, બીજા માટે રાંધવામાં ય અર્થદંડ માને તો તે અનર્થદંડનું પાપ શા માટે વહોરે ? જેમને માનવું જ નથી તેઓ પોતાની દલીલોને વધાર્યા કરવાના. તેમને આપણે પહોંચી નહિ વળીએ.

સ૦ ઉપવાસમાં અચિત્ત પાણી જ વાપરવાનું છે, તો તેની ધારણા ન કરીએ કે કરીએ એમાં ફરક પડે ?

અચિત્ત પાણી પણ તરસ લાગે ત્યારે વાપરવાનું છે, પછી તેમાં ધારણા આવી જ જવાની છે. અચિત્ત છે માટે વાપરવું - એવું નથી, વાપરવું પડે તો અચિત્ત પાણી વાપરવું - એટલું યાદ રાખવું. ભગવાનની વાત શ્રદ્ધાથી માનવા તૈયાર થવું છે.

સ૦ આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ નહિ કરવાનો ?

સર્વજ્ઞ ભગવંતોની વાત આગળ આપણી બુદ્ધિનો ઉપયોગ કરવાની જરૂર જ નથી. ડૉક્ટર આગળ કે વકીલ આગળ તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરો ખરા ? ભગવાનની વાતને સમજવા માટે પૂછવાની છૂટ. પણ શંકા કરવા માત્રથી નિસ્તાર નહિ થાય. શંકા અને ઈહામાં ફરક છે. શ્રી રત્નાકર અવતારિકામાં જણાવ્યું છે કે શંકા વસ્તુના નિરાકરણમાં તત્પર હોય છે અને ઈહા વસ્તુના સ્વીકારમાં તત્પર હોય છે. ઈહા એ



મતિજ્ઞાનનો ભેદ છે જ્યારે શંકા-સંશય એ મિથ્યાત્વનો ભેદ છે. જિનેશ્વરભગવંતે જે કહ્યું છે તે ઊંધું-અન્યથા હોય જ નહિ - એવો જે દૃઢ રંગ છે તે આસ્તિકતા નામનું પાંચમું લક્ષણ કુમતિનો-દુષ્ટ મતિનો ભંગ કરે છે.

આપણને જે ગમતું નથી એ પણ સ્વીકારવાની તૈયારી હોય અને આપણને જે ગમે છે તે છોડી દેવાની તૈયારી હોય તો આપણે વાસ્તવિક ધર્મ પામી શકીએ અને તેને વાસ્તવિક રીતે આરાધી શકીએ. આ સંસારનાં સુખો ભોગવવા માટે આસ્તિકતાની જરૂર નથી, આ સંસારનાં સુખોનો ત્યાગ કરી કષ્ટસાધ્ય એવી સાધના કરવા માટે આસ્તિકતાની જરૂર છે. પરલોકની શ્રદ્ધા પણ આસ્તિકતા વિના થઈ શકે છે. કારણ કે દેવલોક સ્વરૂપ પરલોક માનવાનું કામ તો અભવ્યો પણ કરે છે, એ માટે આસ્તિકતાની જરૂર જ નથી. પરંતુ નરકતિર્યંચની ગતિને સ્વીકારવા અને ચાર ગતિથી પર એવી પંચમગતિને સ્વીકારવા માટે આસ્તિકતાની જરૂર છે. આપણે જે આપણને અનુકૂળ પડે તેને માની લઈએ અને જે નડે તે છોડી દઈએ - એના માટે આસ્તિકતાની જરૂર જ ક્યાં છે ? સુખને બદલે દીક્ષા ઉપાદેય લાગે તો સાચી આસ્તિકતા આવે. માત્ર આત્મા વગેરે પદાર્થોને માની લઈએ એટલે આસ્તિકતા આવી નથી જતી. ભગવાને જે કહ્યું છે તે આપણને નડતું હોવા છતાં, ગમતું ન હોવા છતાં સ્વીકારી લઈએ તો આસ્તિકતા છે - એમ સમજવું. આજે નવ તત્ત્વોનું જ્ઞાન લોકોને સારામાં સારું સમજાવીએ પણ હૈયાથી એકે વસ્તુ - એકે તત્ત્વ માનીએ નહીં તો આસ્તિકતા ક્યાંથી આવે ? જે દિવસે દીક્ષા લેવાજેવી લાગશે તે દિવસે આસ્તિકતા આવશે. દીક્ષા લીધેલાને પણ દીક્ષા ઉપાદેય લાગે છે કે નહિ - એ પૂછવું પડે એમ છે. સુખ જ ઉપાદેય લાગ્યા કરે અને દીક્ષા ઉપાદેય લાગે જ નહિ તો આસ્તિકતા નહિ જ આવે. દીક્ષા નુકસાનકારક ભલે ન લાગતી હોય પણ સાથે ફાયદાકારક પણ નથી લાગતી. સંસારના સુખ સામે જ નજર માંડીને બેઠા છે - એ લોકો પરમ નાસ્તિક છે.

સ૦ લોકો વર્ત્તમાનને જ જોનારા છે ને ?

એવું નથી, ભવિષ્યને ન માને એવો જીવ લાવવો ક્યાંથી ? ગાડીમાં બેસો ત્યારે પણ અકસ્માતનો ભય લાગે તો વર્ત્તમાનને જ માને છે - એવું ક્યાંથી કહેવાય ? રોગ ભવિષ્યમાં આવવાનો છે છતાં સાવધાની વર્ત્તમાનમાં આવે તે ભવિષ્યને માનવાથી જ ને ? ભાણા ઉપરથી ઊભા પણ તે થાય કે જે ભવિષ્યને માને. સ્વાદ આવતો હોવા છતાં પેટ ન બગડે માટે ભાણા ઉપરથી ઊભા થાય ને ? સાચા નાસ્તિક પણ આ દુનિયામાં મળે એવા નથી અને સાચા આસ્તિક પણ મળવા મુશ્કેલ છે. સામાન્યથી અતીન્દ્રિય એવા આત્મા; પરલોક, પુણ્ય, પાપ વગેરે તત્ત્વોને જે માને તેનું નામ આસ્તિક - આવી વ્યાખ્યા તો પ્રસિદ્ધ છે છતાં પણ અહીં એવી વ્યાખ્યા ન કરતાં 'જિનભાષિત અન્યથા ન હોય' એવી દૃઢતાને આસ્તિકતા તરીકે જણાવી છે. તેનું કારણ એ છે કે પેલી લૌકિક આસ્તિકતા છે, જ્યારે આ લોકોત્તર આસ્તિકતા છે. લોકોત્તર આસ્તિકતા એ સમ્યગ્દર્શનનું મૂળ છે, લૌકિક આસ્તિકતા નહિ. પુણ્યપાપને માન્યા પછી પણ પાપ ન છોડ્યું અને પુણ્ય ભેગું કરવા મંડી પડ્યા : આ આસ્તિકતાનાં લક્ષણ નથી. તમને જ નહિ, અમને પણ પુણ્ય જ ગમતું હોય તો સમ્યક્ત્વ ક્યાંથી આવે ? અમને પણ પુણ્ય છોડનાર અમારો ચેલો એટલો ન ગમે જેટલો પુણ્યશાળી ભગત ગમે ! ચેલાને ખખડાવીએ, ભગતને સાચવીએ. કારણ કે પૈસો છોડનાર નથી ગમતા, પૈસો ખરચનાર ગમે છે. આ બધાનું કારણ એક જ છે કે દીક્ષા લીધા પછી પણ શ્રદ્ધા બોદી છે માટે દીક્ષા પળાતી નથી. સમ્યક્ત્વ પામવું હશે તો લોકોત્તર આસ્તિકતા કેળવવા પ્રયત્ન કરવો પડશે.

❖ ❖ ❖



## ઢાળ નવમી : છ જયણા

**પર-તીરથી, પરના સુર, તેણે ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ,**
**વંદન-પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેદ રે ભવિકા !**
**સમકિત-યતના કીજે. (૪૬)**
**વંદન તે કર-યોજન કહીએ, નમન તે શીષ નમાવે,**
**દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ-ભગતિ દેખાવે રે.**
**ભ૦ (૪૭)**
**અનુપ્રદાન તે તેહને કહીએ વારંવાર જે દાન,**
**દોષ કુપાત્રે પાત્ર-મતિએ, નહિ અનુકંપા માન રે.**
**ભ૦ (૪૮)**
**અણ બોલાવ્યે જેહ બોલવું, તે કહીએ આલાપઃ**
**વારંવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે.**
**ભ૦ (૪૯)**
**એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર,**
**એમાં પણ કારણથી જયણા, તેહના અનેક-પ્રકાર.**
**ભ૦ (૫૦)**

આસ્તિકતા એ પ્રાપ્તિની અપેક્ષાએ સમ્યક્ત્વનું પહેલું લક્ષણ છે. આ આસ્તિકતા જેની પાસે હોય તેને આ જયણા રાખવાનું કહેવું ન પડે. એને પોતાને જ થાય કે અન્યદર્શનીની સાથે વંદનાદિનો કે આલાપસંલાપાદિનો વ્યવહાર નથી કરવો. સમ્યગ્દર્શન પામ્યા પછી ભૂતકાળની બધી જ ટેવો છોડવી પડે. પહેલા અન્યના મંદિરમાં જતા, તેમના મહોત્સવપ્રસંગે જતા, તેમને હાથ જોડતાં, જયશ્રીકૃષ્ણ વગેરે કહેતા હતા... આ બધી જ ટેવો હવે છોડવી પડશે. તે જ આશયથી આ છ પ્રકારની જયણા બતાવી છે. જયણા એટલે છૂટ નથી. જયણા એટલે યતના

અને યતના એટલે એક પ્રકારની રક્ષા. આપણા આત્માની, આપણા વ્રતની રક્ષા જેના કારણે થાય તેને યતના કહેવાય છે. આજે જયણાનો અર્થ 'છૂટ' કરીને જેઓ સમજાવે છે તે બરાબર નથી. મુહપત્તીના બોલમાં જે જયણા છે તે પણ પરમાર્થથી વ્રતની રક્ષા સ્વરૂપ અર્થમાં જ છે. કારણ કે જે જીવોની રક્ષા થઇ શકે એવી નથી એ જીવોસંબંધી વ્રત લીધું ન હોવાથી વ્રતની રક્ષા થઇ જાય છે. તે વખતે જીવહિંસાની છૂટ આપવાનો આશય નથી, વ્રતભંગ ન થાય અને વ્રતની રક્ષા થાય એવો આશય છે. 'યતના'નો અર્થ 'વિરાધનાથી બચવું' તે પણ છે અને 'ગુણની રક્ષા કરવી' તે પણ યતના કહેવાય છે. જો ગુણની-વ્રતની રક્ષા નહિ થાય તો પરિણામે વિરાધના થવાની જ છે. આ રીતે તાત્પર્યાર્થ એક હોવાથી 'યતના'નો અર્થ 'રક્ષા' કર્યો છે. આવેલા ગુણો આંખના પલકારામાં જતા રહેતા હોય છે એવા વખતે એ ગુણોને ટકાવવા માટે ઉત્કટ કોટિનો પ્રયત્ન કરવો પડે. એ માટે જ આ યતના બતાવી છે. શ્રી મહાવીરસ્વામી પરમાત્મા પૂર્વભવમાં માત્ર એકવચનના કારણે સમ્યગ્દર્શન ગુમાવી બેઠા. અશુભ પરિણામ આવ્યા પછી તેનો તરત અમલ ન કરો, થોડી વાર થોભી જાઓ તો એ પરિણામ થોડી વારમાં જતા રહેશે. નહિ જાય તોપણ આવેગ તો ઓછો થઇ જાય. સારી પ્રવૃત્તિમાં જીવવાનું કામ કપરું છે, એની ના નહિ. પણ સારા પરિણામમાં રમવાનું કામ એટલું કપરું નથી. આપણે ધારીએ તો એ અવસ્થામાં મજેથી જીવી શકીએ. કોઇ ઉઘરાણી ન આપે તોય આર્ત્તધ્યાન કરવાની જરૂર નથી. આપણા નસીબમાં હશે તો દેવાદાર સામેથી આપી જશે અને જો નસીબમાં નહિ હોય તો ગમે તેટલું માંગવા છતાં નહિ જ આપે. તેમાં આટલી બધી હાયવોય શું ? આપણે રસ્તે રખડતા તો નથી ને ? આ ઉઘરાણી ખાતર માબાપ, સગાસંબંધી, પરિચિતને શા માટે સંતાપ પહોંચાડવો ? મહેરબાની કરીને આવું કામ ના કરશો. આપણે જેને આપણું લેણું માનીએ છીએ તે જ્ઞાનીની દૃષ્ટિએ દેવું હોઇ શકે. આપણે કોઇકનું લઇને જલસા કર્યા હશે તેથી જ આજે એ આપણું લઇને જલસા કરે છે, દેવું ચૂકવતો નથી. એક વાર આશા



મૂકી દો, તો શાંતિ સ્થપાઇ જશે. એક વાર આચાર્યભગવંતે કહ્યું હતું કે **આ દુનિયાની નાશવંત ચીજો પર અધિકાર જમાવવો એ મોટામાં મોટી બેવકૂફી છે.** આજે તમે ખોટા દૃષ્ટિકોણથી વિચારો છો માટે દુઃખી થાઓ છો. તમને એક વાર કહ્યું હતું કે - આપણને જે દુઃખ આવ્યું છે તેના કરતાં દુઃખ આપણે આપ્યું છે વધારે; કયા મોઢે દુઃખની ફરિયાદ કરીએ ?

સમ્યક્ત્વગુણની રક્ષા માટે છ જયણા છે. જે પર એટલે અન્યદર્શનીના તીર્થ હોય, તેમના દેવો હોય તેમને વંદન-નમન ન કરવું તેમ જ અન્યદર્શની કે તેમના દેવ વડે ગ્રહણ કરાયેલા આપણા ચૈત્યમાં પણ વંદન વગેરે ન કરવું. વંદન એટલે હાથ જોડવા અને નમન એટલે માથું નમાવવું. આજે ઘણા કહે કે 'મત્થએણ વંદામિ' કહેવામાં મિથ્યાત્વ લાગી જાય ? અહીં જણાવ્યું છે કે - આ વંદન અને નમન જો કરવામાં આવે તો વ્રતની રક્ષા નહિ થાય. કારણ કે ગુણની કિંમત સમજાઇ ન હોવાથી અન્યદર્શની કે મિથ્યાત્વીને વંદનાદિ કરવાનું બને છે. દાન એટલે તેમને ઇષ્ટ એવા અન્નાદિનું દાન ન કરવું. ઉપાધ્યાયજી મહારાજે શરત બહુ આકરી બતાવી છે - એવું તમને લાગશે પણ એને સ્વીકાર્યા વગર નહિ ચાલે.

સ૦ ઉચિતદાન પણ નહિ આપવાનું ?

ઉચિતદાનની ના નથી. આ તો ગૌરવભક્તિપૂર્વક જે સુપાત્રદાન આપવાનું છે - એની ના પાડી છે. તેમને સાધુ કે સુપાત્ર માનીને આપો, તો વ્રતની રક્ષા નહિ જ થાય. આથી તેમને દાન કરવાની એટલે કે સુપાત્રદાન કરવાની ના પાડી છે - આ ત્રીજી જયણા છે. આ દાન કરવાની ના પાડ્યા પછી અનુપ્રદાનની ના પાડી છે. અનુપ્રદાન એટલે વારંવાર આપવું તે. આ રીતે અનુપ્રદાન ન કરવું એ ચોથી જયણા છે, અહીં ઉચિતદાનની વાત નથી. આપણા પરિણામ નિર્ધ્વંસ ન બને કે ધર્મ ન વગોવાય તે માટે ઉચિતદાન કરવાની ના નથી. ઘરે આવ્યા માટે આપી દેવું - એ જુદી વાત છે અને શોધી શોધીને આપવું, 'આ પણ એક માર્ગ છે' એમ સમજીને આપવું - એ જુદું. આવેલાનું ઔચિત્ય જાળવવાની ના નથી, પણ શોધી શોધીને આપવું એ તો એક પ્રકારની ભક્તિ જ

છે. આવી ભક્તિ એક વાર પણ ન કરવી, અનેકવાર પણ ન કરવી. એક વાર ભૂલથી થાય પણ વારંવાર તો ન જ કરવી - તે જણાવવા માટે ચોથી જયણા છે. અહીં જણાવે છે કે કુપાત્રને પાત્રમતિએ આપવામાં દોષ લાગે છે, તેને અનુકંપા પણ ન કહેવાય. કારણ કે અનુકંપા તો દીનદુઃખી અનાથ વગેરેની હોય. આ તો સુપાત્ર પણ નથી અને અનુકંપાપાત્ર પણ નથી. તેથી તેને ઉચિતદાન આપવાનું જણાવ્યું છે. આ તો દાન આપે અને પાછા કહે કે– 'આપણે તો એમને સારા માનીને આપીએ, એમનું એ જાણે...' આ તો બધો માત્ર વાણીનો વિલાસ છે.

સ૦ ઉચિતદાનથી પણ પુણ્ય બંધાય ?

તમે પુણ્યબંધ ઉપર નજર શા માટે રાખો છો ? દાનથી પુણ્ય બંધાય છે - એની ના નહિ, પરંતુ દાન પુણ્ય બાંધવા માટે નથી, ભવથી નિસ્તરવા માટે અને ધનની મૂર્ચ્છા ઉતારવા માટે છે. ગૃહસ્થપણાનાં બધાં જ ધર્માનુષ્ઠાનનું ફળ ચારિત્રમોહનીય કર્મની નિર્જરા છે - એટલું યાદ રાખવું. ઔચિત્ય તમારે કે અમારે જાળવવું પડે - એ જુદી વાત. અમારે પણ અમારી સામાચારીનો કે સિદ્ધાંતનો ભંગ ન થાય એ રીતે ઔચિત્ય જાળવવાનું. આ કામ પણ વડીલોનું - ગીતાર્થ ગુરુભગવંતોનું છે; નાના સાધુએ જાતે આ ઔચિત્ય જાળવવાની જરૂર નથી. આચાર્યભગવંત કહે એટલું કરવાનું. આજે તો બધાને જ સરખા માનવા અને કોઇનો ભેદભાવ ન કરવો - એમાં ગૌરવ મનાય છે. આવું કરનારા આ સજ્ઝાય ભણ્યા નથી - એમ કહેવું પડે. 'દિગંબરો કે સ્થાનકવાસીને આપણા ભાઇ માનવા જોઇએ, ચારે ફીરકા છેવટે જૈન જ છે...' આવું આવું બોલે તેઓ જયણા કઇ રીતે જાળવી શકે ? જેઓ ભગવાનની મૂર્ત્તિને ન માને તેને આપણા ભાઇ કહેવાય ? જે દિગંબરને શાસ્ત્રકારોએ દસમા નિહ્નવ તરીકે જાહેર કર્યા તેના અનુયાયીને આપણા ભાઇ મનાય ? ઔચિત્ય તો એમનું પણ જાળવી લઇએ. પરંતુ તેમને ભાઇ માનવાની વાત ન કરાય. જેઓ ભગવાનની એક પણ વાતને ન માને તેને મિથ્યાત્વી કહેવાય. એ મિથ્યાત્વીની સાથે વંદન, નમન, દાન, અનુપ્રદાન કે આલાપસંલાપનો



વ્યવહાર ન કરવો. આમાં તેમનો તિરસ્કાર નથી, આ પ્રયત્ન આપણા વ્રતની રક્ષા માટેનો છે. તિરસ્કાર જૈનેતરનો પણ નથી કરતા તો આ કહેવાતા જૈનોનો શા માટે કરીએ ? તેમનો સત્કાર ન કરીએ એને તેઓ તિરસ્કાર સમજે - એનો કોઇ ઉપાય નથી. આપણને પુણ્યથી મળેલી વસ્તુને જ્યાં-ત્યાં નાખવાની વાત નહિ કરવાની. ઔચિત્ય જાળવવા માટે આપીએ એ જુદી વાત, બાકી તો મળેલી વસ્તુને ભક્તિપૂર્વક પાત્રમાં જ આપવી છે. આજે આપણે જયણા પાળી નથી શકતા તેનું કારણ એક જ છે કે બધાની સાથેના સંબંધ જાળવી રાખવા છે. આપણે લોકોના સંબંધ જાળવવાને બદલે કર્મનો સંબંધ તોડવા માટે મહેનત કરવી છે. ચાર ફીરકાને સમકિતી માનવાની વાત મિથ્યાત્વના ઘરની છે. તેમના ઘરે મિઠાઇનું બોક્સ મોકલવાનું, પણ તેમને તિલક કરી બહુમાન કરવાની જરૂર નથી. અપાત્રને પાત્ર માનીને આપવું એમાં મિથ્યાત્વ, આજ્ઞાભંગ, અનવસ્થા અને વિરાધના : આ ચાર દોષ લાગે.

આ દુનિયાના દરેક ક્ષેત્રમાં આપણે શ્રદ્ધાથી જ કામ લેતા હોઇએ છીએ. એક આ ધર્મના ક્ષેત્રમાં જ શ્રદ્ધાને બદલે દલીલોથી કામ લઇએ છીએ. ભગવાને જે જે આજ્ઞાઓ આપી છે તે એકાંતે આપણા માટે હિતકારક છે. એમાં દલીલ કરવાને બદલે શ્રદ્ધા કેળવવાની જરૂર છે. ચાર પ્રકારની જયણા આપણે જોઇ ગયા. પાંચમી જયણા એટલે આવા પરતીર્થિકોની સાથે આલાપ - સામેથી વાત ન કરાય. તેમની સાથે વગર બોલાવ્યે બોલવું તેને આલાપ કહેવાય અને વારંવાર આલાપ કરવો તેને સંલાપ કહેવાય. આવો આલાપ કે સંલાપ ન કરવો - એ પાંચમી અને છઠ્ઠી જયણા છે. આ જયણાથી સમકિત પણ દીપે છે અને વ્યવહાર પણ દીપે છે. વ્રતરક્ષા માટે જે કોઇ પ્રયત્ન કરાય તે બધો જ જયણાસ્વરૂપ છે. તેથી જ અનેક પ્રકારની જયણા જણાવી છે. અહીં આ જયણાનું પાલન કરનાર ગોશાળાના મતના ઉપાસક એવા કુંભારનું દૃષ્ટાંત ઉપાસકદશાંગનામના અંગમાં આવે છે. એક વાર એ કુંભારે બધાં માટીનાં વાસણો બનાવીને મૂક્યાં હતાં. ત્યાં ભગવાન આવ્યા ને ભગવાને પૂછ્યું–

'આ વાસણ કઇ રીતે બનાવ્યાં ?' પેલો સમજી ગયો કે ભગવાન શું કહેવા માંગે છે. જો 'મેં બનાવ્યાં' - એમ કહે તો પોતાના નિયતિવાદનું ખંડન થાય. 'આ દુનિયામાં જે વસ્તુ જ્યારે થવાની હોય ત્યારે જ થાય છે તેમાં કર્મ કે પુરુષાર્થ કામ નથી લાગતા.' : આવી નિયતિવાદની માન્યતા છે. આથી તેણે કહ્યું કે - 'આ તો એવી નિયતિ હતી માટે વાસણો થયાં.' ભગવાને ફરી પૂછ્યું કે— 'આ વાસણો કોઇ લાકડીથી ફોડી નાંખે અને તારી સ્ત્રી સાથે ભોગવિલાસ કરે તો તું શું કરે ?' ત્યારે તેણે કહ્યું કે— 'હું તેનું અકાળે મૃત્યુ લાવું.' તો ભગવાને કહ્યું કે— 'આ નિયતિવાદ તો હવે ન રહ્યો ને ?' આ સાંભળીને પેલો કુંભાર પ્રતિબોધ પામ્યો અને ભગવાનનો ઉપાસક બન્યો. ભગવાન ત્યાંથી ચાલ્યા ગયા. ગોશાળાને ખબર પડી કે પોતાના ભક્તને ભગવાને પ્રતિબોધ્યો કે તરત જ ત્યાં આવ્યો. પેલો તો મોઢું ચઢાવીને બેઠો, બોલાવતો પણ નથી. આથી ગોશાળાએ તેને બોલાવવા ભગવાનના નામે વાત કરવાની શરૂઆત કરી. આજે અમારે ત્યાં પણ આ જ શૈલી અપનાવાય છે. ભગવાનના નામે વાત કરીને લોકોને પોતાની વાતમાં ખેંચવાનું કામ ચાલુ છે. કુંભારશ્રાવકે તો કહ્યું કે તમે ભગવાન સાથે વાદ કરો પછી તમને માનું. ગોશાળાએ કહ્યું કે ભગવાન સાથે વાદ કરું તો ભગવાન તો મને ચૂપ જ કરી દે. ભગવાનની આગળ વાદ કરવાનું મારું સામર્થ્ય નથી - એમ કહ્યું. એટલે કુંભારશ્રાવકે કહ્યું તમે ભગવાનને આટલા સમર્થ માનો છો માટે આજે તમને ભિક્ષા આપીશ. બાકી હવે હું તમને ગુરુ નથી માનતો. ગોશાળાએ જોયું કે હવે કશું ચાલે એવું નથી તેથી ત્યાંથી ચાલ્યો ગયો. આ બાજુ પેલા શ્રાવક બનેલા કુંભારે અગિયાર પ્રતિમા વહન કરી. તેના વ્રતની પ્રશંસા ઇન્દ્રાદિક દેવતાએ કરી એટલે મિથ્યાત્વી દેવ પરીક્ષા કરવા આવ્યો. રાત્રિમાં પૌષધ લઇને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા હતા તે વખતે તેમના પુત્રને મારીને તેનું લોહી શ્રાવક ઉપર છાંટ્યું છે એમ જણાવીને હવે પત્નીને મારી નાંખવાની વાત કરી. એટલે પેલો શ્રાવક રાડ પાડીને ઊભો થયો. દેવતા ભાગી ગયો. પેલી સ્ત્રી રાડથી જાગી ગઇ. ત્યાં આવીને પૂછ્યું.



પેલાએ વિગત કહી. સ્ત્રીએ કહ્યું કે કોઇ પુત્ર મર્યો નથી, આ તો દેવમાયા છે અને મને કદાચ મારી નાંખે તો શું વાંધો હતો. તમે તમારા વ્રતનો ભંગ શા માટે કર્યો ? આમ કહીને ભગવાન પાસે આલોચના લેવા જણાવ્યું. તમારા ઘરમાં આવું કહેનાર કોઇ છે ? તમારા ઘરમાં તમને કેમ ફાવે છે ? જ્યાં સમ્યક્ત્વ પામવાની કોઇ સંભાવના નથી એવા સ્થાનમાં તમે રહો છો ને ? લાગે છે કે— તમને સમ્યક્ત્વ જોઇતું નથી માટે તમને ઘરમાં રહેવું ફાવે છે ! આ શ્રાવક આલોચના લઇ શુદ્ધ થયો. ત્યાંથી કાળ કરી પાંચમા દેવલોકમાં ગયો. આવતા ભવમાં મહાવિદેહમાં જન્મ લઇને મોક્ષે જશે. આ બધો પ્રભાવ વ્રતરક્ષા-જયણાનો હતો.

❖ ❖ ❖

## ઢાળ દસમી : છ આગાર

**શુદ્ધ-ધર્મથી નવિ ચળે અતિ-દઢ-ગુણ-આધાર લલના,**
**તોપણ જે નહિ એહવા, તેહને એહ આગાર લલના. (૫૧)**
**બોલ્યું તેહવું પાળીએ, દંતિ-દંત-સમ બોલ લલના,**
**સજ્જન ને દુર્જન તણા કચ્છપ-કોટિને તોલ લલના.**
**બોલ્યું૦ (૫૨)**
**રાજા નગરાદિકનો ધણી, તસ શાસન અભિયોગ લલના,**
**તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ-સંયોગ લલના.**
**બોલ્યું૦ (૫૩)**
**મેળો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના,**
**ક્ષેત્રપાલાડડદિક દેવતા, તાતાડડદિક ગુરુ-ઠાણ લલના.**
**બોલ્યું૦ (૫૪)**
**વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ-કાંતાર લલના,**
**તે હેતે દૂષણ નહીં, કરતા અન્ય આચાર લલના.**
**બોલ્યું૦ (૫૫)**

વ્રતની વિરાધનાથી બચવા માટે વ્રતમાં જે છૂટ આપેલી હોય તેને આગાર કહેવાય. આપણા સત્ત્વની અલ્પતાના કારણે જેનું પાલન થઇ શકે એવું ન હોય એવા વિષયનો વ્રતમાં સમાવેશ જ ન કરવામાં આવે, તે વિષયને આગાર કહેવાય. વ્રતનું ખંડન ન થાય એ આશયથી વ્રતમાં જેનો સમાવેશ થતો નથી, તેને આગાર કહેવાય છે. જયણામાં વ્રતના પાલન માટે સત્ત્વ કેળવવાની વાત જણાવી ત્યાર બાદ જેઓ પાસે તેવું સત્ત્વ ન હોય તેવાઓ પણ વ્રતથી વંચિત ન રહે અને તેમનું વ્રત ખંડિત ન થાય તે માટે આ આગાર બતાવ્યા છે. આ રીતે ગુણની વૃદ્ધિ અને સુરક્ષા : આ બેને લઇને જયણા પછી આગારનું વર્ણન સંગત છે. પ્રાણાંત કષ્ટ આવ્યા



પછી સત્ત્વશાળી પુરુષો વ્રતનું પાલન સારામાં સારી રીતે કરતા હોય છે. જેમની પાસે એવું સત્ત્વ ન હોય તેમના માટે આ આગારોનું વર્ણન છે. આવા વખતે 'છૂટ લીધી છે કે રાખી છે' એવું માનવાને બદલે 'એટલા અંશમાં વ્રત નથી લીધું' એમ સમજવું. છૂટ લીધી છે - એવું બોલવામાં અવિરતિ ભોગવવાનું મન પડ્યું છે - એવું લાગે. જ્યારે 'વ્રત નથી લીધું' તેમ બોલવામાં અવિરતિની હાજરી માત્ર જણાય છે. આવા પ્રકારના આગાર કોઇ પણ પચ્ચખ્ખાણમાં હોય છે તેમ જ કાઉસ્સગ્ગમાં પણ હોય છે.

સ૦ છીંકનો આગાર રાખેલો હોવા છતાં છીંક આવે તો પ્રાયશ્ચિત્ત કેમ અપાય છે ?

આપણા પરિણામ નિર્ધ્વંસ ન બને તે માટે. છીંક એ અપમંગલ ગણાય છે. શાસનદેવીની સ્તવના કરતાં છીંક આવે તો તે કોપાયમાન થઇ ઉપદ્રવ કરે એવું બને માટે તે છીંક ટાળવાનું જણાવ્યું અને ફરી કરવા કહ્યું. ચાલુ પ્રતિક્રમણમાં સિદ્ધાણં બુદ્ધાણંથી માંડીને સ્તુતિ બોલીએ ત્યાં સુધી અને શાંતિમાં છીંક આવે તો ફરી કરવું. પક્ખી પ્રતિક્રમણમાં આલોચનાનું કાર્ય (અતિચાર) પૂરું ન થાય ત્યાં સુધી છીંક ન થવી જોઇએ. ત્યાર બાદ થાય તો ક્ષુદ્રોપદ્રવ(સામાન્ય-તુચ્છ ઉપદ્રવ) ઉડાડવા માટે કાઉસ્સગ્ગ કરાવાય છે : એ જ એનું પ્રાયશ્ચિત્ત છે. એ સિવાય બીજી આલોચના કે સત્તરભેદી પૂજાનું વિધાન ક્યાંય જણાવેલ નથી. આ તો ઉપયુક્ત રહેવા માટેનો ઉપાય છે. છીંક ટાળવા માટે અપ્રમત્ત રહેવું - તે જણાવવું છે.

જેમણે આગાર રાખ્યા છે તેઓ પણ ધર્મથી ચલાયમાન નથી થતા, છતાં શુદ્ધ ધર્મથી ચલાયમાન થાય છે. તેથી જ પહેલી ગાથામાં જણાવ્યું છે કે 'શુદ્ધ ધર્મથી નવિ ચળે, અતિદઢ ગુણ આધાર...' જેઓ શુદ્ધ ધર્મથી ચલાયમાન થાય એવા નથી તેમના ગુણો અત્યંત દઢ હોય છે. આ દઢગુણ સ્વરૂપ આધારના યોગે જ તે શુદ્ધ ધર્મથી ચલાયમાન થતા નથી. છતાં પણ જેમની પાસે આવી ગુણની દઢતા ન હોય તેમના માટે આ આગાર છે. આ આગાર બધા જીવો માટે નથી, મંદ જીવો માટે અલ્પ-સત્ત્વશાળી

જીવો માટે છે. દઢતા એને કહેવાય કે જેવું બોલ્યા હોઇએ એવું પાળીએ. દન્તી-હાથીના દાંત જેવા નીકળ્યા હોય તે પાછા નથી જતા.તેમ સમકિતીનાં વચન નીકળ્યાં હોય તે મિથ્યા નથી થતાં, તેથી જેવું બોલ્યા હોય, પ્રતિજ્ઞા લીધી હોય તેવું જ પાલન કરવું જોઇએ. સજ્જનના બોલ હાથીદાંત જેવા હોય અને દુર્જનના બોલ કચ્છપકોટિ-કાચબાની ડોક જેવા હોય છે. કાચબાની ડોક બહાર નીકળીને તરત પાછી અંદર જતી રહે છે. સજ્જનો પાછાં ખેંચવાં પડે એવાં વચન બોલતા જ નથી. આ તો ઘડીકમાં દેરાસરમાં દેખાય ને ઘડીકમાં હનુમાનના મંદિરમાં જોવા મળે : આ બધા કચ્છપની ડોક જેવા છે.

સ૦ વરસમાં એક વાર શંખેશ્વર કે પાલિતાણા જવાનો કે એક સો આઠ પાર્શ્વનાથની પૂજાનો નિયમ લઇએ તો ?

રોજ પૂજા-દર્શન નથી કરતા ને ત્યાં એક દિવસ માટે જાય છે તે શેના માટે જાય છે ? તરવા માટે ? તમારો આશય ભૂંડો છે, માટે આવો નિયમ ન કરાય. સાધુ થવા માટે જતા હો તો જુદી વાત. બાકી સંસારના આશયથી તીર્થસ્થાનમાં કે દેરાસરમાં જવામાં તો લોકોત્તર મિથ્યાત્વ લાગે છે. તીર્થભૂમિ પણ વચનના યોગે તારે છે. સંસારથી તરવા ને સાધુ થવાના આશયથી રોજ યાત્રા કરો - તો ય વાંધો નથી.

સ૦ આવા નિયમથી પણ ધર્મની સામગ્રી મળે ને ?

શ્રી અધ્યાત્મસારમાં પણ જણાવ્યું છે કે મોક્ષના આશયથી જે અનુષ્ઠાન કરવામાં આવે તેનાથી મોક્ષબાધકનો બાધ થાય છે. ધર્મની સામગ્રી તેને મળે કે જેને સંસાર છોડીને મોક્ષમાં જવું હોય. તીર્થયાત્રા કરવા માટે સાધુસાધ્વીએ પણ માર્ગમાં તીર્થ આવતું હોય તો તીર્થનો અનાદર કરીને ન જવાય માટે જવું. બાકી યાત્રા કરવા માટે દોષોનું સેવન કરી તીર્થસ્થાનમાં વિહાર કરીને જવું - એવું સાધુસાધ્વી માટે વિધાન નથી. અમને આચાર્યભગવંત પાલિતાણામાં રહેવાની પણ ના પાડતા. ઉપવાસ કરીને યાત્રા કરી, ઘેટીએ પારણું કરવા જવાનું કહેતા.



છ આગારમાં પહેલો (૧) રાજાભિયોગ છે. અભિયોગ એટલે એક પ્રકારનો બળાત્કાર. રાજા જો બળાત્કાર કરે અને એના યોગે મિથ્યાત્વની કરણી કરવી પડે તો તે વખતે સમ્યક્ત્વ વ્રત ભાંગતું નથી. અભિયોગ એટલે ન છૂટકે કરવું પડે તે. કાર્ત્તિક શેઠે રાજાના અભિયોગથી ગૈરિક તાપસને જમાડ્યો છતાં સમ્યક્ત્વ વ્રત ભાંગ્યું નહિ. ગૈરિક તાપસ માસક્ષમણના પારણે માસક્ષમણ કરતો હતો. આખું ગામ ઊલટ્યું, માત્ર કાર્ત્તિક શેઠ જતા ન હતા. આથી તેને દુઃખ થતું. આપણને પણ હજાર જણા વંદન કરતા હોય પણ એક જણ વંદન ન કરે તો માઠું લાગે ને ? રાજાએ ગૈરિક તાપસને જમવા બોલાવ્યો, તેણે કહ્યું કે કાર્ત્તિક શેઠ પીરસે તો આવું. રાજાના કહેવાથી કાર્ત્તિક શેઠ જ્યારે તાપસને પીરસવા આવ્યા ત્યારે ગૈરિકે નાક ઉપર આંગળી કરીને બતાવ્યું કે તારું નાક કાપ્યું. કાર્ત્તિક શેઠ વિચારે છે કે દીક્ષા ન લીધી માટે આવો પરાભવ વેઠવાનો વખત આવ્યો. બીજા દિવસે દીક્ષા લીધી. અગિયારઅંગનું અધ્યયન કરી સૌધર્મ ઇન્દ્ર થયા અને ગૈરિક તાપસ તેમનો હાથી થયો. એક વાર કાર્ત્તિક શેઠને નમાવ્યા તેના બદલામાં આખી જિંદગી નમવાનો વખત આવ્યો.

કેવળજ્ઞાની ભગવંતોએ કેવળજ્ઞાનથી સર્વ જીવોના સ્વભાવ તથા સંયોગો જોઇને પછી જ આ માર્ગ બતાવ્યો છે. તેથી જે વ્રત વગેરે બતાવ્યાં છે તેનો ભંગ ન થાય એ રીતે તેને ગ્રહણ કરવાનો ઉપાય બતાવ્યો છે. અધર્મની પ્રવૃત્તિ ટાળવી એ ધર્મ છે, માત્ર ધર્મની આરાધના કરવી એ ધર્મ નથી. પાપથી વિરામ પામવું એ ધર્મ છે, પુણ્ય બાંધવું એ ધર્મ નથી. કર્મનો વિયોગ જેમાં થાય એ ધર્મ છે. કર્મનો યોગ જ્યાં સુધી પડ્યો છે ત્યાં સુધી કર્મ બંધાવાનાં જ. આમ છતાં આપણને કર્મબંધની ચિંતા નથી, કર્મ ઉદયમાં ન આવે એની ચિંતા છે ! કર્મ બાંધ્યાં હશે તો ઉદયમાં આવવાનાં જ છે. ડાહ્યા માણસનું કર્ત્તવ્ય છે કે કર્મ બંધાય નહિ - એ રીતે પ્રયત્ન કરવો. તેરમે ગુણઠાણે સત્તામાં પંચ્યાશી પ્રકૃતિ હોવા છતાં બંધમાં માત્ર એક જ હોય અને તેમાં ય પાછો યોગપ્રત્યયિક બંધ થાય છે. આજે અશુભનો ઉદય ટાળવા અને શુભની ઉદીરણા કરવા માટેનો

પ્રયત્ન ચાલુ છે ને ? આ સંસારમાં જેટલાં સુખનાં સાધનો છે તે બધાં જ શાતાની ઉદીરણાનાં સાધન છે. તમે જે સાધન વસાવ્યાં છે એ બધાં અવિરતિને પુષ્ટ કરવાનાં સાધન છે ને ? અવિરતિ એ પાપ છે. તેથી જેટલાં સુખનાં સાધન ભેગાં કર્યાં છે તે બધાં જ પાપનાં સાધન છે ને ? આથી એ સાધનો ભેગાં કરવા મહેનત નથી કરવી. સમકિતીને કર્મના ઉદયની ચિંતા ન હોય તે તો કર્મનો બંધ ટાળવા માટે પ્રયત્ન કરે. સમ્યક્ત્વના મહિમાથી કર્મનો ઉદય નથી ટળતો, પરંતુ બંધ ટળે છે. સમકિતી શુભ કે અશુભ એકે પ્રકૃતિ બાંધવા પ્રયત્ન ન કરે. કારણ કે શુભ પ્રકૃતિની લાલચમાં તો ભેગી અશુભ આવે છે. ગુલાબ લેવા જઇએ તો સાથે કાંટા આવે ને ? શાકભાજી લેવા જઇએ તો છાલ અને ઠળિયાં સાથે આવે જ ને ? તેથી શુભના બંધને પણ સમકિતી ઇચ્છે નહિ. જેને પુણ્ય ભોગવવાનું મન નથી તેને પુણ્ય બાંધવાનું મન હોય ખરું ? જો પુણ્ય ભોગવવું જ નથી તો બાંધવાનું કામ શું છે ? સાધુભગવંતો અશાતાની ઉદીરણા કરે, શાતાની નહિ. રોટલી સાથે શાક લેવું, ઢોસા સાથે ચટણી લેવી, ભાત સાથે દાળ લેવી તેનું નામ શાતાની ઉદીરણા. સંયોજના કરવી એ શાતાની ઉદીરણા કરવા સ્વરૂપ છે. આપણે તો સંયોજન જ નહિ, આયોજનપૂર્વક કામ કરીએ છીએ ને ? આજે તો પુણ્ય ભોગવવાની લાલચ એટલી છે કે પુણ્યાનુબંધી પુણ્યના નામે પણ પુણ્ય જ ભોગવવું છે. પુણ્યાનુબંધી પુણ્ય કરતાં તો પુણ્યાનુબંધી પાપ સારું. અનુબંધની અપેક્ષાએ ફળ સમાન દેખાતું હોવા છતાં એ બેમાં મોટું અંતર એ છે કે પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય ચારિત્ર લેતાં રોકે છે, જ્યારે પુણ્યાનુબંધી પાપનો ઉદય તો ચારિત્રની હાજરીમાં પણ સુંદર નિર્જરા કરાવે છે. શ્રી પંચવસ્તુક નામના ગ્રંથમાં જણાવ્યું છે કે સાધુભગવંતને સાધુપણામાં જે વેદના-પીડાનો ઉદય થાય છે તે પુણ્યના ઉદયથી થાય છે, એ પુણ્ય પુણ્યાનુબંધી પાપના ઉદય સ્વરૂપ છે.

કાર્ત્તિક શેઠનું દૃષ્ટાંત આપણે જોયું. જ્યારે ગૈરિક તાપસે નાક ઉપર આંગળી મૂકીને બતાવ્યું. ત્યારે કાર્ત્તિક શેઠે એવું ન કહ્યું કે— ‘મારું તો



સમ્યક્ત્વ જળવાઇ જ ગયું છે, મેં તો રાજાના કીધે કર્યું હતું. આ તો રાજાનું મોઢું જોઇને કામ કર્યું, બાકી તારી સામે જુએ કોણ ?’... આપણે હોત તો આવું આવું બોલત ને ? કાર્ત્તિક શેઠે તો પોતાનો જ દોષ જોયો કે મેં દીક્ષા ન લીધી માટે રાજાનો અભિયોગ જાળવવો પડ્યો. મહાપુરુષો પોતાની ભૂલ જોવાના કારણે નાના નિમિત્તમાં સુંદર પરિવર્તન પામે છે. સમ્યક્ત્વની રક્ષા આગારથી થઇ ગઇ છે એવું માન્યું હોત તો તેમને દીક્ષા ન મળત. આ રીતે રાજાનો અભિયોગ હોય એટલે છૂટ લેવી જ એવું નહિ, તેને ટાળવા પણ પ્રયત્ન કરવો. એ માટે અહીં કોશ્યાનું દૃષ્ટાંત છે. સ્થૂલિભદ્રમહારાજાથી પ્રતિબોધ પામી બાર વ્રત ઉચ્ચર્યાં ત્યારે ચોથા વ્રતમાં રાજા તરફથી આવેલ પુરુષની સાથે સંબંધ બાંધવાની છૂટ રાખેલી. એક વાર એક રથકારની કળાથી ખુશ થયેલા રાજાએ તેની ઇચ્છા મુજબ કોશ્યાને ત્યાં મોકલ્યો. રથકારે આવીને પોતાની કળા બતાવવા માટે મકાનમાં બેસીને બાણની શ્રેણીથી આંબાની લુંબ કોશ્યાના હાથમાં આપી. ત્યારે કોશ્યાએ સરસવનો ઢગલો કરી તેના પર સોંય અને સોંય પર પુષ્પ મૂકી, લઘુલાઘવકળાથી તેની ઉપર ચઢીને નૃત્ય કર્યું. નૃત્યમાં ગાયું કે— ‘આ રીતે આંબાની લુંબ તોડવી સહેલી છે અને સરસવના ઢગલા પર નાચવું સહેલું છે. પરંતુ જે સ્થૂલભદ્રમહારાજાએ કર્યું તે દુષ્કર છે, તે તમારાથી કે મારાથી થાય એવું નથી.’ પછી સ્થૂલભદ્રમહારાજાએ જે જે કર્યું હતું તે જણાવ્યું. પેલો રથકાર પ્રતિબોધ પામી સાધુ થઇ ગયો, દીક્ષા પાળી દેવલોકમાં ગયો. આવતા ભવે મહાવિદેહમાં જઇ મોક્ષે જશે. તેથી જે અભિયોગ-છૂટ લીધી છે તેનો ઉપયોગ કરવો જ પડે એવું નથી - તે ટાળી પણ શકાય.

આજે આપણને મળેલા પુણ્યનો ઉપયોગ આપણે સુખ ભોગવવામાં જ કર્યો છે - આ વેડફાટ છે. સારામાં સારી વસ્તુને ભોગવવી - એ તેનો વેડફાટ છે. સારી વસ્તુનો ઉપયોગ સારા કાર્યમાં કરવો એ તેનો સદુપયોગ છે. આજે ઘરનું સાધન-વાહન રાખ્યા પછી પાપનાં કામ વધારે કરીએ કે ધર્મનાં ? ઘરનું વાહન હોવા છતાં ટ્રેઇનમાં ને બસમાં ક્ષુદ્ર માણસો

સાથે જાય તો માનવું પડે ને પુણ્યનો ઉપયોગ વેડફાટમાં જ જાય છે ! આજે બે નિયમ આપવા છે કે જે ન ભાવે તે વાપરવું નહિ, આટલું તો બને ને ? ભાવે એ માટે સંયોજન કરવાના બદલે વસ્તુ છોડી દેવી સારી. બીજો નિયમ એ કે ઘરનું વાહન હોય તો બહારનું - બીજાનું સાધન ન વાપરવું. સરકારી વાહન આપણા માટે નથી ચાલતાં, નિર્દોષ છે માટે વાપરવાં - આ બધાં બહાનાં ન કાઢવાં. ઘરમાં આપણા માટે રંધાય ને હોટેલમાં બધા માટે રંધાય છે માટે નિર્દોષ છે - એમ સમજીને હોટેલમાં જવાની રજા અપાય ? ગૃહસ્થપણામાં બેઠા છો ત્યાં સુધી પાપમાં બેઠા છો ને પોતાના માટે પાપ પણ ચાલુ છે. પાપથી બચવું હોય ને નિર્દોષ જીવન જીવવું હોય તો સાધુ થઇ જાઓ. વિકલ્પ ભગવાને આપેલા જ છે - તમે નવા વિકલ્પો ન શોધો. અભક્ષ્ય, અપેય વગેરેનો વપરાશ ન થાય, શુદ્ધ મળે માટે ઘરે રાંધવામાં પાપ હોવા છતાં રાંધીને વાપરવાનું કહ્યું છે - એ રીતે વાહન માટે પણ સમજવું.

ગણ એટલે લોકોનું ટોળું ભેગું થયું હોય તેમનો અભિયોગ હોય, ચોર આદિનો બળાત્કાર હોય, ક્ષેત્રપાલાદિ દેવતાનો અભિયોગ હોય, માતાપિતાદિ-ગુરુજનનો અભિયોગ હોય તેમ જ વૃત્તિ - એટલે કે આજીવિકાના નિર્વાહ માટે મિથ્યાત્વીને નમવું પડે તો તેનો આગાર હોવાથી વ્રતનો ભંગ નથી થતો. આવા વખતે થોડું સત્ત્વ કેળવી લઇએ તો છૂટનો ઉપયોગ કરવાનો વખત ન આવે ને વ્રત નિર્મળ બને.

❖ ❖ ❖



## ઢાળ અગિયારમી : છ ભાવના

ભાવીજે રે ! સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે ! ભાવો કરી મન પરવડું,
"જો સમકિત રે ! તાજું સાજું મૂળ રે,
તો વ્રત-તરુ રે ! દીએ શિવ-ફળ અનુકૂળ રે. (૫૬)
અનુકૂળ મૂળ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જૂઠો ધંધ એ."
એ પ્રથમ ભાવના ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
"બારણું સમકિત-ધર્મ-પુરનું." એહવી એ પાવના. (૫૭)
ત્રીજી ભાવનારે ! સમકિત-પીઠ જો દૃઢ ગ્રહી,
તો મોટો રે ! ધર્મ-પ્રાસાદ ડગે નહિ,
પાયે ખોટે રે ! મોટે મંડાણ ન શોભીએ,
તેણે કારણે રે ! સમકિત શું ચિત્ત થોભીએ. (૫૮)
થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
"સમકિત નિધાન સમસ્ત ગુણનું." એહવું મન લાવીએ,
"તેહ વિના છૂટા રત્ન સરીખા, મૂલ-ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે." (૫૯)
ભાવો પાંચમી રે ! ભાવના "શમદમ સાર રે–
પૃથ્વી પરે રે ! સમકિત તસ આધાર રે !"
છઠ્ઠી ભાવના રે ! "સમકિત ભાજન જો મળે,
શ્રુત શીલનો રે ! તો રસ તેહથી નવિ ઢળે. (૬૦)
નવિ ઢળે સમકિત-ભાવના રસ, અમિય સમ સંવર તણો,
ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો,
ઈમ ભાવતાં પરમાર્થ-જલનિધિ હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન-પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. (૬૧)

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી એ સમ્યક્ત્વ ટકતું હોય અને પોતાનું કાર્ય કરવા સમર્થ બનતું હોય તો આ ભાવનાઓના કારણે જ બને છે. વારંવાર સેવન કરવું તેને ભાવના કહેવાય - એવું આપણે માનીએ છીએ. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે આપણા આત્માના પરિણામમાંથી જે ખસે નહિ તેને ભાવના કહેવાય. આ સંસારમાંથી આપણે ખસી ન શકીએ, પાપથી બચી ન શકીએ તોપણ તેવા વખતે આપણે પાપથી ભારે ન બનીએ તે માટે આપણે આત્માના ભાવને ટકાવી રાખવા છે. તે માટે આ છ ભાવનાઓનું પરિભાવન છે. કર્મના અનુબંધને તોડવા માટે આ ભાવનાઓ ખૂબ જ ઉપયોગી છે. **ભૂતકાળની ભૂલો નડે નહિ, તેના કરતાં પણ એ ભૂલો નવી ભૂલોની પરંપરાને સર્જે નહિ તે માટે પ્રયત્ન કરવો છે.** આજે સહન કરવાની શક્તિ નથી એવું કહીએ છીએ પણ સહન કરવાની વૃત્તિ નથી : એવું કબૂલ કરતા નથી - આ માયા છે, અને એને માયા તરીકે સ્વીકારતા નથી એ અનંતાનુબંધીની માયા છે. અનંતાનુબંધીના કષાય જો ઉદયમાં આવે તો તે સ્વસજાતીયનો બંધ જ કરાવવાના. એ અટકાવવા માટે ભાવનાઓને લાવવી છે. એક વાર સહન કરવાની વૃત્તિ આવે તો જીવનભર જલસા છે. જો સહન ન કર્યું અને પ્રતિકાર કર્યો તો જિંદગીભર પ્રતિકાર કરતા જ રહેવાના. એના બદલે એક વાર સહન કરી લો તો બીજી વાર સહન કરવાનો વખત નહિ આવે.

સ૦ વૃત્તિ, લેશ્યા, અધ્યવસાયમાં શું ફરક ?

વૃત્તિ એ મનનો પરિણામ છે. લેશ્યા અમલમાં મૂકવાની તૈયારી સ્વરૂપ છે અને અધ્યવસાય એ વૃત્તિને પ્રવૃત્તિમાં લાવવાના પરિણામ સ્વરૂપ છે. વૃત્તિ તો ત્રણે અવસ્થામાં રહેલી છે. પ્રવૃત્તિમાં પરિણામ પામે તે અધ્યવસાય છે. જ્યાં સુધી પ્રવૃત્તિમાં ન પરિણમે ત્યાં સુધી એ અધ્યવસાયને વિચારસ્વરૂપ કહેવાય છે. આજે ઘણા કહે છે કે મનમાં ખરાબ વિચાર આવે છે - તેના કારણે ચીકણાં કર્મ બંધાય છે. આપણે એમને કહેવું પડે કે મનના વિચારો અમલમાં ન મૂકો, વચન અને કાયામાં ન લાવો તો છાસઠ ટકા પાપથી બચી જવાશે. મન ભલે ગમે તેટલું ખરાબ



હોય તોપણ તે ખરાબી વચનકાયામાં ન આવે તેની તકેદારી રાખીએ તો ઘણાં પાપથી બચાય. પછી માત્ર મનને પહોંચી વળાશે. **મનની ઉપેક્ષા કરવી, મનને પ્રવર્ત્તાવવું નહિ એ જ મનને મારવાનો ઉપાય છે.** ભાવ આવે, મન થાય પછી જ સારી પ્રવૃત્તિ કરવી આવો આગ્રહ એ કદાગ્રહ છે. **વસ્તુ સારી છે તો ભાવ ન આવે તોપણ કર્યા વિના નથી રહેવું.** આ ક્રિયાઓ એટલી સુંદર છે કે તે બહુમાનભાવથી કરી હોય તો તે ભાવનું કારણ બન્યા વિના ન રહે.

આ ભાવનાનો અધિકાર શરૂઆતમાં બતાવવાના બદલે અગિયારમો બતાવ્યો છે તેનું કારણ એ છે કે એક વાર ગુણોની પ્રાપ્તિ થઇ હોય તો તેને ટકાવવા માટે પુરુષાર્થ કરવાનું બને. ગુણ હોય જ નહિ તો શું ટકાવવું ? ગુણોની પ્રાપ્તિ થઇ હોય અને કિંમત સમજાઇ હોય તો એ ગુણો ટકાવવા માટે આ ભાવનાની જરૂર છે. જે વસ્તુ મળી છે તે અત્યંત કીમતી છે એવું ન સમજાય તો તે ટકવાની નહિ. આથી મળેલા ગુણોની મહત્તા આ ભાવનામાં ભાવવાની છે.

અહીં જણાવે છે કે 'ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું'. રૂડું એટલે સુંદર, શોભાયમાન. જેના કારણે સમ્યક્ત્વ સુંદર બને, નિર્મળ બને, ક્ષાયિકભાવનું બને તેને ભાવના કહેવાય. આ ભાવનાઓ મનને પરગડું એટલે પ્રગટ કરીને ભાવવી છે. પ્રગટ એટલે પવિત્ર અથવા પ્રગટ એટલે છૂપું નહિ. અત્યાર સુધી આપણે આપણું મન અપ્રશસ્ત ભાવમાં પ્રગટ કર્યું છે, સારા કાર્યમાં મન અપ્રગટ જ હોય ને ? ખાતી વખતે સ્વાદ આવવો જ જોઇએ અને પ્રતિક્રમણમાં ભાવ ન આવે તો ચાલે ને ? આપણે સારા કાર્યમાં મનને કામે લગાડતા જ નથી. સંસારનાં કાર્યો તો મન સાથે કરીએ જ છીએ, હવે મોક્ષસાધક અનુષ્ઠાનો જો મન સાથે કરવાં હોય તો તે માટે મનને પ્રગટ કરવું પડશે. મનને પ્રગટ કરવા માટે આ છ ભાવનાઓ છે. તેમાં સૌથી પહેલી ભાવના એ છે કે સમ્યક્ત્વ એ વ્રતરૂપી વૃક્ષનું તાજું-સાજું મૂળ છે. તાજું એટલે લીલુંછમ. જે સુકાયું ન હોય, સડી ગયેલું ન હોય તે મૂળિયું તાજું કહેવાય. સાજું એટલે જે મજબૂતાઇથી જમીનમાં

દટાયેલું હોય. સમ્યક્ત્વ જો મજબૂત હોય અર્થાદ્ દઢ હોય અને તાજું એટલે નિરતિચાર હોય તો તેના કારણે વ્રતરૂપી વૃક્ષ શિવફળ મોક્ષરૂપી ફળ કે જે અનુકૂળ છે, સર્વ રીતે હિતકર છે, તે આપવા સમર્થ બને છે. જો સમ્યક્ત્વનું મૂળિયું સુકાઇ ગયું તો વ્રતો મોક્ષ સુધી નહિ પહોંચાડે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સ્વરૂપથી, હેતુથી અને અનુબંધથી કરવી હોય તો તેનો પુરુષાર્થ કરવો જ પડશે. ગ્રંથિભેદ એ સમ્યક્ત્વનો હેતુ છે. તત્ત્વની રુચિ એ સમ્યક્ત્વનું સ્વરૂપ છે અને ભગવાનના વચન ઉપરની શ્રદ્ધા એ સમ્યક્ત્વનું ફળ છે. ગ્રંથિનો ભેદ કરવો હોય તો રાગદ્વેષની તીવ્ર પરિણતિસ્વરૂપ ગ્રંથિને ઓળખવી પડશે અને તેની તીવ્રતા ટાળવા માટે રાગનાં પાત્રોથી દૂર ખસવું પડશે અને દ્વેષનાં પાત્રોની નજીક રહેવું પડશે. સમ્યગ્દર્શન એ ભાવસ્વરૂપ છે એવું માની ક્રિયાનો જેઓ અપલાપ કરે છે તેઓ સમ્યક્ત્વના સ્વરૂપને સમજ્યા જ નથી. કારણ કે કરવાનો ભાવ એ જ ભાવ છે. જેને ક્રિયા કરવાનું મન નથી તેની પાસે ભાવ જ નથી. ભાવ પણ ક્રિયાના વિષયવાળો જ હોય છે. લકવાગ્રસ્ત માણસ અગ્નિમાંથી બહાર નીકળવાનો ભાવ હોવા છતાં એવી ક્રિયા કરી શકતો નથી. એની જેમ ક્રિયા કોઇ વાર ન દેખાય એ જુદી વાત. પરંતુ ક્રિયા કરવાનું મન ન હોય ને ભાવ આવી જાય - એવું તો કોઇ કાળે ન બને. ક્રિયાની અરુચિવાળાનું અહીં કામ નથી, ક્રિયાનો અધ્યવસાય હોય તો નિસ્તાર થાય, ક્રિયા કરવા માત્રથી નિસ્તાર નથી. ચોથા ગુણઠાણે ક્રિયાનો અધ્યવસાય નથી હોતો. કારણ કે અવિરતિનો ઉદય છે. સમ્યક્ત્વની હાજરીમાં ક્રિયાની તારકતા, ઉપાદેયતા સમજાય છે. તેથી જ સમ્યક્ત્વ સાથેની ક્રિયા ફળે છે. પરંતુ એની સાથે એટલું યાદ રાખવું છે કે સમ્યક્ત્વ વગરની ક્રિયા નિષ્ફળ જાય છે. આજે આવું કહેવા માટે આપણું હૈયું તૈયાર નથી થતું. આપણે ક્રિયાઓ કરીએ છીએ પણ તેની તારકતાનો કોઇ ઉપયોગ જ નથી. આચાર્યભગવંતે (પ.પૂ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.સા.) એક વાર કહ્યું હતું કે આપણે જે રીતે સંસારની ક્રિયા કરીએ છીએ તે રીતે ધર્મની ક્રિયા કરીએ અને ધર્મની ક્રિયા જે રીતે કરીએ તે



રીતે સંસારની ક્રિયા કરીએ તો આજે કેવળજ્ઞાન મળી જાય. સંસારની ક્રિયા કેટલા ઉપયોગપૂર્વક અને વિધિ-એકાગ્રતાપૂર્વક કરીએ છીએ ? લગભગ અતિચાર પણ ન લાગે ને ? એ જ રીતે ધર્મક્રિયા કરવી છે. અને ધર્મક્રિયા જેમ નીરસપણે કરીએ છીએ તેમ સંસારક્રિયા કરવી છે. સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે, તેના વગરની ક્રિયા નકામી છે, ફળને અપાવતી નથી... આવું કહેનાર-માનનારનો આજે ઉપહાસ કરાય છે - એ મહામિથ્યાત્વનું લિંગ છે. અર્હદ્ધર્મની અવજ્ઞા અને સુસાધુઓનો ઉપહાસ એ મહામોહનાં લિંગ છે. ચારિત્રમોહનીય એ મોહ છે અને મિથ્યાત્વમોહનીય એ તો મહામોહ છે. આજે લોકો સાચાનો ઉપહાસ કરે છે એનું કારણ એક જ છે કે તેમને સાચું જોઇતું નથી, ગમતું નથી. કદાચ મિથ્યાત્વના ઉદયે સાચી વાત ગમતી ન હોય તોપણ તેના પ્રરૂપકનો ઉપહાસ કરવાની જરૂર નથી. ધર્માચાર્યનો ઉપહાસ કરે એટલે નક્કી જ છે કે ધર્મનો ઉપહાસ કર્યો જ છે. વ્યક્તિ ન ગમે પણ તેની વાત સાચી હોય, ભગવાનની હોય તો તે સ્વીકારવામાં નાનપ કેમ લાગે ? તમને જો વિવેક ન હોય તો બોલવાનું બંધ રાખો. પિત્તળને સોનું માનીને લાવે એ મૂરખ કહેવાય, તો ખોટાને સાચું માનીને ગ્રહણ કરે - એ ડાહ્યો ક્યાંથી કહેવાય ? જેને સાચું જોઇતું નથી, પોતાનો જ કક્કો સાચો કરવો હોય તેને સમ્યક્ત્વ મળે કે ટકે એ વાતમાં માલ નથી. સાચું સમજવાની ભાવનામાંથી જ આ ગુણ મળે છે, ટકે છે, વધે છે.

સમ્યક્ત્વ એ વ્રતરૂપી વૃક્ષનું મૂળ છે. આ મૂળ અનુકૂળ હોય અર્થાદ્ ફળને લાવી આપવા સમર્થ હોય, રસાળ હોય - તાજું હોય તો જ વ્રતરૂપી વૃક્ષ મોક્ષફળ આપશે. આવા અનુકૂળ મૂળ સ્વરૂપ સમ્યક્ત્વ વિનાના જીવો મતિથી અંધ છે. તેવાઓ જે ક્રિયા કરે તે ગર્વથી કરે છે કે– 'અમે જે કરીએ છીએ તે જ સાચું છે.' આવા ગર્વપૂર્વકની ક્રિયા કરવી એ ખોટો ધંધો છે - એમ ઉપાધ્યાયજી મહારાજા અહીં જણાવે છે. મિથ્યાત્વી કે સમ્યક્ત્વીની છાપ કોઇના માથે મરાતી નથી. લોકો મિથ્યાત્વી કહે એટલામાત્રથી મિથ્યાત્વી બની નથી જતા અને સમ્યક્ત્વી કહે એટલામાત્રથી

સમ્યક્ત્વ આવી નથી જતું. સમ્યક્ત્વનો ભાવ ક્રિયાના આલંબન વિના આવતો નથી. તેથી ક્રિયાના આલંબને ભાવ કેળવવો છે. સમ્યક્ત્વ ચક્ષુના સ્થાને છે, ક્રિયા પગના સ્થાને છે. દાવાનળમાંથી બચવા બંનેની જરૂર છે ને ? આંધળો કે પાંગળો માણસ દાવાનળમાંથી બચી ન શકે. જો પાંગળો આંધળાના ખભે બેસે અને આંધળો પાંગળાના કીધે ચાલે તો બંને દાવાનળથી બચી શકે. આ રીતે બંનેનું મહત્ત્વ સમજીને કામ કરવું છે. સમ્યક્ત્વ વિનાની ક્રિયા એ જૂઠો ધંધો છે - એટલે આપણી ભાષામાં હજામત છે.

મળેલા ગુણોને ટકાવવા માટે પ્રયત્ન કરવામાં ન આવે તો એ ગુણો ટકે એ વાતમાં તથ્ય નથી. આથી જ અહીં સમ્યક્ત્વની છ ભાવનાઓ બતાવેલી છે. સમ્યગ્દર્શન એ ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે એમ જણાવ્યા બાદ સમ્યક્ત્વ એ ધર્મરૂપીનગરનું દ્વાર છે. નગરની રક્ષા નગરના દ્વારથી થાય છે. જેને પોતાના ધનમાલની કિંમત હોય તેને તેની રક્ષા માટે કહેવું નથી પડતું. તે જ રીતે જ્ઞાનદર્શનચારિત્રરૂપી રત્નોની કિંમત જેને સમજાય તે સમ્યક્ત્વરૂપી દ્વારની રક્ષા માટે પ્રયત્ન કર્યા વિના ન રહે. પહેલાં વૃક્ષની ઉપમા આપી. વૃક્ષ તો વગડામાં પણ મળે છે. આથી એ ઉપમા અત્યંત સ્થૂલ છે. આથી હવે ધર્મને નગરની ઉપમા આપી છે. નગરમાં આવવા માત્રથી નિસ્તાર નથી થતો. આથી ત્રીજી ભાવનામાં ધર્મને મોટા પ્રાસાદની ઉપમા આપી છે. નગરમાં પણ આપણે આપણા પ્રાસાદમાં પહોંચીએ ત્યારે શાંતિનો શ્વાસ લઇ શકીએ. આ ધર્મરૂપી પ્રાસાદનો પાયો આ સમ્યક્ત્વ છે. મોટા પ્રાસાદના મંડાણમાં પાયાની કેટલી કિંમત છે - એ તો આપણને ખબર છે ને ? શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના સ્તવનમાં પણ જણાવ્યું છે કે– 'પાયા વિના નવિ શોભે મોટા ઘરમંડાણ...' આ સમ્યક્ત્વ ધર્મનો પાયો છે. આજે આપણે મોટા ભાગે આ શ્રદ્ધાની જ ઉપેક્ષા કરીએ છીએ. અમારાં સાધુસાધ્વી પણ પ્રવૃત્તિ સુધારવા માટે મહેનત કરે છે, શ્રદ્ધાને કેળવવા નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે - સાધુસાધ્વીને પહેલાં મનમાં પાપ આવે પછી કાયામાં પાપ આવે છે. કારણ કે સાધુપણામાં ખરાબ પ્રવૃત્તિ કરવાની ફરજ કોઇ પાડતું નથી. પહેલાં મન



બગડે પછી પ્રવૃત્તિ બગડે છે. આથી જ તો શ્રી સુધર્માસ્વામીજીએ પણ શ્રી જંબૂસ્વામીજીને હિતશિક્ષા આપતાં જણાવ્યું હતું કે– **'जाए सद्धाए निक्खन्तो तमेव अणुपालिज्जा'** જે શ્રદ્ધાથી નીકળ્યા છો એ શ્રદ્ધાનું જ અનુપાલન કરજો. આ શ્રદ્ધા જો ટકી જાય તો પ્રવૃત્તિ બગડવાનું તો કોઇ કારણ જ નથી. ગૃહસ્થ તો પાપમાં પડ્યો જ છે તેથી તેની કાયા બગડેલી હોવા છતાં મન બગડ્યું ન હોય એવું બને. સમકિતી જે કાંઇ પણ અનુચિત પ્રવૃત્તિ કરે છે તે કર્મના યોગે જ કરે છે. વૃત્તિ અને પ્રવૃત્તિમાં જે વિસંવાદ હોય છે : તે જ ચોથા ગુણઠાણાની વિશેષતા છે. બાકી સાધુપણામાં આવો વિસંવાદ ન હોય. અહીં આવ્યા પછી જે કાંઇ અનુચિત પ્રવૃત્તિ થાય છે તે શ્રદ્ધાની ખામીના કારણે જ છે. જેની શ્રદ્ધા મજબૂત હોય તે સાધુપણામાં આ રીતે જીવી ન શકે. મોક્ષમાં જવા નીકળેલા ખાવાપીવામાં, વાતોચીતો કરવામાં અને ઊંઘવામાં જ બધો સમય પસાર કરે તો તે કઇ રીતે ચાલે ? આજે અમારી જ્ઞાનદર્શનચારિત્રની આરાધના આ ત્રણમાં જ સમાયેલી છે. મોક્ષમાં જવું છે ને ? જવા માટે નીકળ્યા છો ને ? તો હવે પહોંચવું છે : આટલું નક્કી કરવું છે ? સાધુપણાની શિથિલતા શ્રદ્ધાની ખામીને આભારી છે. ગૃહસ્થના અતિચારની શરૂઆત કાયાથી થાય, સાધુસાધ્વીના અતિચારની શરૂઆત મનથી થાય છે. આજે આલોચના લેતી વખતે પણ ચારિત્રની ખામીને વર્ણવે પણ બધાના મૂળમાં રહેલી શ્રદ્ધાની ખામીને તો સ્વીકારવા પણ તૈયાર નથી. કદાચ ગુર્વાદિક બતાવે તોપણ કહી દઇએ કે શ્રદ્ધા તો મારી મજબૂત છે, શક્તિ-સંયોગો શરીર કામ નથી આપતા. આ બધી બનાવટ ટાળ્યા વગર નહિ ચાલે. એના માટે સમ્યક્ત્વની પીઠિકા મજબૂત કરવી જ પડશે. આ ચબૂતરો બનાવવાની વાત નથી, પ્રાસાદના મંડાણ માટેની પીઠિકાની વાત છે. નિદ્રા અને વિકથા ટાળ્યા વગર પીઠિકા મજબૂત નહિ બને. આપણી રક્ષા આપણા ઘરમાં છે. ઘરનો પાયો જ નબળો હોય તો ઘર કકડભૂસ થઇને પડવાનું. સમ્યક્ત્વ પામીને આરાધક બનવા માટે મહેનત કરવાની છે. પ્રભાવના કરવાનો અધિકાર બધાને નથી. જે સમર્થ હશે તે અધિકારી હશે તો પોતાનો અધિકાર બજાવશે.

બધાએ એમાં હાથ નાંખવાની જરૂર નથી. પીઠિકા મજબૂત કરવી હોય તો શાસ્ત્રમાંથી પોતાની ભૂલો વીણી-વીણીને કાઢવી છે. જ્યોતિષશાસ્ત્ર ભણ્યા પછી પોતાના હાથની રેખાઓ બારીકાઈથી જુએ ને ? તેમ શાસ્ત્ર સમજ્યા પછી આપણી ભૂલો ઓળખાય, ત્યાંથી પાછા ફરાય તો પીઠિકા મજબૂત બને. સુદેવને દેવ માનવાનું સહેલું છે પણ કુદેવને દેવ ન માનવાનું કામ કપરું છે. સાચું સમજાયા પછી પણ ખોટાને છોડવાનું કામ કપરું છે. તેમાં સત્ત્વ જોઈએ છે. સુગુરુ પાસે જવાનું કામ સહેલું છે પણ કુગુરુને છોડવાનું કામ કપરું છે. આજે આપણા જેટલા અતિચાર કે અનાચાર છે તેમાં આપણી અશક્તિ કારણ નથી, અશ્રદ્ધા કારણ છે. મારા ગુરુમહારાજ પણ કહેતા હતા કે સંસાર છોડવો સહેલો છે પણ સંસારને ઓળખવાનું કામ કપરું છે. સંસારને ઓળખવો તે સમ્યક્ત્વ. સંસારને છોડવો તેનું નામ વિરતિ. સંસારને ઓળખ્યા વિના સંસારને છોડે તેને વિરતિ ન હોય. સંસાર ઓળખ્યા વિના સંસાર છોડવાનું કામ તો દુઃખ કે અજ્ઞાનના કારણે પણ થઈ શકે. સંસાર ઓળખીને છોડે - તે જ્ઞાનગર્ભિત વૈરાગ્યના ધણી છે. સત્ત્વ આપણી પાસે છે જ, હવે માત્ર સંસારની ઓળખાણ કરવાની બાકી છે. આજે સંસાર ઓળખાયો નથી માટે સંસાર પ્રત્યે રાગ છે. સંસારની ઓળખાણ થયા પછી સંસાર પ્રત્યે રાગ થાય જ નહિ. જ્યાં સુધી સંસાર પ્રત્યે રાગ પડ્યો છે ત્યાં સુધી સંસાર ઓળખાયો જ નથી - એમ સમજી લેવું. જેને સંસાર ઓળખાઈ જાય તેને ભૂતકાળની ભૂલ નડે, પણ એ નવી ભૂલ ન જ કરે. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે સમકિતીની પાપપ્રવૃત્તિ છેલ્લી હોય છે. પાયો ખોટો હોય તો તેના પર કરેલું મોટું મંડાણ શોભતું નથી. તેથી જ સમ્યક્ત્વનો પાયો મજબૂત કરવા ચિત્ત સ્થિર કરવું.

સમ્યક્ત્વની ભાવનામાં ત્રણ ભાવનાની વાત પૂરી કરી. ત્રીજી ભાવનામાં સમ્યક્ત્વને પ્રાસાદના પાયાની ઉપમા આપી. હવે સમ્યક્ત્વને ભંડારની ઉપમા આપે છે. ઘરમાં જો તિજોરી ન હોય તો ઘર કે વગડો બંને સરખા જ માનવા પડે. તેથી સમ્યક્ત્વને નિધાનની ઉપમા આપી



છે. નિધાન એટલે ગુણનો સમુદાય એવો અર્થ ન કરતાં સમસ્ત ગુણોને રહેવાનું જે સ્થાન છે તે સમ્યક્ત્વ સ્વરૂપ છે - એમ જણાવ્યું છે. ગુણોના સમુદાયસ્વરૂપ સમ્યક્ત્વ નથી, તેના ભંડાર સમાન સમ્યક્ત્વ છે. જેમ ધનને સાચવવા માટે તિજોરીની જરૂર છે તેમ ગુણોને સાચવવા માટે સમ્યક્ત્વની જરૂર છે. આધાર અને આધેયમાં જેટલો ફરક છે તેટલો ફરક સમ્યક્ત્વમાં અને ગુણોમાં છે. સમ્યક્ત્વ વિના કોઈ પણ ગુણ ટકે એ વાતમાં માલ નથી. આપણી પાસે જો કીમતી વસ્તુ હોય તો તે ચોરલૂંટારું લૂંટી ન જાય તેના માટે ભંડારની જરૂર પડે ને ? શાસ્ત્રમાં મોહને મલિમ્લૂચ એટલે કે ચોરની ઉપમા આપી છે. કારણ કે આત્માના ગુણોને ચોરી જવાનું કામ આ મોહ કરે છે. આ મોહથી બચાવનાર સમ્યક્ત્વનું નિધાન છે. ગુણોની રક્ષા કરવી હોય તો નિર્મોહદશા અને નિર્લોભદશા પામ્યા વિના છૂટકો નથી. **વસ્તુનું યથાર્થ જ્ઞાન હોય અને વસ્તુની અપેક્ષા ન હોય તો ગુણોની રક્ષા મજેથી થઈ શકે.** આજે સાધુસાધ્વી માત્ર આટલું યાદ રાખી લે તો તેમનું કામ થઈ જાય. શ્રી સ્થૂલભદ્રમહારાજાએ પણ કોશ્યાને કહી દીધું હતું કે 'નિર્લોભી નિર્મોહીપણાશું સુણ કોશ્યા અમે રહીશું.' અપેક્ષા ટાળીએ તો નિર્લોભદશા આવે અને અજ્ઞાન ટાળવાથી નિર્મોહદશા આવે. ભગવાનની આજ્ઞા માનવા ન દેતી હોય, તેમાં પ્રતિબંધ કરતી હોય તો તે આ મોહદશા અને લોભદશા છે. સાધુસાધ્વી આજે માર ખાય છે તે અજ્ઞાનના કારણે અને અપેક્ષાના કારણે. સ્પૃહા પડી હોય તોય સાધના વેરવિખેર થઈ જાય અને જ્ઞાન ન હોય તોય સાધના કામ ન લાગે. તામલી તાપસની કઠોર સાધના પણ અજ્ઞાનના કારણે નકામી ગઈ. જેના એકલાના તપ દ્વારા આઠ જણ મોક્ષે જઈ શકે એટલો તપ કરવા છતાં ચારિત્ર કે સમ્યક્ત્વ પણ પામી ન શકે તો તે સાધના નકામી જ કહેવાય ને ? તે જ રીતે ચૌદપૂર્વધરો જો પોતાની સાધના હારી જતા હોય તો તે સ્પૃહાના કારણે, ભક્તવર્ગાદિની અપેક્ષાના કારણે. નિર્મોહદશા કે નિર્લોભદશા હોય તો તેવા પ્રકારનું નિકાચિત પુણ્ય ન બંધાય, માત્ર ગુણસ્થાનકપ્રત્યયિક બંધ થાય. આજે જે પુણ્યબંધ થાય છે તે પણ

મોહદશાના કારણે, સકામચારિત્રના કારણે થાય છે. નિષ્કામભાવનું ચારિત્ર હોય તો ભવાંતરમાં ભોગવવા જવું પડે એવું પુણ્ય ન બંધાય. અનુત્તરવિમાનમાં જનારાને પણ જતાંની સાથે એ વિચાર આવે કે 'જવું હતું ક્યાં અને આવી ગયા ક્યાં ?' વિશુદ્ધિ જળવાઇ નહિ ને આયુષ્ય બંધાયું તેનું તેમને દુઃખ હોય છે. તેથી નિષ્કામભાવનું ચારિત્ર કેળવવું છે. અજ્ઞાન જાય એટલે જ્ઞાન આવે અને અપેક્ષા જાય એટલે ચારિત્ર આવે. જ્ઞાન અને સમ્યક્ત્વ બંને સાથે જ છે. વ્યવહારની અપેક્ષાએ જ્ઞાન પહેલાં, સમ્યક્ત્વ પછી અને ત્યાર બાદ ચારિત્ર આવે. નિશ્ચયનયથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણે એકી સાથે હોય છે.

સ૦ આધાર અને આધેય બંને ગુણસ્વરૂપ છે ને ?

બરાબર. મૂડી પણ પૈસો છે અને વ્યાજ પણ પૈસો છે. છતાં મૂડી વિના વ્યાજ ન આવે - એની જેમ અહીં સમજવું કે સમ્યક્ત્વ વિના બીજા ગુણો ન જ આવે. સારામાં સારું ચારિત્ર પાળનારા પણ એક મુમુક્ષુની લાલચમાં બધું ગુમાવી બેસે છે. આજે ચારિત્રનાં વસ્ત્રો ઉતારવાનું કામ અમારા મુમુક્ષુ કરે છે. ફકીર જેવું જીવન જીવનારા પણ મુમુક્ષુની લાલચમાં શિથિલ બનતા ગયા. આપણે તરવા માટે આવ્યા છીએ, બીજાને તારવા માટે નથી આવ્યા તો શા માટે બીજાની પંચાત કરવી ? આપણે આપણી ચોપડી-સાપડો લઇ ભીંત સામે મોઢું કરી બેસી જવું. શું કામ છે બધાની સાથે વાતો કરવાનું ? દીક્ષા વખતે જે પુસ્તક-સાપડો આપ્યો છે તે આપણા જીવનનું ભાથું છે. આપણને જે કામ સોંપ્યું નથી તેમાં માથું મારવું નથી. નહિ તો આપણો પગ કુંડાળામાં પડ્યા વિના નહિ રહે. મોહરૂપી ચોર આપણી પાસેથી મૂળગુણ કે ઉત્તરગુણરૂપી રત્નો હરી લેવા કે પડાવી લેવા માટે તાકીને બેઠા જ છે. તેથી સમ્યક્ત્વરૂપી નિધાનમાં આપણા બધા ગુણો ભંડારી રાખવા છે.

સમ્યક્ત્વની પાંચમી ભાવનામાં સમ્યક્ત્વને આધાર તરીકે જણાવ્યું છે અને છઠ્ઠી ભાવનામાં તેને પાત્ર તરીકે જણાવ્યું છે. પહેલી ચાર કરતાં આ ભાવનામાં સમ્યક્ત્વની સૂક્ષ્મતાથી વિચારણા છે. આધાર તેને કહેવાય



કે જેમાં ધર્મો રહેતા હોય. આત્માના ગુણો પુદ્‌ગલમાં ન રહે. જે સ્વ છે અને સ્વકીય છે તે જ આપણા છે. જે પર અને પરકીય છે તે આપણા નથી. આજે જે સ્વ નથી કે સ્વકીય નથી તેને સ્વ અને સ્વકીય માનીને આપણે રાગદ્વેષ કરીએ છીએ, પારકાની વસ્તુ પર રાગ પણ નથી થતો અને દ્વેષ પણ થતો નથી. આ જે રાગદ્વેષની પરિણતિ છે તેના યોગે જ વિષય અને કષાય થતા હોય છે. આ વિષયકષાયની પરિણતિ ટાળવી એ જ સારભૂત છે તે જણાવવા માટે 'શમદમસાર' પદ આપ્યું છે. આ દુનિયામાં કષાયને ટાળવા સ્વરૂપ શમ અને ઇન્દ્રિયનું, આગળ વધીને આત્માનું દમન કરવા સ્વરૂપ દમ એ જ સારભૂત છે અને આ બે સારભૂત વસ્તુનો આધાર આ સમ્યક્ત્વ છે. નિમિત્તો તો અશુભ મળવાનાં જ છે. એ વખતે તે નિમિત્ત અસર ન કરે અને શુભ નિમિત્તની અસર જારી રહે તે માટે પ્રણિધાન રાખ્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી. આપણા રાગદ્વેષની પરિણતિ ટાળવા માટે શમ અને દમ સારભૂત છે. ઇન્દ્રિયોનું દમન કરવાથી રાગની પરિણતિ શાંત થાય છે અને શમના કારણે કષાયની - દ્વેષની પરિણતિ શાંત બને છે.

સ૦ શમ અને ઉપશમ એક જ છે ?

શમ અને ઉપશમ બંને એક જ છે. છતાં તેમાં થોડો ફરક છે. શમમાં અંતર્વૃત્તિથી શાંત અવસ્થા બતાવાય છે અને ઉપશમમાં અંતર્વૃત્તિ તથા બાહ્યવૃત્તિ બન્ને અવસ્થાની શાંતિ બતાવાય છે. શ્રી કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે ભગવાન શાંત હતા, પ્રશાંત હતા, ઉપશાંત હતા. **संते, पसंते, उवसंते** આ પદ વડે એ વસ્તુ જણાવી છે. અને ટીકામાં તેનો અર્થ કરતાં જણાવ્યું છે કે ભગવાન બાહ્યવૃત્તિથી શાંત હતા, અભ્યંતરવૃત્તિથી પ્રશાંત હતા અને બાહ્ય તથા અભ્યંતર બંને વૃત્તિથી ઉપશાંત હતા. જે અભ્યંતરથી શાંત હોય તે બહારથી પણ શાંત હોય અને બહારથી શાંત હોય તે પણ અંદરથી શાંત હોય તો તે શાંતાવસ્થા સાચી છે. આથી બે ય અવસ્થા ભેગી પણ બતાવી આપી. તેથી ત્રણે પદો વસ્તુતઃ એક જ અર્થને જણાવનારાં છે. ત્રણ જુદા અર્થને જણાવવા ત્રણ પદ નથી. ત્રણમાંથી એક અર્થ સુધી પહોંચવા માટે ત્રણ પદો જુદાં

બતાવ્યાં. જેમ સૂત્ર, અર્થ, તદુભય અહીં સૂત્રની ઉપેક્ષા કે અર્થની ઉપેક્ષા નથી કરવાની. જે તદુભયનો અર્થી હોય તે જ પહેલાં સૂત્રનો અર્થી હોય પછી અર્થનો અર્થી હોય. તેમ અહીં પણ બાહ્યથી પણ શાંત થવું જરૂરી છે તેમ જ અભ્યંતરથી પણ શાંત થવું જરૂરી છે - તે જણાવવા માટે ત્રણ પદો જુદાં બતાવ્યાં. બાકી ત્રણે પદો એકાર્થવાચી છે. સૂત્રની ઉપેક્ષા કરે તે અર્થનો અધિકારી નથી. સૂત્ર કંઠસ્થ કરવાનું કામ કષ્ટસાધ્ય છે તેથી સૂત્ર પહેલાં ભણાવાય છે. સૂત્રો ભણ્યા પછી અર્થ ભણ્યા વગર પણ ન ચાલે. આ રીતે સૂત્ર અને અર્થ ભણ્યા પછી સૂત્ર બોલતાંની સાથે અર્થ ઉપસ્થિત થાય એ રીતે અભ્યાસ કરે તે તદુભયનો જ્ઞાતા બને. આજે સૂત્ર ભણી ગયેલા પણ અર્થ કરવા માટે રાજી નથી. સૂત્ર ભણ્યા પછી તે બોલવાનો અધિકાર અર્થના જાણકારને મળે છે. આ તો પ્રતિક્રમણનાં સૂત્રો કંઠસ્થ કરીને બોલવા માંડે, અર્થ ન કરે. એવાઓ પ્રતિક્રમણનું ફળ કઇ રીતે પામે ? ન્યાયદર્શનકારોએ પણ કહ્યું છે કે **अर्थं बुद्ध्वा प्रयुङ्क्ते** - અર્થનો બોધ કર્યા પછી પ્રયોગ કરવો - બોલવું. આપણે અર્થ જાણ્યા વિના બોલવાનું ચાલુ રાખ્યું છે ને ?

આ સંસારમાં સારભૂત એવી જે શાંત અને દાંત અવસ્થા છે તેનું કારણ - આધાર સમ્યક્ત્વ જ છે. સમકિતી આત્મા જ વિષયની પરિણતિ ટાળી શકે અને કષાયની પરિણતિ ટાળી શકે. ઇન્દ્રિયનું દમન કરવાનું અને કષાયને શાંત કરવાનું મન સમકિતીને જ થવાનું છે. જ્યાં સુધી મિથ્યાત્વ પડ્યું છે ત્યાં સુધી ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનું કે કષાયને શાંત કરવાનું મન થવાનું જ નથી. આથી જ સમ્યક્ત્વને શમદમનો આધાર કહ્યો છે. સમ્યક્ત્વના લક્ષણમાં જણાવ્યું છે કે અપરાધી વિશે પણ ચિત્તથી પ્રતિકૂળ ન ચિંતવે. આવા પ્રકારનું સમ્યક્ત્વ હોવાથી જ તેમાં શમદમ રહી શકે. આ સમ્યક્ત્વ પૃથ્વીની જેમ આધાર છે. પૃથ્વીને સાહિત્યની પરિભાષામાં સર્વંસહા કહેવાય છે. પૃથ્વીનું ગમે તેટલું દમન કરવામાં આવે તોપણ તે શાંત હોય છે. આ રીતે પૃથ્વીમાં જે રીતે શમદમ રહેલા છે તેમ આત્મામાં શમદમ સમકિતના આધારે રહેલા છે. જેની પાસે



સમકિત નથી તે ઇન્દ્રિયનું દમન કે કષાયનું શમન કરી ન શકે. કદાચ કરે તો તે બનાવટી હોય. સાચી શાંતદાંત અવસ્થા સમ્યક્ત્વ પામ્યા પછી અને તે પણ સાધુ થયા પછી આવે. ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનું અને કષાયને વશ કરવાનું કામ કરવું હોય તો સાધુપણું લઇને સ્વાધ્યાયમાં મનને સ્થિર કરવું પડશે. જેઓ સ્વાધ્યાયના પ્રેમી નથી તેઓ શમદમને પામી જ ન શકે. સમકિતીને સાધુ થવાની ભાવના હોય છે તે પણ આના પરથી સમજી શકાય છે. સમ્યક્ત્વની જરૂર શમ અને દમ માટે જ છે. જેઓ ચારિત્ર લેતા નથી તેમનું સમ્યક્ત્વ જોખમમાં મુકાવાનું જ. તમે ચારિત્ર લેવા તૈયાર ન થાઓ અને વિષય-કષાય નડે છે તેની ફરિયાદ કર્યા કરો તેનો કોઇ અર્થ નથી. તે જ રીતે સાધુસાધ્વી પણ સ્વાધ્યાય ન કરે, મૌન ન રાખે અને ફરિયાદ કર્યા કરે તેનો કોઇ ઉપાય નથી.

છઠ્ઠી ભાવનામાં સમ્યક્ત્વને પાત્ર-ભાજનની ઉપમા આપી છે. શમ અને દમ સારભૂત હોવાથી સમકિતી ચારિત્ર ગ્રહણ કરે અને ચારિત્ર લીધા પછી આ સમ્યક્ત્વ જ શ્રુત અને શીલના રસનું ભાજન છે. શ્રુત એટલે જ્ઞાન અને શીલ એટલે આચાર. સાધુપણામાં આવ્યા પછી જો જ્ઞાનનો કે ક્રિયાનો રસ સુકાઇ ગયો હોય તો તે સમ્યક્ત્વનું પાત્ર ન હોવાથી જ સુકાઇ ગયો છે - એમ સમજવું. સાધુપણામાં જ્ઞાન અને ક્રિયા જેમ જેમ કરતા જાય તેમ તેમ વધતા જતા હોય, જ્ઞાનનો રસ વધતો જાય અને ક્રિયાનો રસ વધતો જાય તો સમજવું કે સમ્યક્ત્વનું પાત્ર બરાબર છે. જો પાત્ર વ્યવસ્થિત હોય તો રસ ઢોળાઇ જવાનું બીજું કોઇ કારણ નથી. તેથી સાધુપણામાં પણ સમ્યક્ત્વ જાળવવામાં આવે તો જ જ્ઞાન અને ક્રિયા ટકે તથા વૃદ્ધિ પામે.

❖ ❖ ❖

## ઢાળ બારમી : ષટ્ સ્થાનક

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટ-વિધ કહીએ રે,
તિહાં પહેલું થાનક છે - "ચેતન-લક્ષણ આતમ." લહીએ રે,
"ખીર-નીર પરે પુદ્ગલ-મિશ્રિત, પણ એહથી છે અળગો રે,
અનુભવ-હંસ-ચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે." (૬૨)
બીજું થાનક - "નિત્ય આતમા" "જે અનુભૂત સંભારે રે,
બાલકને સ્તન-પાન-વાસના પૂરવ ભવ અનુસારે રે."
"દેવ-મનુજ-નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે,
દ્રવ્ય થકી" "અ-વિચલિત અ-ખંડિત નિજ-ગુણ આતમ-રાયો રે." (૬૩)
ત્રીજું સ્થાનક - "ચેતન કર્તા કર્મ તણે છે યોગે રે"
કુંભકાર જિમ કુંભ તણો, જગ દંડાદિક સંયોગે રે,
નિશ્ચયથી નિજ-ગુણનો કર્તા" "અનુપચરિત-વ્યવહારે રે,
દ્રવ્ય-કર્મનો" "નગરાદિકનો, તે ઉપચાર પ્રકાર રે." (૬૪)
ચોથું થાનક - "ચેતન ભોક્તા પુણ્ય-પાપ-ફળ કેરો. રે
વ્યવહારે" "નિશ્ચય-નય-દૃષ્ટે ભુંજે નિજ-ગુણ નેરો રે"
પાંચમું થાનક - "અછે પરમ-પદ અમલ-અનંત-સુખવાસો રે,
આધિ-વ્યાધિ તન-મનથી લહીએ, તસ અભાવે સુખ ખાસો રે. (૬૫)
છઠ્ઠું થાનક - "મોક્ષ તણો છે સંજમ-જ્ઞાન ઉપાયો રે,
જો સહજે લહીએ, તો સઘળે કારણ નિષ્ફળ થાયો રે,
કહે જ્ઞાન-નય - "જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે,
ન લહે રૂપું, રૂપું જાણી સીપ ભણી જે ફરીયા રે. (૬૬)
કહે કિરિયા-નય - "કિરિયા વિણ જે જ્ઞાન તેહ શું કરશે રે,
જલ પેસી, કર-પદ ન હલાવે, તારુ તે કિમ તરશે ? રે"
દૂષણ ભૂષણ છે ઈહાં બહોળાં નય એક એકને વાદે રે,
સિદ્ધાંતી તે બિહુ પખ સાધે જ્ઞાનવંત અપ્રમાદે રે. (૬૭)



**ઈણિપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,**
**રાગ-દ્વેષ ટાલી મન વાલી, તે શમ-સુખ અવગાહે રે,**
**જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઈ નહિ તસ તોલે રે,**
**શ્રી નય-વિજય-વિબુધ-પયસેવક વાચક જશ ઈમ બોલે રે.**

ભગવાને જણાવેલા તત્ત્વ પ્રત્યેની રુચિને સમ્યક્ત્વ કહેવાય છે. પરંતુ તેમાંથી આપણને ફાવે તેમાં આપણને રુચિ થાય છે પણ જે ન ફાવે તેમાં રુચિ નથી થતી. તેથી જેમાં સમ્યક્ત્વ રહે છે તેને સ્થાન કહેવાય છે - એવી વ્યાખ્યા કરીને છેલ્લો અધિકાર વર્ણવ્યો છે. સંસ્કૃતમાં કહીએ તો **स्थीयते यत्र तत् स्थानम्** - જેમાં રહેવાય છે તેને સ્થાન કહેવાય. સમ્યક્ત્વનું અસ્તિત્વ 'આત્મા છે' વગેરે છ સ્થાનમાં છે. આજે આપણે જે દેખાય છે તે માનીએ છીએ ને ? સંસાર દેખાય છે માટે સંસારને માનીએ છીએ. અને મોક્ષ દેખાતો નથી માટે મોક્ષને નથી માનતા. તેથી જ સંસારનો ત્યાગ કરી મોક્ષે જવા માટે તૈયાર થતા નથી. આત્માનું અસ્તિત્વ સંસારના કારણે સિદ્ધ છે આગળ વધીને મોક્ષના કારણે સિદ્ધ થાય છે. કારણ કે શુદ્ધ આત્મતત્ત્વ છે - એવો નિર્ણય થાય તો જ અશુદ્ધ આત્મતત્ત્વને શુદ્ધ બનાવવાનો પુરુષાર્થ સાર્થક બને. આત્માનો સંસાર કેવળ આત્માના યોગે નથી, આત્મા અને કર્મપરમાણુ : આ બન્નેના ગ્રાહ્યગ્રાહક સ્વભાવના કારણે છે. એકલા આત્માનો પણ સંસાર નથી અને એકલા કર્મનો પણ સંસાર નથી. ઔદયિકભાવનો આત્મા એટલે કર્મથી યુક્ત આત્મા. તેમાંથી કર્મની માત્રા ઓછી થાય, રસ ઓછો થાય ત્યારે ક્ષયોપશમભાવ આવે છે. આજે આપણને ઔદયિકભાવના આત્મા પ્રત્યે જેટલી શ્રદ્ધા છે તેટલી ક્ષયોપશમભાવના આત્મા પ્રત્યે નથી. આપણને સુખી આત્મા છે : એ ગમે છે, પણ જ્ઞાની આત્મા છે - એવું માનવાનું લગભગ ન ગમે ને ? આત્માને જ્ઞાની માનવાની તૈયારી નથી, સુખી માની લીધો છે. આથી જ 'ધર્મથી સુખ મળે છે ને દુઃખ ટળે છે' :

એ શ્રદ્ધા જેટલી મજબૂત છે એટલી શ્રદ્ધા 'ધર્મથી સંસાર ટળે અને મોક્ષ મળે' - એ વચનમાં નથી ને ?

આત્માને પાંચ પ્રકારના શરીર કર્મના યોગે મળે છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. તેમાંથી તૈજસકાર્મણ શરીર અનાદિથી જીવની સાથે લાગેલું છે. પણ તેમાં અંગોપાંગ નથી હોતા. ઔદારિક વૈક્રિય શરીર ભવપ્રત્યયિક હોય. વૈક્રિય અને આહારક શરીર લબ્ધિપ્રત્યયિક છે. ક્ષયોપશમભાવની લબ્ધિ અપ્રમત્તગુણઠાણે મળે તેનો ઉપયોગ પ્રમત્તગુણઠાણે થાય. પુણ્યનો યોગ ક્ષયોપશમભાવમાં વર્ત્તતા થાય છે, પણ પુણ્યનો ઉપયોગ ગુણની ખામીના કારણે થાય છે - એટલું યાદ રાખવું. સિદ્ધના આત્માને એકે શરીર નથી હોતું. આ શરીરથી જુદા એવા આત્મસ્વરૂપને જે સ્વીકારે તેનામાં જ સમ્યક્ત્વ રહી શકે.

છ સ્થાનો છે : (૧) આત્મા છે, (૨) આત્મા નિત્ય છે, (૩) આત્મા કર્ત્તા છે, (૪) આત્મા ભોક્તા છે, (૫) આત્માનો મોક્ષ છે અને (૬) મોક્ષનો ઉપાય છે. આમાંથી પહેલાં સ્થાનમાં જણાવ્યું છે કે આત્મા ચેતનલક્ષણવાળો છે. સુખ એ આત્માનું લક્ષણ છે - એવું નથી બતાવ્યું. જ્ઞાન એ આત્માનું લક્ષણ છે - એ યાદ રાખવું. આત્મા અનંતસુખનો ભોક્તા છે એવું બોલવાના બદલે આત્મા અનંતજ્ઞાની છે - એમ માનવાની જરૂર છે. જ્ઞાનના કારણે જ આત્માને ભોક્તૃભાવ પ્રાપ્ત થાય છે. માટે આત્માને ભોક્તા માનવા પહેલાં જ્ઞાતા માનવો જરૂરી છે. તેથી જ પહેલું સ્થાનક આત્માને ચેતન-જ્ઞાનસ્વરૂપ માનવો તે છે. આત્માને શરીર સ્વરૂપ માન્યો છે માટે બધી તકલીફ છે. કોઇ ગમે તેટલા કઠોર શબ્દ બોલે તોપણ તે શરીરને બોલે છે, આત્માને નહિ. આત્માને કે આત્માના જ્ઞાનને તેમાં કશો જ બાધ આવતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે પરીષહ અને ઉપસર્ગના કારણે આવનારાં દુઃખો બહુ-બહુ તો આત્માને વળગેલા શરીરને બાધા કરશે, બાકી દુઃખોની તાકાત નથી કે તે આપણા આત્માને કે આત્મસ્વરૂપને કોઇ પણ જાતની બાધા પહોંચાડી શકે. જડ જડને બોલે તેમાં આપણે સામેલ થવાની જરૂર નથી. આત્માને ચેતનસ્વરૂપ માને તેને



સંસારમાં ક્યાંય અસમાધિ ન થાય. જેમ કાંટાથી કાંટો નીકળે તેમ ક્ષયોપશમભાવની સાધનાથી આત્મા કર્મના ઉદય વિનાનો બની શકે. ખીરનીરની જેમ પુદ્ગલથી મિશ્રિત એવો પણ આત્મા અનુભવરૂપ હંસની ચાંચના પ્રયોગથી જુદો પાડીને જોવામાં આવે તો કર્મથી રહિત એવો દેખાય છે. આથી જ નિશ્ચયનયની અપેક્ષાએ શુદ્ધ જ શુદ્ધ થાય છે. કોલસાને કોઇ દિવસ શુદ્ધ ન કરાય. વસ્ત્રને શુદ્ધ કરાય. કારણ કે વસ્ત્રનું શુદ્ધ સ્વરૂપ આપણે અનુભવથી જાણેલું છે. તેવી રીતે અશુદ્ધ પણ વસ્તુતઃ શુદ્ધ હોય તો તેને શુદ્ધ કરવાની પ્રક્રિયા થાય છે. અશુદ્ધ શુદ્ધ થાય છે એ વ્યવહારનય છે. શુદ્ધ શુદ્ધ થાય છે - એ નિશ્ચયનય છે.

ભગવાનની જે વાત આપણને સમજાય છે તેને તો આપણે સ્વીકારી જ લઇએ છીએ. જે આપણને ન સમજાય કે ન રુચે તે માનવા માટે શ્રદ્ધાની જરૂર છે. આ શ્રદ્ધા કયા વિષયની હોવી જોઇએ તે સમજાવવા માટે અહીં છેલ્લો છ સ્થાનનો અધિકાર જણાવ્યો છે. આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યા પછી એ આત્મા નિત્ય છે એમ માનવું જરૂરી છે. જૈન પરિભાષાનો પરિચય જેને હોય એને એ વસ્તુ સમજાય છે કે દુનિયામાં કોઇ પણ દ્રવ્ય નિત્ય જ છે. બધા જ પદાર્થો દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. **उत्पादव्ययध्रौव्यात्मकं सत् ।** આ પરિભાષાને લઇને દરેક વસ્તુમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ આ ત્રણ ધર્મો હોય જ છે. વસ્તુમાં સ્થિતિરૂપ ધર્મ દ્રવ્યની અપેક્ષાએ છે અને પર્યાયની અપેક્ષાએ ઉત્પત્તિ અને વિનાશ રહેલા છે. અહીં બધા જ પદાર્થો દ્રવ્યથી નિત્ય હોવા છતાં આત્મા નિત્ય છે આવું જણાવવાનું તાત્પર્ય એ છે કે જેમ પુદ્ગલ દ્રવ્યમાં આપણે અનિત્ય એવા પર્યાયને પણ વ્યવહારથી અનિત્ય દ્રવ્ય માનીએ છીએ એવું આત્માના વિષયમાં નથી. કારણ કે આત્માના કોઇ પરમાણુ નથી. પુદ્ગલદ્રવ્યના પરમાણુ હોય છે. તેથી પુદ્ગલદ્રવ્ય પરમાણુની અપેક્ષાએ નિત્ય છે અને સ્કંધ, દેશ, પ્રદેશરૂપ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. વસ્ત્ર એ કપાસનો પર્યાય હોવા છતાં આપણે તેને સ્વતંત્ર દ્રવ્ય માનીએ છીએ, ઘડો એ માટીનો પર્યાય હોવા છતાં ઘડાને દ્રવ્ય માનીએ છીએ. પરંતુ

આ પર્યાયભૂત બનેલાં દ્રવ્યો અનિત્ય છે. કોઈ પણ પુદ્ગલવસ્તુમાં તેનું મૂળભૂત પરમાણુદ્રવ્ય નિત્ય છે તે અપેક્ષાએ સ્કંધ એ પણ પરમાણુનો પર્યાય છે. સોનું વ્યવહારદૃષ્ટિએ દ્રવ્ય છે. પરંતુ વસ્તુતઃ તે સોનાના પરમાણુનો પર્યાય છે. આવું આત્મા માટે નથી બનતું. કારણ કે આત્માના પરમાણુ નથી. આત્મદ્રવ્ય સ્કંધરૂપે નિત્ય છે : તે જણાવવા માટે આત્મા નિત્ય છે- એમ જણાવ્યું છે. આ આત્મદ્રવ્યના પણ સંસારીપણે મનુષ્યાદિ પર્યાયો છે અને શુદ્ધ આત્માની અપેક્ષાએ જ્ઞાનાદિ પર્યાયો છે - તે જ રીતે આત્મદ્રવ્ય સ્કંધરૂપે નિત્ય હોવા છતાં સંકોચવિકાસશીલ હોવાથી સંકોચ અને વિકાસરૂપ અનિત્ય પર્યાયો આત્મદ્રવ્યના છે. આથી સમજી શકાય છે કે ઘટ, પટ વગેરે દ્રવ્યોની જેમ આત્મા અનિત્ય નથી. બધાં જ દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય હોવા છતાં જેમ ઘટાદિ દ્રવ્યોનો નાશ થાય છે તેમ આત્મદ્રવ્યનો પણ નાશ થાય છે - આવી શંકા આપણને ન પડે તે માટે અહીં બીજા સ્થાનમાં જણાવ્યું છે કે આત્મા નિત્ય છે. દ્રવ્યની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે **द्रवति - तान् तान् पर्यायान् गच्छति इति द्रव्यम् ।** જે ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ સ્વરૂપ પર્યાયને પામે છે તે દ્રવ્ય છે. આ દૃષ્ટિએ શાશ્વતી પ્રતિમાઓ પણ આકારરૂપે નિત્ય છે. બાકી તો તેમના પરમાણુઓ પણ અસંખ્યાત સમયે બધા જ બદલાઈ જાય છે. કોલસો પણ હીરો થાય છે તેનો અર્થ જ એ છે કે કોલસાના પરમાણુઓ હીરાના રૂપાદિને પામ્યા. આત્માના પ્રદેશો અસંખ્યાતા છે. છદ્મસ્થ જીવોના આત્મપ્રદેશો એક સ્થાને ભેગા થઈને મરણ સમયે શરીરમાંથી નીકળે છે. જ્યારે સર્વજ્ઞોને માત્ર ત્રીજા ભાગ જેટલી અવગાહના સંકોચાયા પછી જ્યાં હોય ત્યાંથી શરીરમાંથી આત્મપ્રદેશો નીકળી મોક્ષમાં જાય છે. આત્માના આઠ રુચકપ્રદેશો ગાયના સ્તનના આકારવાળા છે. તેઓ કાયમ માટે સર્વથા શુદ્ધ છે. તેના ઉપર એક પણ કર્મ લાગતું નથી. જેમ અમુક વસ્ત્ર ગમે તેટલું જીર્ણ થાય તોપણ તેની કિનારીનો ભાગ હાથેથી ફાટે જ નહિ. તેના ઉપર કાતર મૂકવી જ પડે. તેની જેમ અહીં પણ સમજવું કે આઠ રુચકપ્રદેશોમાં કર્મ લાગવાની યોગ્યતા જ નથી. પુદ્ગલ દ્રવ્યના



રૂપાંતરો થાય છે. પરંતુ પુદ્ગલ દ્રવ્યની દ્રવ્યરૂપે ઉત્પત્તિ કે વિનાશ ન જ થાય. પર્યાયરૂપે જ તેના ઉત્પત્તિ-વિનાશ થાય. ગમે તેટલા નિષ્ણાત વૈજ્ઞાનિકની પણ પરમાણુ ઉત્પન્ન કરવાની તાકાત નથી. જેટલાં પણ દ્રવ્યો છે તેમાં વધઘટ થવાની નથી. જેમ વ્યવહારમાં પણ આપણા પૈસા જાય તે આપણી પાસેથી જાય, બીજાની પાસે તો હોય જ ને ?

પરમાણુદ્રવ્યના ઘટાદિ પર્યાયોને લઈને તે તે પદાર્થોને માની લઈએ, પરંતુ આત્માના તેવા પર્યાયો દેખાતા નથી તો આત્મા નિત્ય કઈ રીતે કહેવાય - તે જણાવવા આત્માને નિત્ય બતાવ્યો, તેને પરલોકમાં જનારો બતાવ્યો, તેના મનુષ્યાદિ પર્યાયો બતાવ્યા. આ પરલોકમાં જનાર આત્મા શેના આધારે માનવો - તેની યુક્તિ જણાવતાં આગળની ગાથામાં જણાવે છે કે જન્મતાંની સાથે બાળકને જે સ્તનપાનની વાસના(સંસ્કાર) થાય છે અને તેની તેવી પ્રવૃત્તિ થતી દેખાય છે તેના ઉપરથી જ નક્કી છે કે આત્મા પરભવમાંથી આવ્યો છે. કારણ કે ઈષ્ટસાધનતાના જ્ઞાન વિના કોઈ પ્રવૃત્તિ થતી નથી. જન્મતાંની સાથે જે પ્રવૃત્તિ થાય છે તેનું કારણભૂત જ્ઞાન આ ભવનું નથી. તેથી તેવા જ્ઞાનના આધારરૂપે પૂર્વકાલીન આત્મદ્રવ્ય સિદ્ધ થાય છે. તેથી પરલોકમાં જનાર અને પરલોકમાંથી આવનાર આત્મદ્રવ્ય નિત્ય છે. ઘડાનો નાશ થયા પછી પણ માટી જેમ કાયમ રહે છે તેમ આત્મદ્રવ્ય નિત્ય છે. આ આત્મા નિત્ય છે એવું માનવાનું કામ શુદ્ધ નિશ્ચયનય કરે છે. જ્યારે વ્યવહારનય તો આત્માને અનિત્ય પણ માને. કારણ કે દ્રવ્ય અને પર્યાય કથંચિદ્ અભિન્ન હોવાથી આત્મદ્રવ્ય અનિત્ય પણ છે અને કથંચિદ્ ભિન્ન હોવાથી આત્મા નિત્ય પણ છે.

આત્માનું નિત્યત્વ સિદ્ધ કરતાં બીજા સ્થાનમાં જણાવ્યું છે કે - આત્મા નિત્ય છે, કારણ કે જેનો અનુભવ કર્યો હોય તેનું સ્મરણ કરે છે. જો આત્મા અનિત્ય હોય તો અનુભવકર્ત્તા અને સ્મરણકર્ત્તા બંને જુદા હોવાથી અનુભૂતનું સ્મરણ અનિત્ય આત્માને ન થાય, નિત્ય આત્માને જ થાય. આવા નિત્ય પણ આત્માના દેવમનુજાદિક પર્યાયો અનિત્ય છે.

જ્યારે દ્રવ્યથી તો આત્મદ્રવ્ય અવિચલિત અખંડિત અને પોતાના ગુણનો રાજા છે. આત્માનું કશું જતું નથી, જે જાય છે એ આત્માનું હોતું નથી.

'આત્મા છે' અને 'આત્મા નિત્ય છે' તેના પછી ત્રીજા સ્થાનમાં 'આત્મા કર્ત્તા છે' એમ જણાવ્યું છે. અહીં જો કર્મનું કર્ત્તૃત્વ માનવું હોય તો તે વ્યવહારનયને આશ્રયીને છે - એમ સમજવું. બાકી નિશ્ચયથી તો આત્મા પોતાના ગુણોનો કર્ત્તા છે. શુદ્ધ આત્મતત્ત્વ ક્યારે પણ કર્મનો કર્ત્તા બનતો નથી. આત્મા અનાદિથી શુદ્ધ નથી, આકાશજેવો નથી. આત્મા સ્વરૂપથી શુદ્ધ હોવા છતાં તે અનાદિથી કર્મના સંબંધના કારણે અશુદ્ધ છે. આકાશાદિ જડ છે, આત્મા ચેતન છે. તેથી જ વ્યવહારનયથી આત્માને કર્મનો કર્ત્તા મનાય છે. આત્માની અશુદ્ધ અવસ્થા માનીએ તો જ તેના શુદ્ધિકરણ માટે પ્રયત્ન કરી શકાય. બારીનો કાચ અને દર્પણનો કાચ : બન્ને કાચ હોવા છતાં માત્ર દર્પણમાં જ પ્રતિબિંબ પડે છે. કારણ કે પ્રતિબિંબ ઝીલવાની યોગ્યતા તેમાં છે, બીજા કાચમાં નથી. તેવી રીતે આત્મા અને આકાશ બન્ને અમૂર્ત્ત હોવા છતાં આત્મામાં કર્મ લાગવાની યોગ્યતા પડી છે માટે આત્મા પર કર્મ લાગે છે, આકાશ પર નથી લાગતાં. એ જ રીતે આત્માના આઠ રુચક પ્રદેશોમાં એવી યોગ્યતા નથી માટે તે આત્મપ્રદેશ હોવા છતાં તેના ઉપર કર્મ લાગતાં નથી. આત્મા પહેલાં શુદ્ધ હતો પછી અશુદ્ધ બન્યો છે - એવું નથી. આત્મા શુદ્ધ હોવા છતાં તેની ઉપર કર્મનો યોગ થયેલો છે તે પણ ગ્રાહકસ્વભાવને લઇને છે. અને આ રીતે કર્મના યોગે અશુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું કામ અનાદિથી ચાલુ છે, શુદ્ધ ભાવ તિરોહિત થયેલો છે. તેને પ્રગટ કરવાનો છે. જેમ સોનું અને માટીને કોઇ પણ ભેગું કરવા નથી જતું, છતાં તેનો સ્વભાવથી સંયોગ થયેલો છે. તેમ અહીં પણ આત્મા અને કર્મનો સંયોગ પણ પરસ્પરના ગ્રાહ્ય-ગ્રાહકસ્વભાવના કારણે અનાદિથી છે. જેમ રાંધેલું અનાજ વાવવા છતાં ઊગતું નથી તેમ સિદ્ધના આત્માઓએ કર્મનું બીજ બાળી નાંખ્યું હોવાથી તેમને કર્મનો સંબંધ નથી થતો. સિદ્ધપરમાત્મા લોકના અગ્રભાગ ઉપર ઇચ્છાથી નથી ગયા, સ્વભાવના કારણે જ ગયા છે. ત્યાં પણ અનંતા



સૂક્ષ્મજીવો સાથે રહ્યા છે. ત્યાં તેમને અશુદ્ધની સાથે રહેવાનું દુઃખ નથી. કારણ કે ઇચ્છાથી ત્યાં નથી ગયા. અહીં તેરમે ગુણઠાણે પણ એક લાખ પૂર્વ સુધી તીર્થંકર ભગવંતો રહે છે તે તીર્થંકરપણાની ઋદ્ધિ ભોગવવા માટે કે લોકો ઉપર ઉપકાર કરવા નથી રહેતા. માત્ર તીર્થંકરનામકર્મ તથા આયુષ્યકર્મના યોગે રહે છે. સિદ્ધના આત્માઓ જ નહિ, અહીં રહેલા છઠ્ઠા-સાતમા ગુણઠાણાવાળા પણ ઇચ્છા વગરના હોય છે. ઇચ્છા હોવા છતાં ઇચ્છાને આધીન નથી થતા - આ જ એમનો સામ્ય ભાવ છે. તેથી બૌદ્ધદર્શનમાં ગૌતમબુદ્ધના સામ્યને વખાણ્યું ત્યારે પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું હતું કે– 'તમારા સર્વજ્ઞનું સામ્ય અમારે ત્યાં છદ્મસ્થ આત્માને છઠ્ઠે-સાતમે હોય છે.' આપણે ત્યાં દરેક વસ્તુના જવાબ છે. પરંતુ તકલીફ એ છે કે જવાબ આપણે માનવા નથી. સિદ્ધના આત્માઓ લોકાગ્ર ઉપર અદ્ધર લટકે છે માટે તે અવસ્થામાં આનંદ નથી - એવું માનવાનું પણ મોહ શીખવે છે. સંસારની ભયંકરતા જણાઇ નથી અને ખાવાપીવાફરવામાં સુખ માન્યું છે માટે મોક્ષનું સ્વરૂપ અનિષ્ટ લાગે છે. જો એક વાર સંસાર નજર સામે આવે તો સિદ્ધનું સ્વાભાવિક સ્વરૂપ ગમ્યા વિના ન રહે.

આપણી વાત એ છે કે આત્મા કર્ત્તા છે : આ સ્થાનમાં દ્રવ્યાર્થિક-નયથી-નિશ્ચયનયથી આત્મા પોતાના ગુણોનો કર્ત્તા છે. વ્યવહારનયમાં પણ અનુપચરિત(ઉપચાર વગરના) વ્યવહારને આશ્રયીને આત્માને કર્મનો કર્ત્તા કહેવાય છે. જ્યારે ઉપચરિત વ્યવહારને આશ્રયીને આત્મા ઘટાદિ પદાર્થોનો કર્ત્તા કહેવાય છે. વસ્તુનું મૂળભૂત સ્વરૂપ માનવું - સ્વીકારવું તેને નિશ્ચય કહેવાય છે અને વસ્તુનું જેવું સ્વરૂપ ન હોવા છતાં તેવું માનવું-કહેવું તેને વ્યવહાર કહેવાય. કાણા ઘડાને કે ખાલી ઘડાને ઘડો વ્યવહાર કહે. પાણીથી ભરેલા ઘડાને ઘડો કહેવાનું કામ નિશ્ચય કરે છે.

સ૦ વ્યવહાર નિશ્ચયનું સાધન કઇ રીતે બને ?

નિશ્ચયનું અને વ્યવહારનું સ્વરૂપ સમજ્યા પછી અશુદ્ધમાંથી શુદ્ધ સુધી પહોંચવા મહેનત કરવી એ સાધનતા. દીક્ષા લેવા જેવી માનવી એ વ્યવહારસમકિત છે અને દીક્ષા લેવી છે - એ નિશ્ચયસમકિત છે. વ્યવહાર

જો શુદ્ધ વ્યવહાર હોય તો નિશ્ચયનું કારણ બને છે. આ બધું તમે ભણ્યા નથી માટે તકલીફ છે. બાકી બધી જ વસ્તુના જવાબ આ શાસનમાં છે. સ્વભાવવાદ એ પણ એક જવાબ છે. **अग्निरुष्णः जलं शीतं, समस्पर्श-स्तथानिलः । केनेदं रचितं विश्वम् ?, स्वभावात्तद्व्यवस्थितिः ॥** અગ્નિ ઉષ્ણ છે, જળ ઠંડું છે તેમ જ અનિલ-વાયુ સમસ્પર્શવાળો છે - આવું વિશ્વ કોણે રચ્યું ? = વિશ્વની આવી વ્યવસ્થા સ્વભાવથી છે. જેનું કારણ નથી તે સ્વભાવથી રહેલું છે - એમ સમજવું. આત્મા નિશ્ચયથી નિજગુણનો કર્ત્તા છે એનો અર્થ પણ ત્યાં આવિર્ભાવ કરવા સ્વરૂપ કર્ત્તૃત્વ છે, રચવારૂપ કર્ત્તૃત્વ નથી - એટલું યાદ રાખવું. આત્માના જ્ઞાનાદિ ગુણો છે. ચૈતન્ય અને જ્ઞાન બન્ને એક નથી. ચૈતન્ય ઉપયોગસ્વરૂપ છે, જ્ઞાન ઉપયોગવિશેષ છે : આટલો ફરક છે.

સ૦ ચૈતન્ય એ પ્રકાશ છે.

પ્રકાશ તો પુદ્ગલસ્વરૂપ છે. ચૈતન્ય પ્રકાશજેવું છે એમ કહેવાનું. ચૈતન્ય તો આત્માનો સ્વભાવ છે. પ્રકાશની ઉપમા જ્ઞાનને આપી છે. પ્રકાશના કારણે વસ્તુ જણાય તેમ ઉપયોગથી વસ્તુ જણાય છે. તેથી જ **चिदेव प्रकाशः** કહ્યું છે. આ સમાસ પરથી જ ખબર પડે કે પ્રકાશની ઉપમા ચિદ્ને છે. જેમ **पुरुष एव व्याघ्रः** અહીં પુરુષને વાઘની ઉપમા આપી છે તેમ અહીં સમજવું. આત્મા ચિન્મય છે. અહીં **मयट्** પ્રત્યય વ્યાપ્તિ અર્થમાં છે. ચિત્-ઉપયોગથી વ્યાપ્ત આત્મા છે.

છ સ્થાનમાંથી આત્મા કર્મનો કર્ત્તા છે એ ત્રીજું સ્થાન છે અને આત્મા કર્મનો ભોક્તા છે એ ચોથું સ્થાન છે. આ વાત વ્યવહારનયથી છે. નિશ્ચયનયથી આત્મા પોતાના ગુણોનો જ કર્ત્તા છે અને ગુણોનો જ ભોક્તા છે. કર્ત્તૃત્વ ઉપાદાન કારણ સ્વરૂપ હોય છે. આત્મા કર્મનું ઉપાદાન કારણ નથી, સ્વગુણનું ઉપાદાનકારણ છે. કર્મનું ઉપાદાનકારણ તો કર્મયુક્ત આત્મા છે. તેથી કર્મના યોગે કર્મ બંધાય છે - એમ સમજવું. આપણા આત્માના જ્ઞાનાદિગુણો આપણી પાસે હોવા છતાં તેના માટે મહેનત નથી. અજ્ઞાનનું આવરણ ખસે તો જ્ઞાન પ્રગટે એવું છે. આમ



છતાં આપણે કર્મના યોગે મળનાર સુખદુઃખાદિ માટે પ્રયત્ન કરીએ છીએ, જ્ઞાન માટે નહિ. આ પણ એક અજ્ઞાનદશા છે. જો અજ્ઞાનનું આવરણ ખસે તો જ્ઞાનગુણ ક્ષણવારમાં પ્રગટે એવું છે. શુદ્ધ નિશ્ચયનય આત્માને શુદ્ધ માને છે, જ્યારે અશુદ્ધ નિશ્ચયનય આત્મા ઉપરના આવરણને માને છે. નિશ્ચયનય વ્યવહારને માનતો જ નથી એવું નથી. એ વ્યવહારને ગૌણરૂપે સ્વીકારે છે. જો નિશ્ચય વ્યવહારને ન માને તો તે નય નથી, નયાભાસ છે. કોઇ પણ નય નયાંતરનો પ્રતિક્ષેપ કરે તો તે દુર્નય બની જાય છે. આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ થયા પછી કેવળજ્ઞાનની સાધક સામગ્રી હોવા છતાં ફરી કેવળજ્ઞાનરૂપ કાર્ય ન થાય. કારણ કે કાર્યની નિષ્પત્તિ જ કાર્યાંતરની ઉત્પત્તિ પ્રત્યે પ્રતિબંધક છે. માટીમાંથી ઘડો થયા પછી એ ઘડો જ તે માટીમાંથી બીજો ઘડો થવામાં પ્રતિબંધક છે. આત્મા ઉપર લાગેલાં કર્મનાં આવરણો ખસેડવામાં આવે તો બધું જ પ્રગટ છે. કર્મ પણ આત્માને લાગે છે, આકાશને નહિ. તેનું કારણ પણ એ છે કે આત્મામાં ગ્રાહક સ્વભાવ છે, આકાશમાં નહિ. સોનું માટી સાથે જ ભળે છે અને પાણીમાં નહિ, એમાં ય સ્વભાવ કામ કરે છે ને ?

આ આત્મા અનાદિકાળથી અનેક પ્રકારના કર્મના વિપાકે દરેક પ્રકારના પુદ્ગલની સાથે સંબંધ કરતો જ આવ્યો છે. આ દુનિયામાં એકે વસ્તુ એવી નહિ હોય કે જે આપણે જોઇ નહિ હોય, સૂંઘી નહિ હોય, ચાખી નહિ હોય, સ્પર્શી નહિ હોય કે સાંભળી નહિ હોય. આમ છતાં એની ઈચ્છા થતી હોય તો તેમાં કુતૂહલવૃત્તિ જ કામ કરે છે. આ કુતૂહલવૃત્તિ ટાળવી હોય તો મનને સમજાવી દેવાનું કે અત્યાર સુધીમાં અનંતીવાર આ બધું ભોગવ્યું છે અને કેવળજ્ઞાન થયા પછી બધું દેખાવાનું જ છે. આવું વિચારીને સ્વસ્વભાવમાં સ્થિત રહે તેવા મુનિઓ સ્થિરધી કહેવાય છે. જેને કુતૂહલવૃત્તિ ન હોય તેને આત્માનું સુખ અનુભવવા મળે. વિષયોનો સંપર્ક થાય ત્યારે પણ કુતૂહલવૃત્તિ ન હોય તો વિષયજન્ય સુખ ન અનુભવાય, આત્માનું જ સુખ અનુભવાય. આ વિષયસુખો તૃપ્તિ

કે સંતોષનું કારણ જ નથી. કુતૂહલવૃત્તિનો નાશ જ સંતોષનું કારણ છે. કુતૂહલવૃત્તિ વિષયસુખ માણવા માટે પ્રેરે છે. પૃથ્વીચંદ્રગુણસાગરની સજ્ઝાયમાં પણ કહ્યું છે કે 'ભવોભવ ભમતાં જીવડે જેહ આરોગ્યાં ધાન મેરે લાલ, તે સવિ એકઠાં જો કરે તો થાયે ગિરિવરમાન.' અત્યાર સુધી જેટલું ધાન્ય આરોગ્યું છે તે બધું ભેગું કરીએ તો મેરુ પર્વત જેટલો ઢગલો થાય અને જે પાણી વાપર્યું છે તે સ્વયંભૂરમણ સમુદ્રને ટક્કર મારે એવું છે. આ વિષયસુખોના સંસ્કાર ભૂંસીને આજ્ઞાના સંસ્કાર પાડવા છે, જ્ઞાનના સંસ્કાર પાડવા છે. સુખમાં ઉપયોગ રાખવાના કારણે જ્ઞાનમાં ઉપયોગ રહેતો નથી. આજે સાધુભગવંતોને પણ ગુરુમહારાજનો ઠપકો ન ભુલાય, પણ ગાથા ભૂલી જવાય ! પેલું સ્વાધ્યાય ન કરવા છતાં યાદ રહે છે ને અહીં સ્વાધ્યાય કરવા છતાં ભૂલી જવાય છે તેનું કારણ એક જ છે કે ઉપયોગ ત્યાં છે, અહીં નથી. જે દુઃખ આપણને નડતું નથી તેની પાછળ રાતદિવસ મહેનત ચાલુ છે અને જે અજ્ઞાન રાતદિવસ નડે છે તે કાઢવાનો વિચાર જ નથી. એક રોગ થયા પછી દવાનો મારો એવો ચલાવે કે તત્ક્ષણ રોગ ગયે જ છૂટકો ! દુઃખ ગમે તેટલું હોય, ક્ષપકશ્રેણી અટકવાની નથી. દુઃખ ઉપર દ્વેષ એટલો બધો છે કે સમજવા છતાં આ બધું સૂઝતું નથી. ક્ષપકશ્રેણીને અટકાવવાનું કામ મોહનીયકર્મ કરે છે, વેદનીયકર્મ નહિ : છતાં પુરુષાર્થ વેદનીયકર્મ માટે છે ને ?

આત્મા કર્મનો કર્ત્તા-ભોક્તા વ્યવહારથી છે. ગુણનો કર્ત્તા-ભોક્તા અશુદ્ધ નિશ્ચયથી છે અને શુદ્ધ નિશ્ચયનયથી તો ગુણનો કર્ત્તા નથી, ગુણસંપન્ન છે; ગુણનો ભોક્તા નથી, ગુણમાં રમણતા કરનારો છે. આથી જ કહ્યું છે કે નિજગુણસ્થિરતા ચરણ તે કહીએ... નિજગુણની સ્થિરતા શુદ્ધ નિશ્ચયનયથી છે.

સમ્યક્ત્વના સડસઠ બોલમાંથી છ સ્થાનો સૌથી છેલ્લે બતાવ્યાં છે. તેનું કારણ એ છે કે આ છ સ્થાન જો ન હોય તો બાકીના એકસઠ બોલનું અસ્તિત્વ જ ઘટતું નથી. આત્મતત્ત્વ અને મોક્ષતત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ સ્વીકારે તેનું જ સમ્યક્ત્વ ઝળહળતું હોય છે. પુદ્‌ગલની સાથે સંબંધ આત્મા



કરે છે અને એ સંબંધ તોડવાનું કામ પણ આત્મા જ કરે છે. અત્યાર સુધી આપણે પુદ્‌ગલની સાથે સંબંધ કરવામાં જ આખી જિંદગી પસાર કરી છે. જે જોયું છે, અનેકવાર ભોગવ્યું છે એને જ જોવા-ભોગવવા માટેનો પ્રયત્ન ચાલુ છે. જે જોવાનું બાકી છે તેના માટે કોઇ પ્રયત્ન નથી ને ? વિષયના સંબંધથી જે સુખ થાય છે તે તો અત્યંત અલ્પકાલીન છે, વિષયનો સંબંધ કર્યા વગર જે સુખ અનુભવાય તે દીર્ઘકાલીન છે. જેમ કે ખાવાનું સુખ દસ મિનિટનું છે અને હવે પેટ ભરાઇ ગયા પછી 'જોઇતું નથી' - આ સુખ તો ચાર-છ કલાક સુધી ચાલે છે ને ? આ સંસારમાં જે નિદ્રાનું સુખ લોકો અનુભવે છે તે વિષયના સંબંધના કારણે નથી, વિષયના સંબંધના અભાવના કારણે છે. આ જ વસ્તુને જણાવતાં સાંખ્યદર્શનકારોએ કહ્યું છે કે '**अभावप्रत्ययालम्बना निद्रा ।**' - અભાવના પ્રત્યયના આલંબનવાળી નિદ્રા છે. નિદ્રામાં કોઇ ભાવ પ્રત્યયનું આલંબન જ નથી. કોઇ ભાવભૂત વિષયનું જ્ઞાન નિદ્રામાં આલંબનભૂત નથી બનતું. થોડી બુદ્ધિથી વિચાર કરીએ તો ખ્યાલ આવે કે વિષયના કારણે મળનારું સુખ ક્ષણિક છે, જ્યારે પરિણામના કારણે મળનારું સુખ ચિરસ્થાયી છે. આપણે વિચારીએ તો લાગે કે પાંચ મિનિટના સુખ માટે પાંચ કલાકનું સુખ ગુમાવીએ છીએ. પાંચ મિનિટ માટે જે સુખ થાય છે તે પણ વિષયનું નથી, વિષયની ઇચ્છાનું છે. પાંચ મિનિટમાં પણ મિષ્ટાન્ન-ફરસાણ મળે તો સુખ થાય, કરિયાતું મળે તો નહિ. તેથી નક્કી છે કે માત્ર વિષયનો ભોગવટો સુખનું કારણ નથી, ઇચ્છિત વિષયનો ભોગવટો સુખનું કારણ છે. તેથી અંતે ઇચ્છા હોય તો જ પાંચ મિનિટનું પણ સુખ મળે છે અને ખાધા પછી મિષ્ટાન્નની પણ ઇચ્છા મરી જાય છે માટે સુખ અનુભવાય છે. તેથી નક્કી છે કે વિષયના ભોગવટામાં સુખ નથી જ. વિષયના ભોગવટા બાદ જેમ ઇચ્છા ન હોવાથી ભોગવટાના અભાવમાં પણ સુખ અનુભવાય છે ને ? એ જ રીતે કાયમ માટે ઇચ્છા વિનાની અવસ્થામાં જ આત્માનું સુખ છે. આ આત્માના સુખને અનુભવવા છતાં આપણે માનતા નથી. એથી જ એ મનાવવા માટે છેલ્લે છ સ્થાનકને સમજાવવાનો

પ્રયત્ન કર્યો છે. જો વિષયના કારણે જ સુખ મળતું હોત તો તમે આખો દિવસ ખાતા બેઠા હોત, ટી.વી. જોતાં બેઠા હોત અને નિદ્રા પણ ન લેત. વિષયના આલંબન વિનાનું સુખ આ સંસારમાં પણ રાતદિવસ અનુભવીએ છીએ છતાં માનતા નથી તેનું કારણ એક જ છે કે વિષયનું સુખ જોઇએ છે. કોઇ એમ કહેતું હોય કે - 'આત્માનું સુખ અનુભવાતું નથી' - તો એ તદ્દન ખોટી વાત છે એ સમજાવવા માટે આ દૃષ્ટાંત છે, માટે એનો ઉપયોગ એટલાપૂરતો જ કરવો છે. બાકી નિદ્રાનું સુખ પણ નથી જોઇતું.

સ૦ વિષય જોઇને લલચાઇએ છીએ ને ?

વિષય જોઇને લલચાઓ છો એવું નથી, લાલચના કારણે લલચાઓ છો - એટલું યાદ રાખવું. જો લાલચ ન હોય તો ગમે તેવા વિષય પણ લલચાવે નહિ. તમે લાલચ છોડવા માંડો. વસ્તુના કારણે લલચાતા હોત તો પેટ ભરાયા પછી પણ લલચાત. તેથી નક્કી છે કે વસ્તુના કારણે નહિ, લાલચ પડી છે માટે લલચાઇએ છીએ.

ત્રીજા સ્થાનકમાં જોયું કે આત્મા કર્મનો કર્ત્તા છે, પણ તે મનવચનકાયાના યોગોના કારણે છે; જેવી રીતે કુંભાર દંડના સંયોગે ઘડો બનાવે છે તે રીતે. આ રીતે કર્ત્તૃત્વ માનવાના કારણે આત્માનું કર્મનું કર્ત્તૃત્વ ટાળવાનો ઉપાય પણ સમજાય છે કે મનવચનકાયાના યોગોનો નિરોધ કરીએ તો કર્મકર્ત્તૃત્વ ટળી જાય. કાયયોગ અનાદિકાળથી છે, પછી વચન કે મનયોગ મળે છે, છતાં મનનું ગ્રહણ પહેલાં કર્યું છે તે નાશની અપેક્ષાએ કર્યું છે. મન મરે પછી જ વચન અને કાયા મરે છે, માટે મનને પહેલાં જણાવ્યું. એક વાર મન મરી જાય, પરિણામ પડી જાય પછી કર્મબંધ અટકી જશે. સાતમા ગુણસ્થાનકે કષાય હોવા છતાં ગુણસ્થાનક પ્રત્યયિક બંધ હોય એવું પણ બને. કારણ કે કષાયના ઉદયમાં પણ કષાયને આધીન ન બને તેથી કષાયપ્રત્યયિકબંધ ન કહેવાય. વીતરાગ પરમાત્મા જેમ મરણાંતકષ્ટ વેઠે તેમ સાતમા ગુણઠાણાવાળા પણ કષાયની હાજરીમાં કષાયને આધીન થયા વિના સમભાવે મરણાંત કષ્ટ વેઠે છે.



આ છ સ્થાનનું વર્ણન આમ જોઇએ તો શરૂઆતમાં કરવું જોઇએ. પરંતુ શરૂઆતમાં આ બધી દાર્શનિક પરિભાષાને સમજવાનું કામ અઘરું પડે તેથી સામાન્યથી એકસઠ બોલનું નિરૂપણ કરીને પછી છ સ્થાનનું વર્ણન કર્યું છે. સામાન્યથી એકસઠ બોલ સમજાયા હોય તો છ સ્થાનનું સ્વરૂપ સમજવાનું કામ સહેલું થઇ પડે. ચોથા સ્થાનમાં આત્માને કર્મનો ભોક્તા તરીકે જણાવ્યો છે. આજે આપણે કર્મના કર્ત્તા હોવા સાથે કર્મના ભોક્તા હોવાથી જ સંસારમાં રખડીએ છીએ. પુણ્ય-પાપના યોગે આપણો સંસાર છે. આમ છતાં આપણે પુણ્યનું ફળ ભોગવવા માટે અને પાપનું ફળ ટાળવા માટે આપણી જિંદગી પૂરી કરી છે, આત્માના જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવાનો કે ભોગવવાનો કોઇ વિચાર જ નથી. આજે આપણે જો કર્મના ભોક્તા હોઇએ તો કર્મના યોગે છીએ તેથી કર્મ જ કર્મને ભોગવે છે - એટલું યાદ રાખવું. આત્મામાં કર્મ ભળી ગયા છે તેથી કર્મનું ભોક્તૃત્વ આત્મામાં આવ્યું છે બાકી એ અસલમાં કર્મનું જ ભોક્તૃત્વ છે. જો આત્માને કર્મનો યોગ ન હોય તો આત્મામાં કર્મનું ભોક્તૃત્વ ઘટે જ નહિ. આહાર વગેરેનો ભોગ પણ શરીર કરે છે, ઇન્દ્રિયો કરે છે. શરીરરહિત આત્માને વિષયનો ભોગવટો જ નથી. તેથી પુણ્ય અને પાપની સાથે મારે કોઇ લેવાદેવા નથી - આટલું જો માનીએ તો આપણો મોક્ષમાર્ગ ખુલ્લો થાય. જ્યાં સુધી આત્મા પોતાની જાતને પુણ્ય-પાપનો ભોક્તા જ માન્યા કરે છે ત્યાં સુધી મોક્ષ તરફ નજર નહિ જાય. વ્યવહારથી એ વસ્તુ સ્વીકારવી છે અને તેથી જ તે પુણ્યપાપના યોગને ટાળવા માટે નિશ્ચયનો આશ્રય લેવો જરૂરી છે. સ્કૂલમાં ભણતાં એક વાર્ત્તા સાંભળી હતી... એક બહેન શ્રીમંત ઘરમાં પરણી હોવાથી પિયરમાં તેનું ઘણું માન હતું. વચ્ચે થોડા દિવસ બહેનની સ્થિતિ ઘસાઇ તો તેના ભાઇએ તેને બોલાવવાનું બંધ કર્યું. ફરી પાછી સ્થિતિ પૂર્વવત્ થઇ ત્યારે ફરી ભાઇએ જમવા બોલાવી. બહેન આવી અને જમવા બેઠી તે વખતે શરીરના એક એક અલંકાર કાઢીને તેની આગળ મિષ્ટાન્ન વગેરે ધરવા લાગી. ભાઇએ કહ્યું કે— 'આ શું કરે છે ? અલંકાર ભોજન કરતા હશે ?' ત્યારે

બહેને કહ્યું કે– ‘આ ભોજનસમારંભ અલંકારનો છે, બહેનનો નહિ ! બહેન તો પહેલાં પણ હતી, પણ ત્યારે અલંકાર ન હોવાથી તેને ભોજનનું આમંત્રણ ન હતું...’ એ જ રીતે અહીં પણ સમજવું કે પુદ્‌ગલ પુદ્‌ગલને ભોગવે છે. આપણે આત્માને કર્મનો ભોક્તા માનીએ તો કર્મના યોગે આપણો સંસાર છે એ સમજાય અને તે કર્ત્તૃત્વ કે ભોક્તૃત્વ આત્માનું પોતાનું નથી, કર્મના યોગે છે એવું સમજાય તો ચોથા સ્થાનમાંથી પાંચમા સ્થાનમાં જઇ શકીએ. આજે આપણે આત્માને કર્ત્તા પણ માનીએ છીએ અને ભોક્તા પણ માનીએ છીએ, પરંતુ એ કર્ત્તૃત્વ કે ભોક્તૃત્વની માન્યતા સમ્યક્ત્વના ઘરની નથી. કારણ કે આપણે પુણ્યનું કર્ત્તૃત્વ-ભોક્તૃત્વ માનીને તે મેળવવા માટે પ્રયત્ન શરૂ કર્યો, ચાલુ રાખ્યો. જ્યારે પાપનું કર્ત્તૃત્વ-ભોક્તૃત્વ માનીને ત્યાંથી છૂટવાનો કોઇ વિચાર જ નથી ને ? આથી જ પાંચમા સ્થાન સુધી પહોંચવા માટે વ્યવહારનું કર્ત્તૃત્વ-ભોક્તૃત્વ માનવાના બદલે નિશ્ચયનું કર્ત્તૃત્વ-ભોક્તૃત્વ માનવું જરૂરી છે. આ સુખ-દુઃખ આત્માનાં નથી, જ્ઞાનાદિ ગુણો આત્માના છે. આત્મા આ જ્ઞાનાદિ ગુણોનો કર્ત્તા છે અને ભોક્તા છે - એવું માને તો મોક્ષ માનવામાં કોઇ તકલીફ નથી. આત્મા આ સંસારમાં પુણ્યપાપનો ભોક્તા છે. પુણ્યપાપ સાધુપણામાં પણ ભોગવાય માત્ર ગૃહસ્થપણામાં નહિ. તેથી વેદનીયને ભોગવવા મહેનત કરવાને બદલે મોહનીયને ટાળવા પ્રયત્ન કરી લેવો છે. સાધુભગવંતો પુણ્ય ભોગવતા નથી તેથી તેમને પાપ પણ ભોગવવું પડતું નથી. ગૃહસ્થપણામાં પુણ્ય ભોગવવું છે માટે સાથે પાપ ભોગવવું પડે છે. સાધુભગવંતો સુખ ભોગવતા નથી માટે તેમને દુઃખ દુઃખ નથી લાગતું. તમારે સુખ ભોગવવું છે માટે જ તો દુઃખ દુઃખરૂપ લાગે છે. તમે ધનની સાધના માટે છ-આઠ કલાક મહેનત કરો છો. અમે જ્ઞાનની સાધના માટે મહેનત કરીએ છીએ. છેવટે સાધનાનું કષ્ટ તો બન્ને ઠેકાણે છે, પરંતુ સિદ્ધિમાં કેટલું બધું અંતર છે ? જ્ઞાન ક્ષયોપશમભાવથી, ક્ષાયિકભાવથી સાધ્ય છે અને ધન ઔદયિક ભાવથી સાધ્ય છે. ધન પુણ્યથી મળે છે, જ્ઞાન નિર્જરાથી મળે છે. ગૃહસ્થપણામાં પુણ્ય જે ભોગવાય છે



તે પાપના ઉદયમાં જ ભળે છે. જ્યારે સાધુપણામાં જે પુણ્ય નિકાચિત હોય તે ભોગવવું પડે તો તે પાપ સાથે નથી ભોગવાતું. સાધુપણામાં તો પુણ્ય નિકાચિત હોય તો જ ભોગવાય. ભગવાન પણ સમવસરણમાં બિરાજમાન થયા કેવળજ્ઞાન પછી. બાકી બાર વરસ સુધી તો ભૂમિ ઉપર પણ બેઠા નથી. તેમ સાધુભગવંતો સાધનાકાળમાં પુણ્ય ન ભોગવે. જ્ઞાનાદિ ગુણો આપણા છે માટે તેના જ કર્ત્તાભોક્તા બનવું છે. જ્ઞાનનો આનંદ એ જ આનંદ છે અને અવિરતિનું દુઃખ એ જ દુઃખ છે. સાધુભગવંતને અજ્ઞાન અને અવિરતિ ન હોવાથી તેઓ જ્ઞાનનું અને વિરતિનું સુખ અનુભવે છે. સાધુપણામાં પુણ્યપાપનું ફળ મળવા છતાં જ્ઞાનના આનંદના કારણે ન તો સુખ સુખ લાગે છે અને ન તો દુઃખ દુઃખ લાગે છે. આ જ કારણથી અહીં જણાવ્યું છે કે વિષયના ભોગવટા વચ્ચે પણ તેનાથી ન્યારો એવો આત્મા પોતાના ગુણોને ભોગવે છે. છેલ્લી ઘડીએ બધાથી ન્યારા થવું એના બદલે શરૂઆતથી જ આ બધું છોડતા થવું છે. રાગ છોડવાનું કામ કપરું નથી, સંકલ્પ કરીએ તો સહેલું છે.

આ સંસાર અનંતદુઃખમય છે એમ જ્ઞાનીઓએ કહ્યું છે છતાં આપણે સંસારમાં સુખ ભોગવવા માટે મહેનત કરીએ છીએ. શાસ્ત્રકારો કહે છે કે શાતા અને અશાતા આ બેય પ્રકૃતિઓ પરાવર્ત્તમાન છે. શાતાને સતત ભોગવવાની ઇચ્છા હોય છતાં અંતર્મુહૂર્ત્તે અશાતાનો ઉદય થાય જ છે. અનુત્તરવિમાનવાસી દેવોને પણ શાતાના ઉદયની વચ્ચે અંતર્મુહૂર્ત્તે અંતર્મુહૂર્ત્તે અશાતા ભોગવાય છે અને નરકના જીવોને અશાતાની વચ્ચે અંતર્મુહૂર્ત્તે અંતર્મુહૂર્ત્તે શાતા ભોગવાય જ છે, માત્ર તે અંતર્મુહૂર્ત્ત નાનું હોવાથી અને રસ મંદ હોવાથી શાતા વર્ત્તાતી નથી. ચાર સ્થાનમાં આત્માનું અસ્તિત્વ, નિત્ય અવસ્થાન અને કર્મના યોગે અશુદ્ધ સ્વરૂપ જાણ્યા પછી હવે એ અશુદ્ધિથી રહિત કેવી રીતે થવાય - એવી જિજ્ઞાસા સ્વાભાવિક જાગે જ. શુદ્ધ આત્મતત્ત્વ અને અશુદ્ધ આત્મતત્ત્વ : આ બેનો સ્વીકાર કરે તેઓ જ મોક્ષના સ્વરૂપને સ્વીકારી શકે. અન્યદર્શનકારો એકાંતે આત્માને શુદ્ધ માની બેઠા છે તેથી તકલીફ છે. તેઓ બોલે ખરા કે

'આત્મા આત્મામાં રમે છે.' પરંતુ એ બે આત્મામાં ફરક બતાવી નથી શકતા. 'આત્મા આત્મામાં' બોલતી વખતે એક આત્મા કર્ત્તા અને બીજો અધિકરણ છે : આ વસ્તુ સ્વીકારવી તો પડે ને ? કર્ત્તા અને અધિકરણ બન્ને એક ન હોય ને ? એ વસ્તુના નિરાકરણમાં આપણે તો કહી શકીએ કે— અશુદ્ધ આત્મા આધેય છે અને શુદ્ધ આત્મા અધિકરણ છે. કારણ કે આપણે શુદ્ધ અને અશુદ્ધ આત્માનો ભેદ સ્વીકારીએ છીએ. જ્યારે જેઓ આત્માને એકાંતે શુદ્ધ માને તેઓ 'આત્મા આત્મામાં રમે છે' એવું બોલી ન શકે. તેમ જ 'પરમાત્માના શરણે જવું' - આવું પણ ન બોલી શકે. કારણ કે વિશેષણના કારણે વિશેષ્યની અવસ્થામાં ફરક પડવાનો જ. આપણે પણ દ્રવ્યરૂપે વસ્તુને એક માનવા છતાં વિશેષણના કારણે એ દ્રવ્યભૂત વિશેષ્યની પર્યાયરૂપ અવસ્થામાં ફરક માનીએ જ છીએ. રક્તવસ્ત્રવાળો દેવદત્ત અને શુદ્ધ(વસ્ત્રરહિત) દેવદત્ત આ બન્નેમાં ફરક નથી : એમાં કોઈ ભેદ નથી. પરંતુ સાથે વસ્ત્રયુક્ત અને વસ્ત્રરહિત આ બે અવસ્થામાં ભેદ તો સુતરાં પડે છે. એકાંતદર્શનકારોને ડગલે ને પગલે તકલીફ પડવાની. જ્યારે અનેકાંતવાદને સ્વીકારનારને કોઈ જ જાતની તકલીફ નથી, દરેક પદાર્થ સ્પષ્ટપણે પ્રતીત થાય છે. આ બધું સમજવા માટે ભણવાની જરૂર છે, દૃષ્ટિ સાફ કરવાની જરૂર છે. અમારા પંડિતજી અમને કહેતા હતા કે અમે તમને ભણાવવા માટે નહિ તમારી દૃષ્ટિ સાફ કરવા મહેનત કરીએ છીએ. ડૉક્ટર પણ મોતીયો દૂર કરે એટલે દૃષ્ટિ સાફ કરે છે, આંખો નથી આપતા. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **नेत्रमुन्मीलितं येन** ગુરુભગવંત આપણી આંખ ઉઘાડવાનું કામ કરે છે. જે ગ્રંથો આપણે ભણ્યા ન હોઈએ તે પણ ભણાવવાનું સામર્થ્ય આ દૃષ્ટિ સાફ થવાના કારણે મળે છે. એક વાર જ્ઞાનમાં આનંદ આવે તો સાધુપણામાં આનંદ આવે. આજે ભણવામાં કષ્ટ પડે છે માટે જ્ઞાનનો આનંદ અનુભવાતો નથી. ભણવામાં કષ્ટ પડે છે - એનું દુ:ખ ધરવાને બદલે ભણવા મળ્યું - એ જ આનંદનો વિષય છે, એમ માનવાની જરૂર છે. જ્ઞાન જેમ જેમ મળતું જાય તેમ તેમ વિદ્વત્તા આવતી જાય. **विद्** ધાતુ જ્ઞાનાર્થક હોવા છતાં તેમાં



વિશેષતા છે. બધા પાસાથી જાણવું તે વિદ્વત્તા છે અને એકાદ પાસાથી જાણવું તે જ્ઞાન. એટલા માટે જ્ઞાતતત્ત્વ કરતાં વિદિતતત્ત્વ ચઢિયાતો છે.

આપણી વાત એટલી છે કે આત્માનું અશુદ્ધ સ્વરૂપ માને તેને આ અશુદ્ધ સ્વરૂપ ટાળવું કઈ રીતે તે જાણવાનું મન થાય જ. જો આત્મા કર્મનો કર્ત્તા અને ભોક્તા છે તો આ રીતે કર્મ કરવાનું અને ભોગવવાનું કામ કાયમ માટે કરવું પડે - આનાથી છૂટવાનો કોઈ જ ઉપાય નથી ? આવી આશંકા પડે તેથી પાંચમા સ્થાનમાં જણાવે છે કે આત્માનો મોક્ષ થાય છે કે જ્યાં અમલ અને અનંત એવા સુખનો વાસ કાયમ માટે છે.

આ સંસારમાં આપણે રખડી ન પડીએ તે માટે શાસ્ત્રકાર પરમર્ષિઓએ શાસ્ત્રોની રચના કરી છે. આ સંસારમાં મોક્ષનો માર્ગ વિદ્યમાન હોવા છતાં જીવો આ સંસારમાં રિબાઈ રહ્યા છે તે જાણીને ભગવાને મોક્ષની અને મોક્ષના ઉપાયોની વાતો જણાવવાનું કામ કર્યું. તેમાંથી પોતપોતાને ફાવતી વાત પકડીને કેટલાક લોકોએ પોતપોતાનાં દર્શનો પ્રવર્ત્તાવ્યાં. તેના કારણે છ દર્શનો આવિર્ભૂત થયાં. સુખ પણ મળે અને ધર્મ પણ થાય - એવા પ્રકારનો માર્ગ શોધવાની વૃત્તિમાંથી મોટાભાગે આ દર્શનો સર્જાયાં છે. તેમાંથી નાસ્તિકદર્શન તો 'ખાવાપીવાથી મોક્ષ મળે છે' એવું માને છે. આથી હેમચંદ્રસૂરિ મહારાજે કહ્યું હતું કે - **विमतिः...** જેની બુદ્ધિ એટલી અલ્પ છે કે આત્મા, પરલોક, મોક્ષ વગેરે તત્ત્વોના વિષયમાં પણ તેની મતિ મૂંઝાય છે, તેથી તેની સંમતિ છે કે નહિ તેનો વિચાર કરવાની જરૂર નથી અને સાંખ્યદર્શનકારો કે બૌદ્ધદર્શનકારોએ સ્યાદ્વાદનો સ્વીકાર કઈ રીતે કર્યો છે, તે તો જણાવી દીધું છે માટે સ્યાદ્વાદનો જ જય થાય છે. દરેક એકાંતદર્શનને પણ સ્યાદ્વાદનો આશ્રય લીધા વિના ચાલવાનું નથી. તેથી જ અન્યદર્શનની પ્રરૂપણા અસત્ હોવા છતાં તેમાં જેટલો અંશ સાચો હોય તેને જૈનદર્શનમાં સમાવીએ છીએ. છયે દર્શન જૈનદર્શનમાં સમાવવાનાં ખરાં પણ તેને સ્વીકારવાનાં નહિ. 'ષડ્દર્શન જિન અંગ ભણીજે'... અહીં પણ છ દર્શનોને અંગના સ્થાને ગણ્યાં છે, શરીર તરીકે નથી માન્યાં. શરીરમાં

શરીરનું અંગ સમાય. પણ અંગમાં શરીર ન સમાય. અંગ તો છૂટું પણ પડી જાય. આ રીતે નિશ્ચયથી તે તે દર્શનના અંશને સ્યાદ્વાદમાં સમાવીશું. પરંતુ વ્યવહારથી તો તે દર્શનોને મિથ્યાદર્શન કહીશું.

સ૦ નિશ્ચય, વ્યવહારમાં શું ભેદ ?

જે વસ્તુ કામની હોય તેને જ વસ્તુ માને તે નિશ્ચય અને નકામી વસ્તુને વસ્તુ માનવાનું કામ વ્યવહાર કરે છે. તમે નિશ્ચયનય બોલો એના ઉપરથી જ 'વ્યવહારનય છે' - એનો સ્વીકાર થાય છે. હું પુરુષ છું એવું માન્યું એટલે સ્ત્રી અને નપુંસકનો ભેદ સ્વીકારાઇ ગયો છે. કોઇ પણ નય ગૌણપણે બીજા નયની વાતને સ્વીકારે તો જ તે સુનય છે. પોતાના પૈસાને પૈસા નિશ્ચયનય માને. પારકાના પૈસાને પૈસો નિશ્ચય ન માને, વ્યવહારનય તેને પૈસો માને. આગળ વધીને શુદ્ધ નિશ્ચયનય તો પોતાનો પૈસો પણ કામમાં આવે તો તેને પૈસો માને, બેંકમાં પડેલા પૈસાને પૈસો ન ગણે.

સ૦ સ્થાપનાચાર્ય એ નિશ્ચયથી ગુરુ કે વ્યવહારથી ?

વ્યવહારથી. કારણ કે હિતશિક્ષા કે વાચના આપવા માટે સ્થાપના કામ નથી લાગતી. છતાં સ્થાપના સ્થાપનારૂપે નિશ્ચયથી છે. તેમાં ભાવ ઉપચરિત છે. આલંબન હંમેશા વ્યવહારમાં લેવાય છે. જેટલા અંશમાં વસ્તુ કામની છે તે અંશે જ વસ્તુને વસ્તુ ગણવી એ અર્થક્રિયાકારિત્વ સ્વરૂપ છે. નિશ્ચયનય અર્થક્રિયાકારિત્વને માને છે. અર્થ એટલે વસ્તુ, તેની જે ક્રિયા, તેને કરવાનો સ્વભાવ જેમાં હોય તેને જ વસ્તુ માનવી એમ નિશ્ચયનય કહે છે.

આત્માને કર્મનો કર્ત્તા અને ભોક્તા માન્યા પછી એ કર્મના તરતમભાવના કારણે આત્મામાં તરતમભાવે ગુણો મનાય છે. એ તરતમભાવના ગુણો જ્યાં હોય ત્યાં ગુણોની પરાકાષ્ઠા રહેવાની જ. આ રીતે મોક્ષ નામનું તત્ત્વ સિદ્ધ થાય છે. જેમાં તરતમભાવે હાનિ હોય, તેની સર્વથા હાનિ હોય : આ વસ્તુ સર્વ દર્શનને માન્ય છે ને ? એ જ હેતુથી સર્વ કર્મના ક્ષયસ્વરૂપ મોક્ષ સિદ્ધ થાય. ઔદયિકભાવની હાનિ જેમ જેમ થતી જાય તેમ તેમ ક્ષયોપશમભાવની વૃદ્ધિ થાય છે અને અંતે



આ ક્રમે ક્ષાયિકભાવ પણ મળે. આપણને ઔદયિકભાવની હાનિમાં આનંદ છે કે પુષ્ટિમાં ? ઘાતિકર્મના ઉદયમાં કોઇ જાતની ગુણની સિદ્ધિ થાય જ નહિ. ઘાતિકર્મનો ક્ષયોપશમ થાય પછી જ ગુણોનું પ્રગટીકરણ શરૂ થાય. ઘાતિનો વિપાક હોય ત્યાં સુધી અઘાતી પ્રકૃતિઓ પણ ઘાતિ જેવો વિપાક બતાવે છે. મિથ્યાત્વની ગાઢતામાં શાતાનો ઉદય હોવા છતાં પોક મૂકવાનું કામ કરોડોપતિ કરે છે. માટે કર્મના વિપાક સમજીને કર્મના ક્ષયોપશમ માટે મહેનત કરવાની જરૂર છે અને તેની શરૂઆત મિથ્યાત્વના ક્ષયોપશમથી થાય છે. મિથ્યાત્વના કારણે આપણા બધા ગુણો દોષરૂપ બને છે - આવું જાણ્યા પછી પણ મિથ્યાત્વને કાઢવાનું મન ન થાય ? આજના પંડિતો કર્મગ્રંથ, પંચસંગ્રહ, કમ્મપયડી ભણાવે પણ મિથ્યાત્વ પોતાનું હલાવી નથી શકતા. ખોટી માન્યતાને વળગી રહે, સાચું સમજાયા પછી, સાચાને સાચું માન્યા પછી, કહ્યા પછી પણ છોડવાની તૈયારી ન હોય તો તે નિખાલસતા નથી, એક પ્રકારની નફટાઇ છે. ખોટું સમજાયા પછી ખોટું છોડવાનું સત્ત્વ કેળવવું જ પડે. એક માત્ર ઔદયિકભાવની - માનસન્માનાદિની લાલચના કારણે ખોટાને છોડવું નહિ અને સાચાને સ્વીકારવું નહિ : આ તો મૂર્ખાઈની હદ છે. સાધુ થયા પછી પણ જેની નજર ઔદયિકભાવ તરફ જ હોય તેને સાધુ કઇ રીતે કહેવાય ? સાધુ તો કહી દે કે ત્રણે લોકનું સામ્રાજ્ય મારા પગમાં આળોટે તોય મારે જોઇતું નથી. આવા સત્ત્વશાળી જ સાધુપણું પાળી શકે. ઔદયિકભાવની લાલચવાળા મોક્ષતત્ત્વને સ્વીકારી પણ નહિ શકે.

નિગોદમાં આપણે અલ્પજ્ઞાની હતા અત્યારે આપણે અધિક જ્ઞાની છીએ ને ? કર્મમાં હાનિ જોવા મળે છે અને ગુણમાં વૃદ્ધિ જોવા મળે છે ને ? જ્ઞાનાવરણીયકર્મમાં તરતમતાવાળી હાનિ છે તો તેની પરાકાષ્ઠાવાળી હાનિ હોય જ. તેના કારણે તેનો સર્વથા ક્ષય થાય છે. આ રીતે આઠે કર્મોનો સર્વથા ક્ષય થાય તો મોક્ષની પ્રાપ્તિ થાય. કર્મનો હ્રાસ થાય તેનાથી ગુણોનું પ્રગટીકરણ થાય. કર્મનો સર્વથા હ્રાસ થાય એટલે ગુણો સંપૂર્ણપણે પ્રગટે - તેનું નામ મોક્ષ.

છમાંથી એક સ્થાનને ન માને એ બીજા સ્થાનને માનતો હોવા છતાં બીજા સ્થાનને માનતો નથી એમ કહેવાય. અન્યદર્શનકારો અહીંયાં જ ભૂલ કરે છે. છ સ્થાનો જેવી રીતે માનવાં જોઇએ એવી રીતે ન માને - એ માન્યું ન કહેવાય. આ સ્થાનને માનવા માટે શ્રદ્ધાની જરૂર છે. પરમપદ એ મુક્તિનું બીજું પર્યાયવાચક નામ છે. જે લોકો આત્માને વિભુ માને છે એ આત્માના પરમપદ સ્વરૂપ સ્થાનને માની ન શકે. લોકાકાશના જેટલા આકાશપ્રદેશ છે એટલા દરેક આકાશપ્રદેશમાં વ્યાપીને રહે એને વિભુ કહેવાય છે. આત્મા તો દરેક જગ્યાએ છે, શરીર એને આવીને લાગે છે - એવી એમની માન્યતા છે. વિભુ હોવાના કારણે પરમપદ જેવું સ્થાન માનવાનું રહેતું જ નથી. 'આત્મા ચારે ગતિમાં ભટકતો હતો, હવે કર્મથી રહિત થયો ત્યારે પરમપદસ્વરૂપ સ્થાન પ્રાપ્ત કર્યું' - એવું ત્યારે બોલાય કે જ્યારે પરમપદસ્વરૂપ સ્થાન પહેલાં પ્રાપ્ત કર્યું ન હોય. દરેક જગ્યાએ આત્મા હોય તો પરમપદને પ્રાપ્ત કર્યું એવું ન કહેવાય ને ? આપણે આત્માને કથઞ્ચિત્ વિભુ માનીએ છીએ જ્યારે એ લોકો એકાંતે વિભુ માને છે. કેવલીસમુદ્ઘાત કરે ત્યારે આખા ચૌદ રાજલોકમાં આત્મપ્રદેશોને ફેલાવીને સમેટવાની ક્રિયા સાત સમયમાં કરે છે. આયુષ્યકર્મ અલ્પ હોય અને નામ, ગોત્ર કર્મની સ્થિતિ અધિક હોય ત્યારે તે કર્મની સ્થિતિ આયુષ્યકર્મની સાથે સરખી કરવા માટે કેવળીભગવંત આ પ્રમાણે કરે છે. આ પ્રમાણે કરવાના કારણે તે તે ક્ષેત્રવિપાકી તે તે પ્રકૃતિ ભોગવાઇ જાય છે. કેવલી સમુદ્ઘાતમાં ત્રણ સમય આત્મપ્રદેશોને ફેલાવવા માટે છે, એક સમય સ્થિર રહેવા માટે છે અને ત્રણ સમય આત્મપ્રદેશોને સંકેલવા માટે છે.

સ૦ સિદ્ધના જીવો એકમાં એક સમાઇ જાય છે એના માટે એક દીવાનો પ્રકાશ બીજા દીવાના પ્રકાશમાં સમાઇ જાય છે એ દૃષ્ટાંત અપાય છે તો જેવી રીતે દીવાનો પ્રકાશ વધે એવી રીતે આત્માના જ્ઞાનનો પ્રકાશ પણ વધે ?



દીવાનું જે દૃષ્ટાંત આપીએ છીએ તે સિદ્ધના જીવો એકમાં એક કઇ રીતે ભળે એટલાપૂરતું છે. આ તો માત્ર રૂપીના માધ્યમથી સમજાવ્યું. દૃષ્ટાંત એક અંશે અપાય. દીવાનો પ્રકાશ વધે - એ રીતે જ્ઞાનનો પ્રકાશ વધે એવું નથી. કારણ કે અરૂપીનો પ્રકાશ હોતો નથી. જ્ઞાન અરૂપી છે. જ્ઞાન પ્રકાશસ્વરૂપ નથી. જ્ઞાનને પ્રકાશની ઉપમા આપી છે. પ્રકાશ એ રૂપી પુદ્ગલો સ્વરૂપ છે. જો રૂપી પદાર્થો પણ એકમાં સમાય છે તો અરૂપી કેમ ન સમાય - એ સમજાવવા માટે દૃષ્ટાંત આપ્યું. એનો અર્થ 'જ્ઞાનનો પણ પ્રકાશ વધે' - એવો નથી. સ્ત્રીને બે પગ હોય અને પુરુષને પણ બે પગ હોય તો સ્ત્રી અને પુરુષ બન્ને એક ન ગણાય ને ? એક આંખથી એક સ્થાપનાજી દેખાય એટલે બે આંખથી બે સ્થાપનાજી દેખાય ? - એવી દલીલ તમારી 'સિદ્ધના જીવો વધે એટલે પ્રકાશ વધે' એવી શંકામાં આપવી ઘટે. અગ્નિ જેવું માથું ગરમ છે - એવું કીધું હોય તો અગ્નિ પર જેમ ચા ગરમ કરીએ છીએ એવી રીતે માથા પર ગરમ ન કરાય ને ? ગુસ્સો અમૂર્ત છે, અગ્નિ મૂર્ત છે. માટે જ્યારે પણ દૃષ્ટાંત આપીએ ત્યારે સમજીને તેનો ઉપયોગ કરવાનો. આ બધું સમજવા માટે ભણવું પડે. જ્ઞાનનો આનંદ જોઇતો હોય તો સંસારનો આનંદ છોડવો પડશે.

વસ્તુના એકાદ અંશને લઇને નિરૂપણ કર્યા પછી એના સમસ્ત સ્વરૂપને સ્વીકારવામાં ન આવે કે એકાદ અંશને પણ એકાંતે ગ્રહણ કરવામાં આવે તો કદાગ્રહ આવ્યા વિના નહિ રહે માટે મહાપુરુષોએ એક અંશનું નિરૂપણ કર્યા પછી સંપૂર્ણ સ્વરૂપનું નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે. 'આત્મા એક છે' એમ કીધા પછી 'આત્મા અનેક છે' એમ પણ કહેવાનું કામ કર્યું. વસ્તુના પરમાર્થને સમજાવ્યા પછી પણ પોતપોતાની મતિ અનુસાર તેનું ગ્રહણ થતું હોય છે. ગૌતમાદિ મહામુનિઓએ દેશના સાંભળ્યા પછી દ્વાદશાંગીની રચના કરી જ્યારે ત્રણસો ત્રેસઠ પાંખડીઓએ ભગવાન ગપ્પાં મારે છે એમ કહીને તેને વેડફી નાંખવાનું કામ કર્યું. શબ્દની શક્તિ અત્યંત સિમિત છે જ્યારે જ્ઞાનની શક્તિ અનંતગુણી છે. આયુષ્ય અલ્પ છે, વાણી ક્રમવર્ત્તી છે : આ બધા કારણસર અનંતું જ્ઞાન હોવા

છતાં ભગવાને અભિલાપ્ય પદાર્થનો અનંતમો ભાગ વર્ણવ્યો. ભગવાનને સર્વજ્ઞ માનવા એ શ્રદ્ધા છે, ભગવાનની વાત આપણને સમજાય માટે ભગવાન સર્વજ્ઞ છે એમ માનવું - એ શ્રદ્ધા નથી. મને સમજાય કે ન સમજાય તોપણ ભગવાન સર્વજ્ઞ છે એમ માનીએ એ શ્રદ્ધા કહેવાય.

અન્ય દર્શનકારોએ આત્માનું સ્વરૂપ જે રીતે સ્વીકાર્યું છે તે સ્વરૂપ સાચું હોવા છતાં એકાંતે ગ્રહણ કરવાના કારણે ખોટું છે. આત્મા નિત્ય પણ છે ને અનિત્ય પણ છે : એવું જૈનદર્શનકાર ન માને. જો એવું માને તો એકાંતે નિત્યપક્ષમાં કે એકાંતે અનિત્યપક્ષમાં જેટલા દોષો આવે તે બધા દોષો જૈનદર્શનકારને આવે. તેથી તેઓ આત્મા કથઞ્ચિત્ નિત્યાનિત્ય છે - એવું માને છે, માટે એકે દોષ નથી આવતો. દ્રવ્યાર્થિકનયથી આત્મા નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી આત્મા અનિત્ય છે માટે આત્મામાં નિત્યાનિત્યત્વ મનાય છે. ભગવાન સર્વજ્ઞ છે માટે એમની વાત સાચી છે - આ વસ્તુ હજુ સુધી આપણે સ્વીકારી નથી શક્યા. જેટલા પણ મતમતાંતર પડ્યા એ આ કારણસર જ.

સ૦ કલિકાલસર્વજ્ઞના કાળમાં ૮૪ ગચ્છ હતા તે શેના કારણે ?

એ ભેદ સિદ્ધાંતના ભેદના કારણે નહોતા, સામાચારીભેદના કારણે હતા. વર્તમાનમાં સામાચારીભેદની સાથે સિદ્ધાંતભેદ પણ છે માટે તકલીફ છે. એક વાર સિદ્ધાંતભેદ જો ન હોય તો સામાચારીભેદ અકિંચિત્કર છે.

આત્મા વિભુ નથી. એની સાથે એ પણ યાદ રાખવું કે એક આકાશપ્રદેશમાં પણ આત્મા રહેતો નથી. એક આકાશપ્રદેશમાં અનંતા પરમાણુથી બનેલા અનંતા પુદ્ગલસ્કન્ધો રહી શકે, પરંતુ આત્માને રહેવા માટે ઓછામાં ઓછી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા અસંખ્યાત આકાશપ્રદેશની અવગાહના જોઇએ. પરમાત્મા એક છે અને એમનું જ્ઞાન દરેકમાં ગયું છે એવું નથી. દરેક આત્માનું કેવળજ્ઞાન સ્વતંત્ર છે. માટે જ તો આપણે કહીએ છીએ કે - મારું જ મારે પ્રગટ કરવાનું છે. એમાં બીજા તો નિમિત્તમાત્ર છે. આથી નક્કી છે કે આત્મા વિભુ એટલે કે



સર્વવ્યાપી નથી. આત્મા સંકોચ-વિકાસશીલ હોવાથી તે તે ગતિમાં કર્મયોગે ભમે છે, કર્મરહિત થવાથી પરમપદે જાય છે.

મોક્ષનું અસ્તિત્વ ત્રણ રીતે જણાવ્યું. મોક્ષ એ પરમપદ સ્વરૂપ છે, અમલ છે અને અનંતકાળ સુધી રહેવાવાળો છે. આ ત્રણ પદ દ્વારા આત્માને વિભુ માનનારા, આત્માને સર્વથા મલરહિત માનનારા અને આત્માનો મોક્ષ થયા પછી ફરી અવતાર લે છે - એવું માનનારા દર્શનકારોનું ખંડન કર્યું છે. અન્યદર્શનકારો પાસે જ્ઞાન હોવા છતાં મિથ્યાત્વના યોગે તેમણે સર્વજ્ઞની વાત માનવાના બદલે તેમના કરતાં જુદી વાત જણાવવાનું કામ કર્યું છે. હાથીના શરીરમાં એક જીવ અને નિગોદમાં અનંતા જીવો : આ વાત બંધબેસતી નથી - એવું કહીને તેનું ખંડન કરવાના બદલે સર્વજ્ઞ પરમાત્માની સર્વજ્ઞતા સ્વીકારીને તેમની વાત માની લીધી હોત તો તેઓશ્રીએ બતાવેલા માર્ગે પોતે પણ સર્વજ્ઞ બની જાત. જેમણે ભગવાનની વાતનું ખંડન કર્યું તેઓ સંસારમાં ભટકતા રહ્યા. આપણને ન દેખાતું હોવા છતાં બીજાને દેખાતું હોય તો વ્યવહારમાં આપણે એમની વાત માની લઇએ જ છીએ ને ? કેવળજ્ઞાનીની વાત ન માને તો માનવું પડે ને કે ભગવાન પ્રત્યે શ્રદ્ધા નથી. આત્મા વિભુ હોવાથી તે તે સ્થળે આત્માને શરીરો આવીને લાગે છે - એવું એ લોકો માને છે જ્યારે આપણે કર્મયોગે શરીરમાં આત્મા આવીને રહે છે એવું માનીએ છીએ. બંનેમાં ફરક પડે છે. ઘડામાં પાણી ભરાય કે ઘડો પાણીમાં ગયો : એવું બોલાય ? ઘડામાં પાણી ભરાય તેમ શરીરમાં આત્મા આવીને રહે. જ્યારે આત્મામાં શરીર રહે એ માન્યતા કેટલી બેહૂદી છે - એ સમજી શકાય એવું છે.

આત્મા અનાદિકાળથી શરીરમાં પુરાયેલો હતો માટે મોક્ષમાં પણ તેના ધાબા રૂપે છેલ્લે જે શરીર મળ્યું હોય તે શરીર જેવા આત્મપ્રદેશો ત્યાં ગોઠવાય છે. છેલ્લા ભવમાં આત્મપ્રદેશો એક જગ્યાએ આવીને નીકળતા નથી. જે જ્યાં હોય ત્યાંથી જ છૂટા પડે છે માટે તેવી રચના આત્મપ્રદેશોની ત્યાં હોય. શરીરના સંસ્કારરૂપે ત્યાં છાયા પડી છે એવું નથી કારણ કે સંસ્કાર એ તો વિભાવદશાના આત્માનો ગુણ છે.

અનાદિકાળના ઔદયિકભાવની છાયા ત્યાં પડી છે : એવું હજુ બોલવું હોય તો બોલાય. શરીરના ત્રીજા ભાગની પણ અવગાહના ત્યાં પડી છે : આવું આત્માને વિભુ માનનારા ન માની શકે. ખરી રીતે તો સિદ્ધની છાયા, અવગાહના વગેરે જે પ્રયોગો કરીએ છીએ તે અરૂપી એવા શુદ્ધાત્મામાં ઘટતા નથી. કારણ કે છાયા, આકાર, સંસ્થાન : આ પુદ્ગલના ધર્મો છે. ઋષભદેવ પરમાત્માનું શરીર મોટું માટે એમને વધારે જગ્યાની જરૂર છે અને મહાવીર પરમાત્માનું શરીર નાનું માટે એમને ઓછી જગ્યાની અપેક્ષા છે - એવું નથી. જો અપેક્ષા રહે તો તેઓ કૃતકૃત્ય ન મનાય. સિદ્ધપરમાત્માને કોઇ પણ જાતની અપેક્ષા હોતી નથી. અરૂપી એવા આત્મપ્રદેશો કેટલા આકાશપ્રદેશમાં અવગાહીને રહે છે - તે સમજાવવા માટે આવો પ્રયોગ કરાય છે.

પરમપદ સ્વરૂપ મોક્ષ છે આ પ્રમાણે કીધા પછી અમલ સ્વરૂપ મોક્ષ છે એનું વર્ણન કરે છે. સાંખ્યદર્શનકાર; કર્મ આત્માને અડતા જ નથી : એવું માને છે. તેમ જ કેટલાક લોકો કર્મ એકાંતે ભિન્ન છે એવું માને છે. ‘અમલ’ પદથી તેઓનું ખંડન કર્યું છે. જે વસ્તુ પહેલેથી મલિન ન હોય તો એને નિર્મલ બનાવવાનો પ્રયત્ન કોઇ કરતું નથી. અનાદિકાળથી આત્મા જો શુદ્ધ જ હોય તો તેને શુદ્ધ કરવાનું રહેતું નથી. શુદ્ધ બનાવવા માટે શાસ્ત્રની જરૂર પણ ન રહે. પથ્થર કર્મરહિત થયો એવું બોલાતું નથી. આત્મા કર્મરહિત થયો એવું બોલાય છે. એના ઉપરથી નક્કી છે કે - આત્મા અનાદિથી ક્ષીરનીરન્યાયે કર્મપુદ્ગલોથી બદ્ધ છે, કર્મસ્વરૂપ મલવાળો છે. કર્મને દૂર કરે એટલે મલ વગરનો બને છે. પહેલેથી જે કેદી નથી એ કેદી છૂટો થયો એવું બોલો ખરા ? કેદી છૂટો થયો ક્યારે બોલો ? પહેલાં બંધાયેલો હોય તો ને ? અન્યદર્શનકારે પથ્થર જેવી આત્માની મુક્તિ પહેલેથી જ માની લીધી. કર્મ આત્મામાં છે. આવો આત્મા શરીરમાં છે. શરીર અને આત્માને કથઞ્ચિત્ ભેદાભેદ છે. જો એકાંતે અભેદ માનીએ તો ચાર્વાકદર્શનના બધા દોષો આપણને લાગે અને એકાંતે ભેદ માનીએ તો કર્મ લાગશે જ નહિ તો બદ્ધ મુક્ત થયો



એવું મનાશે નહિ. ક્ષીરનીરની જેમ કર્મ-આત્માનો સંયોગ છે. આ સંયોગ તાત્ત્વિક છે, અતાત્ત્વિક નથી. પ્રયત્નથી તેને છૂટો પાડવાનો છે. બન્નેનો સંયોગ અનાદિનો છે તો જુદો ન પડે : એવું નથી. જેમ માટી અને સોનું ખાણમાં કુદરતી રીતે સાથે હોવા છતાં બન્ને જુદા પડે છે તેમ આત્મા અને કર્મ છૂટા પડી શકે છે.

સ૦ અન્યદર્શનકારો એમ માને છે કે - ‘પરમ બ્રહ્મ એક છે, શુદ્ધ છે અને બીજા બધા તેના અંશો છે’ એ બરાબર છે ?

એક બાજુ આત્માને વિભુ માનવો અને એક બાજુ એના બધા અંશો માનવા : આ વાત તમને બેસે એવી લાગે છે ? જે વિભુ હોય એના અંશ હોય ખરા ? અંશ એટલે ટુકડો, અવયવ, ભાગ. આખી એક જ વસ્તુ છે તો ટુકડા કઇ રીતે બોલાય ? કોઇ વસ્તુના જ્યારે પણ અંશ બતાવવામાં આવે ત્યારે એ અંશ કયા સ્વરૂપે છે એ બતાવવું પડે. એ અંશ વસ્તુથી જુદો છે કે વસ્તુસ્વરૂપ છે : એમ બે વિકલ્પનો વિચાર કરીએ તો ઉભયથા વિભુનો અંશ ઘટે નહિ. કારણ કે જો વિભુનો અંશ વિભુથી જુદો હોય તો તે વિભુવસ્તુનો ન કહેવાય અને એ અંશ જો વિભુસ્વરૂપ જ હોય તો વિભુ સર્વવ્યાપી હોવાથી એના અંશનું અસ્તિત્વ જ ન હોય. અંશ હોય તો વિભુ ન કહેવાય, વિભુ હોય તો અંશ ન મનાય. તેથી સ્પષ્ટ છે કે એકાંતદર્શનકારોને ત્યાં કોઇ પણ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ તથા બંધમોક્ષની વ્યવસ્થા વગેરે કાંઇ પણ ઘટતું નથી. સ્યાદ્વાદની મુદ્રાએ જ બધા જ પદાર્થો તેમ જ બધી વ્યવસ્થા સંગત બને છે.

અન્યદર્શનકારો સર્વજ્ઞ ન હોવા છતાં તેમણે મોક્ષનું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન કર્યો તેથી તેઓ મોક્ષનું યથાર્થ સ્વરૂપ સમજાવી શક્યા નથી. જ્યારે તીર્થંકરપરમાત્માઓએ કેવળજ્ઞાનથી મોક્ષનું સ્વરૂપ સાક્ષાદ્ જોઇને તે સ્વરૂપ વર્ણવ્યું છે. આથી એ સ્વરૂપ યથાર્થ છે. આ સ્વરૂપ અનુમાનપ્રમાણથી, આગમપ્રમાણથી આગળ વધીને કેવળીની અપેક્ષાએ પ્રત્યક્ષપ્રમાણથી પણ સિદ્ધ થઇ શકે એવું છે. આમ છતાં આપણે મોક્ષને માનવાના બદલે સંસારના સુખ માટે આપણી જિંદગી બરબાદ

કરીએ છીએ. એક વાર મોક્ષનું સ્વરૂપ સમજાઇ જાય તો આ સંસારમાં રહેવાનું ફાવે એવું નથી. તેથી આ સ્વરૂપ સમજી લેવા માટે પ્રયત્ન કરી લેવો છે. મોક્ષ એ પરમપદ છે. અમલ છે અથવા તો અચલ છે અર્થાદ્ ત્યાં ગયા પછી પાછું આવવાનું નથી. એક વાર કર્મથી મુક્ત થયા પછી ફરી કર્મથી બંધાવું નથી પડતું. આમ અચલ માનવાના કારણે પરમાત્મા અવતાર લે છે - એવું માનનારા વેદાંતીઓનું ખંડન કર્યું છે. આ બે પદ બાદ ત્રીજા પદ દ્વારા જણાવે છે કે અનંતસુખનો વાસ મોક્ષમાં છે. નૈયાયિકો મોક્ષમાં સુખ અને દુઃખનો અભાવ માને છે. બૌદ્ધદર્શનકારો શૂન્યાવકાશ સ્વરૂપ મોક્ષ માને છે, બુઝાયેલા દીપક જેવો મોક્ષ માને છે. તેમનું ખંડન કરવા આ અનંતસુખવાસ પદ આપ્યું છે. નૈયાયિકો દુઃખાભાવસ્વરૂપ મોક્ષ માને છે. પરંતુ દુઃખ એ આત્માનો ગુણ જ નથી તો દુઃખાભાવસ્વરૂપ મોક્ષ આત્મામાં કઇ રીતે માની શકાય ? સામાન્યથી જ્યાં પ્રતિયોગીની સંભાવના હોય ત્યાં જ પ્રતિયોગીનો અભાવ મનાય છે. દુઃખ કર્મનો વિપાક હોવાથી શરીરનો ધર્મ છે, આત્માનો નહિ. તેથી દુઃખાભાવ પણ શરીરમાં જ રહેવાનો. આત્માનો સ્વભાવ કે ગુણ સુખ છે અને એ પણ અનંતું સુખ છે. આ અનંતું સુખ વેદનીયકર્મના કારણે અવરાયેલું છે. શાતા-અશાતાના કારણે સુખદુઃખ મળે છે એ કર્મનો વિપાક છે, જે શરીરમાં જ ભોગવાય છે; કેવળ આત્મા એનો ભોક્તા બનતો જ નથી. જો દુઃખાભાવ સ્વરૂપ મોક્ષ માનીએ તો શાતાના ઉદયમાં પણ મોક્ષ માનવો પડશે. એક ખભાનો ભાર બીજા ખભે મૂકવાના કારણે દુઃખનો પ્રતિકાર માત્ર જ થાય છે.તેમાં સુખત્વબુદ્ધિ એ તો વિમૂઢ માણસોની નીપજ છે. દુઃખના અભાવ સ્વરૂપ જો મોક્ષ હોય તો અભાવ માટે કોઇ મહેનત ન કરે. આથી જ અનંતા સુખ સ્વરૂપ મોક્ષ માન્યો છે. અનંતું સુખ આત્માનો ગુણ છે. છતાં વેદનીયકર્મનું તાત્ત્વિક આવરણ હોવાથી આત્માનો એ ગુણ અવરાઇ ગયેલો છે. તેથી જ આત્મા ઔદયિકભાવના સુખદુઃખનો અનુભવ કરે છે. જેઓ આવરણને અતાત્ત્વિક માને છે તે સાંખ્યદર્શનકારો પણ ખોટા છે, અને જેઓ આવરણ



માન્યા પછી દુઃખાભાવ સ્વરૂપ મોક્ષ માને તેઓ પણ ખોટા છે. વસ્તુતઃ આવરણ તાત્ત્વિક છે. તેના કારણે આત્મા શરીરમાં જે સુખદુઃખનો અનુભવ કરે છે તે ભ્રમાત્મક છે. ભ્રમ ખોટો હોય છે પરંતુ ભ્રમનાં કારણો વાસ્તવિક હોય છે, તાત્ત્વિક હોય છે - એટલું યાદ રાખવું. ચાંદીના રંગમાં રજતનો ભ્રમ થાય ત્યારે રંગમાં જે ચળકાટ દેખાય છે તે ચળકાટ તાત્ત્વિક છે - એટલું યાદ રાખવું. તે જ રીતે આત્મા ઉપર લાગેલું શરીરનામકર્મ વગેરે આવરણ તાત્ત્વિક છે. પરંતુ તેના કારણે જે દુઃખ કે દુઃખાભાવનો અનુભવ થાય છે તે આત્માનું વાસ્તવિક તત્ત્વ નથી. જ્યાં સુધી શરીરનો યોગ છે ત્યાં સુધી અનંતું સુખ પ્રગટ થવાનું જ નથી. તેરમે ગુણઠાણે અનંતું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય પ્રગટે છે, અનંતું સુખ નહિ. કેવળજ્ઞાનીને જે સુખ છે તે જ્ઞાનનું છે. બાકી શરીરના કારણે ક્ષુધા વગેરે પરિષહોનો અનુભવ તો હોય છે. દિગંબરો તેરમે અનંતું સુખ માની બેઠા છે - એ એમની ભૂલ છે : એનું ખંડન અધ્યાત્મમતપરીક્ષામાં કર્યું છે. શરીરનું દુઃખ સાતમે પણ હોય, તેરમે પણ હોય છતાં એ દુઃખ દુઃખરૂપ નથી લાગતું. કારણ કે શરીર અને આત્માનું ભેદજ્ઞાન ત્યાં થયેલું છે. જો દુઃખ આત્માનો ધર્મ હોત તો એના યોગે સાતમે શ્રેણી માંડી ન શકાત. સુખનો અનુભવ જો દુઃખની હાજરીમાં પણ થતો હોય તો તે જ્ઞાનનું સુખ છે, સમજણનું સુખ છે. બાકી અનંતું સુખ જે આત્માનું છે તે મોક્ષમાં જ અનુભવાય છે, તેરમે ગુણઠાણે નહિ.

મોક્ષના સ્વરૂપમાં આપણે જોઇ ગયા કે આધિ, વ્યાધિ વગેરે દુઃખો કેવળ આત્માના નથી, તન એટલે કે શરીર અને મન સંબંધી છે. શરીર ઔદયિકભાવનું છે, મન ક્ષયોપશમભાવનું કે ઔદયિકભાવનું છે. દ્રવ્યમન ઔદયિકભાવનું છે, ભાવમન ક્ષયોપશમભાવનું છે. આધિનું દુઃખ મનસંબંધી છે, વ્યાધિનું દુઃખ શરીરસંબંધી છે. એ બધાં દુઃખો વેદનીયકર્મના ઉદયથી અનુભવાય છે. એ કર્મનો અભાવ થવાથી આત્મામાં રહેલું શુદ્ધ એવું અનંતું સુખ પ્રગટે છે. તેથી કેવલ દુઃખાભાવ સ્વરૂપ મોક્ષ છે, એવું નથી. મોક્ષમાં અનંત સુખ સ્વરૂપ આત્માનો

સ્વાભાવિક ગુણ પૂર્ણપણે પ્રગટે છે. આ રીતે મોક્ષનું સ્વરૂપ બતાવતી વખતે આપણે અન્યદર્શનકારોનું ખંડન કર્યું : પહેલાં પાંચે સ્થાનમાં અન્યદર્શનની માન્યતા કઇ રીતે સંગત નથી તે જણાવ્યું. હવે છેલ્લા છઠ્ઠા સ્થાનમાં મોક્ષના ઉપાયની વિચારણા કરવાની છે. આ મોક્ષના ઉપાયનું સ્વરૂપ સમજતી વખતે સ્વદર્શનમાં પણ જે મતમતાંતર પડ્યા છે તેનું પણ ખંડન કરવાનું છે. મોક્ષનું યથાર્થ સ્વરૂપ માન્યા પછી એ સ્વરૂપને પામવા માટેનો ઉપાય પણ યથાર્થ હોવો જોઇએ. આજે મોક્ષના યથાર્થ સ્વરૂપને માનનારા પણ મોક્ષના ઉપાયને માનવામાં ગોટાળા કરે છે. બે માર્ગ વિરુદ્ધ દિશામાં જતા હોય છતાં એક સ્થાને પહોંચાડે એવું તો ક્યારેય ન બને. સ્થાપનાને ન માને તેનો પણ મોક્ષ થાય અને સ્થાપનાને માને તેનો પણ મોક્ષ થાય એવું તો ન બને ને ? વસ્ત્રપાત્રને રાખનારનો પણ મોક્ષ થાય અને ન રાખનારનો પણ મોક્ષ થાય - એવું આ કાળમાં ન બને. આ પાંચમા આરામાં ભગવાને જે માર્ગ બતાવ્યો છે તે એક જ છે, તેમાં ભેદ કરે તો તે મોક્ષની નજીક ન જઇ શકે. આથી જ તો કહ્યું છે કે **नान्यः पथः शिवपदस्य मुनीन्द्र ! पन्था ।** એક મકાનના ચૌદમે માળે જો પહોંચવું હોય તો ત્યાંના જ ચૌદ માળ ચઢવા પડે. સાત માળ બાજુના મકાનના ચઢે અને સાત માળ એ મકાનના ચઢે તો ચૌદમે માળે ન પહોંચાય. તેથી મોક્ષે જવા માટેના ઉપાયભૂત માર્ગ એક જ છે, એમાં ભેદ ન પડે.

સ૦ કેડીઓ જુદી હોય પણ પછી એક માર્ગે આવે - એવું બને ને ?

એ કેડીઓને માર્ગનો માર્ગ માનીશું. પરંતુ એક માર્ગે આવે તો. પાંચમી દૃષ્ટિમાં ચોથે ગુણઠાણે બધી કેડીઓ ભેગી થઇ જાય. પહેલી ચાર દૃષ્ટિમાં જુદી જુદી કેડીઓ હોય એવું બને. પણ સમ્યગ્દર્શન પામે એટલે બધા માર્ગમાં આવી જાય. આજે ભગવાનના શાસનમાં પંચાંગી પ્રમાણ મનાતી હોવા છતાં માત્ર મૂળ આગમને પ્રમાણ માને, સ્થાપનાનિક્ષેપો પ્રમાણભૂત હોવા છતાં તેને અપ્રમાણ માને, સ્ત્રીને મુક્તિ માનેલી હોવા છતાં ન માને તો એ બધા મિથ્યાદૃષ્ટિ છે. માટે તેઓ માર્ગમાં તો નથી, કેડીએ પણ નથી. આથી મોક્ષના સ્વરૂપ પછી મોક્ષના ઉપાયનું પણ સ્વતંત્ર



સ્થાન જણાવ્યું છે. પંચસૂત્ર વગેરે ગ્રંથમાં પહેલાં મોક્ષનો ઉપાય બતાવ્યા પછી મોક્ષસ્વરૂપ ફળ જણાવ્યું છે. જ્યારે અહીં નિરૂપણની શૈલી ઊલટાવી, એનું કારણ એ છે કે મોક્ષનું યથાર્થ સ્વરૂપ સ્વીકાર્યા પછી પણ મોક્ષનો ઉપાય જો યથાર્થ સ્વરૂપે સ્વીકારવામાં ન આવે તો મોક્ષ નહિ જ મળે : તે જણાવવું છે.

મોક્ષના ઉપાયને સમજવા પહેલાં મોક્ષના સ્વરૂપનો અંતિમ પ્રકાર વિચારી લઇએ. અત્યાર સુધી સંસારમાં જે સુખ અનુભવ્યું છે તે દુઃખથી સંવલિત જ અનુભવ્યું છે. કેવળ સુખનો અનુભવ સંસારમાં નથી. સંસારમાં શરીર અને મનના કારણે આધિ-વ્યાધિ-ઉપાધિનાં દુઃખો છે. શરીર છે માટે દુઃખ છે અને માનીએ - મન પર લઇએ તો દુઃખ છે. જો મન પર ન લઇએ તો કોઇ દુઃખ નથી. આત્મામાં જે સુખ-દુઃખની લાગણી છે તે કષાયસહચરિત છે. કષાયનો ક્ષયોપશમ જેમ જેમ થવા માંડે તેમ તેમ કષાયનો આંશિક અભાવ થયો હોવાથી મોક્ષનું સુખ અનુભવાય છે. લાગણી એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો અનંતા સુખનો હતો, પરંતુ કર્મના યોગે જે દુઃખ અનુભવાય છે તે આપણા સુખમાં ભાગ પડાવે છે. એ દુઃખ ટળે તો એકલું સુખ અનુભવાય. અનંતાનુબંધીના કષાયની હાનિ થવા માંડે ત્યારથી મોક્ષસુખનો અનુભવ શરૂ થાય છે. 'જોઇતું નથી' : આ મોક્ષનું સુખ છે. આપણે સત્કાર્યવાદી છીએ. જે વસ્તુ સર્વથા ન હોય તે ક્યારે પણ ન થાય. જે થાય છે, તે અંશે પણ હતી જ. જો ચૌદમા ગુણઠાણે મોક્ષના સુખની પ્રાપ્તિ થતી હોય તો તે ત્યારે જ સંગત થાય કે જ્યારે તેની શરૂઆત પહેલે ગુણઠાણે થાય. જે પહેલે આંશિક પણ ન હોય તે ચૌદમે પરિપૂર્ણ ન થાય. 'જોઇતું નથી' આ પરિણામ જેટલા અંશે આવે તેટલા અંશે મોક્ષનું સુખ અનુભવાશે. આજે વગર માંગે મળે - એમાં આનંદ આવે તોપણ સમજવું કે મોક્ષનું સુખ નથી ગમતું. જો મોક્ષનું સુખ ગમતું હોય તો મળેલા વિષયોમાં આનંદ પામવાનું બને નહિ. એક કષાયની શાંતિથી આટલો આનંદ અનુભવાય તો બધા કષાય જવાથી કેવું સુખ અનુભવાય ? ક્રોધ

પણ ભૂંડો છે ને માન પણ ભૂંડું છે. ક્રોધના કારણે આપણે દુઃખી થઈએ અને ક્ષમાના કારણે આપણે જ સુખી થઈએ છીએ, છતાં એ સુખ આપણે અનુભવવું નથી ને ? આપણે બીજાને દુઃખ પહોંચાડ્યું છે તો આપણે તેની ક્ષમા માંગી લેવી છે. તેમાં માનકષાયને વચ્ચે લાવવાની જરૂર નથી. કોઈ આપણને સારા માને કે ખરાબ માને - એની ચિંતા આપણે કરવાની જરૂર નથી. શાસ્ત્રમાં (ધન્યકુમારચરિત્રમાં) કહ્યું છે કે કોઈ માણસ આપણી નિંદા કરીને આનંદ પામે, કોઈ આપણી પ્રશંસા-ભક્તિ કરીને આનંદ પામે : એ બન્નેના આનંદમાં નિમિત્તમાત્ર બનેલા એવા મારે હર્ષશોક કરવાની જરૂર નથી, સમભાવમાં રહેવું છે.

આત્મા ઉપર કર્મ લાગ્યાં છે તે માત્ર કંચુકની જેમ સ્પૃષ્ટ નથી, આત્મા સાથે બદ્ધ છે, નિધત્ત છે અને નિકાચિત છે. દસ સોંય સાથે મૂકી હોય તે સ્પૃષ્ટ કહેવાય, તેને કોઈ વસ્તુથી બાંધી હોય તો બદ્ધ કહેવાય, તેને કૂટીને એકમેક કરવી તે નિધત્ત અને તપાવીને એકરૂપ કરવી તે નિકાચિત. આ ચારે પ્રકારે કર્મો આત્માને લાગે છે. એમ છતાં કર્મથી આત્માની મુક્તિ થાય છે. દૂધ અને પાણી એકરૂપ થાય એનો અર્થ એ નથી કે દૂધ એ પાણીરૂપે પરિણમ્યું અને પાણી દૂધરૂપ બની ગયું. બન્ને ભેગાં હોવા છતાં તે મિશ્રણમાં બન્નેનું સ્વતંત્ર તાત્ત્વિક એવું અસ્તિત્વ છે. મૃગજળમાં પાણી દેખાતું હોવા છતાં તે અતાત્ત્વિક છે, જ્યારે દૂધ સાથે મિશ્રિત થયેલું પાણી દેખાતું ન હોવા છતાં તેમાં પાણીનું અસ્તિત્વ તાત્ત્વિક છે. એ જ રીતે આત્મા અને કર્મનો સંયોગ થયો હોવા છતાં તેમાં બન્નેનું તાત્ત્વિક અસ્તિત્વ છે. એ બેનો વિયોગ થાય એટલે આત્માનો મોક્ષ થાય. એ વિયોગ માટેના જે ઉપાય તે જ મોક્ષના ઉપાય છે. સાધ્ય તાત્ત્વિક માને અને સાધનો અતાત્ત્વિક માને એનું અહીં કામ નથી. બંધ તાત્ત્વિક હોય તો જ મોક્ષ પણ તાત્ત્વિક ઘટી શકે.

મોક્ષમાં અનંતસુખનો વાસ છે - એ જણાવ્યા પછી ફરી સુખની વાત પાંચમા પદમાં જણાવી છે તેનું કારણ એ છે કે આ સુખ 'ખાસું' છે એટલે વિશેષ કોટિનું છે - તે જણાવવું છે. સંસારનું સુખ દુઃખથી



સંવલિત હોય છે જ્યારે મોક્ષનું સુખ દુઃખના અભાવના કારણે પ્રગટ થનારું હોવાથી તેમ જ શાશ્વતકાળ સુધી રહેવાનું છે માટે વિશિષ્ટ કોટિનું છે. જેઓ મોક્ષનું સુખ પામ્યા પછી ફરી સંસારમાં અવતાર લેવાનું માને છે તેમનું ખંડન કરવા આ 'ખાસું' પદ મૂકીને એ જણાવ્યું છે કે આ સુખ શાશ્વત હોવાથી વિશિષ્ટ કોટિનું છે, દુઃખાભાવસ્વરૂપ ન હોવાથી વિશિષ્ટ કોટિનું છે અને દુઃખથી સંવલિત ન હોવાથી વિશિષ્ટ કોટિનું છે.

આવા પ્રકારના મોક્ષને પામવા માટેનો ઉપાય પણ છે અને તે ઉપાય સંયમનું જ્ઞાન અને સંયમની ક્રિયાસ્વરૂપ છે - આવું જે માને તેને જ સમ્યગ્દર્શન હોઈ શકે. જ્ઞાન અને ક્રિયાનો સમન્વય સ્યાદ્વાદમુદ્રાએ કરવાનો છે. આજે સ્યાદ્વાદનો ઉપયોગ ખૂબ જ બેહૂદી રીતે કરવામાં આવે છે. ભગવાને કહ્યું તે જ સાચું છે - આવું કહેવું તેને એકાંત માનતા હોય તો આવો એકાંત પણ અનેકાંતવાદમાં સંગત છે. જ્યારે એકાંતવાદમાં તો એકે પદાર્થ ઘટતો નથી. સ્યાદ્વાદ બધાને સાચા કહેવા માટે નથી, સાચું પામવા માટે સ્યાદ્વાદની જરૂર છે. સ્યાદ્વાદના સિદ્ધાંતને જણાવવા માટે હાથીનું દૃષ્ટાંત બતાવાય છે તે પણ વસ્તુતઃ ખોટાના સમર્થન માટે નથી, ખોટાના ખંડન માટે છે. જેઓ અંધ હોવાથી હાથીનો પગ પકડીને હાથીને થાંભલા જેવો માને છે તેની વાત સ્વીકારીને તેનું ખંડન કરવું છે કે— 'હાથીનો પગ તારા હાથમાં આવ્યો છે માટે તને એવું લાગે છે, બાકી હાથી થાંભલાજેવો નથી, તેનો પગ થાંભલાજેવો છે.' એકાદ અંશને પકડીને સમસ્તનો વ્યપદેશ કરવો એ ખોટું છે. હાથીનો પગ થાંભલાજેવો છે - એવું સમજાવવા માટે હાથી થાંભલાજેવો છે એ વાત સ્વીકારી છે.

સ૦ અન્યદર્શનની વાત પ્રમાણવાક્યથી ન ઘટે પણ નયવાક્યથી તો સંગત થાય ને ?

એક નય જો નયાંતરનો પ્રતિક્ષેપ કરે તો તે નય નયરૂપે નથી રહેતો. નયવાક્ય અને પ્રમાણવાક્યમાં ફરક છે. પ્રમાણવાક્યમાં ઉભયનયની વાત સાથે જણાવાય છે. વસ્તુ સદસત્ છે : આવું કહેવું તે પ્રમાણવાક્ય. અને

વસ્તુમાં સત્ત્વ કે અસત્ત્વ કઇ અપેક્ષાએ ઘટે છે તે જણાવવું તે નયવાક્ય. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકં સત્ આ પ્રમાણવાક્ય અને ઉત્પત્તિ, સ્થિતિ કે વ્યય કઇ અપેક્ષાએ ઘટે છે તે જણાવવું - તે નયવાક્ય. વસ્તુ નિત્યાનિત્ય છે, સદસત્ છે, શબ્દ-અર્થસ્વરૂપ છે આ પ્રમાણે કહેવું તે પ્રમાણવાક્ય છે. જ્યારે વાણી ક્રમવર્ત્તી હોવાથી તે તે ધર્મનું ક્રમસર નિરૂપણ કરવું તે નયવાક્ય. નય અને પ્રમાણ બન્ને વાક્યો આ અનેકાંતવાદની મુદ્રાએ જ સંગત થાય છે. સ્યાદ્વાદનો અર્થ એ નથી કે ઘોડાને ગધેડો કહેવો. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે સ્યાદ્વાદ છે, ખોટાની સંગતિ માટે નહિ. અન્યદર્શનકારો એકાંતવાદનો આશ્રય કરતા હોવાથી તેમની વાત, નયથી પણ સિદ્ધ તેમની અપેક્ષાએ નથી; એમની વાતની સંગતિ આપણી અપેક્ષાએ જ થાય છે. તેથી તેમનું દર્શન તો મિથ્યાદર્શન છે. સમકિતીની અપેક્ષાએ મિથ્યાદર્શન સમ્યગ્રૂપે પરિણમે છે.

મોક્ષમાં અનંતું સુખ છે. કારણ કે તેમાં દુઃખ ભાગ પડાવતું નથી. સંસારના સુખમાં દુઃખ ભાગ પડાવે છે. જ્યારે એ દુઃખનો અભાવ થવાથી મોક્ષનું સુખ બેવડાય છે. શાંતિ હોવા છતાં અશાંતિનાં કારણો જવાથી પરમશાંતિ અનુભવાય છે ને ? તે જ રીતે ક્ષયોપશમભાવનું સુખ જ્યારે હોય છે ત્યાં દુઃખની સંભાવના કર્મના યોગે હોય છે. એ કર્મજનિત દુઃખનો અભાવ થવાથી મોક્ષનું ક્ષાયિકભાવનું સુખ એ પરમસુખ છે.

આ મોક્ષનો ઉપાય સંયમ અને જ્ઞાન છે. આ ઉપાયને સ્વીકારવાના બદલે એમાં પણ પોતાની મતિથી મોક્ષમાર્ગમાં ફેરફાર કરનારા દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે આ છઠ્ઠા સ્થાનને માનનારા નથી. ભગવાને જે ઉપધિ સંયમની સાધના માટે અને વિરાધનાથી બચવા માટે બતાવેલી તે વસ્ત્રપાત્રાદિ ઉપધિનો ત્યાગ કરીને બેસી ગયા હોય તો તેઓ સંયમસ્વરૂપ ઉપાયને માનતા નથી - એ સ્પષ્ટ છે. જેની પાસે કરપાત્રની લબ્ધિ હોય તેને જિનકલ્પના સ્વીકારની આજ્ઞા છે. જેની પાસે આ લબ્ધિ ન હોય તેઓ કરપાત્રી બને તો તેઓ આજ્ઞાના વિરાધક છે - એમ સમજી લેવું. કેવળીભગવંતને અઘાતી કર્મનો ઉદય હોવાથી ક્ષુધાવેદનીયના



ઉદયમાં થનારી ક્ષુધાને શમાવવા માટે આહાર કરવો પડે છે. આ વસ્તુ દિગંબરો માનતા નથી. ઉપરથી કહે છે કે તેમનું વેદનીયકર્મ દગ્ધરજ્જુકલ્પ (બળી ગયેલા દોરડા જેવું) હોવાથી તે ક્ષુધાના ઉદયને કરવા માટે સમર્થ નથી બનતું. મોહનીયનો ઉદય હોય તો જ ક્ષુધાવેદનીયકર્મ પોતાનો વિપાક બતાવે. આવી દલીલના જવાબમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે અધ્યાત્મમતપરીક્ષામાં જણાવ્યું છે કે જો મોહનીયના ઉદયથી જ ક્ષુધાની બાધા થતી હોય તો છદ્મસ્થને પણ એનાથી જ ક્ષુધા ઘટી જશે તેથી વેદનીય કર્મ જુદું માનવાનું રહેશે જ નહિ. દલીલો તો અનેક છે પણ જેને સમજવું નથી, સ્વીકારવું નથી તેના માટે કોઇ પર્યાય નથી. ભગવાને મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યો છે. મૂર્ચ્છા વિના વસ્ત્રપાત્રાદિ ઉપધિ રાખવામાં કોઇ જ બાધ નથી. આમ છતાં જો વસ્ત્રપાત્ર રાખવા માત્રથી મૂર્ચ્છાનો દોષ લાગતો હોય તો દિગંબરને પણ શરીર રાખેલું હોવાથી મૂર્ચ્છાનો પ્રસંગ છે જ. અને જો શરીર અશક્યપરિહાર છે તો આ વસ્ત્રાદિ ઉપધિ પણ અશક્યપરિહાર છે. જરૂરથી અધિક રાખે તો મૂર્ચ્છા છે જ, પરંતુ વિહિત ઉપધિ રાખવામાં મૂર્ચ્છા નથી. ધર્મ અહિંસામાં નથી ભગવાનની આજ્ઞામાં છે. હિંસામાં અધર્મ કે અહિંસામાં ધર્મ નથી. આજ્ઞાપાલનમાં ધર્મ છે અને આજ્ઞાના અપાલનમાં અધર્મ છે.વિહિતનું આચરણ એ ધર્મ છે અને નિષિદ્ધનું આચરણ એ અધર્મ છે. વિહિતનું આચરણ કરતાં હિંસા થાય તોપણ તે અહિંસા કહેવાય. અવિહિતના આચરણમાં અહિંસા હોવા છતાં ત્યાં ભાવથી હિંસા છે. ભગવાને અનુબંધહિંસાનો નિષેધ કર્યો છે, સ્વરૂપહિંસાનો નહિ. સ્થાનકવાસી આમાંથી જ છૂટા પડ્યા. સ્વરૂપહિંસાનો પણ નિષેધ હોય તો સાધુભગવંતો નદી ઊતરવાની આજ્ઞા પણ પાળી ન શકે. વિહિત અનુષ્ઠાનમાં જે હિંસા થાય છે તેને સ્વરૂપહિંસા કહેવાય. પ્રક્ષાલપૂજા, પુષ્પપૂજા વગેરે જો વિરતિના આશયથી અને જયણાના ઉપયોગપૂર્વક કરવામાં આવે તો પૂજામાં થતી હિંસા એ સ્વરૂપહિંસા છે - એથી જ તે કર્મબંધનું કારણ ન બનતાં નિર્જરાનું કારણ બને છે. સ્થાનકવાસીઓ સ્વરૂપહિંસા અને

અનુબંધહિંસાના ભેદને સમજી શકતા નથી, સ્વીકારી શકતા નથી માટે તેઓ આ છઠ્ઠા સ્થાનમાં સમાતા નથી.

છઠ્ઠા સ્થાનમાં ઉપાય તરીકે જ્ઞાન અને ક્રિયાને બતાવી છે. જ્ઞાન અને સંયમની ક્રિયા : આ બેમાંથી કોઇ એક પ્રધાન નથી. બન્નેની પ્રધાનતા સરખી છે. આ વસ્તુ સમજાવવા માટે દૃષ્ટાંત આપતાં જણાવ્યું છે કે જેમ ચાલવા માટે બન્ને પગની પ્રધાનતા એકસરખી છે તેમ અહીં પણ જ્ઞાન અને ક્રિયાને સમાનરૂપે પ્રધાન ગણવાના છે. એકાદ પગ ન હોય તો ચલાવી લઇએ - એ જુદી વાત. બાકી તો જે કાર્ય બે પગથી થાય તે કાર્ય એક પગથી ન જ થાય. તે જ રીતે બે હાથથી જે કાર્ય થાય તે એક હાથથી ન થાય. તેમ અહીં પણ જ્ઞાન-ક્રિયાથી જે મોક્ષફળ મળવાનું છે તે એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી ન જ મળે - એ સમજી શકાય એવું છે. જ્ઞાન અને ક્રિયા : ઉભયસ્વરૂપ મોક્ષમાર્ગ હોવાથી **ज्ञानक्रियाभ्यां मोक्षः** અહીં દ્વિવચન કર્યું છે. જ્ઞાન અને ક્રિયામાંથી જ્ઞાન પાંચ પ્રકારનું છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન : આ પાંચ પ્રકારનાં જ્ઞાન મોક્ષનાં કારણ છે. તેમાંથી પણ પ્રધાનતા તો કેવળજ્ઞાનની અને કેવળજ્ઞાન ન મળે ત્યાં સુધી તેના સાધનભૂત મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પામ્યા વિના કેવળજ્ઞાન પામી શકાય છે. સાધનાકાળમાં સૌથી વધુ મહત્તા આપણા માટે શ્રુતજ્ઞાનની છે. શ્રુતકેવલી એવા ચૌદપૂર્વધરોનું જ્ઞાન અપ્રતિમ છે. અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાની સાક્ષાદ્ જે પુદ્ગલોને જુએ અને જે ભાવોને જાણે તેના કરતાં શ્રુતજ્ઞાની શ્રુતના આધારે અધિક જાણે, સ્પષ્ટપણે જાણે. અવધિ કે મનઃપર્યવજ્ઞાન આપણા પુરુષાર્થથી સાધ્ય નથી. જ્યારે મતિ-શ્રુત કે કેવળજ્ઞાન એ પુરુષાર્થસાધ્ય છે. આથી જ આપણે શ્રુતજ્ઞાન પામવા માટે પ્રયત્ન કરવો છે અને આપણને એની જ નફરત છે ને ? કેવળજ્ઞાન પામવાનું સાધન ભગવાનનું વચન છે એ વચનનું જ્ઞાન શ્રુતજ્ઞાન દ્વારા થાય છે. ભગવાનના વચનને જાણ્યા બાદ સંયમનું પાલન કરીએ તો મોક્ષ મળશે. આથી જ જણાવ્યું છે કે સંયમ અને જ્ઞાન એ મોક્ષનો ઉપાય છે. જો આ



રીતે મોક્ષનો ઉપાય ન માનવામાં આવે અને મોક્ષની પ્રાપ્તિ સ્વાભાવિક થાય છે - એવું માની લઇએ તો આ દુનિયામાં એકે કાર્યકારણભાવ સંગત નહિ થાય, બધાં કારણો નિષ્ફળ જશે. આજે ઘણા લોકોની માન્યતા છે કે મોક્ષની પ્રાપ્તિ તો કાળ પાકશે ત્યારે એની મેળે થશે, ભવિતવ્યતા પાકશે ત્યારે એની મેળે મળશે. તેવા લોકોના નિરાકરણ માટે આ છઠ્ઠું સ્થાન છે. આ તો બધાં પુરુષાર્થ ન કરવાનાં બહાનાં છે. કાળ કે ભવિતવ્યતાને યાદ કરવા હોય તો પુરુષાર્થ કર્યા બાદ અને એ સફળ ન થાય ત્યારે યાદ કરવાના છે. ભવિતવ્યતા પાકી નથી એવું બોલવાના બદલે તેના પરિપાક માટે મહેનત કરવી છે. આથી જ તો શાસ્ત્રમાં તથાભવ્યત્વનાં પરિપાકનાં સાધન તરીકે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદના કરવાનું જણાવ્યું છે. આ બધું શ્રુતજ્ઞાનથી જાણી શકાય છે. અવધિજ્ઞાન બીજા પદાર્થોને જોવા કામ લાગે ને ? જ્યારે શ્રુતજ્ઞાન તો આપણી જાતને, આપણા દોષોને જોવા કામ લાગે છે. દર્પણ મળ્યા પછી આપણે આપણું સ્વરૂપ જોઇએ કે બીજાનું ? ચશ્મા બીજાને જોવા કામ લાગે, દર્પણ જાતને જોવા કામ લાગે. ચશ્માના સ્થાને અવધિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન દર્પણના સ્થાને છે. **આત્મનિરીક્ષણ એ મોક્ષનો ઉપાય છે, જગતનિરીક્ષણ નહિ.** આપણા આત્માની ભવિતવ્યતા તો એટલી પાકી ગઇ છે કે મોક્ષનાં પંદર અંગમાંથી તમને અગિયાર અને અમને તેર અંગ મળી ગયાં છે. હવે બાકી રહેલાં અંગો માટે પુરુષાર્થ કરી લેવો છે.

સ૦ અમારી ભવિતવ્યતા આટલી જ હશે ?

હવે આમને શું કહેવું ? ગાડીમાં બેસવાની ભવિતવ્યતા જ તમારી છે, હવે ચલાવવા માટે પુરુષાર્થ ન કરશો ! ત્યાં તો ચાર માણસને બોલાવીને ધક્કા મરાવીને પણ ગાડી ચાલુ કરે અને અહીં બેસી રહેવું છે ?! ઘરના લોકોને કહો તો ધક્કા મારીને ઘરમાંથી બહાર કાઢશે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે પણ કહ્યું છે કે, 'કાળ, સ્વભાવ, ભવિતવ્યતા એ સઘળા તારા દાસો રે...' મુખ્ય હેતુ તો ભગવાનના વચન મુજબનો પુરુષાર્થ જ છે.

આ પુરુષાર્થ જ ભવિતવ્યતા વગેરેને ખેંચી લાવે છે. પુરુષાર્થ કરીને જ ફળ મળે - એવી તમારી ભવિતવ્યતા છે : બોલો શું કરવું છે ?

સ૦ સંસારમાં બેઠા છીએ પણ હવે સુખ ઉપાદેય નથી લાગતું.

ઉપાદેય નથી લાગતું - એવું કહીને ન ચાલે, સુખ હેય લાગે છે ત્યાં સુધી પહોંચવું છે. અનુપાદેયતા કામ નથી લાગવાની. આથી જ પૂ. હેમચંદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે **આશ્રવો સર્વથા હેયઃ** આશ્રવને અનુપાદેય નથી કહ્યો, સર્વથા હેય કહ્યો છે. તમે માગતા નથી માટે સારા છો પણ છોડતા નથી માટે ખરાબ છો. ઉપાદેય ન માને તે માંગે નહિ. જ્યારે હેય માને તે માંગે તો નહિ જ, ઉપરથી તે છોડી દે : આટલો ફરક બન્નેમાં છે. સુખ હેય લાગે તો સુખ છોડવાનો પુરુષાર્થ શરૂ થાય. નિયતિવાદમાંથી પુરુષાર્થ સુધી પહોંચવું જ પડશે.

સ૦ કાનજી સ્વામીના અનુયાયી આમાંથી છૂટા પડે ને ?

તેઓ દુઃખ ભોગવવાની વાત નથી કરતા અને સુખશીલ વાતાવરણમાં બેસીને ભણવાની વાત કરે છે. માટે જ તેઓ ખોટી દિશામાં છે. જ્ઞાન તો દુઃખ ભોગવવા અને સુખ છોડવા માટે જરૂરી છે. જેને દુઃખ ભોગવવાનો અને સુખ છોડવાનો અભ્યાસ ન હોય તેનું જ્ઞાન કામ ન લાગે. કાનજીસ્વામીના અનુયાયી હોય, શ્રીમદ્ રાજચંદ્રના હોય કે દાદાભગવાનના હોય : જેઓ માત્ર ભણવાની વાત કરે અને સુખ છોડીને દુઃખ ભોગવવાની વાત ન કરે તેઓ સ્વાધ્યાયની વાતો કરવા છતાં મોક્ષે ન પહોંચાડી શકે. પંખા નીચે બેસીને કે આરામખુરશીમાં બેસીને સ્વાધ્યાય કર્યા કરે તેને જ્ઞાનની પરિણતિ ન મળે. આથી શાસ્ત્રમાં તે તે આગમ વગેરે ગ્રંથનું અધ્યયન કરાવવા પહેલાં જોગની ક્રિયા કરાવાય છે. આયંબિલનો તપ તેમ જ ખમાસમણાં દેવરાવીને પછી અધ્યયનનો અધિકાર આપવામાં આવે છે. જેને સુખ છોડવું નથી અને કષ્ટ ભોગવવું નથી તેને અધ્યયનનો અધિકાર નથી. આમ છતાં જો અધ્યયન કરે તો તે અધ્યયન તેને કામ નહિ લાગે. જ્ઞાન મળવા છતાં એ જ્ઞાન સંસારથી



તરવા કામ ન લાગે તો તેની કિંમત શું ? જ્ઞાન ક્રિયાલક્ષી હોવું જ જોઇએ, ક્રિયાની ઉપેક્ષા કરનારા જ્ઞાનના વસ્તુતઃ સાધક નથી.

જ્ઞાન અને ક્રિયા : એ એક રથનાં બે પૈડાં છે. આમ છતાં જો એ બેનો સમન્વય કરવામાં ન આવે તો વિવક્ષિત ફળ ન જ મળે. એ આશયથી એકલા જ્ઞાનનયની અને એકલા ક્રિયાનયની માન્યતા પહેલાં જણાવી પછી બન્નેનો સમન્વય જણાવે છે. જ્ઞાનની પ્રધાનતાને જણાવતાં જ્ઞાનનય જણાવે છે કે જ્ઞાન જ સાચું છે, જ્ઞાન વિનાની ક્રિયા નકામી છે. કારણ કે જે રૂપાને રૂપા તરીકે જાણતો નથી તે છીપને રૂપું માનીને લઇ આવે. તેના કારણે તેને નુકસાન એ થાય કે મહેનત નકામી જાય, ચાંદીના પૈસા આપવા છતાં ચાંદી ન મળે અને છીપ મળવાથી લોકમાં હાંસીપાત્ર બને. તેવી જ દશા જ્ઞાન વિનાની ક્રિયા કરનારની થાય છે. જ્યારે ક્રિયાનય કહે છે કે ક્રિયા વિનાનું જ્ઞાન નકામું છે.તરવાનું જાણતો હોવા છતાં જો પાણીમાં પડ્યા પછી હાથપગ ન હલાવે તો નિષ્ણાત પણ તરવૈયો તરે કે ડૂબે ?

સમ્યક્ત્વના છાસઠ બોલ ત્યારે જ કામના છે કે જ્યારે આ સડસઠમો બોલ માનવામાં આવે. દુનિયામાં જે વસ્તુ હોય તેને પામવાનો ઉપાય ન હોય તો એ વસ્તુનું અસ્તિત્વ અકિંચિત્કર બની જાય. જો આ સડસઠમો બોલ ન હોય તો બાકીના બધા બોલની કોઇ કિંમત નથી. મોક્ષ હોય અને મોક્ષને પામવાનો ઉપાય ન હોય તો સમ્યગ્દર્શન પામવાનો કોઇ અર્થ નથી. સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ મોક્ષ માટે જ કરવાની છે. જો મોક્ષનો ઉપાય ન હોય તો પછી તે માટે પ્રયત્ન કરવો વ્યર્થ છે. આથી જ આ સ્થાન સૌથી મહત્ત્વનું છે. જ્ઞાન અને ક્રિયા : એ મોક્ષનો ઉપાય છે. માત્ર ક્રિયા કરવાથી મોક્ષ ન મળે અને માત્ર ભણવાથી મોક્ષ ન મળે. ક્રિયા કરનારા જ્ઞાની હોવા જોઇએ અને ભણનારા ક્રિયાના આગ્રહી હોવા જોઇએ. આજે ગૃહસ્થો ક્રિયામાર્ગ ઉપર ભાર આપે છે અને સાધુભગવંતો મોટે ભાગે જ્ઞાનમાર્ગ ઉપર ભાર આપે છે. સાધુપણામાં પણ જ્ઞાન અને

ક્રિયાનો સમન્વય ખૂબ ઓછો જોવા મળે. આ બેનો સમન્વય થાય તો મોક્ષમાર્ગની આરાધના શરૂ થાય.

સ૦ ક્રિયા કરનારને જ્ઞાન ન હોય એવું બને ને ?

એને આવડે નહિ એવું બને, પણ એ ભણે નહિ - એ ન ચાલે. આજે તો આવડે નહિ એ ભણવાનું માંડી વાળે ! આવડે નહિ છતાં ભણ્યા કરે તો જ્ઞાનાવરણીયની નિર્જરા થયા વિના ન રહે. આવડે તે જ્ઞાન નહિ, ભણવું તે જ્ઞાન. માષતુષમુનિને 'મા રુષ' અને 'મા તુષ' આ બે પદો ગોખવા છતાં યાદ રહેતાં ન હતાં અને 'મા તુષ'ના બદલે 'માષતુષ' થઈ જતું હતું. 'મા તુષ' એટલે ક્યાંય લોભ ન કરવો અને 'મા રુષ' એટલે ક્રોધ ન કરવો. આ બે પદોથી શાસ્ત્રનો પરમાર્થ ગુરુભગવંતે સમજાવ્યો. આમ છતાં ન આવડ્યું, તોપણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થઈ ગયો. ભગવાને જે ભણવાનું કહ્યું હોય તે ભણવાનું, જે રીતે ભણવાનું કહ્યું હોય તે રીતે ભણવાનું : તેનું નામ જ્ઞાન. અને ભગવાને જે જે ક્રિયા જે જે કાળે કરવાની કહી હોય તે તે કાળે તે ક્રિયાઓ કરવી તેનું નામ ક્રિયા. જ્ઞાન ભણતા જાય તેમ તેમ 'તપ કરવો જોઈએ, પ્રતિલેખનાદિ અપ્રમત્તપણે કરવી જોઈએ, પ્રતિક્રમણાદિ તે તે કાળે કરવાં જોઈએ.' ઈત્યાદિ જણાઈ જાય એટલે તે તે ક્રિયા તે તે રીતે કરવા માંડવું તેનું નામ ક્રિયા. માત્ર સ્વાધ્યાય કરવાની ક્રિયા એ ક્રિયા નથી. સ્વાધ્યાયના કારણે જે જે આજ્ઞાનું જ્ઞાન થતું જાય તેનું પાલન કરવું - તેનું નામ ક્રિયા. આજે ભણવાની ક્રિયા તો કરવી છે; પરંતુ તપ, પડિલેહણ, ભિક્ષાચર્યા વગેરેની ક્રિયા નથી કરવી. સ્વાધ્યાયમાં પણ વિકથા કરવાની ગમે છે. જેને ભણવાનું બાકી છે તે બીજાને પ્રતિબોધવા બેસે - એ એક પ્રકારની વિકથા છે. નાનાં સાધુસાધ્વીઓએ પોતાની પાસે આવેલાને ગુરુ પાસે જ મોકલવા જોઈએ. જાતે સમજાવવા ન બેસવું. તે કાળે તે ક્રિયા કરવી એવો આગ્રહ જોઈએ. ભણનારને ખાધા વગર ભણવાનું ન ફાવતું હોય તો નવકારશી કર્યા કરે, પણ એ એકાસણાની ટેવ ન પાડે - એ ચાલે ? એકાસણાની ટેવ તો પાડવી જ પડે. ચોવિહાર પણ બે ઘડી પહેલાં જ



કરવો જોઈએ. આ બધી ક્રિયામાંથી છટકબારી નથી શોધવી. 'બેઘડીના બદલે સૂર્યાસ્ત પહેલાં જમે - એટલું તો સારું ને ?, નવકારશી કરીને પણ સ્વાધ્યાય કરે છે ને ?' આવા વિકલ્પો ન શોધો. ભગવાનની આજ્ઞા પાળવા માટે કે માર્ગ સાચવવા માટે તમે વિકલ્પ શોધો છો, એના બદલે માર્ગ સાચવવા માટે સંકલ્પબળ મજબૂત કરવાની જરૂર છે. પ્રતિક્રમણના સમયે પ્રતિક્રમણ કરવું, ગોચરીના સમયે ગોચરી જવું અને સ્વાધ્યાયના સમયે સ્વાધ્યાય કરવો : એનું નામ ક્રિયા. આ ક્રિયા વખતે કેવળજ્ઞાન પામવાનું લક્ષ્ય હોવું જ જોઈએ. લોકો આપણને સારા કહે, ધર્મી કહે, આત્માર્થી કહે માટે ક્રિયા કરવાની વાત નથી. એ જ રીતે ગૃહસ્થની દરેક ક્રિયા સાધુપણાના લક્ષ્યથી જ થવી જોઈએ. જ્ઞાન અને ક્રિયાનો સમન્વય ચોથે-પાંચમે થતો નથી માટે જ છઠ્ઠું ગુણઠાણું જોઈએ છે. મોક્ષનો ઉપાય સંયમ અને જ્ઞાન છે : આ સંયમ અને જ્ઞાન સાધુપણા વિના પાળી શકાય એમ નથી. તેથી વસ્તુતઃ સંયમની સાધના અને જ્ઞાનની આરાધના સાધુપણામાં થતી હોવાથી, સાધુપણું એ જ મોક્ષનો ઉપાય છે.

ધર્મ માત્ર ભાવાત્મક છે : એવું કહે તે સાચું નથી. ધર્મ તો પરિણામ અને પ્રવૃત્તિ : ઉભયાત્મક છે. ગ્રહણશિક્ષાની સાથે આસેવનશિક્ષા પણ જરૂરી છે. રોગની ચિકિત્સાનો ભાવ હોય અને નિદાન કરાવવાની, ઔષધ લેવાની, પથ્ય પાળવા વગેરેની ક્રિયા જો ન કરે તો સાજો થાય ? ભાવ વગરની ક્રિયાને નકામી કહી છે એનો અર્થ એ નથી કે ક્રિયા નકામી છે. ભાવ સાથેની ક્રિયા હશે તો જ તે મોક્ષે પહોંચાડશે. કષ્ટ વેઠવાનું તેમ જ ભણવાનું તો દરેક દર્શનકારો જણાવે છે. જ્યારે આજ્ઞા મુજબ કષ્ટ વેઠવાનું કે ભણવાનું કામ તેઓ કરતા ન હોવાથી તેમનું જ્ઞાન કે સંયમનું કષ્ટ મોક્ષસાધક નથી બનતું. પરસમયમાં-પરદર્શનમાં મોક્ષના ઉપાયની તાત્ત્વિક પ્રાપ્તિ થતી જ નથી. જ્યારે આ શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં જ આ ઉપાયની તાત્ત્વિક પ્રાપ્તિ થાય છે. આ શાસનને પામીને આપણા આનંદની અવધિ ન હોય એ સ્વાભાવિક છે. કારણ કે હવે આપણાં સમસ્ત દુઃખોનો અંત નજીકના કાળમાં લાવી શકાશે. આ ઉપાય

મળી ગયા પછી આપણે એનું સેવન કેમ નથી કરતા - એ વિચારી લેવું છે. આ સંસારમાં રહેવાની ઇચ્છા હશે ત્યાં સુધી આ ઉપાયો કામ લાગવાના નથી. મોક્ષે જવાની ઇચ્છા જાગે તો આ ઉપાય ફળીભૂત થયા વિના નહિ રહે. જ્ઞાનની રુચિવાળા મળી આવે, ક્રિયાની રુચિવાળા પણ મળી આવે; આજ્ઞાની રુચિવાળા મળવા બહુ મુશ્કેલ છે. જ્ઞાન અને ક્રિયાનો આજ્ઞાનુસારી સમન્વય થાય તો મોક્ષ હથેળીમાં છે. આજે અન્યદર્શનકારો ભગવાનના શાસનથી છૂટા પડ્યા હોય તો એક અંશને પકડી લેવાના કારણે. જ્ઞાનનય કે ક્રિયાનય આ બેમાંથી એકને એકાંતે માનવામાં દૂષણ ઘણાં છે અને બન્ને નયને તે તે અપેક્ષાએ પ્રધાન માનવામાં ભૂષણ ઘણાં છે. એવા વખતે જે ખૂટે તે પૂરું કરવા માટે મહેનત કરવી છે. એક અંશમાત્રને પકડવાથી દૂષણ આવે છે. આપણને જે સમજાય છે, તે જ સાચું છે - એવું માનનારા એકાંતવાદનો ભોગ બને છે. જે ખૂટે તે પકડવું એનું નામ સ્યાદ્વાદ. આ શાસનને સ્વીકારવાના બદલે એને કઠોર માની સ્વતંત્રતાના પ્રેમીઓએ જુદો ચોકો જમાવ્યો, તેના કારણે તેઓ મિથ્યાદર્શનના પ્રણેતા થયા.

જ્ઞાન અને ક્રિયા બન્નેને સમાનરૂપે સ્વીકારે તો મોક્ષ મળે. કેટલાક મહાત્માઓ ખાતાં ખાતાં, નાચતાં નાચતાં, રોતાં રોતાં, લગ્નની ચોરીમાં કે રાજસિંહાસન ઉપર કેવળજ્ઞાન પામ્યા, તેનું કારણ તે તે દુષ્ટ ક્રિયાઓ છે - એવું નથી. તે તે દુષ્ટ કાર્યોની પ્રવૃત્તિ છૂટી ગઇ ત્યારે તેઓ કેવળજ્ઞાન પામ્યા. એક વાર આચાર્યભગવંતે કહ્યું હતું કે ઇલાતીપુત્ર દોરડા ઉપર નાચતાં નાચતાં કેવળજ્ઞાન નથી પામ્યા, નાચવાનું બંધ કર્યું ત્યારે કેવળજ્ઞાન પામ્યા. પોતાની ભોગની પ્રવૃત્તિ કેટલી ભૂંડી છે અને ત્યાગની પ્રવૃત્તિ કેટલી ઉપાદેય છે : એની વિચારણામાં ચઢ્યા ત્યારે કેવળજ્ઞાન પામ્યા. મરુદેવામાતા પણ રોતાં રોતાં કેવળજ્ઞાન નથી પામ્યાં. રોવાનું બંધ કરીને પોતાના એકપાક્ષિક સ્નેહને ધિક્કાર્યો ત્યારે કેવળજ્ઞાન પામ્યાં. દુષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ કર્યા વિના અને આત્મરમણતા વિના કેવળજ્ઞાન ન જ મળે.



દરેક જણ પોતપોતાની વાત કરે છે - એમ માનીને મૂંઝાવાની જરૂર નથી. ભગવાનના વખતમાં પણ આ તકલીફ હતી જ. ભગવાન જે વાત કરતા હતા તેના કરતાં જુદી વાત ગૌતમ બુદ્ધ પણ કરતા હતા. તે વખતે આપણે તો સાચું સમજવા પ્રયત્ન કરવો જ પડે. બધાનું માનીએ તો મોક્ષ મળે - એવું નથી. એક સાચાનું માનીએ તો મોક્ષ મળ્યા વગર ન રહે. આજે તો વીતરાગપરમાત્માના શાસનને ઘા મારવાનું કામ શાસનના લોકો જ કરે છે. એ વખતે આપણે કોણ કયા ઇરાદે વાત કરે છે એ સમજવું જોઇએ. ભગવાનની વાત તો સુરસુંદરીએ પણ કરી હતી અને મયણાસુંદરીએ પણ કરી હતી. પુણ્યથી પૈસો મળે છે અને પુણ્યથી જ્ઞાન મળે છે, બન્ને વાત સાચી છે : પરંતુ કોણ કયા ઇરાદે વાત કરે છે - એ તો જોવું પડે ને ? ધર્મથી મોક્ષ મળે, ધર્મથી સુખ મળે : આ બન્ને વાત સાચી હોવા છતાં પણ સુખ મેળવવાજેવું નથી - એ વાત ન બોલે તો ઇરાદો ભૂંડો છે - એમ માનવું પડે ને ? ભગવાનની વાત કરે છે માટે દરેકના વ્યાખ્યાનમાં જવું - એવી વાત બરાબર નથી. ભગવાનની વાત કયા ઇરાદે કરે છે - એ જોવું જોઇએ. ભગવાનની વાત ભગવાનના અનુયાયી બનાવવા માટે કરે છે કે પોતાના અનુયાયી બનાવવા : એ તો જોવું પડે ને ? મરીચિએ ભગવાનના ધર્મને ધર્મ કહ્યો હતો છતાં પણ તેમને ઉત્સૂત્રભાષણનું પાપ લાગ્યું. તેનું કારણ એક જ હતું કે પોતાનો ચેલો બનાવવાનો ઇરાદો હતો. આશય ભૂંડો હોય તો સારી વાત પણ મિથ્યાત્વના ઘરની બને છે. આજે જે સાધુસાધ્વી પોતાના ગુરુ હાજર હોવા છતાં પોતાના શિષ્ય બનાવવાની ચેષ્ટા કરે છે તેઓ મરીચિના વંશમાં છે - એમ સમજવું. લાલચ એ એટલી ભૂંડી ચીજ છે કે તેના કારણે સાધુપણું જાય અને સમ્યક્ત્વ પણ જાય.

સમ્યક્ત્વના સડસઠ બોલ મળ્યા પછી આ સંસારમાં ભટકવું નથી. સુલસાશ્રાવિકાને શ્રી મહાવીર પરમાત્માએ ધર્મલાભ અંબડ તાપસ સાથે કહેવડાવ્યો. આનું રહસ્ય સમજાય છે ? શ્રાવકપણામાં સૌથી ચઢિયાતો ગુણ આ સમ્યક્ત્વ છે. આથી જ અંબડે તેના સમ્યક્ત્વની પરીક્ષા કરી.

શ્રી હેમચંદ્ર સૂરિમહારાજે પણ કહ્યું હતું કે શ્રોતા શ્રાદ્ધ હોય અને વક્તા સુધી હોય - વિદ્વાન હોય- તો આ કલિકાળમાં પણ ભગવાનનું એકચ્છત્રી શાસન ચલાવી શકાય. ભગવાનનું રૂપ કરીને આવ્યો છતાં સુલસાશ્રાવિકા ન આવી. આ તો કહે કે વાત તો ભગવાનની જ કરે છે, માટે વ્યાખ્યાનમાં જઇએ છીએ... પછી ભલે ને ગુરુની આજ્ઞામાં ન હોય, ગચ્છમાં ન હોય : આવું ચાલે ? દીક્ષા લેતી વખતે એટલું ધ્યાન રાખવું કે જે પોતાના ગુરુની આજ્ઞામાં હોય તેની પાસે દીક્ષા લેવી. જેઓ પોતે પોતાના ગુરુની આજ્ઞામાં રહેતા ન હોય તેઓ ગુરુ બનવા મહેનત કરે એ વ્યાજબી નથી. દીક્ષા આપતી વખતે માર્ગના અનુયાયી બનાવવાની ભાવના હોવી જોઇએ. પંચવસ્તુમાં કહ્યું છે કે પર્ષદાપૂરણ માટે દીક્ષા નથી આપવાની. ભગવાનની આજ્ઞા સમજીને એ રીતે પ્રવૃત્તિ કર્યા વિના નિસ્તાર નહિ જ થાય. અંબડ તાપસે સુલસાની પરીક્ષા કરીને જ્યારે 'ભગવાને ધર્મલાભ કહેવડાવ્યો છે' એમ જણાવ્યું ત્યારે સુલસાશ્રાવિકાનું આખું શરીર રોમાંચિત થઇ ગયું. આનું નામ સમ્યક્ત્વની નિશ્ચલતા.

આ રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને નયને પ્રમાણ માનીને જે સિદ્ધાંતી - જિનશાસનનો અનુયાયી - જ્ઞાનવંત બની અપ્રમત્તપણે સાધના કરે તે મોક્ષ પામ્યા વિના ન રહે. આ રીતે સડસઠ બોલને વિચારી જે સમ્યક્ત્વગુણની આરાધના કરે છે એ પોતાના રાગદ્વેષાદિ દોષોને ટાળીને સમભાવના સુખને અનુભવીને મોક્ષની નજીક પહોંચે છે. આપણે ખરાબ બનતા હોઇએ તો સુખની લાલચ અને દુઃખના દ્વેષના કારણે. જો સુખ ઉપાદેય ન લાગે અને દુઃખ હેય ન લાગે તો તેવા સમકિતીજેવો સારો માણસ આ દુનિયામાં કોઇ નથી. આથી જ કહ્યું છે કે જેનું મન સમ્યક્ત્વમાં નિશ્ચલ હોય તેની તુલના કોઇની સાથે થઇ શકે એવી નથી. આ રીતે શ્રી યશોવિજયજી મહારાજાનું વચન છે. એને અનુસારે આ સડસઠ બોલને સમ્યક્ રીતે પામવા અને પામીને તેના ફળસ્વરૂપ સર્વવિરતિધર્મને સ્વીકારીને તેને પૂર્ણપણે આરાધવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભિલાષા.

❖ ❖ ❖